# Saurashtra University

Re – Accredited Grade 'B' by NAAC
(CGPA 2.93)

Desai, Jayshree N., 2006, સુરેન્દ્રનગર જિલ્લાની શૈક્ષણિક સંસ્થાઓનુ સામાજિક પ્રદાન, thesis PhD, Saurashtra University

http://etheses.saurashtrauniversity.edu/id/eprint/25

Copyright and moral rights for this thesis are retained by the author

A copy can be downloaded for personal non-commercial research or study, without prior permission or charge.

This thesis cannot be reproduced or quoted extensively from without first obtaining permission in writing from the Author.

The content must not be changed in any way or sold commercially in any format or medium without the formal permission of the Author

When referring to this work, full bibliographic details including the author, title, awarding institution and date of the thesis must be given.

Saurashtra University Theses Service
http://etheses.saurashtrauniversity.edu
repository@sauuni.ernet.in
© The Author

# સુરેન્દ્રનગર જિલ્લાની શૈક્ષણિક સંસ્થાઓનું સામાજિક પ્રદાન

# Social Contribution of Educational Institutions of Surendranagar District

ડૉક્ટર ઓફ ફિલોસોફી (વિનયન) ની ઉપાધિ માટેનાં
નિયમો અન્વયે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં રજૂ કરવામાં આવેલ

## મહાનિબંધ


પ્રયોજક

**જયશ્રી નિખિલેશ દેસાઈ**

બી.એસસી., એમ.એસ. યુનિવર્સિટી, ૧૯૮૧
એમ.એસ.ડબલ્યુ., ગુજરાત વિદ્યાપીઠ, ૧૯૮૪

માર્ગદર્શક

**ડૉ. ડી. એ. ઉચાટ**

પ્રાધ્યાપક અને અધ્યક્ષ
શિક્ષણશાસ્ત્ર ભવન
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી
રાજકોટ



**શિક્ષણશાસ્ત્ર ભવન**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી
રાજકોટ
ઓક્ટોબર-૨૦૦૬

# સુરેન્દ્રનગર જિલ્લાની શૈક્ષણિક સંસ્થાઓનું
# સામાજિક પ્રદાન

# Social Contribution of Educational Institutions of Surendranagar District

**ડૉક્ટર ઓફ ફિલોસોફી (વિનયન) ની ઉપાધિ માટેનાં**
**નિયમો અન્વયે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં રજૂ કરવામાં આવેલ**

## મહાનિબંધ


**પ્રયોજક**
**જયશ્રી નિખિલેશ દેસાઈ**
બી.એસસી., એમ.એસ. યુનિવર્સિટી, ૧૯૮૧
એમ.એસ.ડબલ્યુ., ગુજરાત વિદ્યાપીઠ, ૧૯૮૪

**માર્ગદર્શક**
**ડૉ. ડી. એ. ઉચાટ**
પ્રાધ્યાપક અને અધ્યક્ષ
શિક્ષણશાસ્ત્ર ભવન
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી
રાજકોટ



**શિક્ષણશાસ્ત્ર ભવન**
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી
રાજકોટ
ઓકટોબર-૨૦૦૬

# STATEMENT UNDER UNIVERSITY Ph.D. Rules ORDI Ph.7

I here by declare that,

(a) The research work embodied in the thesis on **"Social Contribution of Educational Institutions of Surendranagar District"** submitted for Ph.D. degree has not been submitted for any other degree of this or any other university or any previous occasion.

(b) To the best of my knowledge no work of this type has been reported on the above subject. since I have discovered new relation of facts, this work can be considered to be contributory to the advancement of knowledge on Social work and Education.

(c) All the work presented in the thesis is original and wherever references have been made to the work of others, it has been clearly indicated as such and the sources of information are included in the bibliography.

**(Dr. D. A. Uchat)**
Countersigned by
The Guiding Teacher

Date : 17 /10/2006

**(Jayshri N. Desai)**
Signature of the
Research Student

Date : 17 /10/2006

# CERTIFICATE OF APPROVAL

*This thesis, directed and Supervised by the Candidate's guide has been accepted by the Department of Education, Saurashtra University, Rajkot in the fulfilment of the requirement for the degree of*

## DOCTOR OF PHILOSOPHY
## (ARTS)

**Tital : Social Contribution of Educational Institutions of Surendranagar District**

**સુરેન્દ્રનગર જિલ્લાની શૈક્ષણિક સંસ્થાઓનું સામાજિક પ્રદાન**

**Candidate : JAYSHRI N. DESAI**

**Guide**

**(Dr. D. A. Uchat)**
Department of Education
Saurashtra University
Rajkot

Date : 17 / 10 / 06

**Professor and Head**

**(Dr. D. A. Uchat)**
Department of Education
Saurashtra University
Rajkot

Date : 17 / 10 / 06

# ઋણ સ્વીકાર

પ્રસ્તુત સંશોધન હર્ષની લાગણી સાથે રજૂ કરું છું. સંશોધનમાં અવિરતપણે દિશાસૂચન તેમજ રસપૂર્વક સહાનુભૂતિથી માર્ગદર્શન પુરું પાડનાર પ્રસ્તુત સંશોધનનાં માર્ગદર્શક વંદનીય ડૉ. દિનેશચંદ્ર ઉચાટ સાહેબનો હૃદયપૂર્વક ઋણ સ્વીકાર કરું છું.

પ્રસ્તુત સંશોધન માટે સુરેન્દ્રનગર જિલ્લાની શૈક્ષણિક સંસ્થાઓમાં યોજાતી સામાજિક પ્રવૃત્તિઓનાં સંદર્ભે તૈયાર કરેલ પ્રશ્નાવલિ દ્વારા માહિતી એકત્રિત કરવામાં આચાર્યશ્રી એચ. કે. દવે તેમજ અન્ય તમામ આચાર્યશ્રીઓની આભારી છું.

પ્રસ્તુત સંશોધનમાં પ્રાયોગિક કાર્ય માટે ફુલગ્રામ તથા ગુંદિયાળા ગામની માધ્યમિક શાળાનાં આચાર્યશ્રી રમેશભાઈ મકવાણા તથા ડૉ. નરેન્દ્રભાઈ રાવલ અને તેમના તમામ સ્ટાફગણ–વિદ્યાર્થીઓનાં ઉત્સાહનાં કારણે મારું કાર્ય સરળ બન્યુ છે. સંશોધનનાં પ્રાયોગિક કાર્ય માટે ડૉ. બળવંતભાઈ વ્યાસ, શ્રી અરવિંદભાઈ પરમાર, શ્રી હિમાંશુભાઈ ગાંધી તેમજ અન્ય વિવિધ વિષય નિષ્ણાંતશ્રીઓએ અવિસ્મરણીય પૂર્ણ સહકાર આપ્યો છે. જેઓની હું ઋણી છું.

શ્રી નાગજીભાઈ દેસાઈ – શાંતાબહેન દેસાઈ, શ્રી વસંતભાઈ દોશી, ડૉ. નિખિલેશ દેસાઈ, શ્રી રાજેશભાઈ ભટ્ટ, શ્રી કનકસિંહ ઝાલા – કિરણબહેન ઝાલા, ડૉ. હંસાબહેન શાહ, દામિની શાહ વગેરેએ અંગત લાગણીઓથી સહકાર આપી મારો ઉત્સાહ વધાર્યો છે.

પ્રસ્તુત સંશોધનમાં પ્રત્યક્ષ–પરોક્ષ સહકાર આપનાર મારા તમામ કુટુંબીજનો, સ્નેહીજનો માટે અંતઃકરણપૂર્વક આભારની લાગણી વ્યકત કરું છું.

ઓકટોબર,૨૦૦૬ **જયશ્રી નિખિલેશ દેસાઈ**
મૈત્રી વિદ્યાપીઠ, માનવ મંદિર
સુરેન્દ્રનગર

# અનુક્રમણિકા


| પ્રકરણ ક્રમ | વિગત | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|
| | **o નામાભિધાન પૃષ્ઠ** | i |
| | **o એકરારનામુ** | ii |
| | **o સ્વીકૃતિ પ્રમાણ પત્ર** | iii |
| | **o ઋણ સ્વીકાર** | iv |
| | **o અનુક્રમણિકા** | v - viii |
| | **o સારણી સૂચિ** | ix - x |
| **૧.** | **સંશોધન સમસ્યાનો પરિચય** | **૧–૯** |
| | ૧.૦ પ્રાસ્તાવિક | ૨ |
| | ૨.૦ સમસ્યાકથન | ૨ |
| | ૩.૦ શૈક્ષણિક સંસ્થાઓનું સામાજિક ઉત્તરદાયિત્વ | ૨ |
| | ૪.૦ અભ્યાસના હેતુઓ | ૩ |
| | ૫.૦ સંશોધનનું ક્ષેત્ર | ૩ |
| | ૬.૦ સંશોધન પ્રકાર | ૩ |
| | ૭.૦ સંશોધનની ઉત્કલ્પનાઓ | ૪ |
| | ૮.૦ સંશોધનમાં સમાવિષ્ટ ચલો | ૪ |
| | ૯.૦ પદોની વ્યાવહારિક વ્યાખ્યાઓ | ૪ |
| | ૧૦.૦ અભ્યાસની અગત્ય | ૬ |
| | ૧૧.૦ અભ્યાસનો વ્યાપ | ૬ |
| | ૧૨.૦ અભ્યાસની મર્યાદાઓ | ૬ |
| | ૧૩.૦ અભ્યાસની કાર્યરૂપરેખા | ૭ |
| | ૧૪.૦ હવે પછીનાં પ્રકરણોનું આયોજન | ૯ |
| **૨.** | **સંબંધિત સાહિત્યની સમીક્ષા** | **૧૦–૨૫** |
| | ૧.૦ પ્રાસ્તાવિક | ૧૧ |
| | ૨.૦ શૈક્ષણિક સંસ્થાઓ અને સામાજિક કાર્યો | ૧૧ |
| | ૩.૦ પૂર્વે થયેલાં સંબંધિત સંશોધનોનાં સારાંશ | ૧૮ |
| | ૪.૦ સંબંધિત સંશોધનોની સમીક્ષા | ૨૩ |
| | ૫.૦ પ્રસ્તુત સંશોધનની વિશેષતા | ૨૪ |
| **૩.** | **સંશોધન યોજના અને તેના આધારો** | **૨૬–૨૮** |
| | ૧.૦ વિષયનો ઉદ્ગમ | ૨૭ |
| | ૨.૦ વ્યાપવિશ્વ | ૨૭ |
| | ૩.૦ નમૂના પસંદગી | ૨૮ |
| | ૪.૦ સંશોધન પદ્ધતિ | ૩૦ |
| | ૫.૦ ઉપકરણો | ૩૩ |
| | ૫.૧ પ્રશ્નાવલિ | ૩૩ |
| | ૫.૨ સ્વાસ્થ્ય સભાનતા કસોટી | ૩૪ |
| | ૫.૩ સામાજિક–કૌશલ્યો ક્ષમતા–વિકાસ કસોટી | ૩૫ |
| | ૫.૪ ગ્રામજનોની વહેમ–અંધશ્રધ્ધા જાણવા માટેની મુલાકાત અનુસૂચિ | ૩૬ |
| | ૫.૫ ગ્રામજનોમાં વ્યસન અંગેની જાગૃતિ જાણવા માટેની મુલાકાત અનુસૂચિ | ૩૯ |

| પ્રકરણ ક્રમ | | વિગત | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|---|
| | ૬.૦ | કાર્યક્રમ સંરચના | ૪૧ |
| | | સોપાન–૧ પ્રવૃત્તિઓ અંગેની માહિતી મેળવવી | ૪૧ |
| | | સોપાન–૨ પ્રવૃત્તિઓનાં સંદર્ભમાં વિભાગોનું નિર્ધારણ | ૪૧ |
| | | સોપાન–૩ સર્વેક્ષણ | ૪૨ |
| | | સોપાન–૪ તજ્જ્ઞો, કેળવણીકારો તથા સામાયિક કાર્યકરો સાથે મુકત ચર્ચા/ગોષ્ઠિ | ૪૨ |
| | | સોપાન–૫ સામાજિક કાર્યક્રમનાં પ્રાથમિક સ્વરૂપની રચના | ૪૩ |
| | | સોપાન–૬ દ્વિતીય સ્વરૂપની અજમાયશ | ૫૦ |
| | | સોપાન–૭ સામાજિક કાર્યક્રમનાં અંતિમ સ્વરૂપની સંરચના | ૫૩ |
| | ૭.૦ | પ્રયોગોનું અમલીકરણ | ૫૬ |
| | ૭.૧ | સ્વાસ્થ્ય સભાનતા પરનો વિદ્યાર્થી માટેનો કાર્યક્રમ | ૫૬ |
| | ૭.૨ | સામાજિક કૌશલ્યો ક્ષમતા–વિકાસ પરનો વિદ્યાર્થી માટેનો કાર્યક્રમ | ૫૯ |
| | ૭.૩ | વહેમ–અંધશ્રદ્ધા નાબૂદી પરનો ગ્રામજનો માટેનો કાર્યક્રમ | ૬૧ |
| | ૭.૪ | વ્યસનમુકિત પરનો ગ્રામજનો માટેનો કાર્યક્રમ | ૬૧ |
| | ૮.૦ | પૃથકકરણ પદ્ધતિ | ૬૮ |
| **૪.** | | **માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન** | **૬૯–૧૦૫** |
| | ૧.૦ | પ્રાસ્તાવિક | ૭૧ |
| | ૨.૦ | પ્રાપ્ત માહિતી | ૭૧ |
| | ૩.૦ | પ્રૌઢ શિક્ષણનાં સંદર્ભમાં પ્રાપ્ત માહિતીનું પૃથકકરણ અને અર્થઘટન | ૭૧ |
| | ૪.૦ | પ્રૌઢ શિક્ષણના સંદર્ભમાં પ્રાપ્ત પરિણામો | ૭૪ |
| | ૫.૦ | વહેમ–અંધશ્રધ્ધા નાબૂદીનાં પ્રાપ્ત માહિતીનું પૃથકકરણ અને અર્થઘટન | ૭૪ |
| | ૬.૦ | વહેમ–અંધશ્રધ્ધા નાબૂદીનાં સંદર્ભમાં પ્રાપ્ત પરિણામો | ૭૬ |
| | ૭.૦ | આર્થિક વિકાસ સ્વનિર્ભર યોજનાઓનાં સંદર્ભમાં પૃથકરણ અને અર્થઘટન | ૭૭ |
| | ૮.૦ | આર્થિક વિકાસ સ્વનિર્ભર યોજનાઓનાં સંદર્ભમાં પ્રાપ્ત પરિણામો | ૭૯ |
| | ૯.૦ | બાળવિકાસનાં સંદર્ભમાં પ્રાપ્ત માહિતીનું પૃથકકરણ અને અર્થઘટન | ૭૯ |
| | ૧૦.૦ | બાળવિકાસનાં સંદર્ભમાં પ્રાપ્ત પરિણામો | ૮૧ |
| | ૧૧.૦ | વ્યસનમુકિતનાં સંદર્ભમાં પ્રાપ્ત માહિતીનું પૃથકકરણ અને અર્થઘટન | ૮૧ |
| | ૧૨.૦ | વ્યકિતમુકિતનાં સંદર્ભમાં પ્રાપ્ત પરિણામો | ૮૪ |
| | ૧૩.૦ | એન.એસ.એસ.નાં સંદર્ભમાં પ્રાપ્ત માહિતીનું પૃથકકરણ અને અર્થઘટન | ૮૪ |
| | ૧૪.૦ | એન.એસ.એસ.નાં સંદર્ભમાં પ્રાપ્ત પરિણામો | ૮૫ |
| | ૧૫.૦ | કુદરતી આપત્તિનાં સંદર્ભમાં પ્રાપ્ત માહિતીનું પૃથકકરણ અને અર્થઘટન | ૮૬ |
| | ૧૬.૦ | કુદરતી આપત્તિના સંદર્ભમાં પ્રાપ્ત પરિણામો | ૮૮ |
| | ૧૭.૦ | યુવાનો માટે વ્યકિત વિકાસનાં સંદર્ભમાં પ્રાપ્ત માહિતીનુ પૃથકકરણ અને અર્થઘટન | ૮૮ |

| પ્રકરણ ક્રમ | વિગત | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|
| ૧૮.૦ | યુવાનો માટે વ્યકિત વિકાસનાં સંદર્ભમાં પ્રાપ્ત પરિણામો | ૮૯ |
| ૧૯.૦ | સ્વાસ્થ્ય સભાનતાનાં સંદર્ભમાં પ્રાપ્ત માહિતીનું પૃથકકરણ અને અર્થઘટન | ૮૯ |
| ૨૦.૦ | સ્વાસ્થ્ય સભાનતાનાં સંદર્ભમાં પ્રાપ્ત પરિણામો | ૯૦ |
| ૨૧.૦ | લોકશિક્ષણનાં સંદર્ભમાં પ્રાપ્ત માહિતીનું પૃથકકરણ અને અર્થઘટન | ૯૦ |
| ૨૨.૦ | લોકશિક્ષણનાં સંદર્ભમાં પ્રાપ્ત પરિણામો | ૯૨ |
| ૨૩.૦ | સેવાકીય પ્રવૃત્તિનાં સંદર્ભમાં પ્રાપ્ત માહિતીનું પૃથકકરણ અને અર્થઘટન | ૯૨ |
| ૨૪.૦ | સેવાકીય પ્રવૃત્તિનાં સંદર્ભમાં પ્રાપ્ત પરિણામો | ૯૪ |
| ૨૫.૦ | પ્રકાશનનાં સંદર્ભમાં પ્રાપ્ત માહિતીનું પૃથકકરણ અને અર્થઘટન | ૯૪ |
| ૨૬.૦ | પ્રકાશનનાં સંદર્ભમાં પ્રાપ્ત પરિણામો | ૯૫ |
| ૨૭.૦ | 'આપનો અભિપ્રાય' હેઠળ પ્રાપ્ત માહિતીનું પૃથકકરણ અને અર્થઘટન | ૯૬ |
| ૨૮.૦ | પ્રાયોગિક સંશોધનોનાં સંદર્ભમાં પ્રાપ્ત માહિતીનું પૃથકકરણ અને અર્થઘટન | ૯૭ |
| | ૨૮.૧ સ્વાસ્થ્ય સભાનતા પરનાં વિદ્યાર્થીઓ માટેનાં કાર્યક્રમની અસરકારકતા | ૯૭ |
| | ૨૮.૨ સામાજિક કૌશલ્યો પરનો વિદ્યાર્થીઓ માટેનાં કાર્યક્રમની અસરકારતા | ૯૯ |
| | ૨૮.૩ વહેમ–અંધશ્રધ્ધા નાબૂદી પરનો ગ્રામજનો માટેનાં કાર્યક્રમની અસરકારતા | ૧૦૨ |
| | ૨૮.૪ વ્યસનમુકિત પરનો ગ્રામજનો માટેનાં કાર્યક્રમની અસરકારતા | ૧૦૪ |
| **૫.** | **સારાંશ, તારણો, ફલિતાર્થો અને ભાવિ સંશોધનો** | **૧૦૬–૧૧૪** |
| | ૧.૦ પ્રાસ્તાવિક | ૧૦૭ |
| | ૨.૦ અભ્યાસ સાર | ૧૦૭ |
| | ૩.૦ ઉત્કલ્પનાઓનાં સંદર્ભમાં અર્થઘટનો | ૧૦૮ |
| | ૪.૦ અભ્યાસનાં તારણો | ૧૧૩ |
| | ૫.૦ અભ્યાસની અન્ય નીપજો | ૧૧૩ |
| | ૬.૦ સંશોધન ફલિતાર્થો | ૧૧૩ |
| | ૭.૦ ભાવિ સંશોધન અંગેની ભલામણો | ૧૧૪ |

| પ્રકરણ ક્રમ | વિગત | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|
| **૦ સંદર્ભ સૂચિ** | | **૧૧૫** |
| **૦ પરિશિષ્ટ** | | |
| ૧.૦ | શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા હાથ ધરાતી સામાજિક પ્રવૃત્તિઓનાં સંદર્ભમાં માહિતી મેળવવાની પ્રશ્નાવલિ | ૧૧૬–૧૨૮ |
| ૨.૦ | વિદ્યાર્થીઓની સ્વાસ્થ્ય સભાનતા તપાસવા માટેની સ્વાસ્થ્ય સભાનતા કસોટી | ૧૨૯–૧૩૨ |
| ૩.૦ | વિદ્યાર્થીઓના સામાજિક કૌશલ્યો માપવા માટેની સામાજિક કૌશલ્યો ક્ષમતા માપન કસોટી | ૧૩૩–૧૩૮ |
| ૪.૦ | ગ્રામજનોના વહેમ–અંધશ્રદ્ધા જાણવા માટેની મુલાકાત અનુસૂચિ | ૧૩૯–૧૪૦ |
| ૫.૦ | ગ્રામજનોમાં વ્યસન અંગેની જાગૃત્તિ જાણવા માટેની મુલાકાત અનુસૂચિ | ૧૪૧ |
| ૬.૦ | વિદ્યાર્થીઓ માટેનાં કાર્યક્રમમોમાં પ્રયોગપાત્ર તરીકે લીધેલ વિદ્યાર્થીઓનાં નામની યાદી | ૧૪૨ |
| ૭.૦ | ગ્રામજનો માટેના કાર્યક્રમોમાં પ્રયોગ પાત્ર તરીકે હાજર રહેલ ગ્રામજનોનાં નામની યાદી | ૧૪૩ |
| ૮.૦ | વ્યસન મુક્તિનાં પ્રયોગ માટે યોજવામાં આવેલ ભવાઈ વેશની સ્ક્રીપ્ટ | ૧૪૪–૧૪૬ |

# સારણી સૂચિ


| ક્રમ | સારણી ક્રમાંક | વિગત | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|---|
| ૧ | ૨.૧ | નવસર્જન વિદ્યાલય–રાવલસર દ્વારા યોજાતી સામાજિક પ્રવૃત્તિઓ | ૧૩ |
| ૨ | ૨.૨ | વિશ્વમંગલમ્–અનેરા દ્વારા યોજાતી સામાજિક પ્રવૃત્તિઓ | ૧૪ |
| ૩ | ૨.૩ | ગાંધી આશ્રમ–ઝીલીયા દ્વારા યોજાતી સામાજિક પ્રવૃત્તિઓ | ૧૫ |
| ૪ | ૨.૪ | મૈત્રી વિદ્યાપીઠ–સુરેન્દ્રનગર દ્વારા યોજાતી સામાજિક પ્રવૃત્તિઓ | ૧૬ |
| ૫ | ૨.૫ | ગ્રામ સ્વરાજ સંઘ–નીલપર દ્વારા યોજાતી સામાજિક પ્રવૃત્તિઓ | ૧૭ |
| ૬ | ૩.૧ | અભ્યાસનાં પ્રથમ હેતુનાં સંદર્ભમાં નમૂનામાં પસંદ કરેલી માધ્યમિક શાળાઓ/કોલેજો | ૨૮ |
| ૭ | ૩.૨ | સામાજિક કાર્યક્રમનાં પ્રયોગ માટે આચાર્યશ્રીઓએ સૂચવેલ કાર્યક્રમો | ૪૩ |
| ૮ | ૩.૩ | યોજેલ ચાર સામાજિક કાર્યક્રમોની પ્રવૃત્તિઓ અને તેની વિગત | ૫૩ |
| ૯ | ૪.૧ | પ્રશ્નાવલિના વિભાગ–૧ નાં પ્રશ્ન : ૧ દ્વારા પ્રાપ્ત માહિતી | ૭૧ |
| ૧૦ | ૪.૨ | પ્રશ્ન : ૨ દ્વારા પ્રાપ્ત માહિતી | ૭૨ |
| ૧૧ | ૪.૩ | પ્રશ્ન : ૩ દ્વારા પ્રાપ્ત માહિતી | ૭૨ |
| ૧૨ | ૪.૪ | પ્રશ્ન : ૪ દ્વારા પ્રાપ્ત માહિતી | ૭૨ |
| ૧૩ | ૪.૫ | પ્રશ્ન : ૫ દ્વારા પ્રાપ્ત માહિતી | ૭૩ |
| ૧૪ | ૪.૬ | પ્રશ્ન : ૬ દ્વારા પ્રાપ્ત માહિતી | ૭૩ |
| ૧૫ | ૪.૭ | પ્રશ્ન : ૭ દ્વારા પ્રાપ્ત માહિતી | ૭૩ |
| ૧૬ | ૪.૮ | પ્રશ્ન : ૧૦ દ્વારા પ્રાપ્ત માહિતી | ૭૩ |
| ૧૭ | ૪.૯ | પ્રશ્નાવલિના વિભાગ–૨ નાં પ્રશ્ન : ૧ દ્વારા પ્રાપ્ત માહિતી | ૭૪ |
| ૧૮ | ૪.૧૦ | પ્રશ્ન : ૨ દ્વારા પ્રાપ્ત માહિતી | ૭૫ |
| ૧૯ | ૪.૧૧ | પ્રશ્ન : ૩ દ્વારા પ્રાપ્ત માહિતી | ૭૫ |
| ૨૦ | ૪.૧૨ | પ્રશ્ન : ૪ દ્વારા પ્રાપ્ત માહિતી | ૭૫ |
| ૨૧ | ૪.૧૩ | પ્રશ્ન : ૫ દ્વારા પ્રાપ્ત માહિતી | ૭૫ |
| ૨૨ | ૪.૧૪ | પ્રશ્નાવલિના વિભાગ–૩ નાં પ્રશ્ન : ૧ દ્વારા પ્રાપ્ત માહિતી | ૭૭ |
| ૨૩ | ૪.૧૫ | પ્રશ્ન : ૨ દ્વારા પ્રાપ્ત માહિતી | ૭૭ |
| ૨૪ | ૪.૧૬ | પ્રશ્ન : ૩ દ્વારા પ્રાપ્ત માહિતી | ૭૭ |
| ૨૫ | ૪.૧૭ | પ્રશ્ન : ૪ દ્વારા પ્રાપ્ત માહિતી | ૭૭ |
| ૨૬ | ૪.૧૮ | પ્રશ્ન : ૫ દ્વારા પ્રાપ્ત માહિતી | ૭૮ |
| ૨૭ | ૪.૧૯ | પ્રશ્ન : ૬ દ્વારા પ્રાપ્ત માહિતી | ૭૮ |
| ૨૮ | ૪.૨૦ | પ્રશ્ન : ૭ દ્વારા પ્રાપ્ત માહિતી | ૭૮ |
| ૨૯ | ૪.૨૧ | પ્રશ્નાવલિના વિભાગ–૪ નાં પ્રશ્ન : ૧ દ્વારા પ્રાપ્ત માહિતી | ૭૯ |
| ૩૦ | ૪.૨૨ | પ્રશ્ન : ૨ દ્વારા પ્રાપ્ત માહિતી | ૭૯ |
| ૩૧ | ૪.૨૩ | પ્રશ્ન : ૩ દ્વારા પ્રાપ્ત માહિતી | ૮૦ |
| ૩૨ | ૪.૨૪ | પ્રશ્ન : ૪ દ્વારા પ્રાપ્ત માહિતી | ૮૦ |
| ૩૩ | ૪.૨૫ | પ્રશ્ન : ૫ દ્વારા પ્રાપ્ત માહિતી | ૮૦ |
| ૩૪ | ૪.૨૬ | પ્રશ્ન : ૬ દ્વારા પ્રાપ્ત માહિતી | ૮૦ |
| ૩૫ | ૪.૨૭ | પ્રશ્નાવલિના વિભાગ–૫ નાં પ્રશ્ન : ૧ દ્વારા પ્રાપ્ત માહિતી | ૮૧ |
| ૩૬ | ૪.૨૮ | પ્રશ્ન : ૨ દ્વારા પ્રાપ્ત માહિતી | ૮૧ |

| ક્રમ | સારણી ક્રમાંક | વિગત | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|---|
| ૩૭ | ૪.૨૯ | પ્રશ્ન : ૩ દ્વારા પ્રાપ્ત માહિતી | ૮૨ |
| ૩૮ | ૪.૩૦ | પ્રશ્ન : ૪ દ્વારા પ્રાપ્ત માહિતી | ૮૨ |
| ૩૯ | ૪.૩૧ | પ્રશ્ન : ૬ દ્વારા પ્રાપ્ત માહિતી | ૮૩ |
| ૪૦ | ૪.૩૨ | પ્રશ્ન : ૭ દ્વારા પ્રાપ્ત માહિતી | ૮૩ |
| ૪૧ | ૪.૩૩ | પ્રશ્ન : ૧૦ દ્વારા પ્રાપ્ત માહિતી | ૮૪ |
| ૪૨ | ૪.૩૪ | પ્રશ્નાવલિના વિભાગ–૬ નાં પ્રશ્ન : ૧ દ્વારા પ્રાપ્ત માહિતી | ૮૪ |
| ૪૩ | ૪.૩૫ | પ્રશ્ન : ૨ દ્વારા પ્રાપ્ત માહિતી | ૮૫ |
| ૪૪ | ૪.૩૬ | પ્રશ્નાવલિના વિભાગ–૭ નાં પ્રશ્ન : ૧ દ્વારા પ્રાપ્ત માહિતી | ૮૬ |
| ૪૫ | ૪.૩૭ | પ્રશ્ન : ૨ દ્વારા પ્રાપ્ત માહિતી | ૮૬ |
| ૪૬ | ૪.૩૮ | પ્રશ્ન : ૩ દ્વારા પ્રાપ્ત માહિતી | ૮૬ |
| ૪૭ | ૪.૩૯ | પ્રશ્ન : ૫ દ્વારા પ્રાપ્ત માહિતી | ૮૭ |
| ૪૮ | ૪.૪૦ | પ્રશ્નાવલિના વિભાગ–૮ નાં પ્રશ્ન : ૧ દ્વારા પ્રાપ્ત માહિતી | ૮૮ |
| ૪૯ | ૪.૪૧ | પ્રશ્ન : ૨ દ્વારા પ્રાપ્ત માહિતી | ૮૮ |
| ૫૦ | ૪.૪૨ | પ્રશ્ન : ૩ દ્વારા પ્રાપ્ત માહિતી | ૮૯ |
| ૫૧ | ૪.૪૩ | પ્રશ્નાવલિના વિભાગ–૯ નાં પ્રશ્ન : ૧ દ્વારા પ્રાપ્ત માહિતી | ૮૯ |
| ૫૨ | ૪.૪૪ | પ્રશ્ન : ૨ દ્વારા પ્રાપ્ત માહિતી | ૮૯ |
| ૫૩ | ૪.૪૫ | પ્રશ્ન : ૩ દ્વારા પ્રાપ્ત માહિતી | ૯૦ |
| ૫૪ | ૪.૪૬ | પ્રશ્નાવલિના વિભાગ–૧૦ નાં પ્રશ્ન : ૧ દ્વારા પ્રાપ્ત માહિતી | ૯૦ |
| ૫૫ | ૪.૪૭ | પ્રશ્ન : ૨ દ્વારા પ્રાપ્ત માહિતી | ૯૦ |
| ૫૬ | ૪.૪૮ | પ્રશ્ન : ૩ દ્વારા પ્રાપ્ત માહિતી | ૯૧ |
| ૫૭ | ૪.૪૯ | પ્રશ્ન : ૪ દ્વારા પ્રાપ્ત માહિતી | ૯૧ |
| ૫૮ | ૪.૫૦ | પ્રશ્ન : ૫ દ્વારા પ્રાપ્ત માહિતી | ૯૧ |
| ૫૯ | ૪.૫૧ | પ્રશ્ન : ૬ દ્વારા પ્રાપ્ત માહિતી | ૯૧ |
| ૬૦ | ૪.૫૨ | પ્રશ્ન : ૭ દ્વારા પ્રાપ્ત માહિતી | ૯૧ |
| ૬૧ | ૪.૫૩ | પ્રશ્નાવલિના વિભાગ–૧૧ નાં પ્રશ્ન : ૧ દ્વારા પ્રાપ્ત માહિતી | ૯૨ |
| ૬૨ | ૪.૫૪ | પ્રશ્ન : ૨ દ્વારા પ્રાપ્ત માહિતી | ૯૩ |
| ૬૩ | ૪.૫૫ | પ્રશ્ન : ૩ દ્વારા પ્રાપ્ત માહિતી | ૯૩ |
| ૬૪ | ૪.૫૬ | પ્રશ્ન : ૫ દ્વારા પ્રાપ્ત માહિતી | ૯૩ |
| ૬૫ | ૪.૫૭ | પ્રશ્નાવલિના વિભાગ–૧૨ નાં પ્રશ્ન : ૧ દ્વારા પ્રાપ્ત માહિતી | ૯૪ |
| ૬૬ | ૪.૫૮ | પ્રશ્ન : ૩ દ્વારા પ્રાપ્ત માહિતી | ૯૫ |
| ૬૭ | ૪.૫૯ | પ્રશ્ન : ૪ દ્વારા પ્રાપ્ત માહિતી | ૯૫ |
| ૬૮ | ૪.૬૦ | 'આપનો અભિપ્રાય' હેઠળ પ્રાપ્ત માહિતી | ૯૬ |
| ૬૯ | ૪.૬૧ | સ્વાસ્થ્ય સભાનતા કસોટી પરનાં પ્રાપ્તાંકો | ૯૮ |
| ૭૦ | ૪.૬૨ | સ્વાસ્થ્ય સભાનતા કસોટી પરનાં પ્રાપ્તાંકોની સરાસરી, પ્રમાણ વિચલન અને ટી–મૂલ્ય | ૯૯ |
| ૭૧ | ૪.૬૩ | સામાજિક કૌશલ્યો માટેની 'મારી પસંદગી' કસોટી પરનાં પ્રાપ્તાંકો | ૧૦૦ |
| ૭૨ | ૪.૬૪ | સામાજિક કૌશલ્યો માટેની 'મારી પસંદગી' કસોટી પરનાં પ્રાપ્તાંકોનીની સરાસરી, પ્રમાણ વિચલન અને ટી–મૂલ્ય | ૧૦૨ |

# પ્રકરણ : ૧

# સંશોધન સમસ્યાનો પરિચય

૧.૦ પ્રાસ્તાવિક

૨.૦ સમસ્યાકથન

૩.૦ શૈક્ષણિક સંસ્થાઓનું સામાજિક ઉત્તરદાયિત્વ

૪.૦ અભ્યાસના હેતુઓ

૫.૦ સંશોધનનું ક્ષેત્ર

૬.૦ સંશોધન પ્રકાર

૭.૦ સંશોધનની ઉત્કલ્પનાઓ

૮.૦ સંશોધનમાં સમાવિષ્ટ ચલો

૯.૦ પદોની વ્યાવહારિક વ્યાખ્યાઓ

૧૦.૦ અભ્યાસની અગત્ય

૧૧.૦ અભ્યાસનો વ્યાપ

૧૨.૦ અભ્યાસની મર્યાદાઓ

૧૩.૦ અભ્યાસની કાર્યરૂપરેખા

૧૪.૦ હવે પછીનાં પ્રકરણોનું આયોજન

# પ્રકરણ : ૧

# સંશોધન સમસ્યાનો પરિચય

## ૧.૦ પ્રાસ્તાવિક

શિક્ષણ સમાજનાં વિકાસનો પાયો છે. શિક્ષણ માનવીની આંતરિક શકિતનો વિકાસ કરતું હોવાથી તથા તે માનવ ઘડતરની મુખ્ય સામાજિક ક્રિયા હોવાથી તેનું સ્થાન માનવજીવનમાં શ્રેષ્ઠ છે. શિક્ષણશાસ્ત્રીઓ અને સમાજશાસ્ત્રીઓએ શાળાને સામાજિક વ્યવસ્થા તરીકે ઓળખાવી છે.

શૈક્ષણિક સંસ્થાઓ વિદ્યાર્થીઓ અને તે થકી સમાજમાં જીવનવિકાસ માટેનું તાલીમ કેન્દ્ર છે. આ શૈક્ષણિક સંસ્થાઓ સમાજનાં વિકાસ માટે કયાં પ્રકારની શૈક્ષણિક પ્રવૃત્તિઓ કરે છે. અને તે દ્વારા કઈ કઈ સામાજિક પ્રવૃત્તિઓ હાથ ધરે છે. આ પ્રવૃત્તિઓની તપાસ કરવાનો પ્રયાસ પ્રસ્તુત સંશોધનમાં કરવામાં આવ્યો હતો.

શિક્ષણનો વ્યાપ ખૂબ જ વધી રહ્યો છે. તેમજ વિવિધ ક્ષેત્રોમાં વધતા–જતાં પરિવર્તનોને કારણે શૈક્ષણિક સંસ્થાઓ, સમાજનાં વિકાસ માટે હજુ વધુ સામાજિક પ્રવૃત્તિઓ હાથ ધરી શકે તેમ છે. તેના માટેની યાદી તૈયાર કરવી જરૂરી જણાય છે. તેને ધ્યાનમાં લઈને સામાજિક પ્રવૃત્તિઓની યાદી અને વિગતો તૈયાર કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો.

આ સામાજિક પ્રવૃત્તિઓની યાદીમાંથી સમાજને વધુ ઉપયોગી થઈ શકે તેવી અને શૈક્ષણિક સંસ્થાઓ સરળતાથી યોજી શકે તેવી સામાજિક પ્રવૃતિઓને જુદી તારવવામાં આવી. તેને આવરી લેતાં સામાજિક કાર્યક્રમની સંરચના કરવામાં આવી અને રચાયેલા સામાજિક કાર્યક્રમની અસરકારકતા ચકાસવાનો પ્રયાસ પ્રસ્તુત સંશોધન દ્વારા હાથ ધરવામાં આવ્યો હતો.

## ૨.૦ સમસ્યાકથન

"સુરેન્દ્રનગર જિલ્લાની શૈક્ષણિક સંસ્થાઓનું સામાજિક પ્રદાન" એ વિષય માટે પ્રસ્તુત સંશોધન હાથ ધરવામાં આવ્યુ હતું.

પ્રસ્તુત સંશોધન સુરેન્દ્રનગર જિલ્લાની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓની સાથે સાથે કેવા પ્રકારનાં સામાજિક કાર્યો હાથ ધરે છે. તેની તપાસ કરવા માટે હાથ ધરવામાં આવ્યું હતું. તેમજ સમાજને ઉપયોગી થઈ શકે તેવી પ્રવૃત્તિઓને ધ્યાનમાં રાખી સામાજિક કાર્યક્રમની સંરચના કરી, આ કાર્યક્રમનો શૈક્ષણિક સંસ્થા દ્વારા અમલ કરાવી તેની અસરકારકતા તપાસવામાં આવી હતી.

પ્રસ્તુત સંશોધનની સમસ્યાં નીચે મુજબ શબ્દબધ્ધ કરવામાં આવી હતી.

"સુરેન્દ્રનગર જિલ્લાની શૈક્ષણિક સંસ્થાઓનું સામાજિક પ્રદાન"

Social Contribution of Educational Institutions of Surendranagar District

## ૩.૦ શૈક્ષણિક સંસ્થાઓનું સામાજિક ઉત્તરદાયિત્વ

શિક્ષણ સમાજની એક આંતરપદ્ધતિ હોવાથી અનિવાર્ય રીતે જ તે સમાજનાં મુખ્ય લક્ષણોનું પ્રતિબિંબ પાડે છે. શૈક્ષણિક સંસ્થાઓને સામાજિક સેવા પૂરી પાડવાની જરૂરિયાત ઊભી થઈ છે. સમાજમાં શિક્ષણસંસ્થાઓ માટે આગવુ માન છે. એક સુવ્યવસ્થિત તાલીમ આપતું વહિવટી માળખું શિક્ષણ સંસ્થાઓમાં હોય છે. સમાજલક્ષી કાર્યો કરવા માટેની વહિવટીસૂઝ ઉપરાંત વ્યવહારલક્ષી અભિગમ શિક્ષણ સંસ્થાઓ ધરાવે છે. શૈક્ષણિક સંસ્થાઓ પાસે સામાજિક કાર્યો કરવા માટેનાં પૂરતાં સંશાધનો (Resources) છે. પૂરતાં સાધનો, યોગ્ય મકાન સુવિધા,

યોગ્ય પર્યાવરણ વગેરે શૈક્ષણિક સંસ્થાઓ પાસે છે. શૈક્ષણિક પ્રવૃત્તિઓનાં ભાગરૂપે સામાજિક પ્રવૃત્તિઓ કરવી જરૂરી છે. તે બાબતને શૈક્ષણિક સંસ્થાનાં સંચાલકશ્રીઓ અને આચાર્યો તેમજ શિક્ષકો સમર્થન આપે છે. તેમજ તે માટેનાં સામાજિક કાર્યોને વ્યવસ્થિતરૂપે પ્રવૃત્તિલક્ષી કરીને, સારી રીતે અમલ કરાવી શકે તેમ છે. વિવિધ સામાજિક કાર્યો કરવા માટેની ઉભી થનાર જરૂરિયાતો અને તે જરૂરિયાતોને પહોંચી વળવા માટેની સક્ષમતા શૈક્ષણિક સંસ્થાઓ ધરાવે છે.

આમ, ઉપરોક્ત તમામ પાસાંઓને ધ્યાનમાં લેતાં અન્ય કોઈ સંસ્થા આ કામ કરી શકે તેમ નથી. માટે જ શૈક્ષણિક સંસ્થાઓનું સામાજિક કાર્યો માટેનું ઉચિત ઉત્તરદાયિત્વ રહેલુ છે.

## ૪.૦ અભ્યાસના હેતુઓ

પ્રસ્તુત અભ્યાસનાં મુખ્ય હેતુઓ નીચે પ્રમાણે નકકી કરવામાં આવ્યા હતા.

૪.૧ સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલી વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા હાથ ધરાતી સામાજિક પ્રવૃત્તિઓની તપાસ કરવી.

૪.૨ સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલી વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા હાથ ધરી શકાય તેવી સામાજિક પ્રવૃત્તિઓની યાદી અને વિગતો તૈયાર કરવી.

૪.૩ સમાજને ઉપયોગી થઈ શકે તેવી પ્રવૃત્તિઓ સમાવતા અને શૈક્ષણિક સંસ્થાઓ યોજી શકે તેવા સામાજિક કાર્યક્રમની સંરચના કરવી

આ હેતુના સંદર્ભમાં નીચે પ્રમાણેમાં કાર્યક્રમો રચવામાં આવેલા હતા.

(૧) સ્વાસ્થ્ય સભાનતા પરનો વિદ્યાર્થી પરનો કાર્યક્રમ

(૨) સામાજિક કૌશલ્યો ક્ષમતા–વિકાસ પરનો વિદ્યાર્થી માટેનો કાર્યક્રમ

(૩) વહેમ–અંધશ્રધ્ધા નાબૂદી પરનો ગ્રામજનો માટેનો કાર્યક્રમ

(૪) વ્યસન મુકિત પરનો ગ્રામજનો પરનો કાર્યક્રમ.

૪.૪ સામાજિક કાર્યક્રમની અસર તપાસવા માટેના ઉપકરણોની સંરચના કરવી.

નીચે મુજબના ઉપકરણો રચવામાં આવ્યા હતા.

(૧) વિદ્યાર્થીઓની સ્વાસ્થ્ય સભાનતા તપાસવા માટેની સ્વાસ્થ્ય સભાનતા કસોટી

(૨) વિદ્યાર્થીઓના સામાજિક કૌશલ્યો માપવા માટેની સામાજિક કૌશલ્યો ક્ષમતા માપન કસોટી

(૩) ગ્રામજનોની વહેમ–અંધશ્રદ્ધા જાણવા માટેની મુલાકાત અનુસૂચિ

(૪) ગ્રામજનોમાં વ્યસન અંગેની જાગૃત્તિ જાણવા માટેની મુલાકાત અનુસૂચિ

૪.૫ રચાયેલા સામાજિકની કાર્યક્રમની અસરકારકતા તપાસવી.

આ હેતુના સંદર્ભમાં નીચે પ્રમાણે કાર્યક્રમોની અસરકારકતા તપાસવામાં આવી હતી.

(૧) વિદ્યાર્થીઓનાં સ્વાસ્થ્ય સભાનતા પર

(૨) વિદ્યાર્થીઓનાં સામાજિક કૌશલ્યો ક્ષમતા–વિકાસ પર

(૩) ગ્રામજનોના વહેમ–અંધશ્રધ્ધા પર

(૪) ગ્રામજનોનાં વ્યસન જાગૃતિ પર થતી અસર તપાસવી.

## ૫.૦ સંશોધનનું ક્ષેત્ર

પ્રસ્તુત અભ્યાસ શૈક્ષણિક સંસ્થાઓની ઉપયોગિતા તપાસવાનાં સંદર્ભમાં હાથ ધરેલ છે. એટલે કે શિક્ષણ અને સમાજકાર્ય એ બે બાબતોનો સમન્વય પ્રસ્તુત અભ્યાસમાં કરવામાં આવેલ છે. આથી કહી શકાય કે આંતર વિદ્યાકીય અભિગમનો સમન્વય ધરાવતાં આ સંશોધનનું ક્ષેત્ર શિક્ષણનું સમાજશાસ્ત્ર કહી શકાય.

## ૬.૦ સંશોધન પ્રકાર

પ્રસ્તુત અભ્યાસનાં હેતુઓને ધ્યાનમાં રાખીને સર્વેક્ષણ પધ્ધતિ તેમજ પ્રાયોગિક સંશોધન પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

પ્રસ્તુત સંશોધન સંખ્યાત્મક કરતાં વધુ પ્રમાણમાં ગુણાત્મક પ્રકારનું છે. શિક્ષણ અને સમાજકાર્ય એ બે બાબતોનો સમન્વય પ્રસ્તુત અભ્યાસમાં થયેલ હોઈ, આંકડાકિય કે અંકશાસ્ત્રીય વિશ્લેષણ કરતાં ગુણાત્મક સંશોધન વધુ થઈ શકેલ છે. સામાજિક પ્રવૃત્તિઓની વિગતો મેળવવા માટે કોઈ ચોકકસ પ્રત્યુત્તર પ્રાપ્ત કરવા 'હા' કે 'ના' માં ઉત્તર મેળવવા મુશ્કેલ જણાય છે. જેને બદલે પ્રવૃત્તિઓનાં વિવિધ સ્વરૂપો કે પ્રવૃત્તિઓનું વર્ણન જાણવું જરૂરી બનેલ છે. વર્ણનાત્મક માહિતી પ્રાયોગિક સંશોધન દરમ્યાન પ્રાપ્ત કરવામાં આવી છે.

## ૭.૦ સંશોધનની ઉત્કલ્પનાઓ

પ્રસ્તુત અભ્યાસની સંશોધનની ઉત્કલ્પના આ પ્રમાણે હતી.

૭.૧ સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલી શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા અલ્પમાત્રામાં સામાજિક પ્રવૃત્તિઓ હાથ ધરાતી હશે.

રચાયેલાં સામાજિક કાર્યક્રમો માટેની ઉત્કલ્પનાઓ બાંધવામાં આવેલી હતી. સમાવિષ્ટ ચાર સામાજિક પ્રવૃત્તિઓ માટેની ઉત્કલ્પનાઓ બાંધવામાં આવી હતી.

૭.૨ સ્વાસ્થ્ય સભાનતા માટેનાં વિદ્યાર્થીઓ માટેનાં કાર્યક્રમનો અમલ કરવાથી વિદ્યાર્થીઓની સ્વાસ્થ્ય સભાનતા વિકસશે.

૭.૩ સામાજિક કૌશલ્યો ક્ષમતા–વિકાસ માટેનાં વિદ્યાર્થીઓ માટેનાં કાર્યક્રમનો અમલ કરવાથી વિદ્યાર્થીઓની સામાજિક કૌશલ્યની ક્ષમતામાં વધારો થશે.

૭.૪ વહેમ–અંધશ્રધ્ધા નાબૂદી પરનો ગ્રામજનો માટેનાં કાર્યક્રમનો અમલ કરવાથી ગ્રામજનોની અંધશ્રધ્ધામાં ઘટાડો થશે.

૭.૫ વ્યસન મુકિત માટેનાં ગ્રામજનો માટેનાં કાર્યક્રમનો અમલ કરવાથી વ્યસનથી ઉદ્‌ભવતી ખરાબ અસરો પરત્વે જાગૃત બનશે.

## ૮.૦ સંશોધનમાં સમાવિષ્ટ ચલો

પ્રસ્તુત સંશોધનમાં સ્વતંત્ર ચલ અને પરતંત્ર ચલ નીચે મુજબનાં હતાં.

સ્વતંત્ર ચલ તરીકે સામાજિક કાર્યક્રમનો સમાવેશ થયો હતો. પ્રસ્તુત સંશોધનમાં ચાર પરતંત્ર ચલો નીચે મુજબના હતા.

(૧) સ્વાસ્થ્ય સભાનતા
(૨) સામાજિક કૌશલ્યો ક્ષમતા – વિકાસ
(૩) વહેમ – અંધશ્રધ્ધા
(૪) વ્યસન

## ૯.૦ પદોની વ્યાવહારિક વ્યાખ્યાઓ

પ્રસ્તુત અભ્યાસમાં ઉપયોગમાં લેવાયેલ શબ્દોને પ્રયોજકે આ પ્રમાણે સ્વીકાર્યા હતા. જે સ્પષ્ટ કરવા શબ્દોની વ્યવહારૂ વ્યાખ્યાઓ આ પ્રમાણે કરવામાં આવી છે.

### ૯.૧ સુરેન્દ્રનગર જિલ્લો

ગુજરાત રાજયમાં આવેલ સુરેન્દ્રનગર જિલ્લો કે જેમાં સુરેન્દ્રનગર શહેર તેમજ તેના દસ તાલુકા વિસ્તાર વઢવાણ, મૂળી, લખતર, લીંબડી, ચોટીલા, સાયલા, ધ્રાંગધ્રા, પાટડી, દસાડા, ચૂડા ગામ તેમજ તેના ગ્રામ્ય વિસ્તારનાં ગામોનો સમાવેશ કરવામાં આવેલ છે.

### ૯.૨ શૈક્ષણિક સંસ્થાઓ

સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલી માધ્યમિક – ઉચ્ચતર માધ્યમિક શાળાઓ કે જેમાં સામાન્ય શાળા અને ઉત્તર બુનિયાદી શાળાઓનો સમાવેશ કરેલ છે. એટલે કે છાત્રાલયવાળી – નિવાસી શાળા કે બિનનિવાસી શાળા (છાત્રાલય વગરની) એમ બંને પ્રકારની શાળાઓનો સમાવેશ કરેલ છે. તેમજ અલ્પ સંખ્યામાં ઉચ્ચતર શિક્ષણ આપતી તાલીમી કોલેજો અને સામાન્ય કોલેજોનો સમાવેશ શૈક્ષણિક સંસ્થાઓ તરીકે કરવામાં આવેલ છે.

### ૯.૩ સામાજિક પ્રદાન

માનવી સમાજમાં રહીને સ્વઉપયોગી કે સમાજોપયોગી પ્રવૃત્તિઓ શિક્ષણ સંસ્થાઓ દ્વારા શીખે છે. આ પ્રવૃત્તિઓનો યોગ્યપણે, યોગ્યસમયે ઉપયોગ કરી શકે છે. સમાજમાં ઉપસ્થિત થતાં પ્રશ્નોને સુચારુપણે ઉકેલી શકે તેવી આવડત ધરાવી શકે છે. આ અંગેનું જ્ઞાન, સમજ, માહિતી વગેરે શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા મેળવી શકે છે. જે સામાજિક પ્રદાનનાં સંદર્ભમાં છે. શિક્ષણ સંસ્થાઓ આવી પ્રવૃત્તિ કરાવી સમાજને કંઈક આપે છે તે સામાજિક પ્રદાનનાં અર્થ સંદર્ભમાં છે.

## ૯.૪ સામાજિક કાર્યક્રમ

સમાજ ઉપયોગી પ્રવૃત્તિઓ પૈકી શૈક્ષણિક સંસ્થાઓ શિક્ષણની સાથે સાથે યોજી શકે તેવી પ્રવૃત્તિઓને સમાવિષ્ટ કરતાં કાર્યક્રમો એટલે સામાજિક કાર્યક્રમ.

## ૯.૫ સ્વાસ્થ્ય સભાનતા માટેનો કાર્યક્રમ

સામાજિક કાર્યક્રમો હેઠળ નિશ્ચિત કરેલ કાર્યક્રમો પૈકીનો સ્વાસ્થ્ય સભાનતાનો કાર્યક્રમ એટલે શાળાનાં વિદ્યાર્થીઓ માટે સ્વાસ્થ્ય અંગેની પ્રવૃત્તિઓ કરાવવી, તે દ્વારા તેમનાં સ્વાસ્થ્ય સભાનતામાં વધારો થાય. સ્વાસ્થ્યમાં શારીરિક, માનસિક, આધ્યાત્મિક બાબતોનો સમાવેશ કરવામાં આવેલ છે. સાથે સાથે સ્વચ્છતા અને આરોગ્યને સાંકળી લઈને સ્વાસ્થ્ય સભાનતા માટેની પ્રવૃત્તિઓનો સમાવેશ કરેલ છે.

## ૯.૬ સામાજિક કૌશલ્યો ક્ષમતા–વિકાસ માટેનો કાર્યક્રમ

સામાજિક કાર્યક્રમો હેઠળ નિશ્ચિત કરેલ કાર્યક્રમો પૈકીનો સામાજિક કૌશલ્યો ક્ષમતા–વિકાસ માટેનો કાર્યક્રમ એટલે શાળાના વિદ્યાર્થીઓ માટે સામાજિક કૌશલ્યો અંગેની પ્રવૃત્તિઓ કરાવવી. જેમાં સામાજિક કૌશલ્યો જેવા કે, રોજબરોજની બનતી ઘટનાઓ, વ્યવહારુ ઉકેલો, કેટલીક વ્યવહારુ પ્રક્રિયાઓ – બેકિંગ, ટપાલ, ઈન્ટરવ્યુ, આકસ્મિક સંજોગોમાં ઉભા થતાં પ્રશ્નો પરત્વે દાખવવા માટેની સૂઝ, સમજ વગેરેનો સમાવેશ કરવામાં આવેલ છે. તે દ્વારા વિદ્યાર્થીઓમાં રહેલી સામાજિક કૌશલ્યો ક્ષમતા – વિકાસમાં વધારો થાય. આ બાબતો માટે કરવામાં આવતી વિવિધ પ્રવૃત્તિઓને સામાજિક કૌશલ્યો ક્ષમતા–વિકાસ કાર્યક્રમ તરીકે સ્વીકારેલ છે.

## ૯.૭ વહેમ – અંધશ્રધ્ધા નાબૂદી માટેનો કાર્યક્રમ

સામાજિક કાર્યક્રમો પૈકી ગ્રામજનો માટેનો વહેમ–અંધશ્રધ્ધા નાબૂદી માટેનો કાર્યક્રમ એટલે કે જેમાં ગ્રામજનોનાં માનસમાં પ્રવર્તી રહેલ વહેમ–અંધશ્રધ્ધાઓ, માન્યતાઓ, ચમત્કારો વગેરે પ્રત્યે તેઓ શું માને છે. અને તેઓ તે સમયે કેવી રીતે વર્તે છે. તે જાણવાનો અને ત્યાર બાદ તેમને આ અંગેની સાચી સમજણ આપવા માટે પ્રયોજકે યોજેલી વિવિધ પ્રવૃત્તિઓને સમાવિષ્ટ કરતો કાર્યક્રમ એટલે વહેમ–અંધશ્રધ્ધા નાબૂદી માટેનો કાર્યક્રમ.

## ૯.૮ વ્યસન મુકિત માટેનો કાર્યક્રમ

સામાજિક કાર્યક્રમો પૈકી ગ્રામજનો માટેનો વ્યસન મુકિત માટેનો કાર્યક્રમ. જેમાં ગ્રામજનોને વ્યસનથી થતાં ગેરફાયદાઓ, ગંભીર બિમારીઓ, આર્થિક નુકસાન, પાયમાલી વગેરે બાબતો સમજાવવા માટેની વિવિધ પ્રવૃત્તિઓ યોજવા અંગેનો કાર્યક્રમ. વ્યસનમાંથી મુકિત મેળવવા માટે શારીરિક – માનસિક – આધ્યાત્મિક રીતે શું શું યોજી શકાય. તેની વિસ્તૃત છણાવટ કરી. સમજણ આપતી વિવિધ પ્રવૃતિઓ એટલે વ્યસન મુકિત માટેનો કાર્યક્રમ.

## ૯.૯ ગ્રામજનો

પ્રયોજકે પ્રાયોગિક કાર્ય માટે યોજેલ સામાજિક કાર્યક્રમ માટે જે શાળા – ગામ પસંદ કરેલ છે. તે વઢવાણ તાલુકાનાં ગુંદિયાળા ગામની શાળાની આસપાસનાં વિસ્તારમાં રહેતા લોકો. જેમાં શાળાનાં કેટલાંક શિક્ષિત વાલીઓ અને વધુ પ્રમાણમાં ગામમાં રહેતા નિરક્ષર, અશિક્ષિત પ્રજાજનોનો સમાવેશ કરેલ છે. જેની વય મર્યાદા ૧૮ થી ૭૩ વર્ષના ભાઈઓ અને બહેનો, યુવાનો અને યુવતીઓ બધા જ પ્રકારનાં લોકોને ગ્રામજનો તરીકે ગણેલ છે.

## ૯.૧૦ વિદ્યાર્થીઓ

પ્રયોજકે પ્રાયોગિક કાર્યક્રમ માટે પસંદ કરેલ શાળા–શ્રીમતી એસ.આર.ગાર્ડી વિદ્યાલય–ગુંદિયાળા ગામની માધ્યમિક શાળાનાં વિદ્યાર્થીઓ. જેમાં ધો. ૮,૯,૧૦ નાં વિદ્યાર્થીઓ માટે પ્રવૃત્તિઓ યોજી હતી. પ્રયોગના નમૂના માટે ધો. ૯ માં અભ્યાસ કરતાં ૫૦ વિદ્યાર્થીઓની ગણના કરેલ છે.

## ૧૦.૦ અભ્યાસની અગત્ય

પ્રયોજક સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલ શૈક્ષણિક સંસ્થાઓનાં સંચાલન કામનાં કાર્યક્ષેત્ર સાથે સંકળાયેલ છે. સંસ્થા સંચાલન સાથે સાથે જિલ્લાની શહેરી તેમજ ગ્રામ્ય સામાજિક પ્રવૃત્તિઓમાં રસ ધરાવે છે. શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા શિક્ષણની સાથે વિદ્યાર્થીઓમાં અને તેમના દ્વારા સમાજ માટે ઉપયોગી નીવડે તેવી પ્રવૃત્તિઓ હાથ ધરાતી હોય છે. આ પ્રવૃતિઓ નીચે પ્રમાણે ઉપયોગી નીવડી શકે તેમ છે.

**૧૦.૧** આ પ્રવૃત્તિઓ દ્વારા શાળાનાં વિદ્યાર્થીઓમાં દેશપ્રેમ, સર્વધર્મ સમભાવ, પ્રેમ, દયા, કરૂણા, માનવતાં, ભાઈચારો, પરસ્પર સ્નેહ અને સહયોગની ભાવના મજબૂત બને છે. જે સ્વસ્થ સમાજજીવન માટે અત્યંત જરૂરી છે.

**૧૦.૨** વિદ્યાર્થીઓ તેમજ તેમના કુટુંબમાં આસપાસનાં લોકોમાં, શેરીમાં કે મહોલ્લામાં કે તેના થકી સમગ્ર સમાજમાં સમૂહ જીવનનાં આચાર–વિચાર શીખી શકે છે. ઊંચ–નીચ, છૂત–અછૂત તેમજ કેટલીક માન્યતાઓ, રૂઢિઓ વગેરે જેવી સામાજિક બૂરાઈઓથી દૂર રહેવાનું શીખી શકે છે.

**૧૦.૩** સામાજિક પ્રવૃત્તિઓથી કેટલીક સમાજ જીવનની વ્યવહારિક સૂઝ, કુશળતા શીખી શકે છે.

**૧૦.૪** કેટલીક વિશિષ્ટ પ્રકારની પ્રવૃત્તિઓ દ્વારા જીવનમાં આવી પડતી અચાનક કુદરતી કે સામાજિક સમસ્યાનો શાંતિથી વિચારપૂર્ણ, વૈજ્ઞાનિક અભિગમ સાથે ઉકેલ લાવી શકે છે.

**૧૦.૫** સામાજિક રીતે ઉપયોગી થવા માટે શૈક્ષણિક સંસ્થાને આ એક પ્રકારનો કાર્યક્રમ મળશે.

ઉપરોકત પ્રવૃત્તિઓની ઉપયોગિતાને સંદર્ભે પ્રયોજકે પ્રાયોગિક સંશોધન કાર્ય દ્વારા કાર્યક્રમો યોજી તેના અમલીકરણ અને અસરકારકતા ચકાસવા માટે વ્યવસ્થિત કાર્યક્રમની સંરચના કરેલ છે. સુગ્રથિત સમાજનાં નિર્માણ માટેની જરૂરી કઈ કઈ પ્રવૃત્તિઓ યોજે છે. અને હજુ વધુ કઈ યોજી શકે તેમ છે. અને તેનું અમલીકરણ કઈ કઈ પ્રવૃત્તિઓ દ્વારા થઈ શકે તેમજ તેની અસરકારકતા કેવી મળે છે. તે જાણવા માટે અભ્યાસની અગત્ય છે.

## ૧૧.૦ અભ્યાસનો વ્યાપ

પ્રસ્તુત અભ્યાસનાં વ્યાપવિશ્વમાં સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલી ઔપચારિક શિક્ષણ આપતી વિવિધ પ્રકારની શૈક્ષણિક સંસ્થાઓનો સમાવેશ કરેલ છે. સહેતુક નમૂના પસંદગી પદ્ધતિથી પસંદિત થયેલ સંસ્થાઓને નમૂના તરીકે લીધેલ છે.

## ૧૨.૦ અભ્યાસની મર્યાદાઓ

પ્રસ્તુત સંશોધનમાં પ્રયોજકે અત્યંત કાળજી લીધી છે. છતાં કેટલીક ક્ષતિઓ કે અધૂરપ રહી જવા પામી છે.

૧૨.૧ પ્રસ્તુત અભ્યાસ સમગ્રપણે સમાજલક્ષી હોઈ કાર્યક્રમની સંરચના અને તેના અમલીકરણ બાબતનાં પ્રાયોગિક કાર્યમાં કોઈ નિશ્ચિત જૂથને દરેક પ્રવૃત્તિઓમાં સમાવિષ્ટ કરી શકેલ નથી. વિવિધ પ્રવૃત્તિઓનાં પ્રયોગાત્મક કાર્યક્રમ સમયે અલગ અલગ વ્યકિત લાભકર્તા રહી છે.

૧૨.૨ સામાજિક પ્રવૃત્તિઓ માટે સમાજનાં બધા પ્રકારનાં શિક્ષિત અશિક્ષિત વર્ગનાં હોઈ મૂલ્યાંકન માટે લેખિત કસોટીઓની સંરચના શકય બની નથી. જેનાં કારણે મુકત મંતવ્યો કે અભિપ્રાય દ્વારા મૂલ્યાંકન કર્યુ છે.

૧૨.૩ આવા પાત્રો માટે રચાયેલા કાર્યક્રમો અસરકારકતા તપાસવા માટે પ્રાયોગિક સંશોધનની જરૂરિયાત મુજબ કેટલીક માત્રામાં અંકુશો લાવવા જોઈએ. પરંતુ પ્રયોગપાત્ર તરીકે ગ્રામજનો હોવાથી સંપૂર્ણ માત્રામાં અંકુશ લાવવાનું શકય બન્યુ નહોતું.

૧૨.૪ પ્રાયોગિક સંશોધનનાં મુખ્ય ઘટકો બાહ્યચલો ઉપર અંકુશ સ્વતંત્ર ચલનાં સંદર્ભમાં કાર્યક્રમનો અમલ અને સ્વતંત્ર ચલની અસરકારકતા તપાસવા માટે પરતંત્ર ચલનું માપન, આ ત્રણ ઘટકો મુખ્ય હોય છે. પ્રસ્તુત સંશોધનમાં પ્રયોગપાત્ર તરીકે ગ્રામજનો હોવાથી ત્રણેય ઘટકોનો અમલ ચુસ્તપણે થઈ શકયો નથી.

## ૧૩.૦ અભ્યાસની કાર્યરૂપરેખા

પ્રસ્તુત અભ્યાસમાં પ્રયોજકે અભ્યાસનાં હેતુ અનુસાર નીચે મુજબનું આયોજનપૂર્વકનું કાર્ય કરેલ હતુ. આ માટેનાં કાર્યસોપાનો નીચે મુજબનાં હતા.

૧૩.૧ સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલી વિવિધ શૈક્ષણિક સંસ્થાઓની યાદી સુરેન્દ્રનગર જિલ્લા શિક્ષણાધિકારી કચેરીમાંથી મેળવેલ હતી. કોલેજોની યાદી સરકારી કોલેજનાં આચાર્ય પાસેથી મેળવેલ હતી.

૧૩.૨ સુરેન્દ્રનગર શહેર અને તાલુકા મથકે તેમજ ગ્રામ્ય સ્તરે આવેલી કુલ ૧૭૪ શાળાંથી ૧૦૦ શાળાઓને સામાજિક પ્રવૃત્તિઓનાં સંદર્ભે વિગતો મેળવવા, રચેલી પ્રશ્નાવલિ મોકલેલ હતી. જે કેટલીક સ્થાનિક શાળાઓમાં / કોલેજોમાં રૂબરૂ તેમજ પોસ્ટ દ્વારા મોકલવામાં આવી હતી. દરેક શાળા / કોલેજનાં આચાર્યશ્રીને પત્ર લખી આ બાબતની જાણ કરી, સહકાર આપવા વિનંતી કરેલ હતી. જેમાંથી ૬૭ શાળાઓ અને છ કોલેજોએ એટલે કે કુલ ૭૨ શાળા / કોલેજનાં આચાર્યશ્રીઓએ પ્રશ્નાવલિ ભરીને પરત મોકલેલ હતી. જે મેળવવા માટે એક માસ જેટલો સમય લાગેલ હતો.

૧૩.૩ ઉપરોકત પ્રશ્નાવલિની રચના કરતા પૂર્વે સ્થાનિક શાળાઓ કે જયાં પ્રયોજક જાણતા હતાં કે, તેઓ વિવિધ પ્રવૃત્તિઓ કરાવે છે, તેમની પાસેથી આ સામાજિક પ્રવૃત્તિઓની માહિતી મંગાવેલ. તેના આધારે તેમજ કેટલાંક અભ્યાસકીય પુસ્તકોનાં વાંચનને આધારે તેમજ સ્થાનિક જરૂરિયાત સંબંધી સામાજિક કાર્યો સંબંધિત વિગતો એકઠી કરી, પ્રશ્નાવલિની રચના કરેલ હતી. જે માટે નિષ્ણાંતો, તજજ્ઞો, કેળવણીકારો, સામાજિક કાર્યકરનો સહકાર લીધો હતો.

૧૩.૪ આચાર્યશ્રીઓ દ્વારા ભરાઈને મેળવેલ પ્રશ્નાવલિનાં વિભાગ – ૧૨ હેઠળની પ્રવૃત્તિઓનું વર્ગીકરણ અંકશાસ્ત્રીય મુજબ તારવણી કરી હતી. સુરેન્દ્રનગર જિલ્લાનાં શહેરી વિસ્તાર તેમજ ગ્રામ્ય વિસ્તારનાં કેટલાંક પસંદગીનાં આચાર્યશ્રીઓ, કેળવણીકારો, તજજ્ઞશ્રીઓની એક મીટીગનું આયોજન કર્યુ હતુ. ઉપરોકત તારણનું તેઓ સમક્ષ વિવરણ કરવામાં આવ્યુ હતું. જેમાથી તેઓના વિચારો, મંતવ્યો મેળવી શૈક્ષણિક સંસ્થાઓ હજુ વધુ કઈ પ્રવૃત્તિઓ કરી શકે તેમ છે. અને પ્રશ્નાવલિમાં પ્રવૃત્તિ મુજબનાં વિભાગ–૧૨ માંથી વધુ મહત્ત્વની સામાજિક દષ્ટિએ કઈ પ્રવૃત્તિઓ જરૂરી લાગે છે. તેમજ શાળાઓ સરળતાથી યોજી શકે તેમ છે તેની તારવણી કરી હતી.

૧૩.૫ વિભાગ–૧૨ મુજબનાં કાર્યક્રમોમાંથી ચાર પ્રયોગો જરૂરિયાતના સંદર્ભમાં તારવવામાં આવ્યા હતા. જે નીચે મુજબના હતા.

(૧) સ્વાસ્થ્ય સભાનતા

(૨) સામાજિક કૌશલ્ય ક્ષમતા–વિકાસ

(૩) વહેમ–અંધશ્રધ્ધા નાબૂદી

(૪) વ્યસનમુકિત

૧૩.૬ આ ચાર પ્રયોગો માટે કયા કયા પ્રકારનાં કાર્યક્રમો યોજી શકાય તેના મંતવ્યો શાળાનાં આચાર્યશ્રીઓ, નિષ્ણાંતો પાસેથી પત્ર દ્વારા મેળવવામાં આવ્યા હતા.

૧૩.૭ આ પ્રકારનાં કાર્યક્રમો માટે આયોજનબધ્ધ પ્રવૃત્તિઓ પત્રથી પ્રાપ્ત થતાં, તેનાં આધારે પ્રાથમિક રૂપે સામાજિક કાર્યક્રમની સંરચના કરવામાં આવી હતી.

૧૩.૮ આ પ્રાથમિક રૂપ નાં પ્રાયોગિક કાર્યક્રમની રૂપરેખા બીજા કેટલાંક વિષય નિષ્ણાંત – તજજ્ઞશ્રીઓને તપાસવા મંતવ્યો જાણવા મોકલી હતી. અને કેટલાંક જરૂરી સૂચનો મેળવવામાં આવ્યા હતાં.

૧૩.૯ જેનાં આધારે અમલીકરણ માટેનું માળખુ રચી દ્વિતીય સ્વરૂપની રચના કરવામાં આવી હતી.

૧૩.૧૦ દ્વિતીય સ્વરૂપની રચના તૈયાર કરી તેના અમલીકરણ માટે જે શાળા પસંદ કરેલ હતી, તેનાં આચાર્યશ્રી અને સ્થાનિક આગેવાનોનો સંપર્ક કરી, આવા પ્રાયોગિક કાર્યક્રમના અમલીકરણ માટેના સહકાર અને મંજૂરી મેળવેલ હતી.

૧૩.૧૧ આ પ્રયોગનાં અમલીકરણ માટે વિવિધ પ્રવૃત્તિઓ હેઠળ યોજવા માટેનાં કાર્યક્રમ માટેનાં નિષ્ણાંતો અને તજજ્ઞોનો પરિચય મેળવ્યો હતો. તેઓશ્રીનો રૂબરૂ તેમજ ફોનથી સંપર્ક કરી, પ્રસ્તુત અભ્યાસ અંગેની સમજ આપી, પ્રાયોગિક કાર્ય માટે કેવા પ્રકારનાં સહકારની જરૂરત છે. તેની જાણ કરેલ હતી. અને સહકાર મેળવવા પત્ર લખેલ હતા.

૧૩.૧૨ દ્વિતીય સ્વરૂપનાં કાર્યક્રમની સંરચના આયોજનપૂર્વક તબકકાવાર ગોઠવાઈ જતાં તેનું અમલીકરણ વઢવાણ તાલુકાના ફુલગ્રામની ઉત્તરબુનિયાદી શાળામાં કરવામાં આવ્યું હતું.

૧૩.૧૩ આ ચાર કાર્યક્રમો હેઠળ વિવિધ પ્રવૃતિઓ યોજતા પૂર્વે અને યોજાઈ ગયા બાદ લોકોનાં તેમજ વિદ્યાર્થીઓનાં મુકત મંતવ્યો લેવામાં આવ્યા હતાં. જે દ્વારા તે કાર્યક્રમની અસરકારકતા જાણવા મળેલ હતી.

૧૩.૧૪ આ દ્વિતીય સ્વરૂપની અજમાયશ દ્વારા પડેલ મુશ્કેલીઓ, વિકટ પરિસ્થિતિ, આયોજનની ખામી, પર્યાવરણ વગેરેને ધ્યાનમાં લઈ, એ પરિસ્થિતિ દૂર કરવા, શું શું થઈ શકે અને તેનાં અમલીકરણ બાદ અસરકારકતા માપવા માટે ચોકકસ પ્રકારનાં કયા કયા ઉપકરણો રચી શકાય તે માટે વિશેષ અભ્યાસ અને તજજ્ઞશ્રીઓનું માર્ગદર્શન મેળવવામાં આવ્યુ હતુ.

૧૩.૧૫ કાર્યક્રમનાં અંતિમ સ્વરૂપની રચના કરવામાં આવી હતી.

૧૩.૧૬ કાર્યક્રમનાં અંતિમ સ્વરૂપની રચનામાં ચાર કાર્યક્રમો જે કરવાનાં હતાં. તે પૈકી પ્રથમ બે કાર્યક્રમ – સ્વાસ્થ્ય સભાનતા અને સામાજિક કૌશલ્યો ક્ષમતા–વિકાસ શાળાનાં વિદ્યાર્થીઓ માટે કરવાનું નકકી કરવામાં આવ્યું હતું. જયારે અંતિમ બે કાર્યક્રમો–વહેમ–અંધશ્રધ્ધા નાબૂદી અને વ્યસનમુકિતનાં કાર્યક્રમ ગ્રામજનો માટે કરવાનું નકકી કરવામાં આવ્યુ હતુ.

૧૩.૧૭ આ ક્રાર્યક્રમોનાં અમલીકરણ માટે વિવિધ ક્ષેત્રનાં તજજ્ઞશ્રીઓને નિમંત્રિત કરવામાં આવ્યા હતા. અને તારીખ–સમય વગેરે ફાળવવામાં આવેલ હતાં.

૧૩.૧૮ આ અંતિમ સ્વરૂપનાં કાર્યક્રમનો અમલ વઢવાણ તાલુકાનાં ગુંદિયાળા ગામની માધ્યમિક શાળા શ્રીમતી એસ. આર. ગાર્ડી વિદ્યાલયમાં કરવામાં આવ્યો હતો.

૧૩.૧૯ સંશોધકે અગાઉથી તે ગામમાં જઈ, આચાર્યશ્રી અને આગેવાન ગ્રામ્ય કાર્યકરોનો સંપર્ક કરી, ગ્રામજનોનો તેમજ શાળાનો સમય, તારીખ વગેરે નકકી કરી આવેલ હતા. અને કાર્યક્રમો હેઠળની પ્રવૃત્તિઓ વિશે તેઓને સમજ આપી, સહકાર મેળવવા વિનંતી કરી હતી.

૧૩.૨૦ આયોજનપૂર્વકનાં કાર્યક્રમ અનુસાર કાર્યક્રમનું અમલીકરણ કરવામાં આવ્યુ હતુ. જે આઠ દિવસ માટે ચાલેલ હતો. વિવિધ પ્રવૃતિઓના ફોટોગ્રાફસ, લેવામાં આવ્યા હતા.

૧૩.૨૧ વિદ્યાર્થીઓ માટેનાં કાર્યક્રમો હેઠળની પ્રવૃત્તિઓમાં શાળાનાં વિદ્યાર્થીઓ, શિક્ષકો, આચાર્યશ્રીનો સહકાર મેળવેલ હતો. અને તેનું અમલીકરણ કરી અસરકારકતા તપાસવા માટે ધો. ૯ નાં ૫૦ વિદ્યાર્થીઓ પસંદ કરેલ હતાં. પ્રાયોગિક સંશોધન યોજના મુજબ એક જૂથ પૂર્વ કસોટી ઉત્તર કસોટી પ્રાયોગિક યોજના પૃથકકરણ પ્રયુકિત ટી–કસોટી દ્વારા મૂલ્યાંકન કરવામાં આવેલ હતુ. ઉપકરણ તરીકે બંને માટે કસોટીની રચના કરવામાં આવી હતી.

૧૩.૨૨ ગ્રામજનો માટેનાં બે કાર્યક્રમો હેઠળની પ્રવૃત્તિઓમાં ગુંદિયાળા ગામનાં ગ્રામજનો કે જેઓ આશિક્ષિત હતા તો શાળાનાં કેટલાંક વિદ્યાર્થીઓનાં વાલીઓ શિક્ષિત કે અશિક્ષિત બંને પ્રકારના હતા. ભાઈઓ – બહેનો બંને વય ૧૮ વર્ષથી ૭૩ સુધીના હતા. કોઈ નિશ્ચિત જૂથ, નિશ્ચિત પ્રવૃતિ માટે હતુ નહિ. આથી પ્રશ્નો – મુલાકાત અનુસૂચિ તૈયાર કરવામાં આવી હતી. પ્રયોગ પૂર્વે અને પ્રયોગ બાદ ગ્રામજનો પાસેથી પ્રવૃત્તિનાં સંદર્ભે પ્રશ્નો પૂછી મુકત મંતવ્યો મેળવવામાં આવ્યા હતાં.

૧૩.૨૩ આ મુકત પ્રશ્નો અને મુકત જવાબોની નોંધ કરવામાં આવી હતી. તે સમયે તેમનું ઓડિયો રેકોર્ડીગ કરવામાં આવ્યું હતું.

૧૩.૨૪ ઉપરોકત મુકત મંતવ્યો અને ઉત્તરો દ્વારા ગુણાત્મક રીતે તેનું મૂલ્યાંકન કરી અર્થઘટન કરવામાં આવ્યુ હતુ. જેમાં સંખ્યાત્મક માહિતી પ્રાપ્ત કરવી મુશ્કેલ હતી. જેથી, વર્ણનાત્મક જવાબોનાં આધારે કાર્યક્રમની અસરકારકતા તપાસવામાં આવી હતી. અને તારણો મેળવેલ હતા.

૧૩.૨૫ સર્વેક્ષણાત્મક તેમજ પ્રાયોગિક કાર્ય પૂર્વે તેમજ દરમ્યાન, જરૂરી સંદર્ભ સાહિત્યનો સંશોધકે ઉપયોગ કરી માહિતી–માર્ગદર્શન મેળવેલ હતુ.

૧૩.૨૬ પરિણામો મેળવ્યા બાદ અહેવાલ લેખનનું કાર્ય શરૂ કરેલ હતું.

## ૧૪ અહેવાલનાં હવે પછીનાં પ્રકરણોનું આયોજન

પ્રસ્તુત અભ્યાસનાં હવે પછીના પ્રકરણોમાં સમાવિષ્ટ વિગતો નીચે પ્રમાણે છે.

બીજા પ્રકરણથી પાંચમાં પ્રકરણ સુધીનું આયોજન આ પ્રમાણે કરેલ છે.

બીજા પ્રકરણમાં સંબંધિત સાહિત્યની તાત્ત્વિક સમીક્ષા કરી છે. પૂર્વે થયેલા સંબંધિત સંશોધનની ચર્ચા કરવામાં આવી છે. ઉપરાંત પ્રસ્તુત અભ્યાસ પૂર્વે થયેલ અભ્યાસો કરતા કઈ રીતે અલગ પડે છે. તેની ચર્ચા કરી છે.

ત્રીજા પ્રકરણમાં સંશોધન યોજના અને તેના આધારો વિશે છે. જેમાં અભ્યાસમાં પસંદ કરેલ વ્યાપવિશ્વ, નમૂનો, સંશોધન પદ્ધતિ, માહિતી એકત્રીકરણ માટેનાં ઉપકરણની રચના, કાર્યક્રમોની સંરચના, પ્રયોગકાર્યનો અમલ અને પૃથકકરણ પદ્ધતિનો સમાવેશ કરેલ છે.

ચોથા પ્રકરણમાં મળેલ માહિતીનું યોગ્ય અંકશાસ્ત્રીય પ્રયુકિત વડે પૃથકકરણ કરી અર્થઘટનો વિશે વિગત આપી છે.

અંતિમ પ્રકરણમાં સારાંશ, પ્રાપ્ત તારણો, ફલિતાર્થો તથા ભાવિ સંશોધન માટેની ભલામણો રજૂ કરી છે.

# પ્રકરણ : ૨

# સંબંધિત સાહિત્યની સમીક્ષા

૧.૦ પ્રાસ્તાવિક

૨.૦ શૈક્ષણિક સંસ્થાઓ અને સામાજિક કાર્યો

૩.૦ પૂર્વે થયેલાં સંબંધિત સંશોધનોનાં સારાંશ

૪.૦ સંબંધિત સંશોધનોની સમીક્ષા

૫.૦ પ્રસ્તુત સંશોધનની વિશેષતા

# પ્રકરણ : ૨
# સંબંધિત સાહિત્યની સમીક્ષા

## ૧.૦ પ્રાસ્તાવિક

પ્રયોજકે સંશોધન કાર્ય સંબંધિત સાહિત્યનું વાંચન અને તેનો સમીક્ષાત્મક અભ્યાસ કરવો જોઈએ. પૂર્વે થયેલાં સંશોધનોનાં અભ્યાસથી કયાં પ્રકારનાં કેટલાં સંશોધનો થયા છે. આ સંશોધનોમાં તેનું વ્યાપવિશ્વ, નમૂના પસંદગી, ઉપયોગમાં લીધેલ ચલ, ઉપકરણો, માહિતીનું એકત્રીકરણ, પૃથકકરણ અને અર્થઘટન, સંશોધનોની લાક્ષણિકતાઓ, પરિણામો અને તારણો અંગેની ઉપયોગી માહિતી પ્રયોજકને મળી રહે છે. સંબંધિત સાહિત્યમાં સામાન્ય રીતે સમસ્યાને સંબંધિત વિષયવસ્તુની વિગત અને તે જ પ્રકારનાં પૂર્વે થયેલાં સંશોધનોનાં તારણો પરથી કયા ક્ષેત્રમાં, કયા ચલો પર કાર્ય થઈ શકે તેમ છે તેનો ખ્યાલ આવે છે. પૂર્વે થયેલાં સંશોધનોનાં તારણો પરથી કઈ કઈ બાબતો ખૂટે છે. તેને દૂર કરવાનાં હેતુથી કયાં વિષયો પર સંશોધનકાર્ય હાથ ધરી શકાય તેમ છે તે જાણી શકાય છે.

પૂર્વ થયેલાં સંશોધનોનો અભ્યાસ વર્તમાન અને ભવિષ્ય માટે એક દષ્ટિ આપે છે. "આવા અભ્યાસોની વિશિષ્ટતાઓની અને મર્યાદાઓનું જ્ઞાન સાપ્રંત અભ્યાસને અગત્યની દિશા સૂચવી શકે છે. આમ, સંશોધકને વૈજ્ઞાનિક દષ્ટિ આપી પ્રયોગશીલ બનાવે છે. સાહિત્યની સમીક્ષા સમસ્યા પસંદગી અને તેના વિકાસ માટે અત્યંત જરૂરી છે." [૧]

પ્રસ્તુત પ્રકરણમાં સંબંધિત સાહિત્યની સૈદ્ધાંતિક તેમજ સંશોધનાત્મક સમીક્ષાની રજૂઆત કરવામાં આવી છે.

## ૨.૦ શૈક્ષણિક સંસ્થાઓ અને સામાજિક કાર્યો

પ્રયોજકે સંશોધન હાથ ધરતાં પહેલાં વિવિધ સંદર્ભ પુસ્તકોનો અભ્યાસ કર્યો હતો.

પ્રયોજક સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલ શૈક્ષણિક સંકુલનાં કાર્યક્ષેત્ર સાથે સંકળાયેલા છે. સંસ્થા સંચાલન સાથે જિલ્લાની ગ્રામ્ય–શહેરી સામાજિક પ્રવૃત્તિઓમાં રસ ધરાવે છે. વિવિધ શૈક્ષણિક વિભાગો સંલગ્ન છાત્રાલયો છે. છાત્રાલયોમાં રહેતાં વિદ્યાર્થીઓ તેમજ તેમનાં વાલીઓનાં કે જે ચોકકસ સમાજનું પ્રતિનિધિત્વ ધરાવે છે. તેમનાં સંપર્કમાં અવારનવાર આવવાનું થાય છે.

એક સુગ્રથિત સમાજનાં નિર્માણ માટે સામાજિક ચારિત્ર્ય ખૂબ જ મહત્ત્વનું છે. આથી પ્રયોજકે આ અભ્યાસ દ્વારા શૈક્ષણિક સંસ્થાઓ કેવી પ્રવૃત્તિઓ પ્રયોજી શકે અને સામાજિક વિકાસનાં સંદર્ભે શું કરે છે ? શું શું કરી શકે ? તેનો અભ્યાસ કરવા વિચારેલ. તેમજ સમાજને ઉપયોગી થઈ શકે તેવી પ્રવૃત્તિઓ સમાવતાં સામાજિક કાર્યક્રમની સંરચના કરી તેનાં અમલીકરણ દ્વારા અસરકારકતા ચકાસવા પ્રસ્તુત વિષયને આવરી સંશોધન કરેલ છે.

પ્રયોજકે વિષયવસ્તુને વિગતે સમજવા માટે તેમજ રજૂ કરવા માટે ગ્રંથાલય કાર્ય કરેલ હતુ. આ કાર્યમાં વિષયને અનુરૂપ સામાયિકો, સંશોધન અહેવાલો, શોધ નિબંધો, મહાનિબંધો અને NCERT દ્વારા પ્રકાશિત થયેલ એમ.બી. બુચનાં સંશોધન સર્વેક્ષણોનો તેમજ અન્ય ઉપલબ્ધ સાહિત્યનો પ્રયોજકે અભ્યાસ કર્યો હતો. તેનાં પરિણામરૂપે શૈક્ષણિક સંસ્થાઓ અને તેના દ્વારા હાથ ધરાતાં સામાજિક કાર્યો અંગે એક નોંધ અત્રે રજૂ કરી છે.

૨.૧ શિક્ષણ હંમેશા સામાજિકીકરણનો ઉમદા વ્યાયામ હતો અને રહેશે. શિક્ષણ વ્યવસ્થા માનવીય મૂડીનાં સાધનો છે તેમજ સાંસ્કૃતિક અને સામાજિક મૂડી પણ છે. શિક્ષણનાં જે સિદ્ધાંત છે. અથવા જાહેર હિતની નજીકમાં નજીક શિક્ષણ જે રીતે આવે છે. તે જોતાં શાળાની વ્યાખ્યા સામાજિક સંસ્થા તરીકે થવી જોઈએ. હાનાહ આર્નેલ્ડ[૨] નાં મતાનુસાર સામાજિકીકરણ માટે શાળા જ સ્થાન અને પર્યાવરણ પૂરા પાડે છે. આ શૈક્ષણિક સંસ્થા ભલે ખાનગી હોય, સહકારી હોય કે સરકારી હોય, તો પણ સામાજિક ક્ષેત્રનાં કાર્ય માટે જરૂરી છે.

---

[૧] હરિભાઈ જી. દેસાઈ અને કે. જી. દેસાઈ, સંશોધન પધ્ધતિઓ, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગૂજરાત રાજય, ૧૯૮૫, પૃ.૩૦૫–૬

[૨] ડૉ. હરિભાઈ એસ. પટેલ, "એકવીસમી સદીની શાળાની સામાજિક ભૂમિકાનાં સામાજિકીકરણની એક ઝલક"–લેખ સામાયિક : માધ્યમિક શિક્ષણ અને પરિક્ષણ, નવેમ્બર ૨૦૦૩

શિક્ષણ અને સામાજિકીરણ આજીવન એકબીજાનાં હાથમાં હાથ મિલાવીને ચાલતા રહે છે.

પ્રવર્તમાન સમયમાં ગુજરાતમાં શિક્ષણક્ષેત્રે "શિક્ષણ ગુણવત્તા સુધારણા" નો અસરકારક રીતે પ્રયોગ ચાલી રહ્યો છે. શાળામાં ગુણવત્તા એટલે માત્ર શૈક્ષણિક કે વહિવટીય દષ્ટિએ ઉત્તમ નહિં, પરંતુ વ્યાપકરૂપે વિકાસાત્મક અભિગમ. શૈક્ષણિક સંસ્થાઓને વૈવિધ્યસભર પ્રવૃત્તિઓ કરાવનાર, બાળકનાં પ્રશ્નો સમજનાર વાલીનાં પ્રશ્નો સમજનાર તેમજ અન્ય પ્રશ્નો સંબંધિત પ્રયોગ કરનાર સંસ્થા તરીકે મૂલવેલ છે[૩]

આ વૈવિધ્યસભર પ્રવૃત્તિઓમાં પ્રાર્થના સંમેલન, રમતોત્સવો, યુવક મહોત્સવો, વિજ્ઞાનમેળાઓ, પ્રવાસ–પર્યટનો, રાષ્ટ્રીય પર્વની ઉજવણી, મહાન વિભૂતિઓની જન્મજયંતી–પુણ્યતિથિઓની ઉજવણી, પ્રેરણાદાયી – પ્રવચનો, વાર્તાલાપો, વાલી સંમેલન, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, પુસ્તકવાંચન શિબિરો, હસ્તલિખિત અંકો, મુખપત્રો, ભીતપત્રો, શ્રમયજ્ઞ, વૃક્ષારોપણ, ચર્ચાસભાઓ, એન. સી. સી., એન.એસ.એસ. સ્કાઉટ–શિબિરો, સંવાદ કે ઈન્ટરવ્યૂ, સ્વાસ્થ્ય સંબંધી પ્રવૃત્તિઓ, સ્વચ્છતા અંગે પ્રોજેકટો, પ્રૌઢશિક્ષણ, સાક્ષરતા, બાલવિકાસ પ્રવૃત્તિઓ, આર્થિક રોજગારલક્ષી તાલીમો–સમજ, વ્યસનમુકિત, અંધશ્રધ્ધા–વહેમ નાબૂદી, કુદરતી આપત્તિઓ સામે રક્ષણ મેળવવા માટેની માહિતી, પ્રદર્શન, નિદર્શન, વ્યકિત વિકાસ સંબંધી પ્રવૃત્તિઓ, લોકશિક્ષણ વગેરેનો સમાવેશ કરવામાં આવે છે.

નેશનલ કાઉન્સિલ ઓફ રૂરલ ઈન્સ્ટિટયુટ્સ –નવી દિલ્હી તરફથી "ગુજરાતની નઈ તાલીમ સંસ્થાઓની વર્તમાન પરિસ્થિતિનો અભ્યાસ" ઉપર પ્રોજેકટ થયો હતો.[૪] આ પ્રોજેકટ ગુજરાત વિદ્યાપીઠ નઈ તાલીમ સંઘે હાથ ધર્યો હતો. આપ્રોજેકટ હેઠળ પચીસ સંસ્થાઓની પરિચયમાળા – પુસ્તિકારૂપે પ્રકાશિત કરવામાં આવેલ. જેનું નવી દિલ્હી–તરફથી વિવિધ ભાષાઓમાં ભાષાંતર પણ થયેલ છે. આ પરિચય પુસ્તિકાઓનાં અભ્યાસ દ્વારા વિવિધ સંસ્થાઓ કેવી કેવી સામાજિક પ્રવૃત્તિઓ હાથ ધરે છે. તે અંગેની માહિતી મળી હતી.

નઈ તાલીમ દ્વારા અપાયેલ શિક્ષણ ગુજરાતનાં પછાત, આદિવાસી અને છેવાડે આવેલા તદ્દન અવિકસિત વિસ્તારોમાં જ્ઞાનનાં અસંખ્ય દીવડા પ્રગટાવીને એ વિસ્તારની પ્રજામાં જાગૃતિની નવી ચેતના જગાડી છે. વિકાસની કેડીએ તેમને કૂચકદમ કરતા કર્યા છે. તથા વિવિધ રચનાત્મક પ્રવૃત્તિઓ દ્વારા તેમનામાં નવજીવન પ્રગટાવ્યુ છે.

આમ, શિક્ષણ સંસ્થાઓ શિક્ષણની સાથે કઈ કઈ સામાજિક પ્રવૃત્તિઓ કરી શકે છે. અને સમાજને ઉપયોગી થઈ શકે તેવી પ્રવૃત્તિઓ સમાવતા સામાજિક કાર્યક્રમો યોજે છે. તેની વિવિધ પ્રવિધિઓ જાણવા મળી.

## ૨.૨ સામાજિક પ્રવૃત્તિઓ અને તે માટેનાં કાર્યક્રમો

સમાજને ઉપયોગી થઈ શકે તેવી પ્રવૃત્તિઓ સમાવતા સામાજિક કાર્યક્રમો કેવા હોઈ શકે તે ગુજરાતની ૨૫ સંસ્થાઓની પરિચયમાળા દ્વારા જાણવા મળ્યું. ઉદાહરણ સ્વરૂપે, પાંચ જેટલી સંસ્થાઓની પ્રવૃત્તિઓનો પરિચય રજૂ કરેલ છે.

---

[3]શિક્ષણમાં સંપૂર્ણ ગુણવત્તા વ્યવસ્થાપન – પ્રો. મર્મર મુખોપાધ્યાય,
પ્રકાશક – ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

[૪]નેશનલ કાઉન્સિલ ઓફ રૂરલ ઈન્સ્ટિટયુટ્સ–નવી દિલ્હી પુરસ્કૃત,
ગૂજરાત વિદ્યાપીઠ, નઈ તાલીમ સંઘ–અમદાવાદ
પ્રકાશક : શ્રી જેસીંગભાઈ ડાભી, સંસ્થાઓની પરિચયમાળા મણકો ૧ થી ૨૫

## ૨.૩ નવસર્જન વિદ્યાલય–રાવલસર (જિ. જામનગર)

**સારણી ૨.૧**

**નવસર્જન વિદ્યાલય–રાવલસર દ્વારા યોજાતી સામાજિક પ્રવૃત્તિ**

| પ્રવૃત્તિનું નામ | પ્રવૃત્તિ માટે યોજાતા કાર્યક્રમો |
|---|---|
| યુવક સેવા પ્રવૃત્તિ | સમાજનાં યુવા વર્ગ માટે વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન અને સંચાલન વિવિધ શિબિરો જેવી કે, યોગાસન શિબિર, શ્રમસેવા શિબિર, યુવક નેતૃત્વ તાલીમ શિબિર, વકતૃત્વ તાલીમ શિબિર, સંતોના વ્યાખ્યાન, વ્યસન મુકિત શિબિર, નાટય શિબિર, સંગીત શિબિર, કાનૂની માર્ગદર્શન શિબિર, પર્યાવરણ શિબિર વગેરે કાર્યક્રમો પ્રયોજાય છે. |
| મહિલા સેવા, બાળ કલ્યાણ | આસપાસનાં ગામોમાં ગૃહસુશોભન અને બાળતંદુરસ્તી સ્પર્ધા, મહિલા જાગૃતિ શિબિર, મહિલા કાનૂની માર્ગદર્શન શિબિર, સ્ત્રી રોગ નિદાન અને સારવાર કેમ્પ, પોલિયો નાબૂદી અભિયાન, શિક્ષણોપયોગી વસ્તુઓ, સુખડી, કપડા તથા ગણવેશનું વિતરણ, નાના બાળકો તથા મહિલાઓ માટે ઊની કપડાનું વિતરણ, ફળફળાદિ અને શાકભાજી સંગ્રહ, પરિરક્ષણ તાલીમ શિબિરો યોજી, મહિલા અને બાળકો માટેની કલ્યાણકારી પ્રવૃતિઓ. |
| અંધશ્રધ્ધા નિર્મૂલન | મંત્ર–તંત્ર અને ચમત્કારોની પોકળતા ખુલ્લી કરતાં નિદર્શનો–વૈજ્ઞાનિક સમજણ સાથે.<br>–મનોચિકિત્સકો સાથે વાર્તાલાપ.<br>–વીરગાથાઓનું કથન અને પઠન. |
| દારૂબંધી | સંસ્થાની આસપાસનાં ગામોમાં નીચે જેવા કાર્યક્રમો યોજવામાં આવે છે.<br>સેમિનાર : દારૂનાં જોખમો સામે સભાનતા પર.<br>વ્યાખ્યાનો : ડૉકટરો, નિષ્ણાંતો અને સમાજ સેવકોના.<br>પ્રદર્શન : ગ્રામ્ય પ્રજા માટે જાહેર પ્રદર્શન.<br>ફિલ્મ શો : વ્યસનમાં ફસાયેલાંને વ્યસનમાંથી છોડાવવા માટે પ્રત્યક્ષ ફિલ્મ શો દ્વારા સમજણ આપવી.<br>સત્સંગ સભાઓ : પ્રભાવશાળી અને આદરણીય સાધુઓના સત્સંગ સંતોની સત્સંગ સભા દ્વારા વ્યસનમુકિત અને પ્રતિજ્ઞા.<br>પ્રેરણાત્મક : સરકારી તંત્ર દ્વારા યોજાતા, ભજનિકો દ્વારા, લોક – સાહિત્યકારો દ્વારા યોજાતા કાર્યક્રમો, જાગૃતિ કાર્યક્રમો. |
| આરોગ્ય સેવા | શ્રી ચંદરિયા ચેરિટેબલ ફાઉન્ડેશન તથા એનાર્ડે ફાઉન્ડેશન દ્વારા ડોકટરો અને સહાયકોની ટીમ કાર્યરત છે.<br>"શિક્ષણ દ્વારા આરોગ્ય યોજના" નો લાભ સમગ્ર જિલ્લાને મળે છે. આરોગ્ય સપ્તાહની ઉજવણી, રસીકરણ, સર્વ રોગ નિદાન કેમ્પ, રકતપરીક્ષણ, ડોકટરોનાં વાર્તાલાપો, આરોગ્ય પ્રશ્નોત્તરી, સ્વચ્છતા અભિયાન, પ્રાથમિક સારવાર અંગેની જાણકારી, અકસ્માત નિવારણ અંગે સાવચેતીઓ વગેરે પ્રદર્શનો, શિબિરો અને સાહિત્ય વિતરણ જેવા કાર્યક્રમો દ્વારા ગોઠવવામાં આવે છે. 'આરોગ્ય કેન્દ્ર' દ્વારા જરૂરતમંદોને સારવાર અને મફત દવા આપવામાં આવે છે. |

નવસર્જન વિદ્યાલય, રાવલસર પરિચય મણકો–૮,
પૃષ્ઠ નં. ૧૯,૨૧,૨૬,૨૭,૨૮,૪૩,૪૬,૪૭,૫૦,૫૧

| પ્રવૃત્તિનું નામ | પ્રવૃત્તિ માટે યોજાતા કાર્યક્રમો |
|---|---|
| પ્રૌઢ શિક્ષણ અને સાક્ષરતા અભિયાન. | પ્રૌઢશિક્ષણની અસરકારક કામગીરી માટે સંસ્થાએ ત્રિપાંખિયો વ્યૂહ ઘડીને કાર્યક્રમ અમલમાં મૂકયો છે.<br>(i) જે વિદ્યાર્થીનાં ઘરમાં નિરક્ષર વ્યકિત હોય તેને સાક્ષર બનાવવાની કામગીરી જે તે વિદ્યાર્થીને સોંપવી.<br>(ii) ગુજરાત સરકારશ્રીની યોજના અનુસાર ધોરણ ૧૦ નાં પ્રત્યેક વિદ્યાર્થીને પાંચ નિરક્ષરને સાક્ષર બનાવવાની જવાબદારી સંસ્થાએ સોંપી. જરૂરી સાહિત્ય પૂરુ પાડેલ. સાક્ષરોની કસોટી અને પરિણામો પ્રાપ્ત કર્યા.<br>(iii) રાષ્ટ્રીય સાક્ષરતા મિશનનાં કાર્યક્રમ હેઠળ, નિરક્ષરોનો સર્વે કરીને ૧૫ થી ૩૫ વયજૂથનાં નિરક્ષરોની યાદી તૈયાર કરી, વિદ્યાર્થીઓ અને કાર્યકરોનાં આયોજિત જૂથો દ્વારા નિરક્ષરોનાં અનૂકૂળ સમયે અને સ્થળે કામ કરીને લક્ષ્ય સિધ્ધ કરે છે. |
| કુદરતી આપત્તિ સમાજસેવા–રાહત કાર્ય | અતિવૃષ્ટિ, દુષ્કાળ, ભૂખમરો, પ્રચંડ વાવાઝોડા સમયે અસર ગ્રસ્તોને જરૂરી ચીજવસ્તુઓનું સંકલન કરી પૂરું પાડવું. |

સારણી ૨.૧ પરથી જોઈ શકાય છે કે નવસર્જન વિદ્યાલય–રાવલસર (જિ. જામનગર) યુવકો અને મહિલાને ધ્યાનમાં રાખી અંધશ્રદ્ધા નિવારણ, દારૂબંધીને આરોગ્યસેવા જેવા સામાજિક કાર્યો સુપેરે પાર પાડે છે.

## ૨.૪ વિશ્વ મંગલમ્–અનેરા (તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા)

**સારણી ૨.૨**

**વિશ્વ મંગલમ્–અનેરા દ્વારા યોજાતી સામાજિક પ્રવૃત્તિઓ**

| પ્રવૃત્તિનું નામ | પ્રવૃત્તિ માટે યોજાતા કાર્યક્રમો |
|---|---|
| લોક શિક્ષણ | વિદ્યાર્થીઓ આસપાસનાં વિસ્તારની સામજિક સમસ્યાઓ સમજતા થાય તેના ઉકેલમાં યોગદાન આપતા થાય તે હેતુથી નીચેની પ્રવૃત્તિઓ યોજવામાં આવે છે.<br>સર્વેક્ષણ : સમાજની આર્થિક, સામાજિક, શૈક્ષણિક સ્થિતિ કેવી છે, તેમના પ્રશ્નો કયા છે. તેનો સર્વેક્ષણ દ્વારા અભ્યાસ કરવામાં આવે છે.<br>સામાજિક ખર્ચાઓ : લગ્ન–મરણનાં રીતરિવાજો પાછળ લખલૂંટ ખર્ચ થાય છે.–વ્યસનોનું પ્રમાણ વધતું જાય છે. તેની સમજ આપે છે. |
| જાગૃતિ–પ્રેરક સંમેલનો | આ બધી બદીઓ દૂર કરવા માટે, સંમેલનો, સભા, સેમિનાર શિબિરો અને નિષ્ણાંતોનાં પ્રવચનો યોજવામાં આવે છે. આવી પ્રવૃત્તિઓ દ્વારા તેમને અદ્યતન જ્ઞાન–વિજ્ઞાનથી વાકેફ કરવામાં આવે છે. આ માટે (૧) મહિલા સંમેલન. (૨) યુવક સંમેલન. (૩) શિક્ષક સંમેલન. (૪) પંચાયતી રાજ સંમેલન યોજવામાં આવે છે. |
| ગ્રામ સેવા | ગાંધી જયંતી સપ્તાહ અને સર્વોદય પર્વનાં દિવસોમાં શિક્ષકો અને વિદ્યાર્થીઓ ગામડે જઈ નીચેની પ્રવૃત્તિઓ કરે છે.<br>(૧) પ્રભાત ફેરી (૨) ગ્રામ સફાઈ (૩) શ્રમયજ્ઞ (૪) ભીતપત્રલેખન (૫) લોક સંપર્ક (૬) સદ્સાહિત્ય વેચાણ (૭) પ્રાર્થના સભા (૮) ગ્રામીણ સંસ્થાઓ અને આગેવાનોની મુલાકાત. |

વિશ્વ મંગલમ્–અનેરા, પરિચય મણકો–૧
પૃષ્ઠ નં. ૪૪,૪૫,૪૬,૪૯,૫૨,૫૭

| પ્રવૃત્તિનું નામ | પ્રવૃત્તિ માટે યોજાતા કાર્યક્રમો |
|---|---|
| મહિલા જાગૃતિ અને બાલ શિક્ષણ | પ્રદર્શન : આસપાસના ગામડામાં જઈને આ અંગેનાં પ્રદર્શન યોજી લોકોને જ્ઞાન–વિજ્ઞાનથી વાકેફ કરવામાં આવે છે.<br>–સમાજ કલ્યાણ યોજના હેઠળ જરૂરતમંદ બહેનોને લોન અપાવી કામ કરતાં કરાય છે.<br>–સ્ત્રી શિક્ષણ દ્વારા આત્મનિર્ભર બનાવવાનું કામ થાય છે. |
| સંસ્કાર પ્રવૃત્તિ સેવાકીય પ્રવૃત્તિ | (૧) રક્ષાબંધન પર્વે જેલમાં જઈ કેદીઓને, સિવિલ હોસ્પિટલમાં દર્દીઓને રાખડી બાંધવા આવે છે.<br>(૨) સહયોગ કુષ્ઠ–ધામ–રાજેન્દ્રનગરમાં, દર વર્ષે કુષ્ઠ રોગના દર્દીઓને સહાય કરવામાં આવે છે.<br>(૩) બહેરા – મૂંગા વિદ્યાલયની મુલાકાત લઈને સહાય કરવામાં આવે છે. |
| સાંસ્કૃતિ | વિદ્યાર્થી ભાઈ–બહેનોમાં રહેલી વિવિધ શક્તિઓને બહાર લાવવા માટે નૃત્ય, નાટક, ગાન, વાદન વગેરે સંમેલન દ્વારા સંસ્કાર કાર્યક્રમ રજૂ કરવામાં આવે છે. જેનાથી ત્રણ હેતુ સરે છે.<br>(૧) સામાજિક સમસ્યાઓનું વેધક નિરૂપણ.<br>(૨) લોકોને જ્ઞાનબોધક નિર્દોષ આનંદ.<br>(૩) વિદ્યાર્થીઓની અંતર્નિહિત શકિતઓનો વિકાસ થાય છે. |

સારણી–૨.૨ પરથી જોઈ શકાય છે કે વિશ્વમંગલમ્–અનેરા સંસ્થામાં લોકશિક્ષણ, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, મહિલાઓ અને યુવાનો માટેનાં જાગૃતિ કાર્યક્રમો અને ગ્રામ સેવા જેવા કાર્યો થાય છે.

## ૨.૫ ગાંધી આશ્રમ–ઝીલીઆ (જિ. મહેસાણા)

**સારણી ૨.૩**

**ગાંધી આશ્રમ–ઝીલીઆ દ્વારા યોજાતી સામાજિક પ્રવૃતિઓ**

| પ્રવૃત્તિનું નામ | પ્રવૃત્તિ માટે યોજાતા કાર્યક્રમો |
|---|---|
| નશાબંધી | નશાબંધીને પ્રેરતા સંસ્કાર કાર્યક્રમો યોજીને આ વિસ્તારમાં લોક કેળવણીનું કામ કરવામાં આવે છે.<br>વાલી સંમેલન : વાલીઓને બોલાવી દારૂ ઉપરાંત અફીણ, બીડી, ચરસ જેવા વ્યસનો છોડાવામાં આવે છે.<br>–જિલ્લા નશાબંધી નિયોજક તેમજ જિલ્લાગ્રામ–રક્ષકદળનાં વડા, તાલુકા ગ્રામ રક્ષક દળનાં વડા વગેરેની મદદથી વિવિધ કાર્યક્રમો સંસ્થામાં યોજાય છે. |
| મહિલા જાગૃતિ | <u>પદયાત્રા :</u> બાલમંદિરની શિક્ષિકાઓ, પ્રા.શાળાની શિક્ષિકાઓ, મહિલા અધ્યાપન મંદિરની તાલિમાર્થી બહેનો દ્વારા દર વર્ષે ચાણસ્મા તાલુકામાં પદયાત્રા યોજાય છે. ગામેગામ છ દિવસ સુધી ફરી, મહિલાઓનો સંપર્ક કરી સભાઓ દ્વારા જાગૃતિનું કામ કરવામાં આવે છે.<br><u>મહિલા શિબિરો :</u> મહિલા મંડળોની રચના કરી જાગૃતિ–પ્રેરક શિબિરો યોજવામાં આવે છે.<br><u>પર્યટન :</u> પર્યટન દ્વારા ડેરી, શિક્ષણ સંસ્થાઓ, આંગણવાડીઓ, ગ્રામીણ મહિલા બેંક જેવા સ્થળોની મુલાકાત લેવામાં આવે છે.<br><u>સમસ્યાઓ અંગે સંવાદ :</u> ગુજરાત મહિલા સુરક્ષા સમિતિ, મહિલા ધારાશાસ્ત્રીઓ તેમજ જિલ્લાનાં પોલીસ વડાની હાજરીમાં, મહિલાઓને સંરક્ષણ આપતા કાયદાઓ અંગે સંસ્થા પરિસંવાદ યોજે છે ને તેના દ્વારા કાનૂની જોગવાઈઓનો ખ્યાલ આપવામાં આવે છે. |

વિશ્વમંગલમ્–અનેરા, પરિચય મણકો–૩
પૃષ્ઠ : ૫૨,૫૭,૫૮,૫૯,૭૧,૭૫,૭૮,૭૯,૮૦

| પ્રવૃત્તિનું નામ | પ્રવૃત્તિ માટે યોજાતા કાર્યક્રમો |
|---|---|
| અસ્પૃશ્યતાં નિવારણ | –સદ્‌ગત સંચાલકની પુણ્યતિથિ નિમિત્તે સંમેલન સ્મૃતિ વ્યાખ્યાન, વાલી સંમેલન યોજવામાં આવે છે, તદુપરાંત નાતજાતના ભેદ વગર સમૂહ ભોજનનો કાર્યક્રમ પણ રાખવામાં આવે છે. ગામેગામ સભા, સરઘસ, પ્રભાત ફેરી અને ગ્રાસસફાઈનો કાર્યક્રમ પણ અશ્પૃશ્યતા નિવારણ માટે યોજાય છે. |
| આરોગ્ય સેવાકીય | આરોગ્યશિબિરનું આયોજન થાય છે. સર્વરોગ નિદાનયજ્ઞ, વિનામૂલ્યે સારવાર.<br>–શિબિરો દ્વારા સફાઈનાં, આરોગ્યના કાર્યક્રમો, શોષખાડા, વ્યસનમુકિત કાર્યક્રમો, મહિલા જાગૃતિ સંમેલનો, આંગણવાડીના બાળકોની આરોગ્ય તપાસ, રસીકરણ, બાળતંદુરસ્તી હરિફાઈ વગેરે જેવી સેવાકીય પ્રવૃતિઓ થાય છે.<br>–રોટરી કલફ ઑફ પાટણ સંચાલિત જાયન્ટસ ગ્રુપ ઓફ ચાણસ્મા યોજિત 'રકતદાન' શિબિર યોજાય છે.<br>નેત્રયજ્ઞ – વિદ્યાર્થીઓ અને કાર્યકરો આ યજ્ઞમાં દર્દીઓની સેવા કરે છે. |
| સામાજિક–કુરિવાજો | વાલી સંપર્ક : વાલી સંમેલન ઉપરાંત ઉનાળુ વેકેશનમાં અઘ્યાપકો વાલીઓનાં ઘેર જઈ સંપર્ક કરે છે. રીતરિવાજ મુજબ બારમુ (ઉત્તરક્રિયા), દહેજ, બાળ લગ્ન વગેરે બાબતો સમજાવી ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને પણ ઉપયોગી થવાનું કાર્ય કરાય છે. સામાજિક–આર્થિક આફત વખતે પડખે ઉભા રહી મદદરૂપ થાય છે. |

સારણી ર.૩ પરથી જોઈ શકાય છે કે ગાંધી આશ્રમ–ઝીલીઆ દ્વારા નશાબંધી, મહિલા જાગૃતિ, અસ્પૃશ્યતાનો નિવારણ, આરોગ્ય સેવાકીય અને સામાજિક કુરિવાજો સંબંધિત ઘણી પ્રવૃતિઓ થાય છે.

## ર.૬ મૈત્રી વિદ્યાપીઠ – સુરેન્દ્રનગર

**સારણી ર.૪**

**મૈત્રી વિદ્યાપીઠ – સુરેન્દ્રનગર દ્વારા યોજાતી સામાજિક પ્રવૃત્તિઓ**

| પ્રવૃત્તિનું નામ | પ્રવૃત્તિ માટે યોજાતા કાર્યક્રમો |
|---|---|
| પ્રૌઢ શિક્ષણ | પ્રોજેકટ કાર્ય : મધ્યસત્ર રજાઓ, જન્માષ્ટમીને હોળી–ધૂળેટીની રજાઓમાં વિદ્યાર્થી ઘરે જાય ત્યારે સંસ્થા આયોજન કરી વિદ્યાર્થીઓને કાર્ય સોંપે છે ને તે પ્રમાણે કાર્ય કરવામાં આવે છે.<br>સુવિચાર–સૂત્ર લેખન : પોતાના ગ્રામ્ય વિસ્તારમાં જઈ નીચેનાં સુવિચારો લખે છે તે સમજાવે છે.<br>૧. ભણતર વધે વસ્તી ઘટે.<br>ર. સમજી લ્યો ભણતરનો સાર, ભણતર વિના બુરો અવતાર.<br>૩. ભણે ગણે જે ઘરની નાર, સુખશાંતિ તે ઘરે અપાર.<br>૪. ખેડૂત તારી કમાણી, ભણતર વિના ભેળાણી.<br>૫. અજ્ઞાન અને આળસ એ બે એવા કીડા છે કે મનુષ્યને અંદર અંદરથી કોરી ખાય છે.<br>"આટલું કરીએ" |
| વ્યસન મુકિત | પ્રોજેકટ કાર્ય : ગામમાં ભીત સૂત્રોનું લેખન જેમ કે,<br>૧. આપણે વ્યસનથી દૂર રહીએ.<br>ર. આપણાં મિત્રોને વ્યસનથી દૂર રાખીએ.<br>૩. આપણા કુટુંબો અને પાડોશીને વ્યસનથી દૂર રાખીએ.<br>૪. તહેવાર સાથે જોડી દીધેલા વ્યસનોએ અંધશ્રઘ્ધા છે.<br>દા.તઃ જન્માષ્ટમી ઉપર જુગાર રમવાની માન્યતા ખોટી છે.<br>૫. જુદા જુદા વ્યસનોથી થતાં નુકસાન સમજાવવા છાપાઓમાં કે સામયિકોમાં આવતાં લેખ ડોકટરોનાં અભિપ્રાય તેમને બતાવીને સમજાવવામાં આવે છે.<br>૬. નશાબંધી અને માહિતી ખાતા દ્વારા ગ્રામપંચાયતોને જાણ કરી, જરૂરી ફિલ્મો ગોઠવવામાં આવે છે. |

મૈત્રી વિદ્યાપીઠ–સુરેન્દ્રનગર, પરિચય મણકો–૪
પૃષ્ઠ:પર,૫૭,૫૮,૫૯,૭૧,૭૫,૭૮,૭૯,૮૦

| પ્રવૃત્તિનું નામ | પ્રવૃત્તિ માટે યોજાતા કાર્યક્રમો |
|---|---|
| ગ્રામજનો માટે જાગૃતિદાયક કાર્યક્રમો | બાળ લગ્ન, કુરિવાજો, દહેજ નાબૂદી, પ્રેતભોજન, અંધશ્રદ્ધા નિવારણ, સ્વચ્છતા–આરોગ્ય, વ્યસનમુકિત, અસ્પૃશ્યતા નિવારણ, કન્યા કેળવણી વગેરે માટે નીચેના જેવા કાર્યક્રમો યોજાય છે.<br>૧. યોગાસન શિબિર<br>૨. રાષ્ટ્રીય પર્વ ઉજવણી<br>૩. હોબી કોર્નર<br>૪. બાલ કેન્દ્રો<br>૫. વાલી સંમેલન<br>૬. ગ્રામદત્તક યોજના<br>૭. હસ્તલિખિત અંકો<br>૮. ગ્રામ વિકાસ પ્રોજેકટ<br>૯. વિવિધ શિબિર |

સારણી ૨.૪ પરથી સ્પષ્ટ થાય છે કે મૈત્રી વિદ્યાપીઠ–સુરેન્દ્રનગરમાં શિક્ષણની સાથે સાથે તેના ભાગરૂપે ગ્રામજનો માટેના જાગૃતિદાયક વિવિધ કાર્યક્રમો યોજાય છે.

## ૨.૭ ગ્રામ સ્વરાજ સંઘ–નીલપર

**સારણી ૨.૫**

**ગ્રામ સ્વરાજ સંઘ–નીલપર–કચ્છ દ્વારા યોજાતી સામાજિક પ્રવૃત્તિઓ**

| પ્રવૃત્તિનું નામ | પ્રવૃત્તિ માટે યોજાતા કાર્યક્રમો |
|---|---|
| વ્યસન મુકિત | ૧. ચિત્ત શુધ્ધિદિન : ૧૯ મી જુલાઈએ કચ્છના ગાંધી માવજીભાઈ વેદની પૂણ્યતિથિ અને ૩૦ મી જાન્યુઆરી ગાંધીબાપુની પૂણ્યતિથિ નિમિત્તે, વિવિધ કાર્યક્રમો યોજાય છે.<br>૨. મંગલફેરી : વિવિધ સામાજિક ક્રાંતિદાયક ગીતો ગાતા ગાતાં ગામમાં પ્રભાતફેરી યોજાય છે. મંગલ પ્રવચન – સભા યોજાય છે.<br>૩. પ્રતિજ્ઞા : મહત્ત્વ સમજાવી દષ્ટાંતો સાથે વકતવ્ય આપી, પ્રતિજ્ઞા લેવડાવાય છે. પ્રતિજ્ઞા લેનાર વિદ્યાર્થીઓના નામ નોટીસબોર્ડ ઉપર આખુ વર્ષ રાખવામાં આવે છે.<br>૪. પ્રદર્શન : સચિત્ર વર્ણનવાળું પ્રદર્શન ગામનાં ચોરે ગોઠવાય છે.<br>૫. નશાબંધી પખવાડિયાની ઉજવણી : આ દિવસો દરમ્યાન ફિલ્મ શો, શેરી નાટક, પ્રદર્શન, પ્રવચન, નિબંધ સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા યોજાય છે.<br>૬. લોક સંપર્ક : દર પૂનમે રાત્રે જુદા જુદા ગામડાંમાં જઈ પ્રાર્થના, ભજન કીર્તન થાય છે. અને કુરિવાજો અંધશ્રધ્ધા, ઝઘડાઓ, વ્યસનોને સમાજમાંથી દેશવટો આપવાની સમજ અપાય છે. |

ગ્રામ સ્વરાજ સંઘ–નીલપર–કચ્છ, પરિચય મણકો–૧૧,
પૃષ્ઠ નં. ૬૫ થી ૭૨

| પ્રવૃત્તિનું નામ | પ્રવૃત્તિ માટે યોજાતા કાર્યક્રમો |
|---|---|
| અન્યાય સામે પ્રતિકાર. | ૧. સંસ્થા ગામનાં સજજનોનું પંચ બનાવી, પંચની હાજરીમાં સંસ્થામાં બોલાવી, અન્યાયી વર્તન અને વિરોધ શમાવી સુલેહ કરાવે છે.<br>૨. ખેતવાડીને લગતા, ભાગ બાબતનાં, ખેડૂતનાં પ્રશ્નો બાબતે દરેક કોમના બે બે અગ્રગણ્યની કમિટી બનાવી, અન્યાયનો પ્રતિકાર કરવા કટિબધ્ધ કરે છે.<br>૩. કચ્છની ગ્રામવિકાસ એજન્સી દ્વારા માથાભારે, તત્વોનો સામનો કરવા ઉપયોગી–મધ્યસ્થી બની યોગ્ય ઉકેલ લાવે છે.<br>૪. બીજા કુટુંબ કલેશ, સામાન્ય મારામારીનાં કે ચોરીનાં નાના – નાના ઘણાં પ્રશ્નો સમજાવટથી દૂર કરવાનો પ્રયત્ન કરે છે. |
| આરોગ્ય સેવા | ૧. સંસ્થામાં પ્રાથમિક સારવારની સુવિધા ચોવીસ કલાક ઉપલબ્ધ છે. ખેતી કામમાં વાગવાથી કે જીવજંતુ કરડવાથી થતી ઈજાનું નિઃશુલ્ક નિવારણ કરવામાં આવે છે.<br>૨. અસાધ્ય રોગો જેવા કે કેન્સર, ક્ષય, હાર્ટએટેકથી પીડિત, આર્થિક રીતે પડી ભાંગેલાં દર્દીઓને તેમની સારવાર માટે સહાય આપવામાં આવે છે. |
| દુષ્કાળ–રાહત પ્રવૃત્તિ | કચ્છ એટલે દુકાળિયો પ્રદેશ. ઉપરાઉપરી દુષ્કાળને પરિણામે, લોકભાગીદારી દ્વારા ઉપયોગી થાય છે. સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ તેમજ કચ્છ ખાદી ગ્રામોદ્યોગની મદદથી ઢોરવાડાનો ખર્ચ, બીયારણ વગેરેમાં ઉપયોગી થાય છે. |

સારણી ૨.૫ પરથી જણાય છે કે નીલપર–કચ્છમાં આવેલી ગ્રામ સ્વરાજ સંઘ હેઠળની શૈક્ષણિક સંસ્થામાં વ્યસનમુકિત, અન્યાય સામે પ્રતિચાર, આરોગ્ય સેવા, દુષ્કાળ રાહત પ્રવૃતિ વગેરે યોજાય છે.

## ૩.૦ પૂર્વે થયેલાં સંબંધિત સંશોધનોના સારાંશ

પ્રયોજકે પોતાના સંશોધનને સમજવા માટે અને થયેલાં સંશોધનોની વિશેષતા જાણવા માટે પૂર્વે થયેલાં સંશોધનોનો અભ્યાસ કર્યો હતો. આ સંશોધનોનો અભ્યાસ કરતાં પહેલાં પ્રયોજકે ચોકકસ હેતુને લક્ષમાં રાખી નીચે પ્રમાણેની વિગત મેળવવી તેમ નકકી કરેલ હતુ.

(૧) સંશોધકે હાથ ધરેલ સંશોધનનું વર્ષ.
(૨) શ્રેણી અને વિષય.
(૩) સંશોધનના હેતુઓ.
(૪) સંશોધન પદ્ધતિ.
(૫) નમૂનાની પસંદગી
(૬) સંશોધન કાર્ય દ્વારા પ્રાપ્ત થયેલાં તારણો.

પ્રસ્તુત અભ્યાસ શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા સામાજિક પ્રદાનનો હોઈ આ અંગે એમ.એ., એમ.એડ્., એમ.એસ.ડબલ્યુ,એમ.ફિલ અને પીએચ.ડી. કક્ષાએ થયેલાં સંશોધનોનો અભ્યાસ અને તેની સમીક્ષા કરવી જરૂરી હાઈ, પ્રયોજકે નીચે મુજબનાં સંશોધનોનો અભ્યાસ કરેલ હતો.

### એમ.એ.કક્ષાએ થયેલાં સંશોધનો

૩.૧ **શીર્ષક :** ભાલનળકાંઠા પ્રાયોગિક સંઘ–ગુંદીની શૈક્ષણિક તેમજ આરોગ્યવિષયક પ્રવૃત્તિઓનો અહેવાલ.

**પ્રયોજક** જયેશ વિ. પટેલ (૨૦૦૨–૦૩)

**સંશોધનના હેતુઓ**

(૧) શૈક્ષણિક પ્રવૃત્તિઓની સ્થાનિક સમાજ પર થતી અસરો જાણવી.
(૨) આરોગ્ય વિષયક સવલતો, દવાઓ તેમજ આરોગ્ય શિક્ષણનાં સંદર્ભમાં દર્દીઓ ડોકટરોનો અભ્યાસ કરવો.
(૩) આરોગ્ય વિષયક પ્રવૃત્તિઓની સમાજ ઉપર થતી અસર તપાસવી.

(૪) શૈક્ષણિક તેમજ આરોગ્ય વિષયક પ્રવૃત્તિઓ વધુ સારી રીતે કરવા માટે થતા પ્રયત્નો જાણવા.
(૫) ભાવિ કાર્યક્રમો વધુ સઘન બનાવવા સૂચનો કરવા.

**સંશોધન પદ્ધતિ** સર્વેક્ષણાત્મક પદ્ધતિ

**નમૂના પસંદગી** વ્યાપવિશ્વનો નાનો એકમ એટલે નિદર્શ પસંદગી. ગુંદી સંસ્થાની બધી જ રચનાત્મક પ્રવૃત્તિઓ પૈકી માત્ર શૈક્ષણિક અને આરોગ્ય વિષય પ્રવૃત્તિઓ વ્યાપવિશ્વ તરીકે હતી.

**ઉપકરણો** પ્રશ્નાવલિ

**તારણો**

(૧) બુનિયાદી શિક્ષણ શાળાનાં સારા શિક્ષણ અને સમૂહજીવન માટે છાત્રાલયોમાં સામૂહિક રીતે રકતદાન, શ્રમકાર્ય, સમૂહજીવન, પ્રૌઢ શિક્ષણ વગેરે રચનાત્મક પ્રવૃત્તિઓ થાય છે.
(૨) આરોગ્ય કેન્દ્રમાં વિવિધ નિદાન કેમ્પ નિઃશુલ્ક હોવાથી સમાજનાં તમામ સ્તરનાં લોકો લાભ લઈ શકે છે.
(૩) આરોગ્ય કેન્દ્રોને લીધે રોગોનું પ્રમાણ ઘટયુ છે. સ્વચ્છતા અને આરોગ્યપ્રતિ જાગૃતિ વધી છે.

**૩.૨ શીર્ષક : ગ્રામ વિકાસ યોજનાનાં લાભાર્થીઓમાં આવેલાં પરિવર્તનનો એક અભ્યાસ.**

**પ્રયોજક** લાલજીભાઈ ભડાણિયા (૧૯૯૭)

**સંશોધનનાં હેતુઓ** સરકારનાં વિવિધ ગ્રામવિકાસની પ્રવૃત્તિ કરતાં એકમોની પ્રવૃતિથી થયેલ ગ્રામ વિકાસ જાણે.

**સંશોધન પદ્ધતિ** સર્વેક્ષણાત્મક પધ્ધતિ.

**નમૂના પસંદગી** વઢવાણ તાલુકાના ફુલગ્રામ ગામનાં ૫૦ પાત્રોનો એકમલક્ષી અભ્યાસ.

**ઉપકરણો** પ્રશ્નાવલિ

**તારણો :**

(૧) સરકારી યોજનાને કારણે વ્યકિતગત આવકમાં વધારો થયો.
(૨) શિષ્યવૃતિની પ્રવૃત્તિથી ઉચ્ચશિક્ષણનું પ્રમાણ વધ્યું.
(૩) બાળલગ્ન, દહેજ, છૂટાછેડામાં નોંધપાત્ર ઘટાડો થયો.

**૩.૩ શીર્ષક : શારદાગ્રામ સંસ્થાનો શૈક્ષણિક વિકાસ.**

**પ્રયોજક** જેરામભાઈ રાજપરા (૧૯૯૩)

**હેતુઓ** (૧) સંસ્થાની પ્રવૃત્તિઓનો ઉદ્‌ભવ વિકાસ જાણવો. (૨) સંસ્થાનું સામાજિક ક્ષેત્રે પ્રદાન જાણવું.

**પધ્ધતિ** મુલાકાત અને નિરીક્ષણ પધ્ધતિ.

**ઉપકરણો** પ્રશ્નાવલિ

**તારણો**

(૧) શૈક્ષણિક રીતે પછાત ગણાતાં આ પ્રદેશમાં શિક્ષણનું પ્રમાણ વધ્યુ છે.
(૨) પ્રૌઢ શિક્ષણનાં વર્ગો દ્વારા વૃધ્ધજનો, અભણો, સ્ત્રીઓનાં શિક્ષણમાં વૃદ્ધિ નોંધાણી છે.
(૩) ધંધા–રોજગારની સ્થિતિ સુધરતાં સામાજિક દૂષણો, વ્યસનોનું પ્રમાણ ઓછુ થયુ છે.
(૪) વિદ્યાર્થીઓ, શિક્ષકો, કાર્યકરો અવિરતપણે ગામડાંઓમાં જઈ એન.એસ.એસ. જેવી પ્રવૃત્તિ દ્વારા સ્વચ્છતા, સુઘડતા અને વ્યસનમુકિતનાં કાર્યક્રમો યોજે છે જેની અસર જણાય છે.

**૩.૪ શીર્ષક :** ઉત્તર ગુજરાતનાં બનાસકાંઠા જિલ્લા, સ્થિત પાલનપુરનાં વિદ્યામંદિર શિક્ષણ સંકુલનો વિકાસલક્ષી વ્યકિત અભ્યાસ.

**પ્રયોજક** પંકજ ડી. પટેલ (૧૯૯૩)

**હેતુઓ** (૧) વિવિધલક્ષી વિદ્યામંદિર સંસ્થાનો વિકાસાત્મક વ્યકિત અભ્યાસ કરવો.
(૨) સામાજિક અભિવ્યકિતની પ્રવૃત્તિઓનો વ્યકિત અભ્યાસ કરવો.

**પધ્ધતિ** વ્યકિતગત અભ્યાસ પધ્ધતિ.

**તારણો**

(૧) શિક્ષણ અને સહઅભ્યાસક પ્રવૃત્તિ બંનેને સ્થાન આપવામાં આવ્યુ છે.
(૨) સમુદાય શિક્ષણ માટે પ્રતિબધ્ધ છે.
(૩) દરેક શાળા જૂથો માટે વિદ્યાર્થી, શિક્ષણ, વાલી–મંડળ દ્વારા ઘર અને શાળાને પૂરક બનાવવા અસરકારક પ્રયત્નો થાય છે.

**૩.૫ શીર્ષક : અમરભારતી સંસ્થા એક અધ્યયન**

**પ્રયોજક** અમૃતભાઈ મોતીભાઈ પટેલ (૧૯૯૩)

**હેતુઓ**

(૧) સંસ્થાનાં ઉદ્‌ભવની પ્રવૃત્તિ – ભૂમિકા જાણવી.

(૨) સંસ્થામાં ચાલતી ગ્રામ વિકાસની પ્રવૃત્તિઓ વિગતે જાણવી.

(૩) સંસ્થા દ્વારા આવેલ પરિવર્તનો વિશે જાણવુ.

**પદ્ધતિ** વ્યકિતગત અભ્યાસ પદ્ધતિ.

**ઉપકરણો** વ્યકિતગત અને સામૂહિક મુલાકાત
મુલાકાત માર્ગદશિકાનો ઉપયોગ
ટીવી સીરીયલ તેમજ સંસ્થાના પ્રકાશનો.

**તારણો** (૧) સંસ્થાની પ્રવૃત્તિથી ગામડાની પ્રગતિ જોવા મળી.

(૨) સંસ્થાના આત્મા પ્રોજેકટ દ્વારા ગામડાંઓમાં સામાજિક, આર્થિક, ખેતી વિષયક જાગૃતિ, લાવવામાં આવે છે. જેથી લોકોમાં અંધશ્રધ્ધા, કુરિવાજો, બાળ લગ્નો વગેરેમાં પરિવર્તનો જણાય છે.

(૩) આરોગ્ય અને સફાઈ તરફ વલણો કેળવતા થયા છે. ગંદકીનું પ્રમાણ ઘટયુ છે. રસીકરણ માટે જાગૃતિ જોવા મળી છે.

**૩.૬ શીર્ષક : લોકશાળા – ધજાળા શિક્ષણ સંસ્થા દ્વારા આવેલાં પરિવર્તનનો અભ્યાસ.**

**પ્રયોજક** અશોકકુમાર એમ. મેર (૧૯૯૭)

**હેતુ** (૧) બુનિયાદી શિક્ષણનો ઉદ્‌ભવ અને તેની શૈક્ષણિક પાર્શ્વભૂમિકાનો ખ્યાલ.

(૨) લોકશાળાની સ્થાપના પાછળનાં આશયોની જાણકારી મેળવી.

(૩) સમાજમાં આવેલ પરિવર્તનોમાં લોકશાળા ધજાળા દ્વારા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને તેમનાં કુટુંબજીવન પર અસરરૂપી પરિવર્તન તપાસવું.

**પધ્ધતિ** (૧) ગ્રંથાલયનો ઉપયોગ

(૨) નિરીક્ષણ પધ્ધતિ.

(૩) મુલાકાત પધ્ધતિ.

(૪) અનુસૂચિ પધ્ધતિ.

**નમૂનો** પાંચ ગામનાં ભૂતપૂર્વ વિદ્યાર્થીમાંથી ક્રમિક પધ્ધતિ અપનાવી એક ગામમાંથી ૧૦ વિદ્યાર્થી એમ ૫૦ ભૂતપૂર્વ વિદ્યાર્થી ઉત્તરદાતા તરીકે પસંદ કર્યા હતા.

**ઉપકરણો** પ્રશ્નાવલિ

**તારણો** (૧) લોકશાળા – ધજાળાનું શિક્ષણ લીધા પછી પુત્રીને ભણાવવાનું ૯૮% વલણ જોવા મળ્યું.

(૨) લગ્નરીવાજોમાં કંકુ કન્યા એટલે કે દહેજ લીધા વિના ૯૬% એ વલણ અપનાવ્યું.

(૩) વિધવા વિવાહ ૯૪% યોગ્ય માનવાનું વલણ વિકસ્યું.

(૪) ૧૦૦ % ઉત્તરદાતાઓ લગ્નમાં દારૂ અને અફિણ લેવાના રિવાજ ન હોવા જોઈએ. તેમ માનતા થયા.

**એમ. એડ્. કક્ષાએ થયેલાં સંશોધનો.**

**૩.૭ શીર્ષક : વલ્લભ વિદ્યાલય બોચાસણ : એક અભ્યાસ**

**પ્રયોજક** બલવંતસિંહ એમ. ચાવડા

**હેતુ**

(૧) સંસ્થાનો વિકાસ અને અધ્યાપન પ્રવૃતિ વિશે જાણવું.

(૨) સંસ્થાએ શિક્ષણ સાથે સાથે સ્વાવલંબન ક્ષેત્રે સાધેલ પ્રગતિનો ખ્યાલ મેળવવો.

**નમૂના પસંદગી**

યાદચ્છિક નમૂના પધ્ધતિનો ઉપયોગ કરી વલ્લભવિદ્યાલયમાં વિદ્યાર્થીઓ, આચાર્યો અને શિક્ષકોને અભ્યાસ માટે પસંદર કરેલ છે.

**ઉપકરણ** પ્રશ્નાવલિ.

**તારણો**

(૧) આ સંસ્થામાં થતી શ્રમ અને ઉદ્યોગની પ્રવૃત્તિ ઉપયોગી છે.

(૨) સંસ્થામાં વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન થતું હોઈ, સામાજિક પરિવર્તન થયા કરે છે.

**૩.૮ શીર્ષક : દક્ષિણ ગુજરાતમાં પ્રાથમિક અધ્યાપન મંદિરોમાં ચાલતી સહઅભ્યાસની પ્રવૃત્તિઓનો અભ્યાસ.**

**પ્રયોજક** ઈન્દુમતી એમ. ચૌહાણ (૧૯૯૧)

**હેતુ**

(૧) દક્ષિણ ગુજરાતમાં પ્રાથમિક અધ્યાપન મંદિરોમાં થતી સામૂહિક અને વર્ગવાર થતી શૈક્ષણિક સામજિક પ્રવૃત્તિઓની જાણકારી મેળવવી.

(૨) શૈક્ષણિક પ્રવૃત્તિઓની સાથે સાથે સામાજિક સહઅભ્યાસની પ્રવૃત્તિઓ વિશે જાણવું.

**નમૂના પસંદગી** પ્રાથમિક અધ્યાપન મંદિરોના આચાર્યોને અભ્યાસ માટે પસંદ કરેલ છે. સહેતૂક નમૂનો.

**પધ્ધતિ** સર્વેક્ષણ પધ્ધતિ.

**ઉપકરણ** પ્રશ્નાવલિ

**તારણો** (૧) પ્રાથમિક અધ્યાપન મંદિરોમાં સહઅભ્યાસ, પ્રવૃત્તિઓ ૭૦ થી ૮૫ ટકા જેટલી થાય છે.

(૨) સંગીત, નૃત્ય, ગરબા જેવી પ્રવૃત્તિ ૫૦ થી ૭૫ ટકા જેટલી થાય છે.

(૩) સામાજિક પ્રવૃત્તિ ૩૭ ટકા જેટલી થાય છે.

(૪) એન.સી.સી. કે એન.એસ.એસ.જેવી સેવાકીય પ્રવૃત્તિમાં નિરસતા જણાય છે.

**૩.૯ શીર્ષક : સંસ્કારતીર્થ : આજોલનું કન્યા કેળવણીમાં પ્રદાન–એક અભ્યાસ.**

**પ્રયોજક** રેખાબહેન બચુભાઈ સોની (૧૯૯૬)

**હેતુઓ**

(૧) સંસ્કારતીર્થ આજોલ સંસ્થાનું કન્યા કેળવણીમાં પ્રદાનનો ઐતિહાસિક અનુક્રમે અભ્યાસ કરવો.

(૨) કન્યા કેળવણી માટેનાં પ્રયોગો અને નૂતન ઉપક્રમોનો અભ્યાસ કરવો.

(૩) ઈતર સામાજિક પ્રવૃત્તિઓનો અભ્યાસ કરવો.

**ઉપકરણો**

(૧) મુલાકાત

(૨) સ્વપ્રકાશિત સાહિત્યનો વ્યાપક ઉપયોગ.

**પધ્ધતિ** વ્યકિત અભ્યાસ પધ્ધતિ.

**તારણો** (૧) સંસ્થા વિધવા, ત્યકતા, ત્યજાયેલી મહિલાઓને ઉપયોગી થાય છે. તેમને રોજગારી માટે મદદરૂપ થાય છે. ટાઈપ, સીવણ, કુકીંગ વિવિધ વર્ગો ચલાવવામાં આવે છે.

(૨) ગ્રામ્ય નિરક્ષરતા નાબૂદીમાં ફાળો આપે છે.

(૩) ઈતર પ્રવૃત્તિઓ, ગ્રામસેવાના કાર્યક્રમો, પદયાત્રાઓ, મહિલાવર્ગો, લોક સંમેલનો, લોકમેળો, શિબિરો, આરોગ્ય વિષયક નિદાન–ઉપચાર કેમ્પો વગેરે ચલાવે છે.

**૩.૧૦ શીર્ષક : વિઠ્ઠલ કન્યા વિદ્યાલયનું કેળવણીમાં પ્રદાન**

**પ્રયોજક** બેલાબેન સી. મોદી (૧૯૯૩–૯૪)

**હેતુ** (૧) વિઠ્ઠલકન્યા વિદ્યાલયનાં ઉદેશોનો અભ્યાસ.

(૨) કન્યા કેળવણી અને સામાજિક વિકાસનો અભ્યાસ.

(૩) કન્યા કેળવણી માટે યોજાતી સામાજિક પ્રવૃત્તિઓનો અભ્યાસ.

(૪) કન્યા કેળવણીનાં કેળવણી વિષયક ઉદેશો અને સામાજિક ઉદેશોનો તુલનાત્મક અભ્યાસ.

(૫) વિવિધ પ્રવૃત્તિઓનો અભ્યાસ.

**ઉપકરણો**

પ્રત્યક્ષ મુલાકાતો, પ્રશ્નાવલિ, વ્યકિતનાં પૂર્વાનુભવ અને ભાવિ એષણાઓ – પત્રો, દસ્તાવેજો, વાર્ષિક નિરીક્ષણ રીપોર્ટ, સંદર્ભ સાહિત્ય, સામાયિકો, લેખો વગેરે.

**નમૂના પસંદગી**

સહેતુક નમૂના પસંદગી તરીકે વિઠ્ઠલ કન્યા વિદ્યાલય.

**પધ્ધતિ** વ્યકિત અભ્યાસ પધ્ધતિ.

**તારણો** (૧) શિક્ષણ સાથે જીવનઘડતર, ગૃહઉદ્યોગની તાલીમથી વ્યકિત પગભર થઈ શકે છે.

(૨) સંસ્થા સમાજોપયોગી પ્રવૃત્તિઓ કરે છે.

(૩) સંસ્થાની પ્રવૃત્તિઓ શાળાનાં વર્ગખંડ પૂરતી મર્યાદિત નથી. તે સમાજ સાથે સંકળાયેલી છે.

**દા.ત.** મેળાવડામાં સ્વંયસેવિકા તરીકે કામ કરવું. મહોલ્લાની સફાઈ કરવી, નેત્ર–દંત યજ્ઞમાં સેવા આપવી. ગામનાં રસ્તા બનાવવા, શોષખાડા–નિર્ધૂમચૂલા બનાવવા, માખી–મચ્છરની દવા છાંટવી, સમાજસેવા, રાષ્ટ્રીયભાવ અને શ્રમ પ્રત્યેની નિષ્ઠાથી કામ કરે છે.

**એમ.એસ.ડબલ્યુ કક્ષાએ થયેલાં સંશોધનો**

**૩.૧૧ શીર્ષક : ભણસાલી ટ્રસ્ટની ગ્રામવિકાસની પ્રવૃત્તિઓનો અભ્યાસ**

**પ્રયોજક** હસમુખ જે. પટેલ (૨૦૦૦)

**હેતુ**

(૧) સમાજમાં આવી બીજી સ્વૈચ્છિક સેવાભાવી સંસ્થાઓને પ્રેરણા મળે અને એક ઉત્તમ ઉદાહરણ મળે.

(૨) સંસ્થાની સેવાભાવી કામગીરીની જાણકારી મળે.

(૩) સમાજ અને સરકાર જાણી શકે કે આવી સ્વૈચ્છિક સંસ્થાઓ કઈ રીતે લોકોને ઉપયોગી છે.

**પધ્ધતિ** પ્રશ્નાવલિ, મુલાકાત, નિરીક્ષણ સર્વેક્ષણ પધ્ધતિ,

**નમૂના પસંદગી** યોજનાબધ્ધ નમૂના પસંદગી

**તારણો**

(૧) વધુ જાગૃત્તિની જરૂર છે.

(૨) સંસ્થાની સેવાકીય પ્રવૃત્તિઓનો લાભ લેવાય છે.

**૩.૧૨ શીર્ષક : મંગલભારતી ગ્રામવિદ્યાપીઠ – એક અધ્યયન**

**પ્રયોજક** બંસીલાલ શાહ (૧૯૯૦)

**હેતુ**

(૧) પ્રવૃત્તિઓની જાણકારી મેળવવી.

(૨) પ્રવૃત્તિઓનો સમાજ લાભ લે છે. કે કેમ તે જાણવુ.

**પધ્ધતિ** વ્યકિત અભ્યાસ પધ્ધતિ.

**નમૂનો** વર્તમાન ૬૦ વિદ્યાર્થીઓ તેમજ ભૂતપૂર્વ ૧૯ વિદ્યાર્થીઓ.

**તારણ**

(૧) સંસ્થાની પ્રવૃત્તિઓથી વિદ્યાર્થીઓને શિક્ષણનાં જ્ઞાનનો પ્રાયોગિક અમલ કરવાની બહોળી તક મળે છે.

(૨) સંસ્થાની શિક્ષણની પ્રવૃતિઓ સાથે ગૌસંવર્ધન, ખેતી, દવાખાનુ, ઊર્જા, ગ્રામોદ્યોગ, વ્યસનમુકિતની પ્રવૃત્તિઓથી ગામના લોકોને મોટા પ્રમાણમાં ફાયદો થાય છે.

**એમ. ફિલ. કક્ષાએ થયેલા સંશોધનો**

**૩.૧૩ શીર્ષક : લોકભારતી – સણોસરા સંસ્થાની ગ્રામવિકાસની પ્રવૃત્તિઓનો અભ્યાસ.**

**પ્રયોજક** કપિલ દેશવાલ (૨૦૦૩)

**હેતુઓ**

(૧) ઉત્તરદાતાઓની કૌટુંબિક માહિતી મેળવવી.

(૨) સંસ્થાની મહિલા વિકાસની પ્રવૃત્તિઓથી થયેલ ગ્રામવિકાસ જાણવો.

(૩) સંસ્થાની આરોગ્યની પ્રવૃત્તિઓથી થયેલ ગ્રામવિકાસ જાણવો.

**પધ્ધતિ**

(૧) વર્ણનાત્મક પધ્ધતિ

(૨) ગ્રંથાલય પધ્ધતિ

(૩) મુલાકાત પધ્ધતિ

(૪) પ્રશ્નાવલિ પધ્ધતિ

**નમૂનો**

યાદચ્છિક યોજનાબધ્ધ પધ્ધતિ.

**તારણો**

(૧) સંસ્થાની પ્રવૃતિઓની જાણકારી બહોળા સમાજ સુધી પહોંચી નથી. ગ્રામસભા દ્વારા પ્રવૃત્તિની જાણકારી મળે છે તે જરૂરી છે. મુલાકાત દ્વારા પ્રવૃત્તિઓની જાણકારી આપવી જરૂરી છે.

(૨) મહિલા વિકાસની પ્રવૃતિઓનો લાભ વધુ લેતા થાય તે માટે વ્યાપ જરૂરી જણાય છે.

**૩.૧૪ શીર્ષક : પ્રાથમિક શિક્ષણનાં વિકાસમાં સ્વાયત્ત સંસ્થાઓનો ફાળો**

**પ્રયોજક** અર્ચના જી. પંડયા

**હેતુઓ** સંસ્થા કેવી કામગીરી, કેવા પ્રકારની કામગીરી કરે છે તેનો અભ્યાસ કરવો.

**નમૂનો** સહેતુક સ્તરીકૃત પધ્ધતિ મુજબનો નમૂનો.

**તારણો** શિક્ષણ ઉપરાંત અનેક સહઅભ્યાસક પ્રવૃતિઓનું આયોજન થાય છે. જેમાં પ્રવાસ, શિબિર, ગ્રામશિક્ષણ, પ્રૌઢશિક્ષણ, ગ્રામસફાઈ, ગ્રામ સંપર્ક, સાંસ્કૃતિક કાર્યક્રમો, સમૂહ ભોજન, ઉત્સવોની ઉજવણી વગેરે સમાજોપયોગી પ્રવૃત્તિઓ થાય છે.

**૩.૧૫ શીર્ષક : વેડછી પ્રદેશ સેવા સમિતિ – વાલોડ એક અભ્યાસ**

**પ્રયોજક** હરજીભાઈ દૂધાત (૧૯૯૪)

**હેતુ** વાલોડ તાલુકાના અને તે વિસ્તારનાં આદિવાસીઓનાં વિકાસમાં સંસ્થાનાં પ્રદાનને સમજવું.

| | | |
|---|---|---|
| **સંશોધન પધ્ધતિ** | (૧) | ઐતિહાસિક પધ્ધતિ |
| | (૨) | સર્વેક્ષણ પધ્ધતિ |
| **ઉપકરણો** | (૧) | પ્રશ્નાવલિ |
| | (૨) | રેકર્ડ |
| | (૩) | નિરક્ષણ |
| **નમૂનો** | | ૧૯૮૯ થી ૧૯૯૩ સુધીની પ્રવૃત્તિઓ, તેના ટ્રસ્ટીઓ, વહીવટકર્તાઓ, લાભાર્થીઓ, કાર્યકર્તા નમૂનારૂપ લીધેલ છે. |
| **તારણ** | (૧) | શિક્ષણ એક પ્રક્રિયા છે. અને તે દ્વારા સમાજનું નકકર પરિવર્તન શકય છે. |
| | (૨) | રાષ્ટ્રનાં નવઘડતરમાં આવી શૈક્ષણિક સ્વૈચ્છિક સંસ્થાનો ફાળો અતિ મહત્ત્વનો છે. |

**પી.એચ.ડી. કક્ષાએ થયેલ સંશોધન.**

**૩.૧૬ શીર્ષક : ગુજરાત રાજયમાં ઉત્તર બુનિયાદી શિક્ષણનો ઉદ્ભવ વિકાસ અને તેની સમસ્યાઓનો તેમજ સામૂહિક વિકાસનાં કેન્દ્ર તરીકે ઉત્તર બુનિયાદી વિદ્યાલયોનો ફાળો.**

**પ્રયોજક** રમાબહેન દેસાઈ (૧૯૮૪)

| | | |
|---|---|---|
| **હેતુ** | (૧) | ઉત્તર બુનિયાદી વિદ્યાલયોની પ્રવૃત્તિઓ જાણવી. |
| | (૨) | સામુહિક વિકાસલક્ષી પ્રવૃત્તિઓથી સમાજને થતો ફાયદો જાણવો. |
| **સંશોધન પધ્ધતિ** | | સર્વેક્ષણ પધ્ધતિ |
| **ઉપકરણો** | (૧) | પ્રશ્નાવલિ |
| | (૨) | અહેવાલ |
| **તારણ** | (૧) | શિક્ષણનાં ભાગરૂપે અનેક સામાજિક પ્રવૃતિઓ થાય છે. |
| | (૨) | ગામનાં લોકો આવાં ઉત્તરબુનિયાદી વિદ્યાલયોને એક માર્ગદર્શક કેન્દ્ર તરીકે સ્વીકારે છે. લાભ લે છે. |

## ૪.૦ સંબંધિત સંશોધનોની સમીક્ષા

પ્રયોજકે અભ્યાસ હેઠળ આવરી લીધેલ પૂર્વે થયેલાં સંશોધનોનાં સારાંશ પરથી કેટલી માહિતી તારવેલ. અને દરેક મુદ્દાઓ માટેની પ્રાપ્ય માહિતીનું સમીક્ષા દ્વારા સંકલન કરેલ છે.

પ્રયોજકે અભ્યાસ પરથી રજૂ કરેલ સંશોધનોમાં એમ.એ. કક્ષાએ ૬ (છ), એમ.એડ્.કક્ષાએ ૪ (ચાર), એમ.એસ.ડબલ્યુ કક્ષાએ, ૨ (બે), એમ.ફિલ કક્ષાએ ૩(ત્રણ) અને પી.એચ.ડી. કક્ષાએ થયેલ સંશોધનનો અભ્યાસ વિષયવસ્તુ સંબંધિત કર્યો હતો.

### ૪.૧ હેતુઓ

ઉપરોકત સંશોધનોના હેતુઓ મુખ્યત્ત્વે સંસ્થાની પ્રવૃત્તિઓ જાણવા માટેના હતા. કેટલાંક અભ્યાસોમાં સંસ્થાનાં ઉદ્ભવ–વિકાસની જાણકારી મેળવવાનો હેતુ હતો. મોટા ભાગનાં અભ્યાસોમાં સંસ્થાની પ્રવૃત્તિઓથી ગ્રામવિકાસ કે સમાજવિકાસ થાય છે કે કેમ તે જાણવાનો હતો. ચાર સંશોધનોમાં સંસ્થાઓ મહિલા સંબંધી અને આરોગ્ય વિષયક કઈ કઈ પ્રવૃત્તિઓ કરે છે તે જાણવાનો હેતુ હતો.

સંસ્થાઓ જે શૈક્ષણિક પ્રવૃત્તિઓ કરે છે, તેની સ્થાનિક સમાજ પર શી અસર થાય છે. તે જાણવાનો મહત્વનો અભ્યાસ પણ હાથ ધરાયેલ છે. વિવિધ પ્રોજેકટ દ્વારા સામાજિક, આર્થિક અને ખેતી વિષયક જાગૃતિ કેળવવાનાં અભ્યાસો પણ થયેલ છે. સ્વચ્છતા અંગે સભાનતા કેળવવાનાં અભ્યાસો થયા છે. દહેજ પ્રથા અને વિધવાવિવાહનાં વલણોમાં પરિવર્તન લાવવાના પ્રયાસો સંશોધનરૂપે જોવા મળ્યા છે. જરૂરિયાત મંદને ઉપયોગી થવા સંસ્થા રોજગારી પૂરી પાડે છે.

### ૪.૨ સંશોધન પધ્ધતિ

અભ્યાસ કરેલ સંશોધનો પૈકી ૬ અભ્યાસમાં સર્વેક્ષણાત્મક પધ્ધતિનો ઉપયોગ થયો હતો. વ્યકિતગત અભ્યાસ પધ્ધતિ ૫ અભ્યાસમાં જોવા મળી હતી. જયારે મુલાકાત અને નિરીક્ષણ પધ્ધતિનો ૫ અભ્યાસમાં ઉપયોગ કરવામાં આવ્યો હતો. એકથી વધુ પધ્ધતિનાં ઉપયોગમાં ગ્રંથાલયનો ઉપયોગ, અનુસૂચિ પધ્ધતિ, પ્રશ્નાવલિ, વર્ણનાત્મક, ઐતિહાસિક પધ્ધતિનો ઉપયોગ થયો હોય તેવા ખૂબ ઓછા સંશોધનોમાં જોવા મળ્યો. એક પણ સંશોધનમાં પ્રાયોગિક સંશોધન પધ્ધતિનો ઉપયોગ થયો ન હતો.

### ૪.૩ નમૂનાની પસંદગી અને ઉપકરણો

મોટાભાગનાં સંબંધિત અભ્યાસોમાં નમૂનાની પસંદગી માટે ખૂબ નાનો નમૂનો – યાદચ્છિક નમૂના પધ્ધતિનો ઉપયોગ કરી, અભ્યાસ માટે પસંદ કરેલ છે. જે સહેતુક નમૂનો તરીકે પસંદ કરવામાં આવેલ તેમ જાણવા મળ્યું.

અભ્યાસ માટેના ઉપકરણ તરીકે મોટાભાગમાં પ્રશ્નાવલિનો ઉપયોગ થયેલ હતો. અંશતઃ મુલાકાત– વ્યકિતગત કે સામુહિકનો ઉપકરણ તરીકે ઉપયોગ થયો છે. કેટલાંક અભ્યાસમાં સંસ્થાનાં રેકર્ડ–અહેવાલનો ઉપકરણ તરીકે ઉપયોગ કરેલ છે.

### ૪.૪ સંશોધન કાર્ય દ્વારા પ્રાપ્ત થયેલાં તારણો

અભ્યાસનાં હેતુઓને ધ્યાનમાં લઈને થયેલ સંશોધન કાર્ય બાદ પ્રાપ્ત થયેલ તારણો મુજબ મોટાભાગની શૈક્ષણિક સંસ્થાઓ શિક્ષણની પ્રવૃત્તિ સાથે સાથે સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ કરે છે. બુનિયાદી શિક્ષણ સમૂહજીવનનાં ભાગરૂપે વિશિષ્ટ કામગીરી કરે છે. જે સમાજને ઉપયોગી છે. સંસ્થાઓ સમુદાય શિક્ષણ માટે પ્રતિબધ્ધ છે. આરોગ્ય અને સફાઈ તરફનું વલણ કેળવાય તેવા પ્રયત્નો–પ્રવૃત્તિઓ દ્વારા સંસ્થાઓ વિશેષ કરે છે. રાષ્ટ્રના નવઘડતરમાં અને સ્વસ્થ સમાજ માટે ગ્રામવિકાસલક્ષી પ્રવૃતિઓ સંસ્થાઓ કરે છે. જે આશીર્વાદરૂપ છે. કેટલાંક અભ્યાસ પરથી એમ જાણવા મળ્યું કે, સંસ્થાની પ્રવૃત્તિનો લાભ કે જાણકારી જોઈએ તેટલા પ્રમાણમાં સમાજ લેતો નથી, જાગૃતિની જરૂર છે. તેમ કેટલાંક અભ્યાસ પરથી જણાયુ.

શિક્ષણ સંસ્થાઓ આ પ્રવૃત્તિ માત્ર નિશ્ચિત સમય પૂરતી જ કરે તે જરૂરી નથી. સમયાંતરે સતત આવી પ્રવૃત્તિઓ કરતા રહે તે જરૂરી લાગેલ છે.

## ૫.૦ પ્રસ્તુત સંશોધનની વિશેષતા

પ્રયોજકે પૂર્વે થયેલાં કેટલાંક સંશોધનનોનો અભ્યાસ કર્યો હતો. આ અભ્યાસ પરથી જાણવા મળ્યું કે મોટા ભાગના અભ્યાસો સંસ્થાકિય વિકાસ અને શૈક્ષણિક, સામાજિક તથા કેળવણીમાં પ્રદાન અંગેનાં હતા.

પૂર્વે થયેલાં સંશોધનોનાં અભ્યાસ પરથી પ્રયોજકે હાથ ધરેલ સંશોધનની વિશેષતાઓ જાણવા મળી હતી. જે નીચે પ્રમાણે છે.

### ૫.૧ સંશોધનનાં હેતુઓ

મોટાભાગનાં સંશોધનો સંસ્થાનો ઉદ્ભવ, વિકાસ, શૈક્ષણિક–સામાજિક પ્રવૃત્તિઓ અને તેની સમાજ પર થતી અસરો જાણવાના હતા. પ્રસ્તુત અભ્યાસ માત્ર પ્રવૃત્તિઓ જાણવાનો જ ન હતો. પણ પ્રયોગો દ્વારા માન્યતાઓ, દ્રષ્ટિ અને વિવિધ સામાજિક વિષયો પ્રત્યેની અસર અને સભાનતાની અસરકારકતા ચકાસવાનો હતો.

### ૫.૨ સંશોધન પધ્ધતિ

પૂર્વે થયેલાં અભ્યાસોમાં મોટાભાગે વ્યકિત અભ્યાસ અને સર્વેક્ષણ પધ્ધતિનો ઉપયોગ જોવા મળ્યો હતો. પ્રસ્તુત અભ્યાસમાં સર્વેક્ષણ પધ્ધતિ તેમજ પ્રાયોગિક સંશોધન પધ્ધતિ એ બે પ્રકારની પધ્ધતિઓથી પ્રસ્તુત સંશોધન હાથ ધરવામાં આવ્યું હતું.

### ૫.૩ ઉપકરણો

પૂર્વે થયેલાં અભ્યાસોમાં પ્રશ્નાવલિ, નિરીક્ષણ, મુલાકાત, ગ્રંથાલય, અનુસૂચિ વગેરે ઉપકરણોનો ઉપયોગ થયેલો, જયારે પ્રસ્તુત સંશોધનમાં પ્રશ્નાવલિ ઉપરાંત મુકત ઉત્તર પ્રકારનાં મૌખિક પ્રશ્નો સમાવિષ્ટ હતા. જે ગ્રામ્ય પ્રજાને સમૂહમાં પૂછવામાં આવેલ હતા. જેનું ઓડિયો–રેકોર્ડીંગ તેમજ ફોટોગ્રાફસ જેવા સાધનોનો ઉપયોગ કરી મુકત પ્રતિચાર માટેનો આધાર મેળવેલ હતો. આમ, ઉપકરણોમાં પ્રશ્નાવલિ, મુલાકાત અનુસૂચિ અને સ્વનિર્મિત સ્વાસ્થ્ય સભાનતા કસોટી તેમજ કેટલીક સામાજિક સ્થિતિનાં પ્રસંગો (પરિસ્થિતિ) નિર્માણ કરી વિદ્યાર્થીઓનો સામાજિક કૌશલ્યો–ક્ષમતા–વિકાસ સંબંધિત અભિપ્રાય જાણવા માટેની કસોટીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જે અન્ય સંશોધનો કરતાં વિશિષ્ટ હતું.

## ૫.૪ સંશોધનનો નમૂનો

પૂર્વે થયેલાં સંશોધનોનાં નમૂના પસંદગીમાં વિદ્યાર્થીઓ, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, આચાર્યો, શિક્ષકો અને અધ્યાપન મંદિરનાં વિદ્યાર્થીઓ સમાવિષ્ટ હતા. જયારે પ્રસ્તુત સંશોધનમાં ઓછું ભણેલા કે નિરક્ષર એવાં ભાઈઓ અને બહેનો જે ગ્રામ્ય પ્રજાજનો હતા. અને વિદ્યાર્થીઓનાં વાલીઓ અને વિદ્યાર્થીઓને પણ સમાવિષ્ટ કરવામાં આવેલ હતા.

## ૫.૫ નમૂના પસંદગીની પધ્ધતિ

મોટા ભાગનાં સંશોધનોમાં યાદચ્છિક સહેતુક અને સર્વેક્ષણ પ્રકારની નમૂના પસંદગીની પધ્ધતિ જોવા મળી હતી. પ્રસ્તુત સંશોધનમાં આકસ્મિક નમૂના પધ્ધતિનો પણ સમાવેશ કરવામાં આવેલ હતો.

## ૫.૬ કાર્યક્રમોની સંરચના અને અમલીકરણ

પ્રસ્તુત સંશોધન ગુણાત્મક અને પ્રાયોગિક પ્રકારનું હતું.

શાળાનાં માધ્યમ દ્વારા ગ્રામ્ય–પ્રજાજનો સમક્ષ સામાજિક પ્રવૃતિઓના સંદર્ભે કાર્યક્રમો થયાં હતા. સામાજિક પ્રવૃતિઓની યાદી પ્રશ્નાવલિ દ્વારા મેળવી આચાર્યો પાસેથી સર્વેક્ષણાત્મક માહિતી મેળવેલ હતી.

પ્રશ્નાવલિ દ્વારા મેળવેલ ઉત્તરોનું વર્ગીકરણ–તારણોનું ચિત્ર સ્પષ્ટ કરી, એક ખાસ મીટીંગનું આયોજન પ્રયોજકે કરેલ હતું. જેમાં જિલ્લાનાં કેળવણીકારી, આચાર્યો, તજજ્ઞોને બોલાવેલ. સૌનાં મંતવ્યોની મુકત ચર્ચા કરવામાં આવી હતી. અને શૈક્ષણિક સંસ્થાઓ હાથ ધરી શકે તેવાં નીચે મુજબનાં ચાર કાર્યક્રમો પ્રવૃત્તિ માટેનાં નકકી કરવામાં આવ્યા હતા. આમ, નિષ્ણાંતોની બેઠક બોલાવી મુકત અભિપ્રાય પ્રયોજકે એકત્રિત કર્યા, તે સંશોધન માટેની આગવી પધ્ધતિ હતી. કાર્યક્રમ યોજવા માટેના ચાર પ્રયોગો નીચે મુજબના હતા.

૧. સ્વાસ્થ્ય સભાનતા
૨. સામાજિક કૌશલ્યો ક્ષમતા–વિકાસ
૩. વહેમ–અંધશ્રદ્ધા નાબૂદી
૪. વ્યસનમુકિત

ઉપરોકત ચારેય કાર્યક્રમો માટે પ્રયોજકે વિશિષ્ટ પ્રકારની પ્રવૃત્તિઓ યોજી હતી. જેમાં વિશિષ્ટરૂપે વહેમ–અંધશ્રધ્ધા નાબૂદી માટેનાં પ્રયોગો, ભવાઈ વેશરૂપે રંગલાના રૂપક તરીકેનો કાર્યક્રમ, વ્યસન માટેનું સચિત્ર–સચોટ પ્રદર્શન, મુકત પ્રશ્નોત્તરી મંતવ્યો, વ્યકિતગત મૂલ્યાંકન માટે વિદ્યાર્થીઓની સ્વાસ્થ્ય સભાનતા અને સામાજિક કૌશલ્યો ક્ષમતા વિકાસ માપન માટેની પ્રિટેસ્ટ–પોસ્ટ ટેસ્ટની રચનાં કરવામાં આવી હતી આમ એકથી વધુ ઉપકરણોનાં માધ્યમ દ્વારા વિવિધ પ્રવૃતિઓની અસર ચકાસવામાં આવી હતી.

## ૫.૭ પૃથકકરણ અને અર્થઘટન

સામાજિક કાર્યક્રમ હેઠળનાં પ્રયોગો ગ્રામજનો અને વિદ્યાર્થી બંને માટે કરવામાં આવ્યા હતા. આ માટેનાં પ્રયોગો હેઠળ વિવિધ પ્રવૃત્તિઓનાં અમલીકરણ બાદ તેનું પૃથકકરણ પ્રાયોગિક સંશોધન યોજના તરીકે એક જૂથ પૂર્વ કસોટી ઉત્તર કસોટીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

ગ્રામજનો માટેનાં કાર્યક્રમની અસરકારકતા તપાસવા માટે મુલાકાત અનુસૂચિ દ્વારા ગુણાત્મક પૃથકકરણ કરવામાં આવ્યુ હતું.

આમ, પ્રસ્તુત સંશોધન સર્વેક્ષણાત્મક તેમજ પ્રયોગાત્મક એમ બંને પ્રકારનો હતો. પાંચ ઉપકરણો રચેલ હતા. જેમાં બે મુલાકાત અનુસૂચિ, સ્વાસ્થ્ય સભાનતા ટેસ્ટ, સામાજિક કૌશલ્યો ક્ષમતા વિકાસ માટેની 'મારી પસંદગી' નામની ટેસ્ટની રચના કરવામાં આવી હતી, અને પ્રાયોગિક કાર્ય માટે મુખ્ય ચાર કાર્યક્રમો હેઠળ વિવિધ પ્રકારની પ્રવૃતિઓ પ્રયોજવામાં આવી હતી. જે શૈક્ષણિક સંસ્થાઓ માટે એક આયોજનબધ્ધ, સહેતુક કામ માટેના વિવિધ કાર્યક્રમો પૂરા પાડેલ છે. જે પ્રસ્તુત સંશોધનનું એક આગવું નાવીન્યપણું રહેલ છે.

# પ્રકરણ : ૩

# સંશોધન યોજના અને તેના આધારો

**૧.૦ વિષયનો ઉદ્‌ગમ**

**૨.૦ વ્યાપવિશ્વ**

**૩.૦ નમૂનો**

**૪.૦ સંશોધન પદ્ધતિ**

**૫.૦ ઉપકરણો**

- ૫.૧ પ્રશ્નાવલિ
- ૫.૨ સ્વાસ્થ્ય સભાનતા કસોટી
- ૫.૩ સામાજિક–કૌશલ્યો ક્ષમતા કસોટી
- ૫.૪ ગ્રામજનોની વહેમ–અંધશ્રદ્ધા જાણવા માટેની મુલાકાત અનુસૂચિ
- ૫.૫ ગ્રામજનોમાં વ્યસન અંગેની જાગૃતિ જાણવા માટેની મુલાકાત–અનુસૂચિ

**૬.૦ કાર્યક્રમ સંરચના**

**૭.૦ પ્રયોગોનું અમલીકરણ**

**૮.૦ પૃથકકરણ પદ્ધતિ**

# પ્રકરણ : ૩

# સંશોધન યોજના અને તેના આધારો

## ૧.૦ વિષય ઉદ્ગમ

શિક્ષણ અને સમાજ એક સિકકાની બે બાજુ છે. શિક્ષણનું પ્રતિબિંબ સમાજમાં પડે છે. અને સમાજની આવશ્યકતાઓ શિક્ષણ પૂર્ણ કરે છે.

પ્રયોજક શૈક્ષણિક તેમજ સામાજિક સંસ્થાઓનું સંચાલન કરતાં હોઈ વિવિધ સમાજનાં, વિવિધ વિદ્યાર્થીઓનાં સંપર્કમાં આવે છે. વાલીઓનાં તથા ગ્રામ્યજનોનાં સંપર્કમાં પણ રહે છે. દરેકનાં સામાજિક સ્તર અલગ અલગ હોય છે. શિક્ષણની સાથે સાથે સંસ્થામાંથી કાંઈક એવું મેળવે કે જેનાંથી તેમનામાં એક કેળવાયેલ સામાજિક સ્તરની પ્રતિભા ઉભી કરી શકે. પ્રયોજકને આ ઉપરથી એમ વિચાર આવ્યો કે શૈક્ષણિક સંસ્થાઓ સમાજ માટે કાંઈક નકકર એવી પ્રવૃત્તિઓ કરે કે વિદ્યાર્થીઓ દ્વારા કરાવે કે જેનાથી સામાજિક વિકાસ સુદઢ થઈ શકે. આમ, શૈક્ષણિક સંસ્થાઓ સામાજિક કાર્ય સંબંધી કઈ કઈ પ્રવૃત્તિઓ કરે છે અને હજુ વધુ કંઈ કંઈ પ્રવૃત્તિઓ કરાવી શકે તેની માહિતી મેળવવાનો સર્વેક્ષણ દ્વારા પ્રયત્ન હાથ ધરવામાં આવ્યો હતો.

શૈક્ષણિક સંસ્થાઓએ સમાજની કાયાપલટ કરી છે, ટેક્નોલોજીનો વ્યાપ વધ્યો છે. સુખ–સગવડો વધ્યા છે. સાધનો દ્વારા જીવન સરળ બન્યુ છે. વિદ્યાર્થી વધુ હોંશિયાર થયો છે. પણ સાથોસાથ વ્યસનો અને અંધશ્રધ્ધા વધ્યા છે. સ્વાસ્થ્ય પ્રત્યેની સભાનતા ઘટી છે. દેશભકિત, કરૂણા અને માનવતાનાં મૂલ્યો ઘટી રહ્યા છે. ત્યારે પ્રયોજકને થયું કે ખરેખર શૈક્ષણિક સંસ્થાઓ / શાળાઓ કઈ કઈ પ્રવૃત્તિ કરે છે, સમાજનાં હિતમાં તેમનું યોગદાન કેવુ છે, તેઓની આ માટે કઈ કઈ પ્રવૃત્તિઓ કેવી રીતે યોજે છે, વગેરે પ્રવૃત્તિઓની માહિતી મેળ વવી રસપ્રદ થઈ પડશે એમ માની પ્રયોજકે પ્રસ્તુત અભ્યાસ હાથ ધરવા વિચાર્યુ. આ ઉપરાંત સામાજિક કાર્યક્રમો કેવા પ્રકારનાં થઈ શકે તેનો પ્રયોગાત્મક પરિચય કરાવવા પ્રયત્ન કરવામાં આવ્યો હતો. અને તેની અસરકારકતા તપાસવા માટેનો અભ્યાસ કરવામાં આવ્યો હતો.

## ૨.૦ વ્યાપવિશ્વ

અભ્યાસનાં હેતુઓ અનુસાર વ્યાપવિશ્વની વિગત આ પ્રમાણે છે.

પ્રસ્તુત અભ્યાસનાં પ્રથમ બે હેતુઓનાં સંદર્ભમાં વ્યાપવિશ્વમાં સુરેન્દ્રનગર જિલ્લાની શૈક્ષણિક સંસ્થાઓ તરીકે માધ્યમિક શાળાઓ અને કેટલીક કોલેજોને સમાવિષ્ટ કરવામાં આવી હતી. સુરેન્દ્રનગર જિલ્લાનાં દસ તાલુકાઓ વઢવાણ, લખતર, લીંબડી, મૂળી, ચોટીલા, હળવદ, સાયલા, દસાડા,ચુડા, ધ્રાંગધ્રાનાં ગ્રામ્ય વિસ્તારની અને સુરેન્દ્રનગર શહેરમાં આવેલી ગુજરાતી માધ્યમની નિવાસી અને બિન નિવાસી શાળાઓ તેમજ કોલેજો પ્રસ્તુત અભ્યાસનું વ્યાપવિશ્વ હતુ.

**જિલ્લો :** સુરેન્દ્રનગર.

**શૈક્ષણિક સંસ્થાઓ :** સુરેન્દ્રનગર જિલ્લાની માધ્યમિક શાળાઓ અને તેમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ અને કેટલીક ઉચ્ચશિક્ષણ આપતી કોલેજો

**સંસ્થાનો પ્રકાર :** નિવાસી અને બિનનિવાસી

**સમય ગાળો :** વર્ષ ૨૦૦૩–૦૪

પ્રસ્તુત અભ્યાસ સર્વેક્ષણ અને પ્રાયોગિક પ્રકારનો હતો. રચાયેલાં સામાજિક કાર્યક્રમોનાં અમલ માટે માત્ર શૈક્ષણિક સંસ્થાઓ જ સમાવિષ્ટ ન હતી. સુરેન્દ્રનગર જિલ્લાનાં વઢવાણ તાલુકાના ગુંદિયાળા ગામનાં શિક્ષિત, અશિક્ષિત લોકો પ્રસ્તુત અભ્યાસનાં વ્યાપવિશ્વમાં સમાવિષ્ટ હતા.

પ્રસ્તુત અભ્યાસનાં અંતિમ હેતુનાં સંદર્ભમાં રચાયેલાં સામાજિક કાર્યક્રમોની અસરકારકતા તપાસવાની હતી. ચાર સામાજિક કાર્યક્રમો રચેલાં હતા. તે અંતર્ગત વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી. જેમાં સ્વાસ્થ્ય જાળવણી અને સામાજિક કૌશલ્યો ક્ષમતા વિકાસને લગતી પ્રવૃત્તિઓને સમાવતા કાર્યક્રમની અસરકારકતા માધ્યમિક શાળાનાં વિદ્યાર્થીઓ પર તપાસવામાં આવી હતી. અન્ય બે પૈકી વહેમ–અંધશ્રધ્ધા નાબૂદી અને વ્યસન મુકિત અંગેની પ્રવૃત્તિઓ સમાજનાં ગ્રામજનો ઉપર તપાસવા માટે હતી.

આમ, અભ્યાસનાં અંતિમ હેતુનાં સંદર્ભમાં બે પ્રકારનાં વ્યાપવિશ્વ આવરાયેલા હતા. (૧) ગ્રામજનો અને (૨) માધ્યમિક શાળાનાં વિદ્યાર્થીઓ.

સમગ્ર રીતે જોઈએ તો પ્રસ્તુત અભ્યાસમાં વ્યાપવિશ્વ તરીકે માધ્યમિક શાળાઓ/કોલેજો, ગ્રામજનો અને વિદ્યાર્થીઓ એમ ત્રણ પ્રકારનાં પાત્રો આવરાયેલા હતા.

## ૩.૦ નમૂના પસંદગી

પ્રસ્તુત અભ્યાસ શૈક્ષણિક સંસ્થાઓ અને સમાજ સાથે સંકળાયેલ હોઈ નમૂનો બે પ્રકારનો લેવામાં આવ્યો હતો.

શૈક્ષણિક સંસ્થાઓ તરીકે નિવાસી અને બિનનિવાસી માધ્યમિક શાળાઓ તથા ઉચ્ચશિક્ષણ આપતી કોલેજોને સહેતુક નમૂના તરીકે પસંદ કરવામાં આવેલ હતી.

પ્રયોજકે વ્યાપવિશ્વ નકકી કર્યા પછી સુરેન્દ્રનગર જિલ્લાની માધ્યમિક શાળાઓની યાદી મેળવેલ હતી. જાણકારી મુજબની કોલેજોની યાદી કરી હતી. શાળાઓ / કોલેજોનાં પૂરાં નામ, સરનામા અને ફોન નંબર મેળવ્યા હતા.

સુરેન્દ્રનગર જિલ્લામાં વઢવાણ, લખતર, લીંબડી, મૂળી, ચોટીલા, હળવદ, સાયલા, દસાડા, ચુડા, ધ્રાંગધ્રા એમ કુલ દસ તાલુકાઓ આવેલા છે. આ તાલુકાઓમાં કુલ ૧૭૪ જેટલી માધ્યમિક શાળાઓ ૨૦૦૩–૦૪ ના વર્ષ દરમ્યાન કાર્યરત હતી. અભ્યાસનાં પ્રથમ હેતુનાં સંદર્ભમાં આ શાળાઓમાંથી નમૂનો પસંદ કર્યો હતો. ઉપરાંત જે શાળાઓ / કોલેજો શૈક્ષણિક રીતે તેમજ અન્ય પ્રવૃત્તિનાં સંદર્ભમાં સક્રિય હોય, તે શાળાઓ / કોલેજોનો નમૂનામાં સમાવેશ કરવો તેમ નકકી કરવામાં આવ્યુ હતુ. પ્રયોજક પોતે વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ તેમજ વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓનાં સંચાલનમાં સક્રિય રીતે કાર્ય કરે છે. આથી, સુરેન્દ્રનગર જિલ્લાની માધ્યમિક શાળાઓ / કોલેજો પૈકી કઈ કઈ શાળાઓ / કોલેજો સારી રીતે સક્રિય છે તે જાણતા હતા. આ ઉપરાંત અન્ય સંનિષ્ઠ આચાર્યો સાથે ચર્ચા કરીને પણ આ અંગેની વિગત મેળવી હતી. આના આધારે ૧૭૪ શાળાઓમાંથી ૧૦૦ શાળાઓને સહેતુક નમૂના પસંદગીથી પસંદ કરેલ. જેમાંથી ૬૭ શાળાઓની તેમજ પાંચ કોલેજો કે જે ઉચ્ચ શિક્ષણ આપતી કોલેજોની પશ્નાવલિ ભરાઈને આવેલ હતી. આમ, કુલ ૭૨ શાળા/કોલેજોની યાદી સારણી ૩.૧ માં રજૂ કરી છે.

**સારણી–૩.૧**
**અભ્યાસનાં પ્રથમ હેતુનાં સંદર્ભનાં નમૂનામાં પસંદ કરેલી માધ્યમિક શાળાઓ / કોલેજો**

| ક્રમ | માધ્યમિક શાળા / કોલેજનું નામ | તાલુકો |
|---|---|---|
| ૧. | શ્રી એલ. એન. મૈત્રી પીટીસી કોલેજ | સુરેન્દ્રનગર |
| ૨. | શ્રી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન | સુરેન્દ્રનગર |
| ૩. | શ્રી એમ. એલ. દોશી સ્ત્રી પીટીસી કોલજ | સુરેન્દ્રનગર |
| ૪. | શ્રી એમ.પી.શાહ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ | સુરેન્દ્રનગર |
| ૫. | શ્રી એસ. પી. જૈન કોલેજ | ધ્રાંગધ્રા. |
| ૬. | શ્રી સી. યુ. શાહ વિદ્યાલય | સુરેન્દ્રનગર |
| ૭. | શ્રી આર.પી.પી. ગર્લ્સ હાઈસ્કૂલ | સુરેન્દ્રનગર |
| ૮. | શ્રી જે. એન. વી. હાઈસ્કૂલ | સુરેન્દ્રનગર |
| ૯. | શ્રી સી. પી. ઓઝા શારદા મંદિર હાઈસ્કૂલ, સુ.નગર | સુરેન્દ્રનગર |
| ૧૦. | શ્રી મંજુલા કન્યા વિદ્યાલય | સુરેન્દ્રનગર |
| ૧૧. | શ્રી વડવાળા દેવ સરસ્વતી વિદ્યાલય | સુરેન્દ્રનગર |
| ૧૨. | શ્રી જી.સી.શાહ ગુરુકુળ વિદ્યાલય | સુરેન્દ્રનગર |
| ૧૩. | શ્રી અંકુર વિદ્યાલય | સુરેન્દ્રનગર |
| ૧૪. | શ્રી એન.ડી.રાવલ ન્યુ ઈંગ્લીશ હાઈસ્કૂલ | સુરેન્દ્રનગર |
| ૧૫. | શ્રી ડી.એન.ટી. હાઈસ્કૂલ | સુરેન્દ્રનગર |
| ૧૬. | શ્રી કે. કે. મંગલાયતન વિનય મંદિર–લોક વિદ્યાલય | સુરેન્દ્રનગર |
| ૧૭. | શ્રી સી.યુ.શાહ ઈંગ્લીશ હાઈસ્કૂલ | વઢવાણ |
| ૧૮. | શ્રી આર.એ.પટેલ બોયઝ હાઈસ્કૂલ | વઢવાણ |
| ૧૯. | શ્રી કે. પી. ગર્લ્સ હાઈસ્કૂલ | વઢવાણ |
| ૨૦. | શ્રી એમ. ટી. દોશી સાર્વજનિક હાઈસ્કૂલ | વઢવાણ |
| ૨૧. | શ્રીમતી એમ.યુ.શેઠ ગર્લ્સ હાઈસ્કૂલ | વઢવાણ |
| ૨૨. | વિનય મંદિર–ઘરશાળા | વઢવાણ |
| ૨૩. | શ્રી એમ. એમ. શાહ ગર્લ્સ હાઈસ્કૂલ | વઢવાણ |
| ૨૪. | શ્રી સરસ્વતી કન્યા વિદ્યાલય | વઢવાણ |
| ૨૫. | શ્રી ઓ. વી. શેઠ વિદ્યાલય–ખેરાળી | વઢવાણ |
| ૨૬. | શ્રી એલ. એન. શાહ હાઈસ્કૂલ–રામપુરા | વઢવાણ |

| ક્રમ | માધ્યમિક શાળા / કોલેજનું નામ | તાલુકો |
|---|---|---|
| ૨૭. | માધ્યમિક શાળા – માળોદ | વઢવાણ |
| ૨૮. | એસ. બી. ગાર્ડી વિદ્યાલય – ગુંદિયાળા | વઢવાણ |
| ૨૯. | પી.એમ.જે. ગાંધી વિદ્યાલય – કટુડા | વઢવાણ |
| ૩૦. | શ્રી ઉ. બુ. વિદ્યાલય – ફુલગ્રામ | વઢવાણ |
| ૩૧. | માધ્યમિક શાળા–ખોડુ | વઢવાણ |
| ૩૨. | કુ. એમ. આર. ગાર્ડી વિદ્યાલય | વઢવાણ |
| ૩૩. | બોયઝ હાઈસ્કૂલ | મૂળી |
| ૩૪. | એમ. ડી. આર. કન્યા વિદ્યાલય | મૂળી |
| ૩૫. | સી. આર. ગાર્ડી વિદ્યા મંદિર – સરલા | મૂળી |
| ૩૬. | શ્રી માધ્યમિક શાળા –સરા | મૂળી |
| ૩૭. | શ્રી આર. ડી. ગાર્ડી માધ્યમિક શાળા–ઉમરડા | મૂળી |
| ૩૮. | બી.એચ.ગાર્ડી ઉત્તર બુનિયાદી વિદ્યાલય–વેલાળા | મૂળી |
| ૩૯. | સુ.હ. ગાર્ડી ઉતર બુનિયાદી વિદ્યાલય–જસાપર | મૂળી |
| ૪૦. | શ્રી માધ્યમિક શાળા – ગોદાવરી | મૂળી |
| ૪૧. | ઉત્તર બુનિયાદી વિદ્યાલય – મોરથળા | ચોટીલા |
| ૪૨. | ઉત્તર બુનિયાદી વિદ્યાલય (બોયઝ) ભીમોરા | ચોટીલા |
| ૪૩. | ઉત્તર બુનિયાદી વિદ્યાલય (કન્યા) ભીમોરા | ચોટીલા |
| ૪૪. | એમ. બી. પટવારી વિદ્યા વિહાર, બજાણા | દસાડા |
| ૪૫. | માધ્યમિક શાળા–દસાડા | દસાડા |
| ૪૬. | એલ.એન. મહેતા ગર્લ્સ, હાઈસ્કૂલ | હળવદ |
| ૪૭. | ચરાડવા માધ્યમિક શાળા–ચરાડવા | હળવદ |
| ૪૮. | સેકન્ડરી શાળા–જૂના દેવળિયા | હળવદ |
| ૪૯. | ઉત્તર બુનિયાદી વિદ્યાલય, ધજાળા | સાયલા |
| ૫૦. | વિરજીભાઈ ભાયાણી ઉત્તર બુનિયાદી વિદ્યાલય ડોળિયા | સાયલા |
| ૫૧. | ડી. પી. શાહ હાઈસ્કૂલ–સુદામડા | સાયલા |
| ૫૨. | માધ્યમિક શાળા, ઘાંઘલપુર | સાયલા |
| ૫૩. | સી. ડી. કપાસી હાઈસ્કૂલ | ચુડા |
| ૫૪. | એ. વી. ઓઝા સંસ્કાર વિદ્યાલય | લખતર |
| ૫૫. | સદ્‌વિચાર માધ્યમિક શાળા, લીલાપુર | લખતર |
| ૫૬. | જયશ્રી આઈ ખોડિયાર હાઈસ્કૂલ, વિઠ્ઠલગઢ | લખતર |
| ૫૭. | વી.ડી.ગાર્ડી વિદ્યાલય–સવલાણા | લખતર |
| ૫૮. | શ્રી ગીજુભાઈ શુકલ કુમાર વિદ્યાલય | લીંબડી |
| ૫૯. | કુ. શીવાંગી ઝાલા વિદ્યાલય | લીંબડી |
| ૬૦. | એન. એમ. હાઈસ્કૂલ | લીંબડી |
| ૬૧. | બી. એ. કન્યા વિદ્યાલય | લીંબડી |
| ૬૨. | જીવણસિંહ કેળવણી મંડળ હાઇસ્કૂલ | લીંબડી |
| ૬૩. | બી.એચ. ગાર્ડી હાઈસ્કૂલ, રળોલ | લીંબડી |
| ૬૪. | એસ. એમ. દવે માધ્યમિક શાળા–શીયાણી | લીંબડી |
| ૬૫. | સી. સી. હાઈસ્કૂલ, પાણશીણા | લીંબડી |
| ૬૬. | સર અજિતસિંહજી હાઈસ્કૂલ | ધ્રાંગધ્રા |
| ૬૭. | એન. ડી. એમ. કન્યા વિદ્યામંદિર | ધ્રાંગધ્રા |
| ૬૮. | શ્રી સ્વામિનારાયણ હાઈસ્કૂલ | ધ્રાંગધ્રા |
| ૬૯. | શ્રી એમ. એમ. શાહ સંસ્કાર વિદ્યાલય | ધ્રાંગધ્રા |
| ૭૦. | કેળવણી મંડળ સંચાલિત માધ્યમિક શાળા, માલવણ | ધ્રાંગધ્રા |
| ૭૧. | જી. પી. એસ. હાઈસ્કૂલ, ગંજેળા | ધ્રાંગધ્રા |
| ૭૨. | શ્રીમતી એસ. એસ. સંઘવી વિદ્યાલય–વસાડવા. | ધ્રાંગધ્રા |

આમ, નમૂનામાં કુલ ૭૨ શાળાઓ / કોલેજો પસંદગી પામેલ હતી.

અભ્યાસનાં અંતિમ હેતુનાં સંદર્ભમાં ચાર સામાજિક કાર્યક્રમો રચાયા હતા. તેમજ તેની અસરકારકતા તપાસવામાં આવી હતી. આ માટે બે પ્રકારનાં પાત્રો : વિદ્યાર્થીઓ તથા ગ્રામજનો પસંદ કરવામાં આવ્યા હતા. સામાજિક કાર્યક્રમો પૈકી પ્રથમ બે સામાજિક કાર્યક્રમો સ્વાસ્થ્ય સભાનતા તેમજ સામાજિક કૌશલ્યો વિકાસ કાર્યક્રમ વિદ્યાર્થીઓ માટેના હતા. આ આ બંને કાર્યક્રમોને લગતી પ્રવૃત્તિઓને સમાવતાં કાર્યક્રમનો અમલ વિદ્યાર્થીઓ પર કરવાનો હતો. આ માટે સુરેન્દ્રનગર જિલ્લાનાં વઢવાણ તાલુકાનાં ગુંદિયાળા ગામની શાળાનાં ધોરણ ૯ નાં વિદ્યાર્થીઓ સહેતુક નમૂના પસંદગીથી પસંદ કરવામાં આવ્યાં હતા. નમૂનામાં કુલ ૫૦ વિદ્યાર્થીઓ પસંદ કરેલ હતા. આ વિદ્યાર્થીઓની યાદી પરિશિષ્ટ–૬ માં છે.

અન્ય બે કાર્યક્રમો અંધશ્રદ્ધા–વહેમ નાબૂદી તેમજ વ્યસનમુક્તિનાં સંદર્ભમાં વિવિધ પ્રવૃત્તિઓ સમાવતો હતો. આ કાર્યક્રમનો અમલ ગ્રામજનો ઉપર કર્યો હતો. જેમાં, નમૂના તરીકે સુરેન્દ્રનગર જિલ્લાનાં દસ તાલુકા પૈકી વઢવાણ તાલુકાનાં ગુંદિયાળા ગામનાં ગ્રામજનોમાંથી સહેતુક નમૂનો પસંદ કરવામાં આવ્યો હતો. નમૂના તરીકે ગ્રામજનોમાં ભાઈઓ તથા બહેનો એમ બંને પ્રકારની વ્યક્તિઓ હતી. જેમની ઉંમર આશરે ૧૮ થી ૭૨ વર્ષની હતી. જેમાં ભણેલાં તેમજ અભણ બંને પ્રકારનાં પાત્રો હતા. જેઓ કાર્યક્રમમાં ભાગ લઈ શકે તેવાં હતા. તેમનો નમૂનામાં સમાવેશ કરવામાં આવ્યો હતો. નમૂનામાં પાત્રોની સંખ્યા ૪૭ હતી. જેઓની યાદી પરિશિષ્ટ–૭ માં છે.

## ૪.૦ સંશોધન પદ્ધતિ

પ્રસ્તુત સંશોધનમાં બે પ્રકારની પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

અભ્યાસનાં પ્રથમ હેતુ અનુસાર શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા હાથ ધરાતી સામાજિક પ્રવૃત્તિઓની તપાસ કરવાનાં સંબંધે સર્વેક્ષણાત્મક પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ સર્વેક્ષણ સુરેન્દ્રનગર જિલ્લાની માધ્યમિક શાળાઓ અને ઉચ્ચશિક્ષણ આપતી કેટલીક કોલેજો માટે કરવામાં આવ્યો હતો. જેના ઉપકરણ તરીકે પ્રશ્નાવલિની રચના કરી હતી. પ્રસ્તુત અભ્યાસનાં અંતિમ હેતુ માટે પ્રાયોગિક સંશોધન પદ્ધતિનો ઉપયોગ થયો હતો. આ પ્રાયોગિક પદ્ધતિ માટે નીચેની વિગતોને ધ્યાનમાં રાખી અમલ કરવામાં આવ્યો હતો.

### પ્રયોગ યોજના

અભ્યાસકે પ્રાયોગિક સંશોધનમાં ઉપયોગમાં લીધેલ પ્રયોગ યોજના પૂર્વ કસોટી–ઉત્તર કસોટી એક જૂથ યોજના હતી.

### પ્રયોગ યોજનાની લાક્ષણિકતાઓ

પ્રયોજકે ઉપયોગમાં લીધેલ યોજનાને નીચેની લાક્ષણિકતાઓ દ્વારા પ્રયોગ માટે અમલ કરવામાં આવેલ હતી.

પ્રયોગ માટે ચાર સામાજિક કાર્યક્રમો યોજેલ હતા.

૧.૦ સ્વાસ્થ્ય સભાનતા પરનો વિદ્યાર્થીઓ માટેનો કાર્યક્રમ.

૨.૦ સામાજિક કૌશલ્ય વિકાસ પરનો વિદ્યાર્થીઓ માટેનો કાર્યક્રમ.

૩.૦ અંધશ્રધ્ધા–વહેમ નાબૂદી પરનો ગ્રામજનો માટેનો કાર્યક્રમ.

૪.૦ વ્યસનમુક્તિ પરનો ગ્રામજનો માટેનો કાર્યક્રમ.

ઉપરોકત ચાર કાર્યક્રમો પૈકી પ્રથમ બે કાર્યક્રમો માટે ઉપકરણ તરીકે સ્વરચિત કસોટી પ્રયોજકે તૈયાર કરી હતી. જેનો પ્રયોગ દરમ્યાન અને પ્રયોગબાદ ઉપયોગ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમનાં અમલીકરણ અને ત્યારબાદ અસરકારકતા તપાસવામાં આવી હતી. જ્યારે અન્ય બે કાર્યક્રમો માટે મુલાકાત અનુસૂચિની રચના કરવામાં આવી હતી. જે ગ્રામજનો માટેની હતી.

### સામાજિક કાર્યક્રમ

પ્રાયોગિક સંશોધન દરમ્યાન ચાર સામાજિક કાર્યક્રમો કરી તેની અસરકારકતા ચકાસવામાં આવેલ છે.

સંશોધનનાં પ્રથમ હેતુ અનુસાર સર્વેક્ષણાત્મક પધ્ધતિ દ્વારા મેળવેલ માહિતીને આધારે મુખ્ય ૧૨ વિભાગો મુજબ સામાજિક કાર્યક્રમોને, શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા હાથ ધરી શકાય તેમ છે. આ વિભાગોને અલગ તારવવામાં આવેલ હતાં. જે પૈકી નિષ્ણાંતો, આચાર્યશ્રીઓ, તજજ્ઞોનો સહકાર લઈ તેમનાં મંતવ્ય અનુસાર સાંપ્રત પરિસ્થિતિનાં સંદર્ભે તેમજ શૈક્ષણિક સંસ્થાઓ સહેલાઈથી યોજી શકે તેવાં ચાર કાર્યક્રમો માટેના પ્રયોગો અત્યંત આવશ્યક છે તેમ તારવવામાં આવેલ હતુ. આથી, તેને ધ્યાનમાં રાખી પ્રાયોગિક કાર્યક્રમ તૈયાર કરવામાં આવ્યો હતો. આ ચાર પ્રયોગો નીચે મુજબના હતાં.

| | |
|---|---|
| પ્રયોગ : ૧ | સ્વાસ્થ્ય સભાનતા પરના વિદ્યાર્થીઓમાં માટેના કાર્યક્રમની અસરકારકતા તપાસવા માટેનો પ્રયોગ |
| પ્રયોગ : ૨ | સામાજિક કૌશલ્યો ક્ષમતા–વિકાસ પરના વિદ્યાર્થીઓમાં માટેના કાર્યક્રમની અસરકારકતા તપાસવા માટેનો પ્રયોગ |
| પ્રયોગ : ૩ | વહેમ–અંધશ્રધ્ધા નાબૂદી પરન ગ્રામજનો માટેના કાર્યક્રમની અસરકારકતા તપાસવા માટેનો પ્રયોગ |
| પ્રયોગ : ૪ | વ્યસન મુકિત પરના ગ્રામજનો માટેના કાર્યક્રમની અસરકારકતા તપાસવા માટેનો પ્રયોગ |

**કાર્યક્રમ રચનાના તબકકાઓ**

પ્રવૃત્તિઓનું વિભાગો દ્વારા નિર્ધારણ કરી, તજજ્ઞો, કેળવણીકારો, સામાજિક કાર્યકરો સાથે મુકત ચર્ચા યોજી. દરેક સામાજિક કાર્યક્રમ હેઠળ કઈ કઈ પ્રવૃત્તિઓ કેવી રીતે યોજી શકાય તે મેળવવામાં આવેલ હતું.

પ્રાયોગિક કાર્યક્રમ માટેનાં ૪ પ્રયોગો પૈકી પ્રથમ બે પ્રયોગો
(૧) સ્વાસ્થ્ય સભાનતા પરનો વિદ્યાર્થીઓ માટેનો કાર્યક્રમ.
(૨) સામાજિક કૌશલ્યો ક્ષમતા–વિકાસ પરનો વિદ્યાર્થીઓ માટેનો કાર્યક્રમ હતો.
(૩) વહેમ/અંધશ્રદ્ધા, નાબૂદી પરનો ગ્રામજનો માટેનો કાર્યક્રમો.
(૪) વ્યસનમુકિત પરનો ગ્રામજનો માટેનો કાર્યક્રમ હતો.

ઉપરોકત પ્રાયોગિક કાર્ય માટે અનુભવી આચાર્યશ્રીઓ પાસેથી કાર્યક્રમ મુજબની પ્રવૃત્તિઓનું આયોજન, પ્રયોજકે મેળવેલ હતું. વિવિધ પ્રવૃત્તિઓ પૈકી, પ્રયોજક યોજી શકે અને શાળાનો સહકાર મેળવી શકે, તેવી પ્રવૃત્તિઓને અલગ તારવેલ હતી. આ પ્રવૃતિઓ યોજવા માટેનો એક કાર્યક્રમ રચેલ હતો. જે કાર્યક્રમની રૂપરેખા કેટલાંક તજજ્ઞો, નિષ્ણાંતોને બતાવી તેમનું માર્ગદર્શન–સલાહ સંશોધકે લીધેલ હતું. અને કાર્યક્રમ યોજવા કોનો કોનો સહકાર લઈ શકાય તે જાણીને તેવાં તજજ્ઞોનો સંપર્ક કરવામાં આવ્યો હતો. કાર્યક્રમની રૂપરેખા તેમને સમજાવી, પ્રવૃત્તિ કરાવવા માટે તેમનાં વિશિષ્ટ જ્ઞાનનો લાભ, કે તેમના તરફથી થઈ શકે તેવાં કાર્યક્રમો માટે નિમંત્રિત કર્યા હતાં. પ્રથમ કાર્યક્રમનું પ્રાથમિક સ્વરૂપ તૈયાર કરવામાં આવ્યું હતુ. તેને ચકાસી દ્વિતીય સ્વરૂપની રચના કરવામાં આવી હતી. અને તેનો પ્રાથમિક અજમાયશ સ્વરૂપે વઢવાણ તાલુકાનાં ફુલગ્રામની ઉ.બુ. શાળામાં અમલીકરણ કરવામાં આવ્યુ હતું. આ પ્રયોગ કરતાં કરતાં જે ક્ષતિ રહેવા પામી કે અગવડતા પ્રાપ્ત થઈ કે અન્ય રીતે પ્રાયોગિક કામમાં શકય ન બની શકયુ હોય તે બધી બાબતોને ઘ્યાનમાં રાખી, કાર્યક્રમનાં અંતિમ સ્વરૂપની રચના કરવામાં આવી હતી. તેમાં પણ પ્રયોજકે આ ક્ષેત્રનાં અનુભવી સામાજિક કાર્યકરો, ગામનાં આગેવાનો, આચાર્યશ્રીઓનો સહકાર લીધેલ હતો. અને પ્રયોગનું અંતિમ સ્વરૂપ તૈયાર કર્યુ હતું.

**કાર્યક્રમનો પરિચય**

પ્રાયોગિક કાર્યક્રમનાં અંતિમ સ્વરૂપમાં દરેક પ્રયોગ હેઠળની પ્રવૃત્તિ માટે જે શાળામાં આ કાર્યક્રમ યોજવાનો હતો. તેનાં આચાર્યશ્રી–શિક્ષકો સાથે બેસીને, સમય–આયોજન ગાળો નકકી કરવામાં આવ્યો હતો. વઢવાણ તાલુકાની ગુંદિયાળા ગામની શ્રીમતી એસ.બી.ગાર્ડી વિદ્યાલય કે જે ગામની મઘ્યમાં આવેલી છે. ત્યાં યોજેલ હતો. અને સમગ્ર આયોજનમાં ગ્રામજનોનો અનુકૂળ સમય હોય, તે રીતે કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ એક અઠવાડિયા સુધી ચાલેલ હતો. જેમાં વિદ્યાર્થીઓની સામેલગીરી હતી. તે તેમનાં શિક્ષણકાર્ય દરમ્યાન જ ગોઠવેલ હતો. પ્રયોજકે સૌને કાર્યક્રમનાં અમલીકરણ માટેની વિગતે સરળ ભાષામાં સમજૂતિ આપી હતી.

**કાર્યક્રમનો અમલ**

પ્રાયોગિક કાર્યક્રમ કોઈ એક વ્યકિતનું કામ નથી. એટલે કે માત્ર સંશોધક દ્વારા આ કાર્યક્રમ યોજવો શકય નથી. આથી, અન્ય વિષય નિષ્ણાંત, તજજ્ઞ, આચાર્યશ્રી, શિક્ષકો, વાલીઓ, વિદ્યાર્થીઓ સૌનો સહકાર લેવામાં આવ્યો હતો. કાર્યક્રમ અંગેની સંપૂર્ણ વિગત અન્યત્ર રજૂ કરેલ છે. કાર્યક્રમનાં અમલીકરણ માટે નીચેની બાબતોને લક્ષમાં રાખેલ હતી.

**૧. સ્વાસ્થ્ય સભાનતા તપાસવા માટેની સ્વાસ્થ્ય સભાનતા કસોટી :**

સંશોધકે પ્રાયોગિક કાર્યમાં સ્વાસ્થ્ય સભાનતા કાર્યક્રમના પ્રયોગો હેઠળની પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓ માટે વિવિધ પ્રકારે યોજી હતી. પરંતુ આ પ્રવૃત્તિઓ યોજતા પૂર્વે, પ્રયોજકે ઉપકરણ તરીકે તૈયાર કરેલ. સ્વાસ્થ્ય સભાનતા માટેની કસોટી વિશે સમજણ આપેલ. તે વિદ્યાર્થીઓને ભરવા આપી હતી. જેનાંથી, જાણી શકાયુ કે,

વિદ્યાર્થીઓમાં સ્વાસ્થ્ય સભાનતા બાબતે કેટલી જાણકારી છે. જે માટે ગુંદિયાળા ગામની શાળાના પસંદ કરેલ ધોરણ નવ નાં ૫૦ વિદ્યાર્થીઓ હતા. સંશોધકે, આ કસોટીનો પરિચય વિદ્યાર્થીઓને આપ્યો હતો. જેમાં ૨૫ પ્રશ્નો છે, દરેકમાં વિકલ્પ છે. વધુ યોગ્ય વિકલ્પ માટે (Ö ) ની નિશાની કરવાની છે. સાચા જવાબો માટે દરેક પ્રશ્ન દીઠ ૧ ગુણ મળશે. તેમ જણાવી. ૩૦ મિનિટનાં સમય ગાળો ભરવા માટે આપેલ હતો. જેમાં જે તે વર્ગનાં શિક્ષકનો સહકાર પ્રયોજકે મેળવ્યો હતો.

આ પૂર્વ કસોટી લીધા બાદ, આયોજન મુજબની વિવિધ પ્રવૃત્તિઓ શાળામાં યોજવામાં આવી હતી. જેની વિસ્તારથી માહિતી અન્ય મુદ્દામાં આપેલ છે. પ્રવૃત્તિઓ યોજાઈ ગયા બાદ, ઉત્તર કસોટી માટે આ જ વિદ્યાર્થીઓને ભરવા આપેલ. જેનું ગુણાંકન કરવામાં આવેલ હતુ. આમ, પૂર્વ કસોટી અને ઉત્તર કસોટી દ્વારા વિદ્યાર્થીઓની સ્વાસ્થ્ય સભાનતા તપાસવામાં આવી હતી. અને બંને કસોટીનું એ રીતે મૂલ્યાંકન કરવામાં આવ્યુ હતું.

**૨. સામાજિક કૌશલ્યો માપવા માટેની સામાજિક કૌશલ્ય માપન કસોટી**

સામાજિક કાર્યક્રમનાં ભાગરૂપે પ્રાયોગિક કામો પૈકી બીજા પ્રયોગની પ્રવૃત્તિ, સામાજિક કૌશલ્યો ક્ષમતા–વિકાસ વિદ્યાર્થીઓ માટે યોજેલ હતી. આ માટે પ્રયોજકે ઉપકરણ જાતે તૈયાર કરેલ હતું. જે કસોટીનું નામ 'મારી પસંદગી' આપેલ હતું. જેમાં, વિદ્યાર્થીઓમાં સામાન્યપણે કૌશલ્યો સંબંધી વિવિધ પ્રસંગો, ઘટનાઓનું વર્ણન કરવામાં આવ્યુ હતું. જે રોજબરોજના વ્યવહારમાં થતું જોવા મળે છે. તેમાં વિદ્યાર્થી કેવી ભૂમિકા ભજવે છે. તે જાણવા માટે, વૈકલ્પિક કસોટીની રચના કરી હતી. જેમાં ૨૨ પ્રસંગો–ઘટનાનાં વર્ણન હતાં. વિદ્યાર્થીઓને પ્રયોગ પૂર્વે આ કસોટી ભરવા આપેલ. સમય ગાળો ૪૫ મિનિટનો રાખેલ હતો. દરેક વિદ્યાર્થીને તે અંગેની સમજણ આપેલ. શિક્ષકોનો સહકાર લીધેલ હતો.

પૂર્વ કસોટી વિદ્યાર્થીઓ દ્વારા ભરાઈ ગયા બાદ, પ્રાયોગિક કામનાં આયોજન મુજબ, સામાજિક કૌશલ્યો હેઠળની વિવિધ પ્રવૃત્તિઓ, વિવિધ તજજ્ઞશ્રીઓ નિષ્ણાંતો દ્વારા યોજવામાં આવી હતી. તેનું સમય–આયોજન મુજબ આ કાર્યક્રમોનો અમલ કરવામાં આવ્યો હતો. અને તે કાર્યક્રમ પૂર્ણ થયા બાદ અંતિમ દિવસે ઉપરોક્ત કસોટી ફરીથી એજ વિદ્યાર્થીઓને ભરવા આપી હતી, જેથી, તેમનામાં કાર્યક્રમો જોયા, સાંભળ્યા પછી, તેમની સમજણમાં, કૌશલ્યોમાં કે વ્યાવહારિક સૂઝમાં શું ફેર પડયો તે તપાસવામાં આવ્યુ હતુ. બંને કસોટીનું એ રીતે મૂલ્યાંકન કરવામાં આવ્યુ હતું.

**૩. વહેમ–અંધશ્રદ્ધા સભાનતા તપાસવા માટેની મુલાકાત અનુસૂચિ**

પ્રયોજકે તૈયાર કરેલ મુલાકાત અનુસૂચિમાંથી પ્રયોગ દરમ્યાન ગ્રામજનોને પ્રશ્ન પૂછવામાં આવેલ હતા. જેની તાત્કાલિક નોંધ કરવામાં આવી હતી, તે માટે સહાયક સાથી કાર્યકરનો ઉપયોગ કર્યો હતો. પ્રત્યુત્તર મેળવતી વખતે ઓડિયો રેકોર્ડીંગ કરવામાં આવ્યુ હતુ. જેથી તેમની ભાષા, બોલીમાં અને પોતાના સ્પષ્ટ અભિપ્રાયોરૂપે તેઓ જે કાંઈ જાણે છે, સમજે છે. તે જાણવા મળેલ હતું. દરેક પ્રવૃત્તિઓ હેઠળ પ્રશ્નો રચેલ હતાં. તેના ઉત્તરો દરેક પાસેથી મેળવવામાં આવ્યા હતાં. આ કાર્યક્રમ સમયે ૪૭ ગ્રામજનો ૧૮ થી ૭૨ વર્ષની વયમર્યાદાનાં, સ્ત્રી–પુરૂષ એમ બંને જાતિનાં હતા.

નિષ્ણાંતશ્રી દ્વારા પ્રયોગ યોજાઈ ગયા બાદ, કેટલાંક આજ પ્રશ્નો, તો કેટલાંક પ્રયોગને અનુરૂપ પ્રશ્નો રચીને ફરીથી ગ્રામજનોને પૂછવામાં આવ્યા હતા. અને તેના ઉત્તરો મેળવવામાં આવ્યા હતાં. જેની નોંધ કરવામાં આવી હતી.

આમ એક થી વધુ પ્રવૃત્તિ દ્વારા ઉપરોકતપણે વહેમ–અંધશ્રદ્ધા તપાસવા માટે તેની અસરકારકતા ચકાસવા માટે પ્રાયોગિક કાર્ય કરવામાં આવ્યુ હતું.

**૪. વ્યસન–સભાનતા તપાસવા માટેની મુલાકાત અનુસૂચિ**

પ્રાયોગિક કામનાં અંતિમ કાર્યક્રમ અનુસાર વ્યસનમુકિતનાં કાર્યક્રમ માટે પ્રયોજકે મુલાકાત અનુસૂચિ તૈયાર કરેલ હતી. તેમાં પણ ગ્રામજનો સમક્ષ વ્યસનમુકિત સંબંધી વિવિધ પ્રવૃત્તિઓ, પ્રદર્શન–વ્યાખ્યાન, ભવાઈવેશ વગેરે રજૂ કરેલ. તેમા પણ અન્ય કાર્યકરો, તજજ્ઞોનો સહકાર મેળવેલ હતો. અને તેમના દ્વારા અમલ કરાવી, પ્રયોગ દરમ્યાન અને પ્રયોગ બાદ પ્રશ્નો પૂછીને તેમની વ્યસન સભાનતા તપાસવામાં આવી હતી.

## ૫.૦ ઉપકરણો

ઉપકરણ એટલે માહિતી એકત્ર કરવાનું સાધન. આથી કોઈપણ અભ્યાસ ઉપકરણની મદદ વિના શકય બનતો નથી. અભ્યાસકે ઘણીવાર ઉપકરણો રચવા પડે છે. પ્રસ્તુત અભ્યાસમાં પ્રયોજકે નીચેના ઉપકરણો રચેલા હતા. અને તેનો ઉપયોગ કર્યો હતો.

### ૫.૧ પ્રશ્નાવલિ

પ્રયોજકે શૈક્ષણિક સંસ્થાઓ શિક્ષણની સાથે સાથે અન્ય કઈ સામાજિક પ્રવૃત્તિઓ પ્રયોજે છે. તે જાણવાનાં હેતુને લક્ષમાં રાખી વિવિધ પ્રકારનાં પ્રશ્નો ધરાવતી પ્રશ્નાવલિ રચેલી હતી.

સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલી વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા હાથ ધરાતી સામાજિક પ્રવૃત્તિઓની તપાસ કરવા માટે પશ્નાવલિની રચના કરવામાં આવી હતી.

પશ્નાવલિ રચતાં પહેલાં અભ્યાસકે કેટલીક ચોકકસ શૈક્ષણિક સંસ્થાઓને પત્ર લખી નીચેની માહિતી મંગાવેલ હતી. સુરેદ્રનગર જિલ્લાની આ શૈક્ષણિક સંસ્થાઓ એવી પસંદ કરવામાં આવી હતી કે જયાં વિવિધ પ્રકારની સહઅભ્યાસક પ્રવૃત્તિઓ વિશેષ થાય છે. શૈક્ષણિક સંસ્થાઓનાં આચાર્યશ્રીઓને પત્રમાં –

- ○ સંસ્થામાં ચાલતી શૈક્ષણિક–સહઅભ્યાસક પ્રવૃત્તિઓની વિગત.
- ○ સંસ્થાકીય મુખપત્ર

  સંસ્થા દર્શન કે અહેવાલ રૂપમાં પ્રગટ કરેલ પ્રવૃત્તિ અહેવાલ વગેરે. મોકલવા બાબત જણાવેલ હતુ.

ઉપરોકત માહિતી પ્રાપ્ત કરતાં, સામાજિક પ્રવૃત્તિઓનાં સંદર્ભમાં ૧૫ વિભાગની યાદી તારવવામાં આવી હતી. જે નીચે મુજબ છે.

વિભાગ ૧ પ્રૌઢશિક્ષણ.
વિભાગ ૨ વહેમો–અંધશ્રધ્ધા દૂર કરવા માટેની પ્રવૃત્તિઓ.
વિભાગ ૩ આર્થિક વિકાસ સંબંધી સ્વનિર્ભર બનાવતી યોજનાઓ.
વિભાગ ૪ ખેતી વિષયક.
વિભાગ ૫ બાળ વિકાસની પ્રવૃતિઓ.
વિભાગ ૬ પોષણ અને આહાર સંબંધી પ્રવૃત્તિઓ.
વિભાગ ૭ વ્યસનમુકિત
વિભાગ ૮ કુદરતી કે માનવસર્જિત આપત્તિએ હાથ ધરાતી પ્રવૃત્તિઓ
વિભાગ ૯ યુવાનો માટેનાં વ્યકિતવિકાસ કાર્યક્રમ.
વિભાગ૧૦ એન.એસ.એસ.
વિભાગ ૧૧ આરોગ્યલક્ષી – સ્વાસ્થ્ય સંબંધી કાર્યક્રમો.
વિભાગ ૧૨ લોકશિક્ષણ.
વિભાગ ૧૩ ગ્રામ દત્તક યોજના.
વિભાગ ૧૪ સેવાકીય પ્રવૃત્તિઓ.
વિભાગ ૧૫ પ્રકાશન પ્રવૃત્તિઓ.

ઉપરોકત યાદી બાબતે આ વિષય અંગેનાં સ્થાનિક તજજ્ઞો સાથે ચર્ચા કરતાં ત્રણ પ્રવૃત્તિઓ એકબીજાં વિભાગો હેઠળ મળતી આવતી હોઈ તેમજ તેને સંલગ્ન હોઈ, તે પ્રવૃત્તિઓને જુદી ન દર્શાવતા જે તે વિભાગમાં સમાવિષ્ટ કરી લેવી તેવુ મંતવ્ય મળેલ હતું. આમ પ્રશ્નાવલિમાં કુલ ૧૨ વિભાગોની અંતિમ યાદી તૈયાર કરવામાં આવી હતી. આ બાર ઘટકો નીચે મુજબ છે.

વિભાગ ૧ પ્રૌઢશિક્ષણ.
વિભાગ ૨ વહેમ – અંધશ્રધ્ધા નાબૂદી
વિભાગ ૩ આર્થિક વિકાસ – સ્વનિર્ભર યોજનાઓ.
વિભાગ ૪ બાળ વિકાસ
વિભાગ ૫ વ્યસન મુકિત
વિભાગ ૬ એન.એસ.એસ.
વિભાગ ૭ કુદરતી આપત્તિ
વિભાગ ૮ વ્યસન મુકિત
વિભાગ ૯ યુવાનો માટે વ્યકિતવિકાસ
વિભાગ ૧૦ સ્વાસ્થ્ય જાળવણી
વિભાગ ૧૧ સેવાકીય પ્રવૃત્તિ
વિભાગ ૧૨ પ્રકાશન

આ બાર વિભાગો હેઠળ કઈ કઈ પ્રવૃત્તિઓ યોજી શકાય તે માટે તજ્જ્ઞોને વિભાગોની યાદી મોકલવામાં આવી હતી. જે દ્વારા સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલી વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા હાથ ધરી શકાય તેવી સામાજિક પ્રવૃત્તિઓની યાદી અને વિગતો તૈયાર કરવામાં આવી હતી. સુરેન્દ્રનગર જિલ્લાની શૈક્ષણિક સંસ્થાનાં સંચાલકશ્રીઓ, આચાર્યશ્રીઓ અને સંશોધનક્ષેત્રમાં તજ્જ્ઞો હોય તેઓને આ યાદી મોકલી હતી. આ વિભાગો હેઠળ કઈ કઈ પ્રવૃત્તિઓ યોજી શકાય તેની વિગત પત્ર દ્વારા વિનંતી કરી મોકલવા માટે જણાવવામાં આવ્યુ હતુ. જેમાંથી સાત સંસ્થાનાં આચાર્યશ્રીઓએ પ્રવૃત્તિઓની યાદી મોકલેલ હતી.

તજ્જ્ઞો પાસેથી દરેક વિભાગોમાં જે પ્રવૃત્તિઓ યોજવા માટેનાં સૂચન મળેલ, તેને ધ્યાનમાં રાખીને પ્રશ્નાવલિની રચના કરવામાં આવી હતી.

પ્રશ્નાવલિની રચના કર્યા બાદ તજ્જ્ઞોને મોકલી તેની ચકાસણી કરાવવામાં આવી હતી. તજ્જ્ઞશ્રીઓએ નીચે પ્રમાણેનાં સૂચનો કર્યા હતા.

(૧) વિભાગ ૧ નાં પ્રશ્ન નં. ૧ માં માત્ર હા/ના પૂછીને અટકી ન જતા. જો હા હોય તો જરૂરી માહિતી માગો.

(૨) વિભાગ ૨ નાં પ્રશ્નન નં. ૨ માં માત્ર પાંચ વિકલ્પો આપવામાં આવ્યા હતા. પ્રદર્શન અને શેરી નાટકોને પ્રવૃત્તિમાં ઉમેરવા જોઈએ તેવો અભિપ્રાય દર્શાવ્યો હતો.

(૩) વિભાગ ૪ માં પ્રશ્નન નં. ૨,૩ અને ૪ માં વિકલ્પોની સાથે 'અન્ય' ઉમેરો તો વિશિષ્ટ માહિતી પણ મળી શકે તેવું સૂચન મળ્યુ હતું.

(૪) વિભાગ ૫ માં કુલ સાત પ્રશ્નો હતાં. તેમાં ૮,૯ અને ૧૦ નંબરનાં પ્રશ્નો ઉમરેવા માટે તજ્જ્ઞશ્રીઓએ સૂચવેલ હતુ. આ વિભાગમાં પ્રોજેકટ પણ હાથ ધરી શકાય, તો તેના દ્વારા વધુ માહિતી મેળવવા ત્રણ પ્રશ્નો ઉમેરો તેવો અભિપ્રાય મળતા ત્રણ પ્રશ્નો ઉમેરવામાં આવ્યા હતા.

(૫) પ્રશ્નોની રચનામાં કયાક કયાક શાબ્દિક ફેરફાર અને વાકય રચના ફેરફાર કરવા સૂચન મળેલ હતું. ઉપરોકત સૂચનો જરૂરી જણાતાં અમલ કરી, ફરી પ્રશ્નાવલિની રચના કરવામાં આવી હતી. આમ, પ્રશ્નાવલિનું અંતિમ સ્વરૂપ તજ્જ્ઞશ્રીઓનાં સૂચનો અને માર્ગદર્શન અનુસાર તૈયાર કરવામાં આવ્યુ હતું. જે પરિશિષ્ટ ૧ માં દર્શાવેલ છે.

આ અંતિમ સ્વરૂપની પ્રશ્નાવલિમાં ૧૨ પેઈઝ હતા. તેમજ સાથે આચાર્યશ્રીને પ્રશ્નાવલિ મોકલવા પાછળનો હેતુ અને જરૂરી માહિતી મેળવવા સંદર્ભે કેટલીક વિગતો, સૂચનાઓ આવરી લઈને વિનંતી પત્ર જોડવામાં આવેલ હતો.

પ્રશ્નાવલિમાં કુલ બાર વિભાગો હતા. જે હેઠળ કુલ ૭૪ પ્રશ્નો રચવામાં આવ્યા હતાં. જેમાં ૨૪ બહુવિકલ્પ પ્રકારના, ૩૦ 'હા' કે 'ના' પ્રકારના અને ૨૦ માહિતી માંગતા પ્રશ્નો હતા.

અંતમાં જે તે વિસ્તારની ભૌગોલિક, સામાજિક, આર્થિક સ્થિતિને ધ્યાનમાં રાખી હાથ ધરી શકાય તેવી પ્રવૃત્તિઓ અને તે અંગેનાં સૂચનો અભિપ્રાય માંગવામાં આવ્યા હતા. જેથી પ્રશ્નાવલિમાં સમાવિષ્ટ સામાજિક પ્રવૃત્તિઓ ઉપરાંત કોઈ અન્ય બાકી રહી જતી હોય તો તેની વિગત મેળવી શકવામાં ઉપયોગી બની શકે.

## ૫.૨ સ્વાસ્થ્ય સભાનતા કસોટી

સામાજિક પ્રવૃત્તિઓને આવરી લેતા ૧૨ વિભાગો પૈકી ચાર વિભાગો માટે પ્રાયોગિક કાર્યક્રમ તૈયાર કરવા તેમ તજ્જ્ઞશ્રીઓ, કેળવણીકારો, આચાર્યશ્રીઓની સાથે મીટીંગ કરી નકકી કરવામાં આવેલ હતુ. આ ચાર કાર્યક્રમોમાં સ્વાસ્થ્ય સભાનતા માટે પ્રયોગકાર્ય વિદ્યાર્થીઓ માટે કરવાનું નકકી કરવામાં આવેલ હતુ. આ પ્રાયોગિક કાર્ય હાથ ધર્યા પૂર્વે, પસંદ કરેલી શાળાનાં વિદ્યાર્થીઓ માટે સ્વાસ્થ્ય સભાનતા કસોટીની રચના કરવામાં આવી હતી. સ્વાસ્થ્ય સભાનતા કસોટીમાં નીચેના મુદ્દાઓને આવરી લેવામાં આવ્યા હતા.

(૧) આહાર અને પોષણને લગતા સામાન્ય નિયમો

(૨) આહાર–વિહાર માટેની ટેવો–પસંદગી

(૩) સામાન્ય રોગો વિશેની જાણકારી – લક્ષણો

(૪) રસીકરણ

(૫) શારીરિક સ્વાસ્થ્ય અને યોગાસનો

(૬) વ્યસનથી થતા રોગો

(૭) પ્રાથમિક સારવાર અને આકસ્મિક સંજોગો

ઉપરોકત મુદ્દાઓને લક્ષમાં રાખી આ અંગેની જાણકારી અને સભાનતા વિદ્યાર્થીઓમાં કેટલી છે તે તપાસવા માટે સ્વાસ્થ્ય સભાનતા કસોટીની રચના કરવામાં આવી હતી.

આ કસોટીની રચના માટે માધ્યમિક શિક્ષણ સ્તરે અભ્યાસક્રમમાં આવતાં પાઠયક્રમને ધ્યાનમાં રાખવામાં આવેલ હતુ. ઉપરાંત શહેરનાં સંબંધિત તબીબની મુલાકાત લઈ કેટલાંક પ્રશ્નોની રચના કરવામાં આવી હતી. તેમનુ માર્ગદર્શન લેવામાં આવ્યુ હતું. યોગ વિશેનાં જાણકાર તજજ્ઞોને પણ રૂબરૂ મળી સામાન્ય પરિચય મેળવેલ હતો. અને પ્રશ્નોની રચના કરવા માટે તેમનું માર્ગદર્શન મેળવેલ હતુ.

આ કસોટીમાં વિદ્યાર્થીઓને ઉદેશીને કેટલીક સૂચનાઓ અને જાણકારી આપેલ હતી. આ કસોટીમાં કુલ ૨૫ પ્રશ્નો હતા. દરેક પ્રશ્નોની નીચે ચાર વિકલ્પ અ, બ, ક, ડ આપેલ હતા. આ ચાર વિકલ્પમાંથી સાચો જવાબ પસંદ કરી તેના પર ખરાની (✓) નિશાની કરવાનું કહેવામાં આવેલ હતુ. આ કામ માટે શાળાના જે તે વર્ગનાં શિક્ષકનો સહકાર મેળવેલ હતો.

આ કસોટી માટે ૨૫ મિનિટ ફાળવવામાં આવી હતી. તૈયાર થયેલ સ્વાસ્થ્ય સભાનતા કસોટી તજજ્ઞોને બતાવી માર્ગદર્શન મેળવેલ હતું. સ્વાસ્થ્ય સભાનતા માટેનાં પ્રયોગકાર્યનું અમલીકરણ કરતાં પહેલાં આ કસોટી પૂર્વ કસોટીરૂપે શાળાનાં વિદ્યાર્થીઓ પર લેવામાં આવી હતી. ત્યારબાદ પ્રયોગનું અમલીકરણ કરવામાં આવેલ અને આ જ કસોટી ફરી ઉત્તર કસોટીરૂપે લેવામાં આવી હતી. જે આ સાથે પરિશિષ્ટ–૨ માં છે.

### ૫.૩ સામાજિક કૌશલ્યો ક્ષમતા–વિકાસ કસોટી

પ્રયોજકે પ્રાયોગિક કાર્ય માટે નિશ્ચિત કરેલ ચાર કાર્યક્રમો પૈકી સામાજિક કૌશલ્યો ક્ષમતા–વિકાસ વિદ્યાર્થીઓ માટે જરૂરી લાગતાં યોજવાનું નકકી કરેલ હતુ. આ ઘટક દ્વારા વિદ્યાર્થીઓમાં વિવિધ સામાજિક કૌશલ્યો અંગેની સમજણ છે કે નહિ અથવા તો કેવા પ્રકારની છે તે જાણવાનો હેતુ હતો. આ ઘટક હેઠળની પ્રવૃત્તિઓ યોજવાથી વિદ્યાર્થીઓમાં કેટલીક વ્યાવહારિક સૂઝ, કુશળતા, સામાજિક જીવનની કેટલીક સમસ્યાઓ વગેરે વિશે જાણી શકે, તેમજ કેટલાંક વિશિષ્ટ પ્રકારનાં સંજોગોમાં, કુદરતી આપત્તિ વેળાએ પોતાનામાં રહેલી ક્ષમતાનો વિકાસ સામાજિક કૌશલ્યો દ્વારા થઈ શકે તે હેતુ સમાયેલો હતો. વિદ્યાર્થીઓ થકી તે પોતાની શાળામાં, કુટુંબમાં, મહોલ્લા કે શેરીમાં, ગામમાં કે શહેરમાં, એમ સમગ્રપણે સમાજ ઉપયોગી વિવિધ કૌશલ્યો કેળવી શકે તે હેતુથી આ ઘટક હેઠળ કસોટીની રચના કરવામાં આવેલ હતી.

સામાજિક કૌશલ્યો ક્ષમતા–વિકાસ માપન માટેની કસોટીમાં નીચેની માહિતીઓ મેળવવા માટે કેટલીક ઘટનાઓ–પ્રસંગોનું વર્ણન કરવામાં આવ્યું હતું. જેમાં,

(૧) વાતચીત કરવાની રીત
(૨) હકારાત્મક વલણો દાખવવા સંબંધી
(૩) જાહેરમાં વ્યકત થવાની ક્ષમતા
(૪) સ્વતંત્ર મંતવ્ય કે અભિપ્રાય વ્યકત કરી શકે તેવી ક્ષમતા
(૫) ઘર વપરાશનાં આધુનિક સાધનોના વપરાશ માટે આવડતો
(૬) પત્રવ્યવહાર
(૭) અરજી કરવી
(૮) વિવિધ ઓફિસો સાથેના વ્યવહાર
(૯) બેકિંગ વ્યવહાર
(૧૦) હોસ્પિટલ, તાત્કાલિક મુશ્કેલી નિવારણ અંગેની સૂઝ
(૧૧) સામાન્ય ખરીદી

આમ, રોજબરોજનાં વ્યવહારમાં ઉપયોગી કેટલાંક કૌશલ્યો અંગેની સમજ–સૂઝ કેળવાય તેવા મુદ્દાઓ આવરી લેવામાં આવ્યાં હતાં.

આ પ્રકારની કસોટીની રચના કરવા માટે પ્રયોજકે વ્યકિતત્વ વિકાસ સંબંધી રસ ધરાવતા અને અભ્યાસુ એવા શ્રી અરવિંદભાઈ પરમાર કે જેઓ રોટરી કલબ–સુરેન્દ્રનગર દ્વારા અવાર નવાર શિબિરો યોજે છે તેમનો સંપર્ક કરેલ હતો. તેમની સાથે રૂબરૂ ચર્ચા વિચારણા કરી તેમની પાસેથી કેટલુંક સાહિત્ય મેળવેલ હતુ. અને વિદ્યાર્થીઓને રસપ્રદ રહે તે માટે ઘટનાઓનું વર્ણન કરી કૌશલ્યો માટે જાણકારી મળે, સૂઝ સમજ વિકસે તેવુ નકકી કરવામાં આવ્યું હતું.

રોજબરોજનાં વ્યાવહારિક જીવન સંબંધી ઘટનાઓની–પ્રસંગોની રચના કરવા માટે અભ્યાસકે સુરેન્દ્રનગરની મૈત્રી વિદ્યાપીઠ મહિલા બી.એડ્.કોલેજનાં પ્રાધ્યાપક ડૉ. બળવંતભાઈ વ્યાસનો સહકાર મેળવ્યો હતો.

પ્રયોગનાં હેતુને ધ્યાનમાં રાખી રચાયેલા ઘટનાઓ–પ્રસંગોની ચકાસણી માટે અન્ય કોલેજોનાં સંશોધનનાં અભ્યાસુઓને બતાવવામાં આવી હતી. જેમાં, વિકલ્પ સંબંધી ઉત્તરોમાં વિરોધાભાસ ન થાય અને સચોટપણે યોગ્ય વિકલ્પ જ પસંદ કરી શકે તેવાં સૂચનો બાદ જરૂરી ફેરફાર કરવામાં આવ્યા હતા. અને અંતિમ સ્વરૂપની માપન કસોટીની રચના કરવામાં આવી હતી.

આ કસોટીનો પૂર્વ કસોટી તેમજ ઉત્તર કસોટી એમ બંને તરીકે ઉપયોગ કરવામાં આવ્યો હતો.

સામાજિક કાર્યક્રમ હેઠળ સામાજિક કૌશલ્યો ક્ષમતા–વિકાસનાં વિભાગમાં જે પ્રાયોગિક કાર્ય કરવાનું હતુ. તે પૂર્વે આ કસોટી વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી. આ કસોટીનું નામ "મારી પસંદગી..." એમ આપવામાં આવ્યુ હતુ. વિદ્યાર્થી મિત્રોને તે અંગે જરૂરી માહિતી મળી રહે તે માટે પ્રથમ પાના ઉપર તેમને ઉદ્દેશીને કસોટી અંગેની સમજણ આપી હતી. આ કસોટીમાં કુલ ૨૨ પ્રશ્નો છે. દરેક પ્રશ્નની નીચે ત્રણ વિકલ્પ છે. આ ત્રણ વિકલ્પમાંથી વિદ્યાર્થીઓની દષ્ટિએ ઉત્તમ હોય તેવો માત્ર એક વિકલ્પ પસંદ કરી તેના પર (Ö) નિશાની કરવાનું જણાવવામાં આવેલ હતું. ૪૫ મિનિટનો સમય ફાળવવામાં આવેલ હતો. જે તે વર્ગનાં શિક્ષકનો સહકાર આ માટે મેળવવામાં આવ્યો હતો.

પૂર્વ કસોટી લઈ લીધા બાદ પ્રાયોગિક કાર્યનાં આયોજન મુજબ બીજે દિવસથી પ્રયોગનું અમલીકરણ કરવામાં આવેલ હતુ. અને તે પૂર્ણ થયા બાદ અંતિમ દિવસે આજ કસોટીનો ઉત્તર કસોટી માટે ઉપયોગ કરી તેમની સામાજિક કૌશલ્યો ક્ષમતા–વિકાસનાં માપન દ્વારા પ્રયોગની અસરકારકતા તપાસવામાં આવી હતી.

મારી પસંદગી...માપન કસોટીમાં નીચેના કૌશલ્યો જાણવા માટે સામે દર્શાવેલ મુજબનાં પ્રશ્ન નંબર હતા.

| સામાજિક કૌશલ્યનું નામ | માપન કસોટીમાં પ્રશ્ન નંબર |
|---|---|
| (૧) વાતચીત કરવાની રીત | પ્રશ્ન નં. ૧,૧૩ |
| (૨) હકારાત્મક વલણો દાખવવા સંબંધી | પ્રશ્ન નં. ૨,૧૧,૧૨,૧૪ |
| (૩) જાહેરમાં વ્યકત થવાની ક્ષમતા | પ્રશ્ન નં. ૩ |
| (૪) સ્વતંત્ર મંતવ્ય કે અભિપ્રાય વ્યકત કરવાની ક્ષમતા | પ્રશ્ન નં. ૪,૧૫ |
| (૫) પત્ર વ્યવહાર | પ્રશ્ન નં. ૫,૨૨ |
| (૬) અરજી કરવી | પ્રશ્ન નં. ૬,૧૭ |
| (૭) બેકિંગ વ્યવહાર–ઓફિસો સાથેનો વ્યવહાર | પ્રશ્ન નં. ૭,૮,૧૬,૧૮ |
| (૮) તાત્કાલિક મુશ્કેલી નિવારણ અંગેની સૂઝ | પ્રશ્ન નં. ૯,૧૯ |
| (૯) સામાન્ય ખરીદી | પ્રશ્ન નં. ૧૦,૨૦ |
| (૧૦) ઘરવપરાશનાં આધુનિક સાધનોના વપરાશ માટે આવડતો | પ્રશ્ન નં. ૨૧ |

આમ, સામાજિક કૌશલ્યો ક્ષમતા–વિકાસ માપન કસોટીનાં અંતિમ સ્વરૂપની રચના કરવામાં આવી હતી. જે પરિશિષ્ટ–૩ માં સામેલ છે.

## ૫.૪ ગ્રામજનોની વહેમ–અંધશ્રધ્ધા જાણવા માટેની મુલાકાત અનુસૂચિ

શૈક્ષણિક સંસ્થાઓ શિક્ષણની સાથે સાથે સામાજિક પ્રવૃત્તિઓ યોજી શકે તેમ છે તે પૈકી વહેમ–અંધશ્રધ્ધા નાબૂદી માટેની પ્રવૃત્તિઓનો પ્રાયોગિક કાર્ય માટે સમાવેશ કરવામાં આવ્યો હતો. આ પ્રાયોગિક કાર્ય શૈક્ષણિક સંસ્થા દ્વારા ગ્રામજનો માટે યોજવામાં આવેલ હતો. ખાસ કરીને ગ્રામજનો કે જે નિરક્ષર, અભણ, અજ્ઞાન છે તેના માટે યોજવામાં આવ્યો હતો. હજુ પણ સમાજમાં કેટલીક માન્યતાઓ, અંધશ્રધ્ધાઓ, વહેમો વગેરે વિશેષ પ્રમાણમાં વ્યાપેલ છે. જેને કારણે ગ્રામજનોમાં જોઈએ તેવી સ્વસ્થ સમાજ માટેની જાગૃતિ આવી નથી. આવી અંધશ્રધ્ધા, વહેમ, માન્યતાઓ વગેરેને કારણે સમાજનાં લોકો સામાજિકપણે, આર્થિકપણે તેમજ સ્વાસ્થ્યની દષ્ટિએ ઘણાં પછાત જણાય છે. પોતાની અજ્ઞાનતાને ન સ્વીકારતાં ધર્મની સાથે વાતને જોડી દઈને ઘણું બધુ નુકસાન ભોગવતા હોય છે. આધુનિક વિજ્ઞાન અને હરણફાળ પ્રગતિમાં આવી બાબતો અવરોધકરૂપ બને છે. અને જયારે ગામમાં જ અન્ય શિક્ષિત સમાજ વસે છે. શૈક્ષણિક સંસ્થાઓ શિક્ષણનું કામ કરી રહી છે, ત્યારે તેઓ આ ગ્રામજનો માટે જાગૃતિનું કામ કરી શકે તેમ છે.

પ્રયોજકે ઉપરોકત બાબતને ઘ્યાનમાં રાખીને વહેમ–અંધશ્રધ્ધા બાબતે ગ્રામજનો શું શું ખ્યાલો ધરાવે છે ? તેઓ કયા પગલાં લે છે ? સમસ્યા નિવારણ માટે શું કરે છે ? વગેરે સામાજિક પરિસ્થિતિનાં સંદર્ભે અભિપ્રાય જાણવા માટે મુકત પ્રશ્નોની રચના કરેલ હતી.

આ વિભાગ હેઠળ જે મુલાકાત અનુસૂચિ તૈયાર કરવામાં આવી, તે બે પ્રકારની હતી (૧) જેમાં વહેમ– અંધશ્રધ્ધા નાબૂદી માટેનાં પ્રયોગ દરમ્યાન મુકતપણે જવાબ આપી શકે તેવાં પ્રશ્નો રચેલા હતા. જેમાં ગ્રામજનો પાસેથી, તેઓ જે માને છે, તે જાણવાનો હેતુ હતો. જેનાંથી તેઓ ધાર્મિક, સામાજિક અને માનસિક લાગણીઓ કે માન્યતાઓ બાબતે શું મત ધરાવે છે, તે જાણી શકાય. (૨) વહેમ–અંધશ્રધ્ધા નાબૂદી અંગેનું પ્રાયોગિક કાર્ય પૂર્ણ થયા બાદ પૂર્વે કરેલાં પ્રશ્નોને ફરીથી મુકતપણે પૂછવામાં આવ્યાં હતાં. આ પ્રશ્નોની રચના પ્રયોગનાં સંદર્ભે કરવામાં આવી હતી. જેમાં કેટલાંક પૂરક પ્રશ્નો ઉમેરવામાં આવ્યા. જેનાંથી તેઓ એ પ્રયોગમાંથી શું શું જાણ્યુ ? શું શું મેળવ્યું ? કઈ કઈ માન્યતાઓમાં ફેરફાર થયો ? હવે તેઓ શું વિચારે છે ? એટલે કે પ્રયોગની અસરકારકતા માપવા માટે આવાં પ્રશ્નોની રચના કરવામાં આવી હતી.

આ બંને પ્રકારની મુલાકાત–અનુસૂચિ તૈયાર કરવા માટે અભ્યાસકે જે પ્રાયોગિક કાર્ય હાથ ધર્યુ હતું. તેનાં અભ્યાસુ શ્રી હિમાંશુભાઈ ગાંધી કે જેઓ વહેમ–અંધશ્રધ્ધા નાબૂદી માટેનાં પ્રયોગો ગુજરાતનાં વિવિધ સ્થળોએ ગ્રામસભાઓમાં યોજે છે. તેમનો સહકાર લેવામાં આવ્યો હતો. પ્રયોગ માટેની વિગતો તેમની પાસેથી મેળવી લેવામાં આવી હતી. પ્રયોગ માટે જે ગુંદિયાળા ગામ પસંદ કરવામાં આવ્યુ હતુ. તે ગામનાં આગેવાનો, માધ્યમિક શાળાનાં આચાર્ય, શિક્ષકો વગેરેને મળીને ગ્રામજનોની લોકબોલી–ભાષા જાણીને પ્રશ્નોની રચના કરવામાં આવી હતી. જે સરળ રીતે સમજી શકે તેવા પ્રશ્નો રચેલા હતા.

પ્રયોગ દરમ્યાન ગ્રામજનોને પૂછવાનાં પ્રશ્નોની રચના કરવામાં આવી હતી. તો કેટલાંક પ્રશ્નો પ્રાયોગિક કામનાં સંદર્ભે ત્વરિત રચીને પૂછવામાં આવેલ હતા. જેની નોંધ કરવામાં આવી હતી. અને ઓડિયો રેકોર્ડીંગ પણ કરવામાં આવ્યુ હતુ.

**પ્રયોગ ૧– શ્રીફળમાંથી ચુંદડી કાઢવી.**

**પ્રયોગ દરમ્યાન પૂછવા માટેના પ્રશ્નો.**

૧.૧ તમે માનો છો કે આ શ્રીફળમાંથી ચુંદડી નીકળી તે કોઈ માતાજીનો ચમત્કાર હશે ?
૧.૨ એક ચુંદડી કાઢી લીધા પછી, હજુ બીજી ચુંદડી પણ નીકળશે ?
૧.૩ શ્રીફળ ઉપર તંત્ર–મંત્ર બોલી કોઈ શકિતને બોલાવી શકાય તેમ માનો છો ?
૧.૪ જો ચુંદડી ન નીકળે, તો માતાજી રૂઠયા છે તમે કહે તો તેમ માનશો ?
૧.૫ તે માટે કોઈ વિધિ કરવાનું કહે તો તમે તે કરવા તૈયાર થશો ?
૧.૬ ચુંદડીવાળું શ્રીફળ ઘરમાં રાખવાથી રિધ્ધિ–સિધ્ધિ કે શાંતિ મળશે તેમ કોઈ કહે તો તેમાં તમે માનશો ?
૧.૭ આ શ્રીફળને તમે ઘરમાં સાચવવાનું કહે તો લઈને સાચવશો ?
૧.૮ શ્રીફળ તમારું પોતાનું ખરીદીને આવેલ મહારાજને આપો તો ચુંદડી નીકળશે ?
૧.૯ તેમને ખુલ્લા પાડવાનું સાહસ કરશો ?
૧.૧૦ મનમાં ઊંડે ઊંડે પ્રભુનો / માતાજીનો પ્રકોપ થશે, કે દોષ લાગશે તેમ માનો છો ? ડર લાગે છે ?

**પ્રયોગ બાદ પૂછવા માટેના પ્રશ્નો**

૧.૧ આ અંગે તમે શું શું જાણતા હતા ?
૧.૨ આ પ્રયોગ બીજાને બતાવવો જોઈએ કે નહિં ?
૧.૩ તમે બીજાને આ માટે યોગ્ય માર્ગદર્શન આપશો ?
૧.૪ આ પ્રયોગ જોવાથી તમને શું ફાયદો થયો ?
૧.૫ તમારા મનમાં આ બાબતે કોઈ શંકા કે મૂંઝવણ છે ?
૧.૬ આ પ્રયોગ પરથી લાગે છે કે આવા તો બીજા ઘણા વહેમો હશે તે સાચા હશે ?
૧.૭ તમને આ બાબતમાં ઊંડા ઉતરવાનું મન થાય છે ?

**પ્રયોગ–૨ લીંબુ ચલાવવું.**

**પ્રયોગ દરમ્યાન પૂછવા માટેના પ્રશ્નો**

૨.૧ લીંબુને સ્પર્શ કર્યા વિના ટેબલ પર ચાલે છે તે મહારાજ મંત્ર તંત્ર બોલ્યા એટલે ચાલ્યુ કે કોઈ હાથચાલાકી છે તેમ તમે માનો છો ?
૨.૨ લીંબુ ચાલે છે એટલે ઘરની રિધ્ધિ સિધ્ધિમાં પ્રકોપ થયો છે તેમ માનો છો ?
૨.૩ કોઈ પડોશી કે કુટુંબનાં કલેશમાં સગા વહાલાં ઘરની બરબાદી કરવા લીંબુ દડાવે છે તમે લાગે છે ?

**પ્રયોગ બાદ પૂછવા માટેના પ્રશ્નો**

૨.૧ લીંબુ જ નહિં બીજા કોઈ પદાર્થ ઘરમાં આકસ્મિક આવી પડે તો તમે હવે માનશો કે આ કોઈએ મૂઠ મારી છે ?
૨.૨ લીંબુ અપશુકન કરે કે શુકન ?
૨.૩ લીંબુ હાથ ચાલકીથી ચાલ્યુ તો તમે તે બતાવી શકશો ?
૨.૪ બીજાને આ કહી શકશો ?

### પ્રયોગ–૩ હાથમાં ભડકો કરવો.

### પ્રયોગ દરમ્યાન પૂછવા માટેના પ્રશ્નો

૩.૧ તમે માનો છો કે, દિવડા સીધા હાથ ઉપર મુકવાથી દઝાતુ નથી ?

૩.૨ તે પાછળનું શું કારણ છે ?

૩.૩ શરીરમાં માતાજીનુ રખોપુ છે તેમ માનો છો ?

૩.૪ આ વ્યકિતમાં દૈવી શકિત છે તેમ માનો છો ?

૩.૫ તમને શંકા પડે છે કે આ દિવો શેનો છે ?

૩.૬ એમ લાગે છે કે માતાજીનાં કામમાં શંકા ન કરાય ?

૩.૭ તમે એમ માનો છો કે આ પ્રયોગ કરીને બતાવનાર ગામની દિકરીઓમાં સહનશકિત વધારે છે ?

### પ્રયોગ બાદ પૂછવા માટેના પ્રશ્નો

૩.૧ તમને લાગે છે કે આ તો હું પણ કરી શકુ ?

૩.૨ કપુરનો દિવો છે તેમ ખબર પડતા, તે વિશે જાણવાનું મન થયું ?

૩.૩ બીજાને આ બાબતે કહી શકશો ?

૩.૪ મનમાં ઊંડે ઊંડે હજુ માતાજીનાં પ્રકોપ માટેની બીક લાગે છે ?

૩.૫ તમારી જ દિકરીએ આ પ્રયોગ કરીને બતાવ્યો, તો તેનાં ભાવિ જીવન માટે કોઈ શંકા થાય છે ?

૩.૬ કોઈ દૈવી ચમત્કાર છે તેમ હવે લાગે છે ?

૩.૭ લાગે છે કે હવે આપણે ગામમાં આવા ધૂતારાને નહિ આવવા દેવા જોઈએ ?

### પ્રયોગ–૪ ખાલી ગ્લાસમાંથી પ્રસાદ કાઢવો

### પ્રયોગ દરમ્યાન પૂછવા માટેના પ્રશ્નો

૪.૧ તમે માનો છો કે આ ખાલી ગ્લાસમાંથી પ્રસાદ નીકળ્યો તે સાચુ છે ?

૪.૨ આ પ્રસાદમાં જે ડોડી, સિકકો કે પેન્સિલનો ટુકડો નીકળ્યો તે ઘરમાં કબાટમાં રાખવાથી ધન–સંપતિ વધશે તેમ માનો છો ?

૪.૩ અભ્યાસમાં મહેનત કર્યા વગર આ નીકળેલી વસ્તુ પાસે રાખવાથી પાસ થવાશે તેમ માનો છો ?

૪.૪ ઘરમાં બિમારી હોય, તો ઓશીકે રાખવાથી બિમારી ગાયબ થઈ જાય તેમ તમે માનો છો ?

૪.૫ ઘરનો કજિયો કંકાસ આ પ્રસાદી ભગવાનની પૂજામાં રાખવાથી દૂર થશે તેમ માનો છો ?

### પ્રયોગ બાદ પૂછવા માટેના પ્રશ્નો

૪.૧ તમે આ પ્રયોગ જાતે કરીને બતાવશો ?

૪.૨ તમને ખબર પડી કે ગ્લાસની અંદર બીજો નાનો ગ્લાસ બેસાડેલ છે. તેની નીચે તમે ધારો તે અન્ય વસ્તુ પણ મૂકીને બતાવી શકશો ?

૪.૩ તમને આ પ્રયોગથી શું જાણવા મળ્યું ?

૪.૪ બીજાને જે અહિં અત્યારે નથી આવ્યા તેને તમે બતાડી શકશો ?

૪.૫ તમને આશ્ચર્ય થતાં એમ લાગે છે કે આવું તો બીજું ઘણુ હશે ? જેનાં દ્વારા તમે ભોળવાઈ જાવ છો ?

**પ્રયોગ–૫ મોઢામાં ભડકો કરવો (અગ્નિ પેટાવવો), માતાજીનો ધૂપ કરવો, જીભની આરપાર ત્રિશૂળ કાઢવું.**

**પ્રયોગ દરમ્યાન પૂછવા માટેનાં પ્રશ્નો**

૫.૧ આ પ્રયોગ તો ગજબનો છે ? આવેલ મહારાજને સાક્ષાત્કાર થયેલો લાગે છે ? તેમ માનો છો ?

૫.૨ ઉભા થઈને પગે લાગવાનું મન થાય છે ?

૫.૩ ગામમાં બીજાને બોલાવીને આ દૈવીશકિતનો ચમત્કાર છે તેવું કહીને બોલાવા જવાનું મન થાય છે ?

૫.૪ તમને લાગે છે કે આ અષાઢ–શ્રાવણમાં તો ધર્મ–ભકિત વધારે હોય એટલે મહારાજ ખાસ દર્શન દેવા આવ્યા છે ?

૫.૫ તમને કોઈને આમાં આ કઈ રીતે બની શકે તેવી જિજ્ઞાસા થાય છે ?

**પ્રયોગ બાદ પૂછવા માટેના પ્રશ્નો**

૫.૧ ઓ...હો..આતો અમે પણ કરી શકીએ ?

૫.૨ આમા આવી રીતેનું સાધન (ત્રિશૂળ–ખાંચાવાળુ) આવે છે તેની તો ખબર જ નહિં ?

૫.૩ મોઢામાં ભડકો કરવાથી દઝાતુ નથી તે આ છોકરાઓને વિજ્ઞાનની રીતે ખબર છે
તો અમને કેમ કહેતા નહિં હોય ? કે આ ખોટુ છે.

૫.૪ ઉભા થઈને આ પ્રયોગ ફરી જાતે કરવાનું મન થાય છે ? કે હજુ બીક લાગે છે ?

૫.૫ તમારા ગામમાં હજુ વધારે વાર આવા પ્રયોગ કરવા જોઈએ તેમ તમે માનો છો ?

૫.૬ તમે આ પ્રયોગોની સાચી માહિતી બીજાને આપશો ?

ઉપરોકત 'ચમત્કાર પર્દાફાશ' સંબંધી પ્રયોગોનાં નિદર્શન બાદ, કેટલાંક ગ્રામજનો કે જેઓએ પોતાનાં મુકત અભિપ્રાય અને સૂચનો કરવાં માંગતા હતા. તેઓને ધ્યાનમાં રાખીને આ પ્રયોગની અસરકારકતા ચકાસવાં પ્રશ્નો રચેલા હતાં. જે તાત્કાલિકરૂપે તૈયાર કરવામાં આવ્યા હતાં. આમ, મુકત અભિપ્રાય જાણવા નીચેના પ્રશ્નોની રચના કરીને અસરકારકતા જાણવા માટેનો વધુ પ્રયત્ન કરવામાં આવ્યો હતો.

પ્રશ્ન–૧ આ પ્રયોગો તમે જોયા તે સિવાય અહિં અન્ય કયાં પ્રયોગો–ચમત્કાર કરવા લોકો આવે છે ?

પ્રશ્ન–૨ આ પ્રયોગો સિવાય કોઈ વહેમ / અંધશ્રધ્ધાવાળી પ્રવૃત્તિઓ સામૂહિક રીતે બહેનો અહીં કરે છે ?

પ્રશ્ન–૩ આ માટે તમારી શાળા / સંસ્થા કે અન્ય ઓફિસોનો સહકાર મેળવી શકાય તેમ માનો છો ? કેવી રીતે કરશો ?

પ્રશ્ન–૪ શુકન અપશુકનમાં માનનારા લોકો માટે શું કરવું જરૂરી લાગે છે ?

પ્રશ્ન–૫ ગામના શિક્ષિત, પ્રતિષ્ઠિત કે આગેવાન વ્યકિત તરીકે તમે વારંવાર આ બાબતોની જાગૃતિ માટે પ્રયત્ન કરશો ? કોનો સહકાર લેશો ?

## ૫.૫ ગ્રામજનોમાં વ્યસન અંગેની જાગૃતિ જાણવા માટેની મુલાકાત અનુસૂચિ

પ્રયોજકે સંશોધન માટે સામાજિક કાર્યક્રમમાં રૂપે વ્યસનમુકિત માટેનો પ્રયોગ ગામનાં લોકો માટે હાથ ધરેલ હતો. આ ગ્રામજનોમાં વ્યસન માટેની જાગૃતિ જાણવા માટે વિવિધ પ્રયોગો હાથ ધરેલ હતાં. જેમાં વ્યસન અને સ્વાસ્થ્ય સંબંધી જાણકારી એક સિકકાની બે બાજુ હોઈ, ગ્રામજનોમાં આ અંગેની સમજણ વિકસેલ છે કે નહિ. તે જાણવાનો પ્રયત્ન કરવાનો હતો. વળી, વ્યસનથી થતાં રોગો, શારીરિક હાનિ અને આર્થિક બેહાલી તેમજ સામાજિકપણે જે નુકસાન થાય છે તેનો સ્પષ્ટ ખ્યાલ આવી શકે. વ્યસન માટેની જાગૃતિ પેદા થાય. તેમજ આ માટે સરકારશ્રી, ગામની શાળા, ગામની આરોગ્યવિષયક સંસ્થાઓ અને અન્ય પ્રતિષ્ઠિત સ્વૈચ્છિક સંસ્થાઓ શું શું કામ કરે છે ? તેનાથી શું ફાયદો થાય ? વગેરે સમજ આપવાનો પ્રયત્ન વિવિધ પ્રયોગ દ્વારા કરવાનો હેતુ સમાયેલો હતો. જે દ્વારા તેમનામાં સામાજિકપણે અને સ્વાસ્થ્યની રીતે સમજણ વિકસે અને તેની અસરકારકતા ચકાસી શકાય તે માટે ઉપકરણ રચવામાં આવ્યા હતા.

આ માટેનાં મુકત પ્રશ્નો કે જેમાં પ્રયોગ પૂર્વે તેમના વ્યસન અંગેના ખ્યાલો જાણવા માટેનાં રચેલા હતા. અને પ્રયોગ બાદ તેમને જે જોયુ, જે સાંભળ્યું તેનાથી તેમનામાં આવેલ સાચી સમજણ એટલે કે અસરકારકતા તપાસવા માટે પ્રશ્નોની રચના કરવામાં આવી હતી.

આ કાર્યક્રમ હેઠળ જે પ્રવૃત્તિ પ્રાયોગિક કાર્ય માટે કરવામાં આવી હતી. તેમાં પ્રદર્શન કે જે અક્ષરપુરૂષોતમ સ્વામિનારાયણ સંસ્થા દ્વારા તૈયાર કરેલ સચિત્ર પ્રદર્શન હતુ. જેને શાળાનાં મેદાનમાં ગોઠવવામાં આવેલ હતુ. પ્રદર્શન નિદર્શન પૂર્વે નિષ્ણાંત તબીબનું વ્યાખ્યાન યોજેલ હતું. જેમાં વ્યસનોથી થતું શારીરિક નુકસાન અને વ્યસન છોડી શકાય. તે માટે શું કરવું વગેરેની સમજણ આપવામાં આવી હતી. આમ પ્રદર્શન નિહાળતાં પૂર્વે કેટલાંક પ્રશ્નો રચેલ હતા. જે વ્યાખ્યાન સમયે પૂછવામાં આવેલ હતાં. જેનાથી લોકોમાં રહેલી વ્યસન અંગેની સમજણ મેળવી શકયા હતા. આ પ્રશ્નો મુકતપણે ગ્રામજનો સભારૂપે બેઠા હતા ત્યારે પૂછેલ હતા. જેની રચના અભ્યાસકે કરેલ હતી. આ પ્રશ્નો નીચે મુજબના હતા.

**પ્રયોગ પૂર્વે વ્યસન અંગેની સમજણ જાણવા માટેના પ્રશ્નો**

૫.૫.૧ અહિં આવ્યા છો તે બધાને વ્યસનો છે ?
૫.૫.૨ આ વ્યસનો કેવા કેવા પ્રકારનાં છે ?
૫.૫.૩ આ વ્યસનો કોણ વધારે કરે છે ?
૫.૫.૪ આ વ્યસનો જાહેરમાં થાય છે ?
૫.૫.૫ આ વ્યસનથી થયેલા રોગોનાં કિસ્સા તમારી જાણમાં છે ?
૫.૫.૬ આવાં વ્યસનથી થયેલ રોગી માટે તમે શું શું કર્યું ?
૫.૫.૭ સારવારથી ફેર પડયો ?
૫.૫.૮ પ્રતિબંધિત વ્યસનો ગામમાં કયાં કયાં મળે છે ?
૫.૫.૯ તેનો વિના સંકોચે ઉપયોગ થાય છે ?
૫.૫.૧૦ તેવી વ્યકિતનાં ઘરની આર્થિક સ્થિતિ કેવી છે ?
૫.૫.૧૧ તેવી વ્યકિતને સમાજમાં સારી રીતે લોકો બોલાવે છે ?
૫.૫.૧૨ કેવા પ્રકારનાં વ્યસનોથી કેવા રોગ થઈ શકે ? તેનો ખ્યાલ છે ?
૫.૫.૧૩ આવા વ્યસનોની આદત કેવી રીતે પડી છે ? તેની પાછળ કયુ કારણ છે ?
૫.૫.૧૪ બહેનોમાં વ્યસન છે ? કેવા પ્રકારનાં ?
૫.૫.૧૫ વ્યસનો અટકાવવા શું કરવું જોઈએ ?
૫.૫.૧૬ આના માટે કોણ કોણ કામ કરે છે ? તેનો ખ્યાલ છે ?

આમ, ઉપરોકત પ્રશ્નોની રચના કરી ઉપકરણ તરીકે તેનો ઉપયોગ કરી ગ્રામજનોના મુકત ખ્યાલ મેળવવામાં આવ્યા હતાં.

પ્રયોગ બાદ વ્યસન બાબતમાં તેઓને શું જાણવા મળ્યું તે માટે તેઓ હવે શું કરી શકે ? કોનો સહકાર લઈ શકે ? વગેરે વિગતો જાણવા માટે પ્રયોગનાં સંદર્ભે પ્રશ્નોની રચના ઉપકરણ માટે તૈયાર કરવામાં આવી હતી. જેનાથી પ્રયોગની અસરકારકતા જાણી શકાઈ.

<u>પ્રયોગબાદ વ્યસન અંગેની જાગૃતિ જાણવા માટેના પ્રશ્નો</u>
(૧) પ્રદર્શન (૨) તબીબનું વ્યાખ્યાન
<u>નિષ્ણાંત તબીબનું વ્યાખ્યાન અને પ્રદર્શન સંદર્ભે રચેલ પ્રશ્નો</u>

૫.૫.૧ પ્રદર્શનમાં તમે શું શું જોયું ?
૫.૫.૨ પ્રદર્શનમાં માનવ શરીરની વિકરાળતા જોઈને શું લાગ્યું ?
૫.૫.૩ પ્રદર્શનમાં દેખાડેલ વ્યસનથી થતાં રોગોની ભયાનકતાથી શું લાગ્યું ? મનમાં કેવા વિચારો આવ્યા ?
૫.૫.૪ રોગની ગંભીરતાની અસર થઈ ?
૫.૫.૫ વ્યસન છોડવાનું મન થયું ?
૫.૫.૬ રોગની આડ અસરો શું થાય તે જાણવા મળ્યું ?
૫.૫.૭ તમને કે તમારા મિત્ર કે પડોશીને વ્યસનો ન રાખવા જોઈએ તેમ જોયા પછી લાગ્યું ?
૫.૫.૮ તે માટે તમે શું કરશો ?
૫.૫.૯ અન્યને આ પ્રદર્શન બતાવવુ જોઈએ તેમ લાગ્યું ?
૫.૫.૧૦ શાળા / સંસ્થાએ ગામમાં આવા કાર્યક્રમ વારંવાર કરવા જોઈએ તેમ માનો છો ?
૫.૫.૧૧ ગામનાં જુવાનિયાઓ ને કે વડિલોને આવાં વ્યસનો છે તો તે દૂર કરવા તમે શું કરશો ?
૫.૫.૧૨ ગામમાં વારવાર નિષ્ણાંત તબિબનાં વ્યાખ્યાનો યોજવા જોઈએ તેમ લાગે છે ?
૫.૫.૧૩ વ્યાખ્યાનની અસર ગ્રામજનો પર પડે છે તેમ લાગે છે ?
૫.૫.૧૪ વ્યાખ્યાનની લાંબા સમય સુધી અસર રહે તે માટે બીજું શું કરવું જોઈએ ? લોકોનો સહકાર કેવી રીતે લેશો ?

પ્રયોજકે વ્યસનમુકિતનાં કાર્યક્રમના પ્રાયોગિક કાર્યરૂપે ગ્રામજનો માટે કેટલાંક વ્યસનોથી થતા અસાધ્ય રોગનું ગેયરૂપે–અભિનય સાથેનું ભવાઈવેશ–રંગલાનો કાર્યક્રમ યોજેલ હતો. જે દ્વારા વ્યસન અંગેની શું અસરકારતા થઈ ? અને વ્યસન અંગેની સાચી સમજણ શું પ્રાપ્ત થઈ ? તે સંબંધી પ્રશ્નો રચેલા હતા. જેનો ઉપકરણ તરીકે ઉપયોગ કરવામાં આવ્યો હતો. ભવાઈવેશની ગેયસ્વરૂપની સ્ક્રીપ્ટ પરિશિષ્ટ–૮ માં સામેલ છે.

## ૬.૦ કાર્યક્રમ સંરચના

પ્રસ્તુત સંશોધનમાં હેતુઓનાં સંદર્ભમાં કાર્યક્રમ રચવામાં આવ્યો હતો. આ કાર્યક્રમોની રચના અંગેની વિગતપૂર્ણ રજૂઆત અત્રે કરેલ છે.

### સોપાન–૧ : પ્રવૃત્તિઓ અંગેની માહિતી મેળવવી

પ્રસ્તુત અભ્યાસ માટે સામાજિક વિકાસનાં સંદર્ભે શૈક્ષણિક સંસ્થાઓ કઈ કઈ પ્રવૃત્તિઓ હાથ ધરે છે. તે જાણવા માટે સુરેન્દ્રનગર શહેરની તેમજ કેટલીક ગ્રામ્ય વિસ્તારની સંસ્થાઓના આચાર્યોને પત્ર લખી માહિતી મેળવી હતી. આ શૈક્ષણિક સંસ્થાઓ કે જયાં આવા પ્રકારની પ્રવૃત્તિઓ થાય છે તેમ અભ્યાસક તેમનાં કાર્યક્ષેત્રનાં આધારે જાણતા હતા. તેવી સંસ્થાઓ પાસેથી માહિતી મંગાવી. ઉપરાંત સંસ્થાકીય મુખપત્ર કે પુસ્તિકા, અહેવાલ વગેરે મંગાવવામાં આવ્યા હતા.

### સોપાન–૨ : પ્રવૃત્તિઓનાં સંદર્ભમાં વિભાગોનું નિર્ધારણ

એકત્રિત કરેલ માહિતીનાં આધારે સામાજિક પ્રવૃત્તિઓ સંબંધિત મુદ્દાઓ તારવવામાં આવ્યા હતા. સામાજિક પ્રવૃત્તિઓને આવરી લેતા બાર વિભાગો નકકી કરવામાં આવ્યા હતા. જે નીચે મુજબ હતા.

૧ પ્રૌઢશિક્ષણ.
૨ વહેમ/અંધશ્રધ્ધા નાબૂદી.
૩ આર્થિક વિકાસ – સ્વનિર્ભર યોજનાઓ.
૪ બાળવિકાસ
૫ વ્યસન મુકિત
૬ એન.એસ.એસ.
૭ કુદરતી આપત્તિ.
૮ યુવાનો માટે વ્યકિત વિકાસ.
૯ સ્વાસ્થ્ય જાળવણી.
૧૦ લોક શિક્ષણ
૧૧ સેવાકીય પ્રવૃત્તિ
૧૨ પ્રકાશન

આ ઘટકો પૈકી કયા ઘટકો શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા હાથ ધરી શકાય તેમ છે. તે નકકી કરવામાં આવ્યુ. તે માટે સુરેન્દ્રનગર જિલ્લાનાં તજજ્ઞો, આચાર્યો અને કેળવણીકારો સાથે તા. ૧૬/૯/૨૦૦૩ ના રોજ બપોરે ૪.૦૦ કલાકે ડો. એલ.એમ.ધ્રુવ બાલાશ્રમ સંસ્થાનાં પ્રાર્થનાભવનમાં મીટીંગ ગોઠવવામાં આવી હતી. દરેકે પોતાનાં મંતવ્યો દર્શાવી રસપૂર્વક ચર્ચામાં ભાગ લીધો હતો. સાંપ્રત પરિસ્થિતિનાં સંદર્ભમાં નીચેના ચાર વિભાો માટેના કાર્યક્રમો અત્યંત આવશ્યક હોઈ, તેને ઘ્યાનમાં રાખી પ્રાયોગિક કાર્યક્રમ તૈયાર કરવો તેમ નિશ્ચિત થયેલ હતુ. આ સામાજિક કાર્યક્રમો નીચે મુજબનાં નકકી કરવામાં આવ્યા હતા.

૧ સ્વાસ્થ્ય જાળવણી.
૨ યુવાનો માટે વ્યકિત વિકાસ.
૩ વહેમ–અંધશ્રધ્ધા નાબૂદી.
૪ વ્યસન મુકિત.

ઉપરોક્ત વિભાગોમાં , વિભાગ : ૨ માં યુવાનો માટે વ્યકિત વિકાસને બદલે વિવિધ સામાજિક કૌશલ્યો ક્ષમતા–વિકાસ એમ ફેરફાર કરવો, આજનાં વિદ્યાર્થીઓને આ પ્રવૃત્તિ વધુ જરૂરી છે તેમ સૌએ જણાવી આ વિભાગને વિસ્તૃત સ્વરૂપે મૂકવાનું સૂચન કરેલ. તે અનુસાર પ્રાયોગિક કાર્યક્રમ માટે નીચેના ચાર કાર્યક્રમો નકકી કર્યા હતા.

સામાજિક કાર્યક્રમ : ૧ સ્વાસ્થ્ય સભાનતા
સામાજિક કાર્યક્રમ : ૨ સામાજિક કૌશલ્યો ક્ષમતા–વિકાસ
સામાજિક કાર્યક્રમ : ૩ વહેમ – અંધશ્રધ્ધા નાબૂદી
સામાજિક કાર્યક્રમ : ૪ વ્યસન મુકિત

**સોપાન–૩ સર્વેક્ષણ**

સુરેન્દ્રનગર જિલ્લામાં જે બાર વિભાગોઓ હાથ ધરી શકાય તેમ છે. તે દરેક વિભાગ હેઠળ વૈકલ્પિક પ્રશ્નો હા/ના પ્રકારનાં તેમજ સંબંધિત કઈ કઈ પ્રવૃત્તિઓ થાય છે તેની સ્પષ્ટ માહિતી મળી રહે તે પ્રકારનાં પ્રશ્નો રચવામાં આવ્યા હતા. ઉપરાંત આચાર્યશ્રીના મુકત અભિપ્રાય, પ્રવૃત્તિઓ અંગેનાં સૂચનો વગેરે જાણવા દરેક વિભાગનાં અંતે મુકત પ્રકારનો પ્રશ્ન રચવામાં આવેલો હતો. પોતાના વિસ્તારની અંદર ભૌગોલિક, સામાજિક, આર્થિક પરિસ્થિતિ સંદર્ભે શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા હજુ બીજી કઈ કઈ સામાજિક પ્રવૃત્તિઓ હાથ ધરી શકાય તેમ છે. તે જાણવા મુકત પ્રકારનો પ્રશ્ન રચેલો હતો.

સંશોધનનાં પ્રથમ બે હેતુઓ માટે ઉપરોકત મુજબની પ્રશ્નાવલિ દ્વારા સુરેન્દ્રનગર જિલ્લાની માધ્યમિક શાળાઓ/કોલેજોમાંથી માહિતી એકત્ર કરવામાં આવી હતી.

**સોપાન–૪ તજ્જ્ઞો, કેળવણીકારો તથા સામાજિક કાર્યકરો સાથે મુકત ચર્ચા/ગોષ્ઠિ.**

સંશોધનનાં અંતિમ હેતુઓ માટે પ્રયોગાત્મક કામગીરી કરવામાં આવી હતી. સર્વેક્ષણાત્મક કામગીરી દ્વારા મળેલ માહિતીને ધ્યાનમાં રાખીને, દરેક સામાજિક પ્રવૃત્તિઓ કઈ કઈ રીતે હાથ ધરી શકાય તે માટે સુરેન્દ્રનગર જિલ્લાનાં કેટલાંક આચાર્યશ્રીઓ, તજ્જ્ઞો, કેળવણીકારો, સામાજિક કાર્યકરોની એક મીટીંગ કરી હતી.

આ પ્રવૃત્તિઓ સમાજને વધુમાં વધુ ઉપયોગી હોય અને શૈક્ષણિક સંસ્થાઓ હાથ ધરી શકે તેવી હોય તે માટેની પ્રવૃત્તિઓ કઈ કઈ યોજી શકાય તેનું માર્ગદર્શન મેળવવામાં આવ્યુ હતું.

આ ચર્ચાસભા તા. ૧૬/૯/૦૩ નાં રોજ બપોરે ૪.૦૦ કલાકે ડો. એલ.એમ.ધ્રુવ બાલાશ્રમમાં પ્રાર્થના ભવનમાં નીચેનાં તજ્જ્ઞશ્રીઓ, કેળવણીકારો, આચાર્યશ્રીઓની હાજરીમાં યોજેલ હતી.

- શ્રી નાગજીભાઈ દેસાઈ — અગ્રગણ્ય કેળવણીકાર અને સામાજિક કાર્યકર
- શ્રી શાંતાબહેન દેસાઈ — અગ્રગણ્ય સામાજિક કાર્યકર.
- ડો. દિનેશભાઈ સેજપાલ — પ્રાચાર્ય, મહિલા બી.એડ્.કોલેજ–મૈત્રી વિદ્યાપીઠ
- ડો. હંસાબહેન શાહ — પ્રાધ્યાપક, મહિલા બી.એડ્.કોલેજ
- શ્રી એચ. કે. દવે — આચાર્યશ્રી, ખેરાળી હાઈસ્કૂલ
- ડો. મેરૂભાઈ ટમાલિયા — સંચાલકશ્રી, વડવાળા ટ્રસ્ટ, વસાડવા.
- શ્રી ચંદ્રકાંતભાઈ રાવલ — આચાર્યશ્રી, બોયઝ હાઈસ્કૂલ, મૂળી
- શ્રી રણછોડભાઈ પટેલ — આચાર્યશ્રી, લોકવિદ્યાલય, સુરેન્દ્રનગર.
- શ્રી રમીલાબહેન પટેલ — આચાર્યશ્રી, મંજુલા કન્યા વિદ્યાલય, સુરેન્દ્રનગર
- શ્રી ચંદ્રકાંતભાઈ વ્યાસ — આચાર્યશ્રી, ઘરશાળા , વઢવાણ
- શ્રી જશવંતભાઈ મહેતા — આચાર્યશ્રી, ગંજેળા–ધ્રાંગધ્રા.
- શ્રી લક્ષ્મણભાઈ એરણીયા — આચાર્યશ્રી, વસાડવા.
- ડો. નરેન્દ્રભાઈ રાવલ — આચાર્યશ્રી, ગુંદિયાળા
- શ્રી રમેશભાઈ રાવલ — આચાર્યશ્રી, શિશુકુંજ ધ્રાંગધ્રા
- શ્રી અમીબહેન બક્ષી — આચાર્યશ્રી, એમ. યુ. શેઠ ગર્લ્સ હાઇસ્કૂલ, વઢવાણ.
- શ્રી મનસુખભાઈ વાઘેલા — આચાર્યશ્રી, ધજાળા–ચોટીલા.
- શ્રી રમેશભાઈ મકવાણા — આચાર્યશ્રી, ફુલગ્રામ–વઢવાણ.
- શ્રી મનોજભાઈ રાજયગુરુ — આચાર્યશ્રી એન. એમ. હાઈસ્કૂલ, લીંબડી

**સોપાન–૫ સામાજિક કાર્યક્રમનાં પ્રાથમિક સ્વરૂપની રચના**

પ્રાયોગિક કામ માટેના કાર્યક્રમો પૈકી વિદ્યાર્થીઓ માટે (૧) સામાજિક કૌશલ્યો ક્ષમતા–વિકાસ (૨) સ્વાસ્થ્ય સભાનતા જયારે ગ્રામજનો માટે (૩) વહેમ–અંધશ્રધ્ધા નાબૂદી અને (૪) વ્યસન મુકિતનો કાર્યક્રમ યોજવો તેવો તજ્જ્ઞોનો મત હોઈ આ માટે પ્રાયોગિક કાર્યક્રમ રચવા તેમ નકકી થયેલ.

આ ચર્ચાસભામાં જે આચાર્યો ઉપસ્થિત હતા. તેઓને આ ચાર કાર્યક્રમના પ્રયોગ માટે કઈ કઈ પ્રવૃત્તિઓ યોજી શકાય તેની યાદી મંગાવવામાં આવી હતી. શાળાનાં આચાર્યો વિદ્યાર્થીઓ અને લોકોનાં સંપર્કમાં હોઈ, તેઓ કાર્યક્રમો તૈયાર કરવા વિશે વધારે સારી રીતે આયોજન આપી શકે તેમ લાગતા આ કાર્ય તેમને સોંપવામાં આવેલ. શાળાના ૧૧ આચાર્યો ઉપસ્થિત હતા તેમાથી છ આચાર્યોએ પોતાનાં અનુભવ અને સાંપ્રત પરિસ્થિતિને ધ્યાનમાં રાખી દરેક પ્રયોગ માટે કાર્યક્રમો સૂચવ્યા હતા. જે પ્રયોગ મુજબ નીચે પ્રમાણે દર્શાવેલ છે.

**સારણી ૩.૨**
**સામાજિક કાર્યક્રમોનાં પ્રયોગ માટે આચાર્યશ્રીઓએ સૂચવેલ કાર્યક્રમો**

| ક્રમ | શાળાનું નામ | પ્રયોગનું નામ | સૂચવેલ કાર્યક્રમ |
|---|---|---|---|
| ૧ | શ્રી એન. એમ. હાઈસ્કૂલ, લીંબડી | વહેમ–અંધશ્રધ્ધા નાબૂદી | (૧) 'જાથા' સંસ્થા દ્વારા વિજ્ઞાનનાં પ્રયોગો.<br>(૨) પેપર કટીંગ–લેખો–ચિત્ર પ્રદર્શન.<br>(૩) વિદ્યાર્થીઓનાં જૂથ દ્વારા ચર્ચા–વાર્તાલાપ, પ્રશ્નોત્તરી (કવીઝ) સ્પર્ધા,<br>(૪) નાગ પાંચમી, શ્રાદ્ધપક્ષ જેવા તહેવારો વિશે સાચી સમજ મળે તેવા એકાંકી.<br>(૫) એકપાત્રીય અભિનય, વકતૃત્વ–નિબંધ સ્પર્ધા<br>(૬) સમાજમાં જાગૃતિ માટે જાહેર નાટકો, પપેટ શો, શેરી નાટકોનું આયોજન.<br>(૭) સમાજમાં જાગૃતિ માટે કાર્યક્રમ વિદ્યાર્થીઓ, શિક્ષકો દ્વારા જાહેર રેલી.<br>(૮) પુસ્તકાલયોમાં ધાર્મિક પુસ્તકો વસાવવા જેથી ધર્મના મૂળ હાર્દને બાળકો જાણે.<br>(૯) પ્રવાસ દરમ્યાન ગ્રામ્ય પ્રજાની મુલાકાત, સંપર્ક દ્વારા સાચી સમજણ. |
| | | વ્યસન મુકિત | (૧) શાળા આસપાસ, ગુટખા, માવા, પાન વગેરેનાં વેચાણ પર પ્રતિબંધ.<br>(૨) ચિત્ર પ્રદર્શન, ડોકટરોનાં પ્રવચનો<br>(૩) સદ્‌વિચાર અને વ્યકિત વિકાસ માટેનાં સામાયિકો<br>(૪) લેખો, પેપર કટીંગ, ચિત્રોનું બુલેટીન બોર્ડ પર પ્રદર્શન |

| ક્રમ | શાળાનું નામ | પ્રયોગનું નામ | સૂચવેલ કાર્યક્રમ |
|---|---|---|---|
| | | | (૫) વ્યસન મુકિત માટેના ઈન્ટરનેટનાં પ્રોગ્રામો, સોફ્ટવેર, ફિલ્મોનો ઉપયોગ<br>(૬) સંતો, સમાજ સુધારકો, કલાકારોનાં પ્રવચનો ગોઠવવા.<br>(૭) આર્ટ ઓફ લીવીગ દ્વારા શિબિરો. |
| | | સામાજિક કૌશલ્યો ક્ષમતા–વિકાસ | (૧) ચારિત્ર્ય ઘડતર માટે સંગીત, નાટક, વકતૃત્વ, રમતગમત જેવી પ્રવૃત્તિઓ યોજવી.<br>(૨) તાસ આયોજનમાં વાંચન અને પ્રસ્તક પ્રદર્શન ગોઠવવા.<br>(૩) વિવેકાનંદ જેવા સમર્થ યુવાનોનાં જીવનની ઝરમરનો ખ્યાલ આપવો.<br>(૪) 'મોક' ઈન્ટરવ્યુ ગોઠવવા.<br>(૫) ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ કે જેવો ઉચ્ચ હોદેદાર કે સફળ ઉદ્યોગપતિ કે સફળ રાજકારણી હોય તેમને બોલાવી પ્રવચનો ગોઠવવા.<br>(૬) કેરિયર કોર્નર ચલાવવું.<br>(૭) હસ્તલિખિત અંક તૈયાર કરાવવા |
| | | સ્વાસ્થ્ય સભાનતા | (૧) આરોગ્યવિષય ફિલ્મ શો ગોઠવવો<br>(૨) યોગ–વ્યાયામની પ્રવૃત્તિ ચલાવવી<br>(૩) નિષ્ણાંત તબીબોનાં વ્યાખ્યાન ગોઠવવા. |
| ૨. | શ્રી મંજુલા કન્યા વિદ્યાલય–સુરેન્દ્રનગર | વહેમ–અંધશ્રધ્ધા નાબૂદી | (૧) શેરી નાટકો ભજવવા.<br>(૨) ગામમાં–ભીતસૂત્રો લખવા.<br>(૩) પ્રયોગોનાં પ્રદર્શન યોજવા.<br>(૪) ભોગ બનેલ વ્યકિતનાં પ્રસંગો કહેવા.<br>(૫) તજજ્ઞોનાં વ્યાખ્યાનો યોજવા.<br>(૬) વિજ્ઞાન 'જાથા' દ્વારા કાર્યક્રમ યોજવા.<br>(૭) સામાયિકોનાં પસંદગી લેખોનું વાંચન પ્રાર્થના સભામાં કરવું.<br>(૮) વાલી સંમેલન યોજવાં. |

| ક્રમ | શાળાનું નામ | પ્રયોગનું નામ | સૂચવેલ કાર્યક્રમ |
|---|---|---|---|
| | | વ્યસન મુકિત | (૧) પ્રદર્શનો યોજવા.<br>(૨) શેરી નાટક દ્વારા સમજણ.<br>(૩) દૈનિક સમાચાર પત્ર તથા સામાયિકોમાં વ્યસનમુકિતને લગતી આવતી વિગતોનાં કટીંગ કરી, બુલેટીન બોર્ડ પર લગાવવા.<br>(૪) વકતૃત્વ–નિબંધ સ્પર્ધા યોજવાં<br>(૫) વ્યસનમાંથી મુકત થવા પ્રતિજ્ઞા લેવડાવવી.<br>(૬) નિષ્ણાંત તબીબોનાં વ્યાખ્યાન યોજી થતાં નુકસાનની માહિતી આપવી.<br>(૭) વાલી સંમેલન વખતે વ્યસન મુકિતનું નાટક યોજી, વ્યસન મુકિતથી થતાં શારીરિક ફાયદા અને આર્થિક ફાયદાની માહિતી આપવી. |
| | | સામાજિક કૌશલ્યો ક્ષમતા–વિકાસ | (૧) સુષુપ્ત શકિતઓને બહાર લાવવા વિવિધ સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ કરાવી શકાય. સર્જનાત્મક પ્રવૃત્તિ કરાવી.<br>(૨) કારકિર્દી માર્ગદર્શનનું આયોજન કરી વિવિધ નિષ્ણાંતોનાં વ્યાખ્યાન યોજવા.<br>(૩) જુદી જુદી ઓફિસોની મુલાકાતો ગોઠવવી.<br>(૪) દેશ નેતા, સૂફી સંતો, કેળવણીકારો વગેરનાં જીવનકથા દ્વારા વ્યકિતત્ત્વ વિકાસ સાધી શકાય |
| | | સ્વાસ્થ્ય સભાનતા | (૧) વિવિધ મેડીકલ કેમ્પ યોજી શકાય<br>(૨) સ્વચ્છતા સંબંધી શારીરિક તપાસ ગોઠવવી.<br>(૩) રસીકરણ બાબતે જાગૃતિ માટેનાં પ્રચારકો – શિક્ષકો દ્વારા પ્રયત્ન કરવા. |
| ૩ | શ્રી ઓ. વી. શેઠ અને એમ.વી.શેઠ વિદ્યાલય–ખેરાળી | વહેમ–અંધશ્રધ્ધા નાબૂદી | (૧) ચમત્કારો, માન્યતાઓને પર્દાફાશ કરતાં વિજ્ઞાન પ્રયોગનું નિદર્શન યોજી શકાય.<br>(૨) શેરી નાટકો દ્વારા અસરકારક રજૂઆત કરી શકાય.<br>(૩) ભીતસૂત્રોનું ટૂકું પણ સ્પષ્ટ – અસરકારક લખાણ.<br>(૪) 'હેન્ડબોર્ડ' માં અસરકારક સૂત્રો સાથેની રેલીઓ દ્વારા સમાજ જાગૃતિનાં કાર્યક્રમ કરી શકાય.<br>(૫) ચોકકસ ઘર કરી ગયેલ વહેમ–અંધશ્રધ્ધાઓને પર્દાફાશ કરતી પત્રિકાઓનું વિતરણ.<br>(૬) વ્યાખ્યાનમાળા યોજી શકાય. |

| ક્રમ | શાળાનું નામ | પ્રયોગનું નામ | સૂચવેલ કાર્યક્રમ |
|---|---|---|---|
| | | | (૭) યુવાન મંડળો રચી ઉપરોકત કાર્યક્રમો ગામે–ગામ યોજવા.<br>(૮) શાળા–બુલેટીન બોર્ડનો આયોજનબધ્ધ અસરકારક ઉપયોગ. |
| | | વ્યસન મુકિત | (૧) ધાર્મિક સંપ્રદાયનાં અસરકારક વકતવ્ય – સાધુ સંતોનાં વ્યાખ્યાનો યોજી શકાય.<br>(૨) વ્યસનોથી થતાં વિવિધ રોગો દર્શાવતાં રંગ–બેરંગી ચાર્ટ તૈયાર કરાવી તેનું નિદર્શન–પ્રદર્શન યોજી શકાય .<br>દા.ત. અક્ષર પુરૂષોતમ સ્વામિનારાયણ સંસ્થા દ્વારા આવા પ્રદર્શનો યોજાય છે. વ્યસન મુકિતનો નિર્દેશ કરતાં મોટી સાઈઝનાં હોર્ડીંગ ગોઠવી શકાય.<br>(૩) વ્યસનોથી થતાં અસાધ્યા જીવલેણ ભયાનક રોગો વિશે પ્રદર્શન – પત્રિકાથી કે શેરી નાટકો દ્વારા ખ્યાલ આપી શકાય.<br>(૪) ભીતસૂત્રો<br>(૫) દર મહિને કે બે મહિને એક દિવસને 'વ્યસન મુકિત દિન' તરીકે ઉજવી વિવિધ કાર્યક્રમો જેમાં, નિબંધ સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા, નાટીકાઓ યોજી શકાય.<br>(૬) સામાજિક જાગૃતિ માટે હેન્ડબોર્ડ સાથેની રેલીઓ યોજી શકાય.<br>(૭) લેખો કે ચિત્રો પ્રદર્શિત કરતા બુલેટીન.<br>(૮) નામાંકિત તબીબોનાં વ્યાખ્યાન યોજવા આવશ્યક ઘટકો નકકી કરવા. |
| | | યુવાનો માટે વ્યકિતત્વ વિકાસ | ○ હકારાત્મક વલણ ઉચ્ચ શૈક્ષણિક, યોગ્યતા.<br>○ ઉચ્ચ આત્મબળ–ત્વરિત નિર્ણયશકિત<br>○ દ્રઢતા, ધીરજ સહિષ્ણુતા,શિસ્ત<br>○ નિયમિતતા, પ્રમાણિકતા, શૌર્યતા, સ્વાસ્થ્ય આયોજન શકિત.<br>(૧) ઉપર જણાવેલ આવશ્યક ઘટકોને કેન્દ્ર સ્થાને રાખી – સુપ્રસિધ્ધ મનોવૈજ્ઞાનિકોનાં પ્રવચનો, વાર્તાલાપો ગોઠવી શકાય. |

| ક્રમ | શાળાનું નામ | પ્રયોગનું નામ | સૂચવેલ કાર્યક્રમ |
|---|---|---|---|
| | | | (૨) કવીઝ પ્રકારની સ્પર્ધા યોજી શકાય.<br>(૩) પ્રતિભાશાળી વ્યકિતઓની મુલાકાત, પ્રશ્નોતરી ગોઠવી શકાય.<br>(૪) પ્રેરણા શિબિરનું આયોજન કરી શકાય.<br>(૫) વાંચન શિબિર ગોઠવી શકાય. |
| | | સ્વાસ્થ્ય શિક્ષણ | (૧) આરોગ્ય ખાતા દ્વારા ગ્રામ સફાઈ – સ્વચ્છતાં – ગ્રામ સ્વાસ્થ્ય વિશેની ફિલ્મ બતાવી શકાય.<br>(૨) વ્યાખ્યાન દ્વારા તેની સમજણ આપી શકાય. |
| ૪ | શ્રી ઉત્તર બુનિયાદી વિદ્યાલય–ધજાળા | વહેમ–અંધશ્રધ્ધા નાબૂદી | (૧) રજાઓ દરમ્યાન વિદ્યાર્થી પોતાનાં ગામનો સર્વે કરે. નિરક્ષરતાનું પ્રમાણ જાણી, સાક્ષર કરવા પ્રયત્ન કરે. તો જ સાચી સમજણ આપી શકે.<br>(૨) વિજ્ઞાન જાથાનાં કાર્યક્રમ વડે લોકોને સાચી સમજણ આપવી. પ્રથમ નિષ્ણાંતો પાસે વિદ્યાર્થીઓ તાલીમ મેળવે અને ત્યારબાદ નજીકના પોતાના અને આજુબાજુનાં વિસ્તારમાં પ્રત્યક્ષ નિદર્શન આપી વહેમોની વાત સમજાવે.<br>(૩) વહેમ–અંધશ્રધ્ધાથી ગામમાં કેટલું નુકશાન થયું તેનો ખ્યાલ મેળવે. દા.ત. (૧) સર્પદંશ થયો હોય અને તેમાં ભુવા કે મંદિરનાં સહારે તેઓ બચી શકયા કે કેમ ? (૨) રોગો નાબૂદ થયા કે કેમ (૩) ગામનો વિકાસ કેટલો થયો કે ન થયો ? (૪) વાર્તાલાપ ગોઠવે– સાચી સમજણ આપે. (૫) શેરી નાટકો ગોઠવે. |
| | | વ્યસનમુકિત | (૧) પ્રદર્શન યોજી શકાય.<br>(૨) ભીતસૂત્રો લખી શકાય.<br>(૩) શેરી નાટકો યોજી શકાય.<br>(૪) સારા પ્રકાશનોમાંથી ઝેરોક્ષ કરાવી તેનો પ્રચાર – પ્રસાર કરાવે. |

| ક્રમ | શાળાનું નામ | પ્રયોગનું નામ | સૂચવેલ કાર્યક્રમ |
|---|---|---|---|
| | | | (૫) વ્યસન પાછળનો આર્થિક સર્વે કરી, વાર્ષિક કેટલાં ઓછા થાય અને જીંદગીનું જોખમ કેટલું ? તે ગણતરી કરી સમજાવી શકાય.<br>(૬) વિદ્યાર્થી પોતાના ઘરે પ્રતિજ્ઞા લેવડાવી – મુકિત અપાવે. |
| | | વ્યકિતત્વ વિકાસ | (૧) નિબંધ લેખન કરાવી તેમની રસરૂચિ જાણવાનો પ્રયત્ન કરી, માર્ગદર્શન આપો.<br>(૨) રાષ્ટ્રીય સેવા યોજનાના કાર્યક્રમ અન્વયે વિવિધ પાસાઓનો અભ્યાસ કરાવવો.<br>(૩) કારકિર્દી સપ્તાહનું આયોજન કરી, વ્યાખ્યાન–પ્રદર્શન યોજવા.<br>(૪) વિવિધ સ્પર્ધાઓ યોજવી.<br>(૫) જનરલ નોલેજ માટે દર મહિને એક કસોટી લેવી તેની યોગ્ય કક્ષા આપવી.<br>(૬) વર્ગમાં જીવન શિક્ષણની વાતો કહેવી. |
| | | સ્વાસ્થ્ય શિક્ષણ | (૧) આરોગ્ય કેમ્પ યોજવા.<br>(૨) શાળામાં નિયમિત–મેડીકલ ચેકઅપ કરાવવું.<br>(૩) સ્વચ્છતા માટેનાં શેરી નાટકો યોજવા–ગ્રામ્યકક્ષાએ રજૂઆત કરાવવી. |
| ૫ | શ્રીમતી એસ.એસ.<br>સંઘવી વિદ્યાલય<br>મુ. વસાડવા<br>તા. ધ્રાંગધ્રા, જિ. સુ.નગર | વહેમ–અંધશ્રધ્ધા | (૧) વકતૃત્વ સ્પર્ધા ગોઠવી શકાય.<br>(૨) નાટક દ્વારા ''ભૂત ભૂવાને મેલડી ત્રણે તૂતે તૂત'<br>(૩) પ્રયોગ દ્વારા અંધશ્રધ્ધા નિવારી શકાય.<br>(૪) વકતવ્ય ગોઠવવા. |
| | | વ્યસન મુકિત | (૧) જુદા જુદા રોગોનાં ચિત્રોનું પ્રદર્શન કરવું.<br>(૨) રેલી દ્વારા વ્યસન મુકિત કાર્યક્રમ.<br>(૩) વાર્તાલાપ.<br>(૪) શેરી નાટકો. |
| | | વ્યકિતત્વ વિકાસ | (૧) સારા પુસ્તકોનું વાંચન.<br>(૨) સ્પર્ધા યોજવી.<br>(૩) શ્રમનું મહત્વ દ્વારા વ્યસન મુકિત. |

| ક્રમ | શાળાનું નામ | પ્રયોગનું નામ | સૂચવેલ કાર્યક્રમ |
|---|---|---|---|
| | | | (૪) જાહેરમાં પ્રોત્સાહિત કરીને.<br>(૫) વ્યવસાયલક્ષી માર્ગદર્શન આપીને<br>(૬) સુસંસ્કારનું સિંચન કરીને.<br>(૭) મહાપુરુષોના જીવન ચરિત્ર દ્વારા |
| | | સ્વાસ્થ્ય શિક્ષણ | (૧) સ્વાસ્થ્ય અંગે વૈજ્ઞાનિક સમજ આપવી.<br>(૨) બુલેટીન બોર્ડ પર દૈનિક સમાચારોનાં કટીંગ મૂકવાં.<br>(૩) ગામમાં આરોગ્યકેમ્પ ગોઠવી સહાયરૂપ થવું.<br>(૪) રસીકરણ માટે જાગૃતિ લાવવી. |
| ૬ | શ્રી કે.કે.મંગલાયતન વિનય મંદિર–સુરેન્દ્રનગર | વહેમ–અંધશ્રધ્ધા નાબૂદી | (૧) વિવિધ પ્રયોગો યોજવા, વાલી સંમેલનમાં વિદ્યાર્થીઓ આ પ્રયોગોનું નિદર્શન કરે.<br>(૨) નિબંધ લખવા–વંચાવવા.<br>(૩) સુવાકયો બુલેટીન બોર્ડ પર લખવા.<br>(૪) પ્રવચનો ગોઠવવા બનેલા સત્ય પ્રસંગો કહેવા.<br>(૫) પ્રચાર અને પ્રસાર માટે પત્રિકાઓનો ઉપયોગ કરવો.<br>(૬) આ પ્રવૃત્તિ સાથે સંકળાયેલી સંસ્થાઓ, વ્યકિતઓ અને સામાયિકોનો ખ્યાલ આપવો.<br>(૭) આ માહિતી વિદ્યાર્થીઓ દ્વારા પ્રોજેકટ ગોઠવી પહોંચાડવી. |
| | | વ્યસન મુકિત | (૧) માહિતગાર કરવા પ્રવચનો.<br>(૨) પ્રદર્શનો ભરવા.<br>(૩) છાપા–સામાયિકોમાં આવતી વિગતોને હાઈલાઈટ કરવી.<br>(૪) પ્રોજેકટ ગોઠવવા.<br>(૫) વાલી સંમેલન વખતે આ અંગેની માહિતી – સૂત્રો અને સુવાકયો લખાવી જાગૃતિ લાવવી. |
| | | યુવાનો માટે વ્યકિત વિકાસ | (૧) વિવિધ સ્પર્ધાઓ યોજવી.<br>(૨) પ્રવાસ–પ્રર્યટન ગોઠવી આયોજન કરાવવું.<br>(૩) વાંચન પ્રવૃત્તિ વિકસાવવી.<br>(૪) બહારની પરિક્ષાઓ અપાવવી. |
| | | સ્વાસ્થ્ય શિક્ષણ | (૧) આરોગ્ય તપાસ કરાવવી. |

આમ, આ સામાજિક પ્રવૃત્તિઓની યાદીના સંદર્ભે સામાજિક કાર્યક્રમનાં પ્રાથમિક સ્વરૂપની રચના કરી હતી. જેમાં સ્થાનિક નિષ્ણાંતશ્રીઓનો, શાળાના આચાર્યશ્રીનો, શિક્ષકોનો અને અગ્રગણ્ય ગ્રામજનોનો સહકાર મેળવ્યો હતો. જેમાં, થોડા સૂચનો–માર્ગદર્શનને આધારે ફેરફાર કરી દ્વિતીય સ્વરૂપની રચના કરી હતી.

**<u>સોપાન : ૬</u> દ્વિતીય સ્વરૂપની અજમાયશ.**

આમ, ઉપરોકત વિવિધ મુખ્ય ચાર સામાજિક કાર્યનાં વિભાગ હેઠળની પ્રવૃત્તિઓ પ્રથમ અજમાયશરૂપે કાર્યક્રમનાં દ્વિતીય સ્વરૂપની રચના કરી નિશ્ચિત કરેલ શાળામાં કરવામાં આવી હતી. આ પ્રવૃત્તિઓ માટે વઢવાણ તાલુકાના ફુલગ્રામ ગામની ઉત્તર બુનિયાદી શાળાની પસંદગી કરવામાં આવી હતી. આ પ્રવૃત્તિઓ પૈકી વહેમ–અંધશ્રધ્ધા નાબૂદી અને વ્યસનમુકિત સમાજનાં લોકો માટેની હોઈ ફુલગ્રામ ગામની વચ્ચે આવેલી પ્રાથમિક શાળાના વિશાળ મેદાનમાં કરવામાં આવી હતી. આમ પ્રવૃત્તિઓ માટેનાં દ્વિતીય સ્વરૂપની રચના કરી તેની પ્રથમ અજમાયશ આ ફુલગ્રામ ગામમાં કરવામાં આવી હતી. આ પ્રવૃત્તિઓનું આયોજન અને કાર્યક્રમ આ મુજબનાં હતા. જયારે અન્ય બે પ્રવૃતિઓ–સ્વાસ્થ્ય સભાનતા અને સામાજિક કૌશલ્યો–વિકાસ માટેની પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓ માટેની હતી. જે ફુલગ્રામની ઉત્તરબુનિયાદી શાળામાં યોજવામાં આવી હતી. આ દ્વિતીય સ્વરૂપનાં કાર્યક્રમનું આયોજન નીચે પ્રમાણે હતુ.

**સામાજિક કાર્યક્રમ–૧**

**સ્વાસ્થ્ય સભાનતા**

**પ્રવૃત્તિ : ૧** **<u>વ્યાખ્યાન</u> – તારીખ : ૮/૨/૦૪, સ્થળ : ફુલગ્રામ, સમય : સવારે ૮ થી ૧૦**

**વ્યાખ્યાતા :** શ્રી બાબુભાઈ ધામી (પ્રાચાર્ય, પી.ટી.સી. કોલેજ, સુરેન્દ્રનગર)

**વિષય :** રોગ પરિચય અને સામાન્ય રોગો

**પ્રયોજન :**
- વિદ્યાર્થીઓ સામાન્ય રોગોથી પરિચય મેળવે.
  કયા રોગો શામાંથી, શા માટે થાય છે.
  તેની સમજ મેળવે.
- સામાન્ય રોગો ન થાય તે માટેની શારીરિક સ્વચ્છતા અંગેની કાળજી કેમ લેવી તેની સમજ મેળવે.

**પ્રવૃત્તિ : ૨** **<u>પ્રદર્શન</u> – તારીખ : ૧૦/૨/૦૪(ત્રણ દિવસ તા. ૮,૯,૧૦/૦૪, સ્થળ : ફુલગ્રામ શાળા,**

**પ્રયોજક :** આરોગ્ય વિભાગ દ્વારા પ્રદર્શન

**વિષય વસ્તુ :** પ્રાથમિક સારવાર
સારી ટેવો
રોગ પરિચય
રસીકરણ
સ્વચ્છતા અને આરોગ્ય

**પ્રયોજન :**
- વિદ્યાર્થીઓ પ્રદર્શન જોવે અને ઉપરોકત વિષય વસ્તુની સમજ કેળવી શકે.
  જેની અસરકારકતા વધુ રહે.
- આ અંગે તેમના કુટુંબમાં–સમાજમાં પણ સમજ આપી શકે.

**પ્રવૃત્તિ : ૩** **<u>પ્રાથમિક સારવારની સમજણ–નિદર્શન</u> – તારીખ : ૧૦/૨/૦૪,સાંજે ૪.૦૦ કલાકે.**

**પ્રયોજક :** ડૉ. જયશ્રીબેન શાહ

**વિષય વસ્તુ :**
- દાઝવું, પડી જવુ, કરડવુ, ડૂબી જવુ, વાગી જવુ,
  અસ્થિભંગ થવો વગેરે સમયે તાત્કાલિક શું કરી શકાય તેની સમજણ આપવામાં આવી.
- ફર્સ્ટ એઈડ બોકસનું નિદર્શન–ઉપયોગ શીખવાડવામાં આવ્યું.

**પ્રવૃત્તિ : ૪** **<u>યોગાસનોનું નિદર્શન</u> – તારીખ : ૧૧/૨/૦૪, સ્થળ : ફૂલગ્રામ**

**પ્રયોજક :** ડૉ. બળવંતભાઈ વ્યાસ
(પ્રાધ્યાપક, બી.એડ્.કોલેજ, સુરેન્દ્રનગર.)

**પ્રયોજન :**
- યોગાસન શીખવાડવા.
- યોગાસનોના ફાયદા સંબંધી સમજ આપવી.

**પ્રવૃત્તિ : ૫** **<u>ભીંતસૂત્રો લખાવવા.</u> – તારીખ : ૧૧/૨/૦૪.**

**પ્રયોજક :** અભ્યાસક

**પ્રયોજન :** ભીત સૂત્રોની યાદી કરી. ગામની શાળા, પ્રા.શાળા, ગ્રામસભા યોજાય છે તે ચોરો–મેદાન, તથા રામજી મંદિર પાસે આ સૂત્રો લખાવવાથી લોકોને–વિદ્યાર્થીઓને નજર સમક્ષ સતત રહે અને સ્વાસ્થ્ય સંબંધી સુટેવોનું ઘડતર થાય. અને સ્વાસ્થ્ય સંબંધી સુટેવોનું ઘડતર થાય.

ગ્રામ્ય પ્રજાજનોમાં અને વિદ્યાર્થીઓમાં જાગૃતિ આવે અને પ્રયોગ થયા બાદ તેની અસર લાંબા સમય સુધી તેમના જીવનમાં રહે તે માટે લખવામાં આવ્યા હતા.

**<u>સામાજિક કાર્યક્રમ–૨</u>**

**પ્રવૃત્તિ : ૧** **સામાજિક કૌશલ્યો ક્ષમતા વિકાસ – તા. ૭/૨/૦૪, સ્થળ : ફુલગ્રામ સમય : ૩ થી ૫**

**વ્યાખ્યાતા :** **વિવિધ કૌશલ્યો અંગેનું નિદર્શન.**

**વિષય વસ્તુ :** શ્રી અરવિંદભાઈ પરમાર (રોટરી કલબ, સુરેન્દ્રનગર)

રોજબરોજનાં વ્યવહારમાં ઉપયોગી કેટલાંક કૌશલ્યો અંગેની સૂઝ–સમજ વિદ્યાર્થીઓમાં કેળવાય તેવા મુદ્દાઓ આવરી લેવામાં આવ્યા હતાં જેમકે,

–વાતચીત કરવાની રીત.
–હકારાત્મક વલણો દાખવવા સંબંધી.
–જાહેરમાં વ્યકત થવાની ક્ષમતા.
–સ્વતંત્ર મંતવ્ય કે અભિપ્રાય વ્યકત કરી શકે તેની ક્ષમતા.
–ઘરવપરાશના આધુનિક સાધનોના વપરાશ માટેની આવડતો.
–પત્રવ્યવહાર.
–અરજી કેમ કરવી.
–વિવિધ ઓફિસો સાથેના વ્યવહાર.
–બેંકીગ વ્યવહાર.
–કુદરતી આપત્તિ કે તાત્કાલિક મુશ્કેલી નિવારણ અંગેની સૂઝ.
–સામાન્ય ખરીદી વગેરેની આવડત.

**પ્રવૃત્તિ : ૨** **નિદર્શન–સ્લાઈડ શો.**

ઉપરોકત તમામ કૌશલ્યોનું નિદર્શન યોજેલ.

**પ્રવૃત્તિ : ૩** **એક દિવસીય વર્કશોપ.**

રજૂકર્તા : અરવિંદભાઈ પરમાર

વ્યકિતત્વનાં વિવિધ પાસા સંબંધી પ્રશ્નોત્તરી કરીને વિદ્યાર્થી–શિક્ષકોને સામેલ કરવામાં આવ્યા.

**પ્રવૃત્તિ : ૧** **<u>સામાજિક કાર્યક્રમ : ૩</u>**

**પ્રયોજક :** **વહેમ / અંધશ્રધ્ધા નાબૂદી–તારીખ : ૩/૨/૦૪, સ્થળ : ફુલગ્રામ, સમય : બપોરે ૪.૦૦ કલાકે.**
**વહેમ–અંધશ્રધ્ધા દૂર કરનારા વિજ્ઞાનના પ્રયોગનું નિદર્શન. (ચમત્કાર પર્દાફાશ)**

**પ્રયોજન :** શ્રી હિમાંશુ ગાંધી
(વિજ્ઞાન શિક્ષક, સર અજિતસિંહજી હાઈસ્કૂલ–ધ્રાંગધ્રા)

**પ્ર.વિગત :** વહેમ–અંધશ્રધ્ધા દૂર કરી શકે તેવા તાદશ્ય પ્રયોગો દર્શાવાથી કેટલીક માન્યતાઓ દૂર થઈ શકે.
–વૈજ્ઞાનિક અભિગમ દષ્ટિકોણને સમજે.

(૧) શ્રીફળમાંથી ચૂંદડી કાઢી બતાવવી.
(૨) આપમેળે લીબુ ચલાવવું.
(૩) હથેળીમાં દિવો પ્રગટાવેલો રાખવો.
(૪) ખાલી ગ્લાસમાંથી પ્રસાદ, ડોડી વગેરે કાઢી બતાવવુ.
(૫) મોઢામાં ભડકો (અગ્નિ) રાખવો.
(૬) છાપાની પસ્તી પર ત્રિશૂલ, સાથિયો, અગરબત્તીથી કરવો.
(૭) ત્રિશૂળ–મોંજીભની આરપાર કાઢવુ.
(૮) લીબુમાંથી લોહી નીચોવી કાઢી બતાવવુ.

ઉપરોકત બધા પ્રયોગનું સમાજની વ્યકિતને સામેલ કરીને નિદર્શન કરી બતાવ્યુ હતુ. આમ, સમાજનાં લોકોની પ્રત્યક્ષ સામેલગીરી રાખી હતી. પ્રયોગ માટે આવેલ પ્રયોજકે પોતાની આગવી શૈલીમાં, એક ધૂતારાનો વેશ ધારણ કરીને પ્રયોગ નિદર્શિત કર્યા હતા. તમામ પ્રયોગો બતાવતા પ્રશ્નો પૂછવામાં આવેલ હતાં. જેની પ્રયોજકે નોંધ તૈયાર કરી હતી. મુકત જવાબો મેળવીને નોંધેલ હતા.

ત્યારબાદ, આમ તમામ પ્રયોગો કેવી રીતે કર્યા હતા. અને તમે પણ કરી શકો. વગેરે સમજણ આપી. નિદર્શિત કર્યુ હતુ. અને વૈજ્ઞાનિક દષ્ટિકોણથી સમજ આપી, આવા વહેમો–અંધશ્રધ્ધાથી દૂર રહેવા અપીલ કરી હતી. અને આ માનસિક ભૂમિકા સ્પષ્ટ થયા પછી પાછા એ જ પ્રશ્નો પૂછીને, નવા અભિગમ સાથેનાં ઉત્તરો મેળવ્યા હતા. જેની નોંધ કરવામાં આવી છે.

**પ્રવૃત્તિ : ૨** **<u>વકતવ્ય</u> – તારીખ : ૪/૨/૦૪, સ્થળ : ફુલગ્રામ–શાળા, સમય : બપોરે ૪.૦૦ કલાકે.**

**પ્રયોજક :** ડૉ. બળવંતભાઈ વ્યાસ
(પ્રાધ્યાપક, મૈત્રી વિદ્યાપીઠ મહિલા બી.એડ્ કોલેજ, સુરેન્દ્રનગર)

**પ્રયોજન :** વહેમ–અંધશ્રધ્ધા સંબંધિત બની ગયેલ અન્ય પ્રસંગો–અનુભવોનું વર્ણન સભા ભરીને, ગ્રામજનો સમક્ષ કહેવાથી, તેની થયેલ વિપરીત અસર વિશે જાણકારી આપવી.
–અગાઉ જોયેલા પ્રયોગો માટે વૈજ્ઞાનિક દષ્ટિકોણ કેળવાય અને લોકોમાં જાગૃતિ આવી શકે.

**પ્રવૃત્તિ : ૩** **<u>પ્રદર્શન</u> – તારીખ : ૫/૨/૦૪, સ્થળ : ફુલગ્રામ–શાળા, સમય : સવારે ૯ થી ૫ કલાકે.**

**પ્રયોજક :** અભ્યાસક

**પ્રયોજન :** પ્રકાશિત થયેલ લેખ, પ્રસંગ, ફોટોગ્રાફસ વગેરેનું બુલેટીન બોર્ડ ઉપર કટીંગ કરી લગાડવાથી વિદ્યાર્થીઓને સાચી સમજ મળે. લોકોને આવા પ્રસંગો કહીને સાચી સમજ આપી શકે.

**<u>સામાજિક કાર્યક્રમ–૪</u>**

**વ્યસન મુકિત**

**પ્રવૃત્તિ : ૧** **<u>પ્રદર્શન</u> – તારીખ : ૫–૬/૨/૦૪, સ્થળ : ફુલગ્રામ, સમય : બે દિવસ ૯ થી ૫**

**પ્રયોજક :** શ્રી પ્રકાશભાઈ ભારદ્વાજ
અક્ષર પુરુષોત્તમ સ્વામિનારાયણ મંદિર–સુરેન્દ્રનગર દ્વારા તૈયાર થયેલ પ્રદર્શન શાળામાં લાવી ગોઠવવું. નિદર્શન માટે વિદ્યાર્થીઓ અને વાલીઓને એકિત્રત કરવામાં આવેલ હતાં.

**પ્રયોજન** – વ્યસન અંગેની સમજ કેળવવી.
– વ્યસનથી થતાં મહારોગો અને ગંભીર બિમારીની અસર સચિત્ર જોવી.
– વ્યસનથી પોતાની, ઘરની, સમાજની–કુટુંબની પાયમાલી કેટલી હદે થાય છે. તેનું ચિત્ર દ્વારા જ્ઞાન–સમજ આપવામાં આવ્યુ હતું.

**પ્રવૃત્તિ : ૨** **<u>નિષ્ણાંત તબીબનું વ્યાખ્યાન</u> – તારીખ : ૬/૨/૦૪, સ્થળ : ફુલગ્રામ, સમય : ૪ થી ૫**

**પ્રયોજક :** ડૉ. નિખિલેશ દેસાઈ
**(વ્યાખ્યાતા)**

**વિષય :** વ્યસન જેને વળગે ભાવિ તેનું સળગે.
વ્યસન દુર્દશાનો દૂત.
વ્યસનો યૌવનધનની અમાસ,
વગેરે મુદ્દાઓને લઈને ગ્રામજનો તેમજ વિદ્યાર્થીઓને વ્યસનથી દૂર રહેવા સમજ આપી.
તેમજ વ્યસનની ભયાનકતા વ્યાખ્યાન દ્વારા આપવામાં આવી હતી.

આમ, સામાજિક પ્રવૃતિઓ દ્વિતીય સ્વરૂપની અજમાયશરૂપે કરવામાં આવી હતી. કાર્યક્રમનાં અમલીકરણ કરતાં કરતાં જે અનુભવો થયા, તે નીચે મુજબના રહ્યા હતા.

- સુવ્યવસ્થિત આયોજનબધ્ધ પ્રવૃત્તિઓ શાળા માધ્યમ દ્વારા સરળતાથી કરાવી શકાય છે.
- વ્યાખ્યાન કરતાં, નિદર્શન તેમજ સાંસ્કૃતિક પ્રકારના સામેલીગીરી ધરાવતા કાર્યક્રમો વધારે અસરકારક જણાયા છે.
- ગ્રામ્ય વિસ્તારની શાળામાં શિક્ષકોનો પ્રભાવ ગ્રામજનો ઉપર વિશેષ રહ્યો છે.
  સહકાર સારો પ્રાપ્ત થયો.
- કોઈપણ કાર્યક્રમ ઓછા સમયનો ગાળો હોય. તેં મુજબ યોજવો. જરૂરી લાગ્યો.
  (એક કલાકથી વધુ સમય ગ્રામજનો ફાળવી શકે નહિ.)

**<u>સોપાન : ૭</u> સામાજિક કાર્યક્રમનાં અંતિમ સ્વરૂપની સંરચના**

સામાજિક પ્રવૃત્તિનાં સંદર્ભે, સમાજને ઉપયોગી થઈ શકે અને શૈક્ષણિક સંસ્થાઓ વધુ સહેલાઈથી હાથ ધરી શકે તેવાં કાર્યક્રમોની વિવિધ પ્રવૃત્તિઓ પ્રથમ અજમાયશરૂપે ફુલગ્રામ ગામમાં કર્યા બાદ કાર્યક્રમનાં અંતિમ સ્વરૂપની રચના કરવામાં આવી હતી. આ કાર્યક્રમની સંરચના માટે અગાઉ થયેલાં કેટલાંક અનુભવો–સૂચનોને ધ્યાનમાં લઈને પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યુ હતું.

અંતિમ સ્વરૂપનાં કાર્યક્રમનાં અમલીકરણ માટે વઢવાણ તાલુકાનાં ગુંદિયાળા ગામની માધ્યમિક શાળા શ્રીમતી એસ.બી.ગાર્ડી વિદ્યાલયને પસંદ કરવામાં આવી હતી. આ માધ્યમિક શાળા ગામની મધ્યમાં હોઈ, આસપાસનાં ગ્રામજનો તેનો લાભ લઈ શકે, સરળતાથી આવી શકે તેમ હતા. શાળાનાં આચાર્યશ્રીને પત્ર લખીને, કાર્યક્રમો યોજવા માટેની પૂર્વ મંજૂરી લીધેલ હતી. તેમજ ગામના લોકો અને તેમની સામાજિક સ્થિતિ, તેમનો વ્યવસાય, તેમનો નવરાશનો સમય અને શાળાની અનુકૂળતા વગેરે જાણકારી મેળવેલ હતી. શાળાનાં વિદ્યાર્થીઓ – સ્ટાફ વગેરેનો સહકાર મળે તે માટે અભ્યાસકે પ્રથમ રૂબરૂ મુલાકાત લીધેલ હતી. અને કાર્યક્રમ યોજવા પાછળનું પ્રયોજન સ્પષ્ટ કરેલ હતુ.

ત્યારબાદ, આ અંતિમ સ્વરૂપનાં કાર્યક્રમની રચના કરીને, તેનું આયોજન કરવામાં આવ્યુ હતુ.

આ ચાર સામાજિક કાર્યક્રમમાં પ્રવૃત્તિનું અમલીકરણ કરવા માટેનું આયોજન નીચે મુજબનું હતું.

**સારણી ૩.૩**

**યોજેલ ચાર સામાજિક કાર્યક્રમોની પ્રવૃત્તિઓ અને તેની વિગત**

| ક્રમ | સામાજિક કાર્યક્રમનું નામ | પ્રયોજક | લાભાર્થી | તારીખ અને સમય ગાળો | વાર |
|---|---|---|---|---|---|
| પ્રયોગ ૧ | સ્વાસ્થ્ય સભાનતા | | | | |
| | <u>પ્રવૃત્તિ : ૧</u><br>પ્રિ–ટેસ્ટ સ્વાસ્થ્ય સભાનતા બાબતની ૨૫ પ્રશ્નોની એક ટેસ્ટ લેવામાં આવી. | પ્રયોજક તથા ડૉ. નરેન્દ્રભાઈ રાવલ | ધો. ૯<br>સંખ્યા ૫૦ | તા. ૧૧/૧૦/૦૪<br>સવારે ૯ થી ૯.૪૫ મીનીટ | સોમવાર |
| | <u>પ્રવૃત્તિ : ૨</u><br><u>વ્યાખ્યાન</u><br>વિષય : સ્વાસ્થ્ય અને આરોગ્ય જાળવણી. | ડૉ. બળવંતભાઈ વ્યાસ | ધો. ૮ થી ૧૦<br>સંખ્યા ૧૫૦ | તા. ૧૧/૧૦/૦૪<br>સવારે ૧૦ થી ૧૦.૪૫ મીનીટ | સોમવાર |
| | <u>પ્રવૃત્તિઃ ૩</u><br>પ્રશ્નોત્તરી ચર્ચા મંચ સામાન્ય રોગો અને ઘરગથ્થુ ઉપચારો. | ડૉ. બળવંતભાઈ વ્યાસ | ધો. ૮ થી ૧૦<br>સંખ્યા ૧૫૦ | તા.૧૨/૧૦/૦૪<br>૧૦થી૧૦.૪૫ | મંગળવાર |
| | <u>પ્રવૃત્તિ : ૪</u><br>નિદર્શન : આસનો પદ્માસન, હલાસન, સર્વાંગાસન, સમજૂતી ફાયદાઓની ચર્ચા | ડૉ. બળવંતભાઈ વ્યાસ | ધો. ૮ થી ૧૦<br>સંખ્યા ૧૫૦ | તા.૧૩/૧૦/૦૪<br>સવારે ૮ થી ૯.૩૦ કલાકે. | બુધવાર |
| | <u>પ્રવૃત્તિ : ૫</u><br>વ્યાખ્યાન<br>યોગ અને પ્રાણાયામ | આચાર્યશ્રી<br>ડૉ. નરેન્દ્ર રાવલ | ધો. ૮ થી ૧૦<br>સંખ્યા ૧૫૦ | તા.૧૩/૧૦/૦૪<br>૪૫ મીનીટ<br>૧૦થી૧૦.૪૫ | બુધવાર |

| ક્રમ | સામાજિક કાર્યક્રમનું નામ | પ્રયોજક | લાભાર્થી | તારીખ અને સમય ગાળો | વાર |
|---|---|---|---|---|---|
| | <u>પ્રવૃત્તિ : ૬</u><br>નિદર્શન<br>ચક્રાસન, શીર્ષાસન, ધનુરાસન, ફાયદા, રીતની ચર્ચા | ડૉ. બળવંતભાઈ વ્યાસ | ધો. ૮ થી ૧૦<br>સંખ્યા ૧૫૦ | તા.૧૪/૧૦/૦૪<br>૧ કલાક | ગુરૂવાર |
| | <u>પ્રવૃત્તિ : ૭</u><br>વ્યાખ્યાન<br>સ્વચ્છતા : તનની, મનની અને ઘરની | શ્રી ઈલાબેન મહેતા(મુખ્ય ગૃહમાતા) માનવ મંદિર, શ્રી કન્યા છાત્રાલય, સુરેન્દ્રનગર | ધો.૮થી૧૦<br>સંખ્યા ૧૫૦ | તા.૧૫/૧૦/૦૪<br>૯ થી ૯.૪૫<br>૪૫ મિનિટ | શુક્રવાર |
| | <u>પ્રવૃત્તિ : ૮</u><br>ચર્ચા–પ્રશ્નોત્તરી<br>આહાર–વિહારની સારી ટેવો–ખોટી ટેવો ચર્ચા–પ્રશ્નોત્તરી | ડૉ. જયશ્રીબેન શાહ | ધો.૮ થી ૧૦<br>સંખ્યા ૧૫૦ | તા.૧૫/૧૦/૦૪<br>૧૧ થી ૧૨<br>૧ કલાક | શુક્રવાર |
| | <u>પ્રવૃત્તિ : ૯</u><br>પોસ્ટ ટેસ્ટ<br>સ્વાસ્થ્ય શિક્ષણ સંબંધી પોસ્ટ ટેસ્ટ | અધ્યાપકો અને આચાર્યશ્રી ડૉ. નરેન્દ્ર રાવલ | ધો. ૯<br>વિદ્યાર્થીઓ<br>૫૦ | તા.૧૬/૧૦/૦૪<br>સવારે<br>૮ થી ૮.૪૫ | શનિવાર |
| પ્રયોગ ૨ | સામાજિક કૌશલ્યો ક્ષમતા–વિકાસ | | | | |
| | <u>પ્રવૃત્તિ : ૧</u><br>'મારી પસંદગી'–શીર્ષક હોઠળની પ્રિ–ટેસ્ટ જેમાં વિદ્યાર્થીઓમાં રહેલાં, સામાજિક કૌશલ્યોની ચકાસણી કરવામાં આવી હતી. | ૧. પ્રયોજક<br>૨ ડૉ. નરેન્દ્રભાઈ રાવલ<br>૩. ડૉ. ચેતનભાઈ કણઝરિયા | ધો. ૯<br>વિદ્યાર્થીઓ<br>–૧૫૦ | તા.૧૪/૧૦/૦૪<br>સવારે ૯ થી ૧૦ | ગુરૂવાર |
| | <u>પ્રવૃત્તિ : ૨</u><br><u>વ્યાખ્યાન અને નિદર્શન</u><br>૧. વિવિધ કૌશલ્યો માટેનું વ્યાખ્યાન<br>૨. બેકીગ વ્યવહાર, પત્ર વ્યવહાર, અરજી વગેરેનું નિદર્શન દ્વારા સમજણ. | શ્રી અરવિંદભાઈ પરમાર<br>રોટરી કલબ સુરેન્દ્રનગર | ધો. ૮,૯<br>૧૦ નાં<br>વિદ્યાર્થીઓ<br>સંખ્યા ૧૫૦ | તા.૧૫/૧૦/૦૪<br>સવારે ૯ થી ૧૦<br>તા.૧૬/૧૦/૦૪<br>સવારે ૯ થી ૧૦ | શુક્રવાર<br>શનિવાર |
| | <u>પ્રવૃત્તિ : ૩</u><br><u>'મારી પસંદગી'</u><br>પોસ્ટ ટેસ્ટ | પ્રયોજક તેમજ શિક્ષકગણ | ધો. ૯<br>સંખ્યા ૫૦ | તા.૧૮/૧૦/૦૪<br>સવારે<br>૯ થી ૯.૪૫ | સોમવાર |

| ક્રમ | સામાજિક કાર્યક્રમનું નામ | પ્રયોજક | લાભાર્થી | તારીખ અને સમય ગાળો | વાર |
|---|---|---|---|---|---|
| પ્રયોગ ૩ | વહેમ–અંધશ્રધ્ધા નાબૂદી | | | | |
| | <u>પ્રવૃતિ :૧ –</u> ચમત્કાર પર્દાફાશ વૈજ્ઞાનિક પ્રયોગોનું નિદર્શન. | શ્રી હિમાંશુભાઈ ગાંધી–ધ્રાંગધ્રા. | વિદ્યાર્થીઓ –૧૫૦ ગ્રામજનો –૪૭ | તા. ૧/૯/૦૪ બપોરે ૩થી૫ | શુક્રવાર |
| | <u>પ્રવૃતિ : ૨–</u> વકતવ્ય વહેમ–અંધશ્રધ્ધા સંબંધિત બની ગયેલ – પ્રસંગો – અનુભવોનું વર્ણન. | ડૉ. બળવંત વ્યાસ | વિદ્યાર્થીઓ –૧૫૦ ગ્રામજનો ૪૫–૫૦ | તા. ૨/૯/૦૪ બપોરે ૩થી૪ | શનિવાર |
| | <u>પ્રવૃતિ : ૩ પ્રદર્શન</u> પ્રકાશિત થયેલ લેખ, પ્રસંગ, ફોટોગ્રાફસ, વગેરેનું બુલેટીનબોર્ડ, ઉપર કટીંગ કરી નિદર્શિત. | અભ્યાસક તથા શાળાના આચાર્યશ્રી ડો. નરેન્દ્રભાઈ રાવલ | વિદ્યાર્થીઓ –૧૫૦ ગ્રામજનો ૪૫–૫૦ | તા. ૨/૯/૦૪ બપોરે ૧૨થી૫ | શનિવાર |
| પ્રયોગ ૪ | વ્યસન મુકિત | | | | |
| | <u>પ્રવૃતિ : ૧–નિષ્ણાંત તબીબનું વ્યાખ્યાન</u> વિષય : વ્યસન જેને વળગે ભાવિ તેનું સળગે. | ડૉ. નિખિલેશ દેસાઈ | ગ્રામજનો ૪૦–૫૦ | તા. ૩/૯/૦૪ બપોરે ૩થી૪ | રવિવાર |
| | પ્રવૃત્તિ : ૨–પ્રદર્શન વ્યસનોથી થતી દુર્દશાનું સચિત્ર પ્રદર્શન | શ્રી અક્ષર પુરુષોત્તમ સ્વામિનારાયણ મંદિર–સુ.નગર | વિદ્યાર્થીઓ –૧૫૦ ગ્રામજનો ૪૦–૫૦ | તા. ૪/૯/૦૪ સવારે ૧૦થી૬ | સોમવાર |
| | <u>પ્રવૃત્તિ : ૩ –ભવાઈ વેશ રંગલો</u> –વ્યસન મુકિત તેમજ –સ્વાસ્થ શિક્ષણ સંબંધી ઉપદેશાત્મક–માર્ગદર્શન સમાવતો કાર્યક્રમ (સ્ક્રીપ્ટ પરિશિષ્ટમાં સામેલ છે.) | નાયક : ડૉ. બળવંતભાઈ વ્યાસ<br>રંગલો : શેખો | વિદ્યાર્થીઓ –૧૫૦<br>ગ્રામજનો–૪૭ | તા. ૪/૯/૦૪ બપોરે ૪ થી ૫.૩૦ (ગ્રામજનો માટે) | સોમવાર |

આમ સામાજિક કાર્યક્રમની સંરચનામાં પ્રયોગો હેઠળ વિવિધ પ્રવૃત્તિઓને આવરી લેવામાં આવી હતી.

## ૭.૦ પ્રયોગનું અમલીકરણ :

સંશોધકે પ્રાયોગિક કાર્ય માટે પ્રાથમિક સ્વરૂપની રચના ત્યાર બાદ યોગ્ય તપાસણી બાદ, દ્વિતીય સ્વરૂપની રચના કરી તેનું પ્રાથમિક અજમાયશરૂપે અમલીકરણ વઢવાણ તાલુકાની ફુલગ્રામ શાળામાં કરેલ હતું. આ પ્રયોગ દરમ્યાન પડેલ મુશ્કેલીઓ રહી ગયેલ ક્ષતિઓ વગેરેને ધ્યાનમાં રાખી અંતિમ સ્વરૂપની રચના કરી હતી, આ અંતિમ સ્વરૂપની રચના માટે પ્રાયોગિક કાર્યનું આયોજન નિશ્ચિત કરેલ ચાર પ્રયોગો માટે કરેલ હતું. આ કાર્યક્રમનું આયોજન જે શાળામાં કાર્યક્રમ યોજવાનો હતો. તે શાળા વઢવાણ તાલુકાના ગુંદિયાળા ગામની શાળા પસંદ કરેલ હતી. તેના આચાર્યશ્રી શિક્ષકો સૌ સાથે બેસાડી તેમનો સહકાર લઈ, પ્રયોગના અમલીકરણ માટે નિશ્ચિત સમય, તારીખ, પ્રયોગ કરનાર વ્યકિત વગેરેને ધ્યાનમાં રાખી આયોજન કરેલ હતું. જે આયોજન અગાઉ અન્યત્ર આપેલ છે.

ચાર પ્રયોગો મુજબની પ્રવૃત્તિઓ નીચે મુજબની રહી હતી તેનું અમલીકરણ નીચે મુજબ કરવામાં આવ્યું હતું.

### ૭.૧ સ્વાસ્થ્ય સભાનતા પરનો વિદ્યાર્થી માટેનો કાર્યક્રમ

**પ્રવૃત્તિ : ૧ પૂર્વ કસોટી**

સ્વાસ્થ્ય સભાનતા સંબંધિત કાર્યક્રમ કરતા પૂર્વે સંશોધકે તૈયાર કરેલ, પૂર્વ કસોટી વિદ્યાર્થીઓને આપી ટેસ્ટ લેવામાં આવી હતી. જેમાં ૨૫ સ્વાસ્થ્ય સભાનતા સંબંધિત પ્રશ્નનો હતાં. શાળાના આચાર્યશ્રી ડૉ. નરેન્દ્રભાઈ રાવલ દ્વારા ધો. ૯ નાં ૫૦ વિદ્યાર્થીઓને સવારે તેમના ૪૫ મિનિટનાં સમયગાળા દરમ્યાન ટેસ્ટ લેવડાવવામાં આવી હતી. જેની જરૂરી સૂચના–માર્ગદર્શન આપવામાં આવ્યા હતા.

**પ્રવૃત્તિ : ૨ – વ્યાખ્યાન**

સ્વાસ્થ્ય અને આરોગ્ય જાળવણી બાબતનો ખ્યાલ આવે તે માટેનું વ્યાખ્યાન મૈત્રી મહિલા બી.એડ્. કોલેજના પ્રાધ્યાપકશ્રી ડૉ. બળવંત વ્યાસ દ્વારા શાળામાં સવારના સમયે તમામ વિદ્યાર્થીઓ માટે ગોઠવેલ હતું. અને તેઓએ સુંદર–સરળ ભાષામાં વ્યાખ્યાન આપેલ હતું.

**પ્રવૃત્તિ : ૩ – પ્રશ્નોત્તરી ચર્ચા**–મંચ

ડૉ. બળવંત વ્યાસ દ્વારા જ ઉપરોકત વ્યાખ્યાનને આધારે પ્રશ્નો–ચર્ચા થઈ હતી. જેમાં સામાન્ય રોગો, ઘરગથ્થું ઉપચારો વગેરેનો સમાવેશ કરી, વિદ્યાર્થીઓમાં સમજણ ખીલવી હતી.

**પ્રવૃત્તિ : ૪ – નિદર્શન : આસનો**

ડૉ. બળવંત વ્યાસ દ્વારા વિવિધ આસનો બતાવવામાં આવ્યા હતાં. તેની સમજૂતી તેનાથી થતા ફાયદાઓની ચર્ચા કરી હતી. ચાર્ટ્સ વગેરે બતાવવામાં આવ્યાં હતાં.

**પ્રવૃત્તિ : ૫ – વ્યાખ્યાન : યોગ અને પ્રાણાયામ**

મૈત્રી પીટીસી કોલેજનાં પ્રાચાર્ય અને વિષયના તજજ્ઞ જાણકાર શ્રી બાબુભાઈ ધામીએ યોગ અને પ્રાણાયામ બાબતે વ્યાખ્યાન આપ્યુ હતું. જેમાં તે કયારે કરાય, કેવી રીતે કરાય, તેનાથી થતાં ફાયદા, નુકસાન વગેરેની છણાવટ વિદ્યાર્થી વચ્ચે કરી હતી.

**પ્રવૃત્તિ : ૬ – નિદર્શન**

ડૉ. બળવંત વ્યાસ દ્વારા અન્ય આસનો જે વિદ્યાર્થી અવસ્થામાં અત્યંત જરૂરી છે. તેવા ચક્રાસન, શીર્ષાસન, ધનુરાસન વગેરે કરીને બતાવ્યા હતા. તેનાં ફાયદા, રીત વગેરેની વાત કરી, વિદ્યાર્થીઓને નિદર્શિત કરી બતાવ્યા હતા. જેનાથી વિદ્યાર્થીઓને સ્વાસ્થ્ય સંબંધી સભાનતા વિકસે અને ભાવિજીવનમાં તે વધુ સ્વસ્થ રહી શકે.

## સ્વાસ્થ્ય સભાનતા પરનાં વિદ્યાર્થીઓ માટેનાં કાર્યક્રમો હેઠળની વિવિધ પ્રવૃત્તિઓની ઝલક



ચાર્ટ્સ દ્વારા વિવિધ આસનોની વિદ્યાર્થીઓને સમજણ આપતા પ્રાધ્યાપક
ડૉ. બળવંતભાઈ વ્યાસ



વિદ્યાર્થીઓ સમક્ષ આસન નિદર્શન અંતર્ગત ચક્રાસનની મુદ્રામાં
ડૉ. બળવંતભાઈ વ્યાસ.



શીર્ષાસન નિદર્શન



'સ્વચ્છતા તનની, મનની અને ઘરની' અંતર્ગત વિષયની છણાવટ કરતાં
શ્રી ઈલાબહેન મહેતાની સાથે ચર્ચામાં વિદ્યાર્થીઓ

**પ્રવૃત્તિ : ૭ – વ્યાખ્યાન**

સ્વચ્છતા સંબંધી વ્યાખ્યાન માટે માનવમંદિર કન્યા છાત્રાલયનાં મુખ્ય ગૃહમાતા શ્રી ઈલાબહેન મહેતાએ 'સ્વચ્છતા તનની, મનની અને ઘરની.' એ વિષય ઉપર શાળાના બધા જ વિદ્યાર્થીઓને સ્વચ્છતા સંબંધી વ્યાખ્યાન શાળા સમયે ૪૫ મિનિટ આપેલ હતું. જેનાથી સ્વચ્છતા અંગેની સમજણ વિદ્યાર્થીઓને મળી હતી.

**પ્રવૃત્તિ : ૮ – ચર્ચા પ્રશ્નોતરી**

આહાર–વિહારની સુટેવો–ખોટી ટેવો વગેરે બાબત આવરી લેતી ચર્ચા પ્રશ્નોતરી, સુરેન્દ્રનગરનાં જાણીતા તબીબ શ્રી ડૉ. જયશ્રીબેન શાહે વિદ્યાર્થી સમક્ષ કરેલ હતી. જેનાથી તેમને ખોરાક બાબતે સાચી સમજણ અને તે વિશેની રસપ્રદ માહિતી મળી હતી.

**પ્રવૃત્તિ : ૯ – ઉત્તર કસોટી**

ઉપરોકત તમામ પ્રવૃત્તિઓ એક અઠવાડિયામાં યોજાઈ ગયા બાદ, શાળાના આચાર્ય ડૉ. નરેન્દ્રભાઈ રાવલ દ્વારા પૂર્વ કસોટીને જ ઉત્તર કસોટીરૂપે વિદ્યાર્થીઓ પાસેથી ભરાવીને લેવામાં આવી હતી.

## ૭.૨ સામાજિક કૌશલ્યો ક્ષમતા વિકાસ પરનાં વિદ્યાર્થીઓ માટેનો કાર્યક્રમ

**પ્રવૃત્તિ : ૧–પૂર્વ કસોટી**

સામાજિક કૌશલ્યો સંબંધી 'મારી પાસંદગી' શીર્ષક મુજબની ટેસ્ટ સંશોધક દ્વારા વિદ્યાર્થીઓ માટે તૈયાર કરવામાં આવી હતી. જેમાં, વિવિધ સામાજિક કૌશલ્યોનાં પ્રસંગોનુ વર્ણન હતું. તેમાં તેમનો અભિપ્રાય લખવાનો હતો. તે માટે શાળાનાં ધો. ૯ નાં ૫૦ વિદ્યાર્થીઓનો પસંદ કરવામાં આવ્યા હતાં. જે શિક્ષકો દ્વારા પૂર્વ કસોટી લેવામાં આવી હતી.

**પ્રવૃત્તિ : ૨ – વ્યાખ્યાન અને નિદર્શન**

રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગરનાં વડિલ સભ્યશ્રી અને સામાજિક પ્રવૃત્તિઓમાં રસ ધરાવતાં શ્રી અરવિંદભાઈ પરમારને શાળામાં નિમંત્રિત કરીને બોલાવવામાં આવ્યા હતા. તેઓએ વિવિધ કૌશલ્યો માટેનું વ્યાખ્યાન સરળ ભાષામાં આપ્યું હતું. જેમાં, બેકીગ વ્યવહાર, પત્ર વ્યવહાર, અરજી કેમ કરશો વગેરેની વસ્તુઓ સાથે લઈને આવેલ હતાં, તેનું નિદર્શન કરી બતાવેલ હતું. સામાજિક કૌશલ્યો સંબંધી કેટલીક ઘટનાઓ–પ્રસંગોની વાત રમૂજી ભાષામાં કરી હતી. તે દરમ્યાન શ્રી અરવિંદભાઈએ વિદ્યાર્થીઓને પ્રશ્ન પૂછીને તેમનાંમાં રહેલી સામાજિક કુશળતાનો અંદાજ કાઢતા હતા. આ કાર્યક્રમમાં શાળાના તમામ વિદ્યાર્થીઓને બેસાડવામાં આવેલ હતા. અને તેમના શાળા સમયે સવારે ૯ થી ૧૦ માં આ કાર્યક્રમ યોજયો હતો.

**પ્રવૃત્તિ : ૩ – ઉત્તર કસોટી**

ઉપરોકત કાર્યક્રમ યોજાઈ ગયા બાદ બે દિવસ પછી અગાઉ આપેલ પૂર્વ કસોટીને ફરીથી એ જ ૫૦ વિદ્યાર્થીઓને ઉત્તર કસોટી માટે આપેલ હતી, ૪૫ મીનીટનાં સમયગાળામાં આ ઉત્તર કસોટી ધો. ૯ નાં ૫૦ વિદ્યાર્થીઓ દ્વારા ભરાવામાં આવી હતી. જેનાથી, તેમનાં અગાઉ થયેલ પ્રયોગોને કારણે વલણમાં ફેરફાર થયો છે કે નહિ તે જાણી શકાય.

# સામાજિક કૌશલ્યો ક્ષમતા–વિકાસ પરના વિદ્યાર્થીઓ માટેના કાર્યક્રમ હેઠળની પ્રવૃત્તિઓની તસવીરો



સામાજિક કૌશલ્યો અંગે સમજૂતિ આપતા શ્રી અરવિંદભાઈ પરમાર



સામાજિક કૌશલ્યો અન્વયે વિદ્યાર્થીઓની સામાજિક કુશળતાનો
પ્રશ્નોત્તરી દ્વારા અંદાજ કાઢતાં શ્રી અરવિંદભાઈ પરમાર

**પ્રવૃત્તિ : ૭.૩ વહેમ–અંધશ્રધ્ધા નાબૂદી પરનો ગ્રામજનો માટેનો કાર્યક્રમ**

**પ્રવૃત્તિ–૧ ચમત્કાર પર્દાફાશ, વહેમ–અંધશ્રધ્ધા નિર્મૂલન વૈજ્ઞાનનાં પ્રયોગોનું નિદર્શન**

આ માટે તેના સમગ્ર ગુજરાતમાં જાણીતાં, નિષ્ણાંત એવા શિક્ષકશ્રી હિમાંશુભાઈ ગાંધીનો ફોનથી અને પત્રથી સંપર્ક કરી, સમય નિશ્ચિત કરી, ધ્રાંગધ્રાથી બોલાવેલ, ગ્રામજનોને પોતાના નવરાશનો સમય બપોરનો હોઈ, તે સમયે કાર્યક્રમ યોજેલ હતો. જેમાં ગ્રામજનો ૫૦ ની સંખ્યામાં ઉપસ્થિત હતા. શ્રી હિમાંશુભાઈએ સરળ શૈલીમાં ગ્રામજનોની સમક્ષ એક સાધુરૂપે આવીને, તેવા પહેરવેશ–બોલી વગેરે સાથે વિવિધ પ્રયોગો યોજેલ. અને સાથે સાથે પ્રશ્નો પૂછતાં જતા હતાં. જેના ઉત્તરો સંશોધકે નોંધેલ હતા. એક પછી એક પ્રવૃતિઓ બતાવતા સમયે ગ્રામજનોને રસ પડે તેવી વાતો કરી હતી. જેથી, કાર્યક્રમ આયોજનબધ્ધ કરી શકાયો તેમજ પ્રયોગ દરમ્યાન તે લોકોને પણ સામેલ કરી, કેટલાંક પ્રયોગોમાં ઉભા કરી, બતાવતા હતા. આમ, પ્રયોગ પૂર્ણ થયા બાદ, સત્ય હકીકતરૂપે આ દરેક પ્રયોગમાં શું સાચુ છે ? અથવા તો આ કઈ રીતે બની શકયુ. તેનો ઘટસ્ફોટ હિમાંશુભાઈ ગાંધીએ સરળતાથી સમજાવીને કહ્યું હતું. જેથી સૌ ખૂબ આશ્ચર્ય અને અવાક થઈને બેસી રહ્યા હતા. જેનાં ફોટોગ્રાફસ પણ સંશોધકે પાડેલ છે. તે અત્રે જોઈ શકાય છે.

**પ્રવૃત્તિ : ૨ વકતવ્ય**

જાણીતાં પ્રાધ્યાપક ડૉ. બળવંત વ્યાસનું વકતવ્ય યોજેલ હતું. ભૂતકાળમાં બનેલ પ્રસંગો વગેરેનું વર્ણન કરી, આવા વહેમ–અંધશ્રધ્ધાથી થતાં નુકસાનની વિગતે વાતો ગ્રામજનોને કરી હતી.

**પ્રવૃત્તિ : ૩ પ્રદર્શન**

આ પ્રદર્શન પ્રકાશિત લેખો, કટીંગ્સ, ફોટોગ્રાફસ વગેરે મૂકેલ હતા જે, આચાર્યશ્રી–શિક્ષકોની સહાયથી સંશોધકે તૈયાર કરેલ હતું. જેના નિદર્શનથી ગ્રામજનોને અંધશ્રધ્ધા–વહેમ વગેરેથી થતાં ગેરલાભો, અને અસર વગેરે જોવા મળી હતી.

**૭.૪ વ્યસન મુકિત પરનો ગ્રામજનો માટેનો કાર્યક્રમ**

**પ્રવૃત્તિ : ૧ – નિષ્ણાંત તબીબનું વ્યાખ્યાન**

વ્યસન અંગેની સમજણ અને તેનાંથી થતી મુશ્કેલીઓ વગેરે સંબંધિત વ્યાખ્યાન, ડૉ. નિખિલેશ દેસાઈએ ગ્રામજનો સમક્ષ, બપોરના સમયે આપેલ. જે ૧ કલાકનું ગોઠવેલ હતું. ગ્રામજનો ૪૦ થી ૪૫ જેટલાં ઉપસ્થિત હતા. ખાસ કરીને યુવાવર્ગ વધારે હતો. વિષય 'વ્યસન જેને વળગે ભાવિ તેનું સળગે' તેવો રાખવામાં આવ્યો હતો.

**પ્રવૃત્તિ : ૨ – પ્રદર્શન**

વ્યસનોથી થતી દુર્દશાનું સચિત્ર પ્રદર્શન શાળામાં ગોઠવવામાં આવ્યું હતું. આ પ્રદર્શન શ્રી અક્ષરપુરૂષોત્તમ મંદિર – સુરેન્દ્રનગરની સંસ્થામાંથી સંશોધકે પૂ. સ્વામી સાધુવલ્લભસ્વામીને હેતુ જણાવી પત્ર લખી, મંગાવેલ હતુ. પ્રદર્શન શાળામાં ગોઠવવામાં આવ્યુ હતું. તેમાં પણ વિદ્યાર્થીઓ શિક્ષકોએ મદદરૂપ થઈ ગોઠવેલ હતું. બપોરના સમયે વાલીઓ–ગ્રામજનો આવીને શિસ્તબધ્ધ રીતે, પ્રદર્શનનું અવલોકન કર્યું હતુ. અને સંશોધકે સમજણ પણ આપી હતી.

## વહેમ-અંધશ્રદ્ધા નાબૂદી પરનાં ગ્રામજનો માટેના કાર્યક્રમ હેઠળની વિવિધ પ્રવૃત્તિઓની ઝલક



ગ્રામજનો સમક્ષ શ્રીફળમાંથી અગ્નિ પ્રગટાવતા શ્રી હિમાંશુભાઈ ગાંધી



ચમત્કારનો પર્દાફાશ કરી વૈજ્ઞાનિક ઢબે તૈયાર કરેલા દિવાઓ
ગ્રામજનોની હથેળીમાં પ્રગટાવી અંધશ્રદ્ધા નિર્મૂલન કરતાં શ્રી હિમાંશુભાઈ ગાંધી



વહેમ-અંધશ્રધ્ધા બાબતે ગ્રામ્ય મહિલાઓના મનની વાત જાણવા પ્રશ્નોત્તરી કરતાં પ્રયોજક



વહેમ-અંધશ્રધ્ધા નિર્મૂલન અંતર્ગત લેભાગુ, ઢોંગીઓ, ધૂતારાઓની ચાલબાજીને પ્રત્યક્ષ નિદર્શન દ્વારા ખુલ્લા પાડતા શ્રી હિમાંશુભાઈ ગાંધી.



ભોળા ગ્રામજનોને છેતરતાં લેભાગુઓ ધર્મ આડંબર કરી, ખાલી ગ્લાસમાંથી પ્રસાદ, તાવીજ/ડોડી, મૂર્તિ વગેરે કઈ રીતે હાથ ચાલાકીથી કાઢી બતાવે છે તેની પ્રત્યક્ષ સમજ મેળવતાં ગ્રામ્ય મહિલા



વહેમ-અંધશ્રધ્ધા નિર્મૂલન અંતર્ગત થઈ રહેલા વિવિધ પ્રયોગો આશ્ચર્યભાવે નિહાળતાં ગ્રામજનો

## વ્યસન મુકિત પરનો ગ્રામજનો માટેના કાર્યક્રમ હેઠળની વિવિધ પ્રવૃત્તિઓની તસવીરો



વ્યસન મુકિત અંતર્ગત પ્રયોજકે પ્રદર્શિત કરેલ પ્રદર્શનને નિહાળતા ગ્રામજનો



વ્યસનથી થતી ભયંકર શારીરિક દુર્દશાનું બિહામણું ચિત્ર જોઈ અવાક્ થઈ ગંભીર બનેલા ગામનાં યુવાનો



વ્યસન મુક્તિના સંદેશ માટે ભવાઈવેશની અભિવ્યક્તિ કરતાં નાયક (ડૉ. બળવંત વ્યાસ) તથા રંગલો (શેખાભાઈ રબારી)



વ્યસન મુક્તિનો ભવાઈવેશ દ્વારા રજૂ થતો સંદેશ ઝીલતા ગ્રામજનો



વ્યસનોની ગંભીરતાને મનોરંજક ઢબે ગ્રામ્ય બોલીમાં તાલ-લયબધ્ધ રૂપે રજૂ કરતો રંગલો



વ્યસન મુકિત માટેની પ્રવૃત્તિઓ યોજાયા બાદ ગ્રામજનોને મુક્ત પ્રશ્નોતરી કરી
અભિપ્રાયો મેળવતાં પ્રયોજક

**પ્રવૃત્તિ : ૩ – ભવાઈવેશ**

આ કાર્યક્રમ સૌન ખૂબ રસપ્રદ અને મનોરંજન પ્રેરનારો હતો. જે ડૉ. બળવંત વ્યાસ, પ્રાધ્યાપક, શ્રી સી. એચ. શાહ મૈત્રી મહિલા બી.એડ્ કોલેજનાં દ્વારા યોજવામાં આવ્યો હતો. તેમની સાથે બાલાશ્રમનાં વિદ્યાર્થી શેખાભાઈએ રંગલાના રૂપમાં કાર્યક્રમ યોજયો હતો. આ કાર્યક્રમ બે વાર પ્રયોજયો હતો. સવારે શાળાનાં વિદ્યાર્થીઓ જોઈ શકે તે માટે અને તેમને પણ આમાંથી સમજણ મળે તે હેતુ હતો. બપોરે ૪ થી ૫ નવરાશના સમયે ગામનાં વાલીઓ અને અન્ય ગ્રામજનો ૪૭ જેટલી સંખ્યામાં હાજર હતાં.

વેશભૂષા–સંગીત અને માઈક–ફોટોગ્રાફસ વગેરેથી સજજ થયેલો આ કાર્યક્રમ માટે સુંદર મજાની સ્ક્રીપ્ટ તૈયાર કરેલ હતી. તે દ્વારા ભજવવામાં આવ્યો હતો. સ્ક્રીપ્ટ આ સાથે પરિશિષ્ટ.....માં મૂકેલ છે. જેમાં વ્યસનમુકિત તેમજ સ્વાસ્થ્ય સંબંધી પણ કેટલીક બાબતોને આવરી લઈને લયબધ્ધ સંગીત સાથે યોજાઈ હતી. આ ઉપદેશાત્મક ભવાઈવેશની અસર ગ્રામજનો પર સારી રહી હતી. તેના માટે પ્રશ્નો પૂછવામાં આવેલ હતા તે દ્વારા જાણવા મળ્યું હતું.

## ૮.૦ પૃથકકરણ પધ્ધતિ :

પ્રથમ હેતુનાં સંદર્ભમાં પ્રાપ્ત માહિતીનું પૃથકકરણ ગુણાત્મક રીતે કરવામાં આવ્યુ છે. પાત્રોના મળેલા પ્રતિચારો પરથી વિકલ્પો અનુસાર 'હા' 'ના' કે અન્ય પ્રકારના વિકલ્પો અનુસાર પાત્રોનું વર્ગીકરણ કરવામાં આવ્યુ હતું.

પ્રાપ્ત વર્ણનાત્મક માહિતી પરથી અભ્યાસ કરીને, ગુણાત્મક રીતે અર્થઘટનો મેળવવામાં આવ્યા હતા.

પાંચમાં હેતુના સંદર્ભમાં પ્રાપ્ત માહિતીનું પૃથકકરણ કરવા માટે ગુણાત્મક પૃથકકરણ તેમજ સંખ્યાત્મક પૃથકકરણ એમ બંને પ્રકારની રીતે વિશ્લેષણો કરવામાં આવ્યા હતા. ગ્રામજનો પર હાથ ધરવામાં આવેલાં, બે પ્રયોગોમાં મુલાકાત અનુસૂચિ વડે કાર્યક્રમનો અમલ પહેલાં અને કાર્યક્રમ પૂર્ણ થયા બાદ માહિતી મેળવવામાં આવી હતી. આ માહિતીનું ગુણાત્મક પૃથકકરણ કરીને, કાર્યક્રમની અસરકારકતા તપાસવામાં આવી હતી.

જયારે વિદ્યાર્થીઓ પર હાથ ધરાયેલા બે પ્રયોગોનાં સંદર્ભમાં પ્રાપ્ત માહિતીનું પૃથકકરણ કરવા માટે **t** કસોટીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. પ્રત્યેક પ્રયોગમાં કાર્યક્રમનાં અમલ પહેલાં અને પછીનાં પ્રાપ્તાંકોનો સરાસરી વચ્ચે સાર્થક તફાવત છે કે કેમ તે ચકાસવા માટે **t** કસોટીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

# પ્રકરણ : ૪

# માહિતીનું પૃથકકરણ અને અર્થઘટન

૧.૦ પ્રાસ્તાવિક

૨.૦ પ્રાપ્ત માહિતી

૩.૦ પ્રૌઢ શિક્ષણનાં સંદર્ભમાં પ્રાપ્ત માહિતીનું પૃથકકરણ અને અર્થઘટન

૪.૦ પ્રૌઢ શિક્ષણનાં સંદર્ભમાં પ્રાપ્ત પરિણામો

૫.૦ વહેમ–અંધશ્રધ્ધા નાબૂદીનાં સંદર્ભમાં પ્રાપ્ત માહિતીનું પૃથકકરણ અને અર્થઘટન

૬.૦ વહેમ–અંધશ્રધ્ધા નાબૂદીનાં સંદર્ભમાં પ્રાપ્ત પરિણામો

૭.૦ આર્થિક વિકાસ સ્વનિર્ભર યોજનાઓનાં સંદર્ભમાં પ્રાપ્ત માહિતીનું પૃથકકરણ અને અર્થઘટન

૮.૦ આર્થિક વિકાસ સ્વનિર્ભર યોજનાઓનાં સંદર્ભમાં પ્રાપ્ત પરિણામો

૯.૦ બાળવિકાસનાં સંદર્ભમાં પ્રાપ્ત માહિતીનું પૃથકકરણ અને અર્થઘટન

૧૦.૦ બાળવિકાસનાં સંદર્ભમાં પ્રાપ્ત પરિણામો

૧૧.૦ વ્યસનમુકિતનાં સંદર્ભમાં પ્રાપ્ત માહિતીનું પૃથકકરણ અને અર્થઘટન

૧૨.૦ વ્યસનમુકિતનાં સંદર્ભમાં પ્રાપ્ત પરિણામો

૧૩.૦ એન.એસ.એસ. નાં સંદર્ભમાં પ્રાપ્ત માહિતીનું પૃથકકરણ અને અર્થઘટન

૧૪.૦ એન.એસ.એસ.નાં સંદર્ભમાં પ્રાપ્ત પરિણામો

૧૫.૦ કુદરતી આપત્તિનાં સંદર્ભમાં પ્રાપ્ત માહિતીનું પૃથકકણ અને અર્થઘટન

૧૬.૦ કુદરતી આપત્તિનાં સંદર્ભમાં પ્રાપ્ત પરિણામો

૧૭.૦ યુવાનો માટે વ્યકિત વિકાસનાં સંદર્ભમાં પ્રાપ્ત માહિતીનું પૃથકકરણ અને અર્થઘટન

૧૮.૦ યુવાનો માટે વ્યકિત વિકાસનાં સંદર્ભમાં પ્રાપ્ત પરિણામો

૧૯.૦ સ્વાસ્થ્ય સભાનતાનાં સંદર્ભમાં પ્રાપ્ત માહિતીનું પૃથકકરણ અને અર્થઘટન

૨૦.૦ સ્વાસ્થ્ય સભાનતાનાં સંદર્ભમાં પ્રાપ્ત પરિણામો

**૨૧.૦ લોકશિક્ષણનાં સંદર્ભમાં પ્રાપ્ત માહિતીનું પૃથકકરણ અને અર્થઘટન**

**૨૨.૦ લોકશિક્ષણનાં સંદર્ભમાં પ્રાપ્ત પરિણામો**

**૨૩.૦ સેવાકીય પ્રવૃતિનાં સંદર્ભમાં પ્રાપ્ત માહિતીનું પૃથકકરણ અને અર્થઘટન**

**૨૪.૦ સેવાકીય પ્રવૃત્તિનાં સંદર્ભમાં પ્રાપ્ત પરિણામો**

**૨૫.૦ પ્રકાશનનાં સંદર્ભમાં પ્રાપ્ત માહિતીનું પૃથકકરણ અને અર્થઘટન**

**૨૬.૦ પ્રકાશનનાં સંદર્ભમાં પ્રાપ્ત પરિણામો**

**૨૭.૦ 'આપનો અભિપ્રાય' હેઠળ પ્રાપ્ત માહિતીનું પૃથકકરણ અને અર્થઘટન**

**૨૮.૦ પ્રાયોગિક સંશોધનોનાં સંદર્ભમાં પ્રાપ્ત માહિતીનું પૃથકકરણ અને અર્થઘટન**

૨૮.૧ સ્વાસ્થ્ય સભાનતા પરનો વિદ્યાર્થીઓ માટેનાં કાર્યક્રમની અસરકારકતા

૨૮.૨ સામાજિક કૌશલ્ય પરનો વિદ્યાર્થીઓ માટેનાં કાર્યક્રમની અસરકારકતા

૨૮.૩ વહેમ–અંધશ્રધ્ધા નાબૂદી પરનો ગ્રામજનો પરનો માટેનાં કાર્યક્રમની અસરકારકતા

૨૮.૪ વ્યસન મુકિત પરનો ગ્રામજનો માટેનાં કાર્યક્રમની અસરકારકતા

# પ્રકરણ : ૪

# માહિતીનું પૃથકકરણ અને અર્થઘટન

## ૧.૦ પ્રાસ્તાવિક

સંશોધક પોતાની સમસ્યાને સંશોધન પ્રક્રિયાનાં સોપાનોમાંથી પસાર કરે છે. સંશોધનની આ સમગ્ર પ્રક્રિયામાં માહિતીનું પૃથકકરણ કરવું એ આવશ્યક સોપાન ગણાય છે. માહિતીનું પૃથકકરણ એ સંશોધન સમસ્યાનાં ઉકેલ મેળવવા માટે માહિતીનું વિભાજન કરવાની અને ગોઠવણી કરવાની પ્રક્રિયા છે. આ પ્રક્રિયામાં માહિતી પ્રાપ્તિનાં સોપાન દરમ્યાન સંશોધક વિશાળ જથ્થામાં માહિતી એકત્રિત કરે છે. આથી, પ્રાપ્ત માહિતીને અર્થસભર બનાવવા માટે તેનું અભ્યાસનાં હેતુ અનુસાર વર્ગીકરણ કરવામાં આવેલ છે.

## ૨.૦ પ્રાપ્ત માહિતી

પ્રસ્તુત સંશોધનકાર્યમાં શિક્ષણ અને સમાજકાર્ય એ બે બાબતોનો સમન્વય હોઈ અંકશાસ્ત્રીય તેમજ ગુણાત્મક બંને પ્રકારનાં વિશ્લેષણો કરવામાં આવ્યા હતા.

પ્રસ્તુત અભ્યાસનાં પ્રયોજકે અભ્યાસનાં પ્રથમ હેતુ અનુસાર સુરેન્દ્રનગર જિલ્લાની શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા હાથ ધરાતા સામાજિક કાર્યોનો સર્વેક્ષણાત્મક અભ્યાસ કર્યો હતો. આ માહિતીનાં એકત્રીકરણ માટે અભ્યાસકે ઉપકરણ તરીકે પ્રશ્નાવલિની રચના કરી હતી. આ માહિતી મેળવવા માટેની પ્રશ્નાવલિને સુરેન્દ્રનગર જિલ્લાની શાળા/કોલેજોને સહેતૂક નમૂના તરીકે પસંદ કરીને ટપાલ દ્વારા આચાર્યશ્રીઓને ભરવા મોકલી હતી. આ માટેની યાદી સુરેન્દ્રનગર જિલ્લાની જિલ્લા શિક્ષણાધિકારી કચેરીમાંથી મેળવેલ હતી. ૧૦૦ શાળાઓને પ્રશ્નાવલિ મોકલવામાં આવી હતી. જેમાંથી ૭૨ શાળા/કોલેજોમાં આચાર્યશ્રીઓ તરફથી પ્રશ્નાવલિ ભરાઈ ને પરત મળી હતી. પશ્નાવલિમાં સામાજિક પ્રવૃત્તિઓનાં સંદર્ભે ૧૨ વિભાગો પાડવામાં આવેલ હતા. દરેક વિભાગ હેઠળની માહિતી મેળવવા પ્રશ્નો 'હા' કે 'ના' પ્રકારના હતા. તો કેટલાંક વિકલ્પ ધરાવતા પ્રશ્નો હતાં. તો કેટલાંક વર્ણનાત્મક માહિતી મેળવવા માટેનાં હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર પૃથકકરણોની રજૂઆત વિવિધ સારણીઓ દ્વારા કરવામાં આવી હતી.

પ્રાપ્ત માહિતીનું યોગ્ય રીતે વિવિધ જૂથોમાં વર્ગીકરણ કર્યા બાદ તેના પર અંકશાસ્ત્રીય પ્રયુક્તિઓનો અમલ કરી પૃથકકરણ કરવામાં આવેલ હતુ. સારણી દ્વારા પ્રાપ્ત માહિતીનું પૃથકકરણનાં આધારે અર્થઘટન કરવામાં આવેલ હતું.

## ૩.૦ પ્રૌઢ શિક્ષણનાં સંદર્ભમાં પ્રાપ્ત માહિતીનું પૃથકકરણ અને અર્થઘટન

પ્રશ્નાવલિનો વિભાગ–૧ પ્રૌઢશિક્ષણને લગતો હતો. આ વિભાગમાં કુલ ૧૧ પ્રશ્નો હતા. શાળા/કોલેજોનાં કુલ ૭૨ આચાર્યોએ આ પ્રશ્નોનાં સંદર્ભમાં માહિતી આપી હતી. સારણી ૪.૧ થી ૪.૮ માં આ માહિતીની પૃથકકરણાત્મક રજૂઆત કરી છે. પ્રત્યેક સારણી બાદ અર્થઘટન દર્શાવ્યું છે. વર્ણનાત્મક ઉત્તરોનું અર્થઘટન કરવામાં આવ્યુ છે.

**પ્રશ્ન:૧ આપની શાળા / કોલેજોમાં પ્રૌઢશિક્ષણનું કાર્ય થાય છે ? □ હા □ ના**

આ પ્રશ્ન દ્વારા પ્રાપ્ત માહિતીની પૃથકકરણાત્મક રજૂઆત સારણી ૪.૧ માં કરવામાં આવી છે.

**સારણી : ૪.૧**

પ્રશ્ન : ૧ દ્વારા પ્રાપ્ત માહિતી

| હા | ના |
|---|---|
| ૩ | ૬૯ |

સારણી ૪.૧ સૂચવે છે કે સુરેન્દ્રનગર જિલ્લામાં પ્રૌઢશિક્ષણનું કામ શૈક્ષણિક સંસ્થાઓ ખૂબ જ ઓછા પ્રમાણમાં હાથ ધરે છે.

**પ્રશ્ન : ૨ પ્રૌઢ શિક્ષણો સમય કયો રાખો છો ?**

આ પ્રશ્ન દ્વારા પ્રાપ્ત માહિતીની પૃથકકરણાત્મક રજૂઆત સારણી ૪.૨ માં કરવામાં આવી છે.

**સારણી : ૪.૨**

પ્રશ્ન : ૨ દ્વારા પ્રાપ્ત માહિતી

| સવાર | બપોર | સાંજ / રાત્રે |
|---|---|---|
| – | ૧ | ૨ |

સારણી ૪.૨ સૂચવે છે કે,જયાં પ્રૌઢશિક્ષણનું કામ હાથ ધરાય છે, ત્યાં રાત્રીનો સમય એટલે કે કામથી નવરાશ મળે તે સમય વધુ અનુકૂળ હોય છે.

**પ્રશ્ન : ૩ પ્રૌઢ શિક્ષણનું કાર્ય કોણ કરે છે ?**

આ પ્રશ્ન દ્વારા પ્રાપ્ત માહિતીની પૃથકકરણાત્મક રજૂઆત સારણી ૪.૩ માં કરવામાં આવી છે.

**સારણી : ૪.૩**

પ્રશ્ન : ૩ દ્વારા પ્રાપ્ત માહિતી

| શિક્ષકો | કર્મચારીઓ | વિદ્યાર્થીઓ | અન્ય |
|---|---|---|---|
| ૧ | – | ૨ | – |

સારણી ૪.૩ સૂચવે છે કે, પ્રૌઢશિક્ષણનું કાર્ય શિક્ષકો અને વિદ્યાર્થીઓ સાથે મળીને કરે છે. એટલે કે વિદ્યાર્થીઓ પણ આ કાર્યમાં ઉપયોગી થાય છે.

**પ્રશ્ન : ૪ પ્રૌઢશિક્ષણનો લાભ દર વર્ષે કેટલા લોકો લે છે ?**

આ પ્રશ્ન દ્વારા પ્રાપ્ત માહિતીની પૃથકકરણાત્મક રજૂઆત સારણી ૪.૪ માં કરવામાં આવી છે.

**સારણી : ૪.૪**

પ્રશ્ન : ૪ દ્વારા પ્રાપ્ત માહિતી

| પુરૂષોની સંખ્યા | સ્ત્રીઓની સંખ્યા |
|---|---|
| ૨૫ | ૧૦ |

સારણી ૪.૪ સૂચવે છે કે, જયાં પ્રૌઢશિક્ષણનું કામ થાય છે. ત્યાં પુરૂષવર્ગ વધુ સામેલ થાય છે. જયારે સ્ત્રીવર્ગની આ કાર્ય માટે સામેલગીરી ઘણી ઓછી છે.

**પ્રશ્ન : ૫ પ્રૌઢશિક્ષણ અંતર્ગત કઈ કઈ પ્રવૃત્તિઓ કરાવો છો ?**

પ્રશ્ન : ૫ દ્વારા પ્રાપ્ત માહિતી

વર્ણનાત્મક માહિતી :

–અક્ષરજ્ઞાન, અંકજ્ઞાન, સ્વચ્છતા–આરોગ્ય, કુરિવાજોની સમજ.

–વેકેશન ગાળામાં SSC નાં વિદ્યાર્થીઓ પોતાના ગામમાં ભણાવે.

–રાત્રે ગામની બહેનોને એકઠી કરી, શિક્ષકો, વિદ્યાર્થીઓ NSS હેઠળની પ્રવૃત્તિઓ કરાવી શિક્ષણ આપે છે.

**પ્રશ્ન : ૬ પ્રૌઢ શિક્ષણોનો ખર્ચ કોણ ભોગવે છે ?**

આ પ્રશ્ન દ્વારા પ્રાપ્ત માહિતીની પૃથકકરણાત્મક રજૂઆત સારણી ૪.૫ માં કરવામાં આવી છે.

**સારણી : ૪.૫**

પ્રશ્ન : ૬ દ્વારા પ્રાપ્ત માહિતી

| વિદ્યાર્થી પોતે | શાળા |
|---|---|
| ૨ | ૧ |

સારણી ૪.૫ સૂચવે છે કે, પ્રૌઢશિક્ષણની કામગીરી માટે વિદ્યાર્થીઓ જાતે ખર્ચ ભોગવે છે.

**પ્રશ્ન : ૭ પ્રૌઢ શિક્ષણોનો વિશિષ્ટ પ્રોજેકટ હાથ ધરે છે ? □ હા □ ના**

આ પ્રશ્ન દ્વારા પ્રાપ્ત માહિતીની પૃથકકરણાત્મક રજૂઆત સારણી ૪.૬ માં કરવામાં આવી છે.

**સારણી : ૪.૬**

પ્રશ્ન : ૭ દ્વારા પ્રાપ્ત માહિતી

| હા | ના |
|---|---|
| ૨ | – |

સારણી ૪.૬ સૂચવે છે કે, પ્રૌઢશિક્ષણ માટેનાં વિશિષ્ટ પ્રોજેકટનો લાભ ૨ જ શાળાઓ લે છે. એટલે કે પ્રોજેકટ અંગેની જાણકારી નથી હોતી અથવા તો કાર્ય માટેની નિરસતા જણાય છે.

**પ્રશ્ન : ૮ કયારે હાથ ધરાય છે ?**

આ પ્રશ્ન દ્વારા પ્રાપ્ત માહિતીની પૃથકકરણાત્મક રજૂઆત સારણી ૪.૭ માં કરવામાં આવી છે.

**સારણી : ૪.૭**

પ્રશ્ન : ૮ દ્વારા પ્રાપ્ત માહિતી

| દર વર્ષે | કયારેક |
|---|---|
| ૧ | ૨ |

સારણી ૪.૭ સૂચવે છે કે, પ્રૌઢશિક્ષણનો વિશિષ્ટ પ્રોજેકટ નિયમિતપણે યોજાતો હોય તેવી એક જ શાળા છે.

**પ્રશ્ન : ૯ આ પ્રોજેકટ આપ કોને સોંપો છો ?**

–ઉત્તર પ્રાપ્ત થયેલ નથી.

**પ્રશ્ન : ૧૦ આપની દષ્ટિએ આ પ્રવૃત્તિ ફળદાયી નીવડે છે ખરી ?**

આ પ્રશ્ન દ્વારા પ્રાપ્ત માહિતીની પૃથકકરણાત્મક રજૂઆત સારણી ૪.૮ માં કરવામાં આવી છે.

**સારણી : ૪.૮**

પ્રશ્ન : ૧૦ દ્વારા પ્રાપ્ત માહિતી

| હા | ના |
|---|---|
| ૧૦ | ૪ |

સારણી ૪.૮ પરથી સૂચિત થાય છે કે પોતાના મંતવ્યો ૧૪ શાળા/કોલેજે રજૂ કરેલ જેમાંથી મોટાભાગનાં ફળદાયી નીવડે છે તેમ બતાવે છે.

**પ્રશ્ન : ૧૧ આ પ્રવૃત્તિ સફળ બનાવવા માટેનાં આપના સૂચનો જણાવો.**

પ્રાપ્ત વર્ણનાત્મક માહિતી આ પ્રમાણે છે.

- સરકારશ્રી દ્વારા વિદ્યાર્થીઓને વેકેશન દરમ્યાન વિદ્યાર્થી દીઠ ત્રણ કે પાંચ પ્રૌઢોને શિક્ષણ આપવાની પ્રવૃત્તિ કરાવી જોઈએ.
- આ કામ માટે મહેનતાણું આપવુ જોઈએ.
- યોગ્ય તાલિમી વ્યકિત દ્વારા જ કામ થવુ જોઈએ.
- લોકોનો સહકાર મેળવવા શિક્ષકો–વિદ્યાર્થીઓ વધુ સારી રીતે કામ કરી શકે.
- સ્થાનિક નેતાઓ, આગેવાનોને પ્રથમ વિશ્વાસમાં લઈ કામ કરાવુ જોઈએ.
- કોઈ નિરક્ષર ન રહે તેનું પ્રાથમિક કક્ષાએથી આયોજન હોવુ જોઈએ.
- ગામમાં લોકોમાં જાગૃતિ આવે. અને આ પ્રૌઢ શિક્ષણ માત્ર અક્ષરજ્ઞાન માટે નથી પણ અન્ય ઘણું શીખવા મળે છે તે જણાવવું જોઈએ.
- શાળાઓએ પ્રવૃત્તિ નકકરપણે એક અલગ વર્ગ રાખી કરવી જોઈએ.
- શિક્ષણ પક્ષે આ પ્રવૃત્તિ ફરજનો એક ભાગ હોવો જોઈએ.
- તાલિમી શિક્ષણ સંસ્થાઓએ સંપૂર્ણ આયોજન કરી કામગીરી કરવી જોઈએ.
- ગામના બેકાર વ્યકિતની નિમણૂંક આ કામગીરી માટે કરવી જોઈએ.
- પ્રૌઢશિક્ષણ કરતાં બાળકેળવણી ઉપર ભાર મૂકવાની જરૂરત છે.
- જયાં શિક્ષણનું તટસ્થ પર્યાવરણ હોય ત્યાં આ પ્રવૃત્તિ સફળ થાય.

**અર્થઘટન :**

ઉપરોકત વર્ણનાત્મક માહિતીની પ્રાપ્તિનાં આધારે એ સૂચિત થાય છે કે, પ્રૌઢશિક્ષણની કામગીરી અત્યંત આવશ્યક કે જરૂરી હોવા છતાં કાર્ય થતું નથી. તે સહેલાઈથી સહુ કોઈ ગામના લોકો કરી શકે તેમ છે. જાગૃતિ માટે પર્યાવરણ શાળા વધુ ઉભુ કરી શકે તેમ છે. અને તેની કામગીરી વિદ્યાર્થીઓ દ્વારા વધુ થાય છે.

## ૪.૦ પ્રૌઢ શિક્ષણના સંદર્ભમાં પ્રાપ્ત પરિણામો.

સારણી ૪.૧ થી ૪.૮ દ્વારા દર્શાવાયેલા વિવિધ પૃથકકરણો અને અર્થઘટનો પરથી કેટલાંક તારણો આ પ્રમાણે છે.

- સુરેન્દ્રનગર જિલ્લાની શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રૌઢ શિક્ષણું કામ ખૂબ જ ઓછા પ્રમાણમાં થાય છે.
- પ્રૌઢ શિક્ષણનું કાર્ય સહેલાઈથી વિદ્યાર્થીઓ દ્વારા કરાવી શકાય તેમ છે.
- પ્રૌઢ શિક્ષણમાં કાર્ય માટે સરકારશ્રી, સમાજ તેમજ શાળા ત્રણેયનો સમન્વય કરવાથી પ્રોજેકટ સારી રીતે ચાલી શકે અને લાભદાયી નીવડી શકે.

## ૫.૦ વહેમ – અંધશ્રધ્ધા નાબૂદીના સંદર્ભમાં પ્રાપ્ત માહિતીનું પૃથકકરણ અને અર્થઘટન

પ્રશ્નાવલિનો વિભાગ – ૨ વહેમ–અંધશ્રધ્ધા નાબૂદીને લગતો હતો. આ વિભાગમાં કુલ ૬ પ્રશ્નો હતા. શાળા / કોલેજોનાં કુલ ૭૨ આચાર્યોએ આ પ્રશ્નાં સંદર્ભમાં માહિતી આપી હતી. સારણી ૪.૯ થી ૪.૧૩ માં આ માહિતીની પૃથકકરણાત્મક રજૂઆત કરેલ છે. પ્રત્યેક સારણી બાદ અર્થઘટન દર્શાવ્યુ છે.

**પ્રશ્ન : ૧ આપની શાળા / કોલેજ અંધશ્રધ્ધા દૂર કરવા માટે પ્રવૃત્તિઓ કરે છે ? ☐ હા ☐ ના**

આ પ્રશ્ન દ્વારા પ્રાપ્ત માહિતીની પૃથકકરણાત્મક રજૂઆત સારણી ૪.૯ માં કરવામાં આવી છે.

**સારણી : ૪.૯**

પ્રશ્ન : ૧ દ્વારા પ્રાપ્ત માહિતી

| હા | ના |
|---|---|
| ૬૬ | ૬ |

સારણી ૪.૯ પરથી સૂચવે છે કે શૈક્ષણિક સંસ્થાઓ સમાજ પરિવર્તનની પ્રક્રિયામાં મહત્વનું પરિબળ છે. વહેમ / અંધશ્રધ્ધા દૂર કરવા માટેની પ્રવૃત્તિ મોટા પ્રમાણમાં કરે છે.

**પ્રશ્ન : ૨ વહેમ – અંધશ્રધ્ધા દૂર કરવા માટે નીચેના પૈકી કઈ કઈ પ્રવૃત્તિઓ યોજે છે ?**

આ પ્રશ્ન દ્વારા પ્રાપ્ત માહિતીની પૃથકકરણાત્મક રજૂઆત સારણી ૩.૮ માં કરવામાં આવી છે.

**સારણી : ૪.૧૦**

પ્રશ્ન : ૨ દ્વારા પ્રાપ્ત માહિતી

| વાર્તાલાપ | શેરી નાટક | સાંસ્કૃતિક કાર્યક્રમો | વાલી સંમેલન | ફિલ્મ શો | વિજ્ઞાન પ્રયોગ | પ્રદર્શન |
|---|---|---|---|---|---|---|
| ૫૨ | ૨૪ | ૪૩ | ૩૫ | ૬ | ૪૨ | ૨૨ |

સારણી ૪.૧૦ સૂચવે છે કે, વહેમ – અંધશ્રધ્ધા દૂર કરવા માટે શૈક્ષણિક સંસ્થા માત્ર કોઈ એક કાર્યક્રમ યોજે છે તેમ નથી, પરંતુ ઘણી બધી પ્રવૃત્તિઓ આ સમસ્યાને દૂર કરવા માટે અને ગામનાં લોકોમાં જાગૃતિ લાવવા માટે કરે છે. વાર્તાલાપ અને વિજ્ઞાનનાં પ્રયોગો તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમો વાલી સંમેલનમાં ગોઠવાય છે. જેથી ગામનાં લોકો નિરક્ષર સમાજ વધુ લાભ લે છે. આમ, આ પ્રવૃત્તિ વિશે શાળાઓ વધુ જાગૃત છે. અને વિશેષ જરૂરી લાગતા કાર્યરત હોય છે.

**પ્રશ્ન : ૩ આ પ્રવૃત્તિ તમો તમારી શાળા / કોલેજ પૂરતી સિમીત રાખો છો ?**

આ પ્રશ્ન દ્વારા પ્રાપ્ત માહિતીની પૃથકકરણાત્મક રજૂઆત સારણી ૪.૧૧ માં કરવામાં આવી છે.

**સારણી : ૪.૧૧**

પ્રશ્ન : ૩ દ્વારા પ્રાપ્ત માહિતી

| હા | ના |
|---|---|
| ૪૭ | ૧૯ |

સારણી ૪.૧૧ સૂચવે છે કે, આ પ્રવૃત્તિ જે શાળા કરે છે તેમાં મોટાભાગનાં પોતાનાં વિદ્યાર્થીઓ પૂરતી રાખે છે. એટલે કે ગામનાં લોકો, જનસમાજ, વાલીઓને આવા કાર્યક્રમો બતાવવા જરૂરી છે, તેમ છતાં, તેમને નહીવત્ પ્રમાણમાં સંસ્થાઓ સામેલ કરે છે. આમ, આ પ્રવૃત્તિ વિશેષ જરૂરી છે તે મુજબ શાળાઓ વિવિધ પ્રકારે યોજે છે. પરંતુ તેનો લાભ માત્ર વિદ્યાર્થીઓને વિશેષ મળે છે. ગામનાં લોકોને પ્રવૃત્તિઓ યોજી તેમનો સમાવેશ કરતાં નથી.

**પ્રશ્ન : ૪ આ પ્રવૃત્તિ કાર્યક્રમની રજૂઆતમાં કોની સામેલગીરી વધુ હોય છે ?**

આ પ્રશ્ન દ્વારા પ્રાપ્ત માહિતીની પૃથકકરણાત્મક રજૂઆત સારણી ૪.૧૨ માં કરવામાં આવી છે.

**સારણી : ૪.૧૨**

પ્રશ્ન : ૪ દ્વારા પ્રાપ્ત માહિતી

| વિદ્યાર્થીઓ | શિક્ષકો | શાળા / કોલેજનાં કર્મચારીઓ |
|---|---|---|
| ૫૫ | ૪૮ | ૧૬ |

સારણી ૪.૧૨ સૂચવે છે કે, આ પ્રવૃત્તિ કાર્યક્રમની રજૂઆતમાં વિદ્યાર્થીઓની વિશેષ સામેલગીરી રહે છે. શિક્ષકો પણ વધુ સામેલ થાય છે. જ્યારે અન્ય કર્મચારીઓ પ્રમાણમાં ઓછી સંખ્યામાં શાળાની આ પ્રવૃત્તિઓ જોડાય છે. એટલે કે મોટાભાગની શાળાનાં વિદ્યાર્થી–શિક્ષકો આ માટેની પ્રવૃત્તિઓમાં કામ કરવા રસ ધરાવે છે.

**પ્રશ્ન : ૫ આ પ્રવૃત્તિ / કાર્યક્રમની અસરકારકતા સમાજમાં જોવા મળી છે ?**

આ પ્રશ્ન દ્વારા પ્રાપ્ત માહિતીની પૃથકકરણાત્મક રજૂઆત સારણી ૪.૧૩ માં કરવામાં આવી છે.

**સારણી : ૪.૧૩**

પ્રશ્ન : ૫ દ્વારા પ્રાપ્ત માહિતી

| હા | ના |
|---|---|
| ૫૫ | ૧૧ |

સારણી ૪.૧૩ સૂચવે છે કે,આ પ્રવૃત્તિ શાળાઓ જે કરે છે, તેની અસરકારકતા બહુ સારા પ્રમાણમાં થાય છે. તેમ જાણવા મળ્યું. એટલે કે શાળાનાં માધ્યમ થકી થતી પ્રવૃત્તિની અસર સમાજનાં લોકો અને અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ પર વધુ થાય છે.

**પ્રશ્ન : ૬ સૂચનો (મુકત અભિપ્રાય)**
**વર્ણનાત્મક માહિતી**

- અશિક્ષિત સમાજમાં ઘર કરી ગયેલ અંધશ્રધ્ધા દૂર કરવા માટે જન–જાગરણ અભિયાન ચલાવી, વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણની સમજ આપવી જરૂરી છે.
- સહિયારો પુરૂષાર્થ જરૂરી છે.
- જે ગામનાં લોકો વહેમ–અંધશ્રધ્ધામાં વધુ માનતા હોય, તેનો સર્વે કરી, અન્ય ગામની શાળાઓએ પણ ત્યાં જઈ આ દૂર કરવા માટેનાં વિવિધ પ્રયોગો–પ્રવૃત્તિઓ યોજવા જોઈએ.
- આધુનિક ઉપકરણો ટીવી, સ્થાનિક ચેનલો, વિવિધ મિડિયા દ્વારા પ્રચાર કરી જાગૃતિ લાવવી જોઈએ.
- આ પ્રવૃત્તિ સતત ચાલતી રહેવી જોઈએ. એકાદ સપ્તાહ કે કાર્યક્રમ યોજી સિમીત ન રાખવી જોઈએ. આની અસરકારકતા માટે લાંબા ગાળાના પ્રક્રિયા થવી જોઈએ.
- વિજ્ઞાન જાથાં દ્વારા પ્રયોગો બતાવી નવા કાર્યકરોની ટીમ સ્થાનિક ગામમાં ઉભી કરવી જોઈએ. જેનાથી સતત તેઓનાં સંપર્કમાં રહે અને વહેમ / અંધશ્રધ્ધા સંબંધી થતી પ્રવૃત્તિઓ –માન્યતાઓ– ધાર્મિક માન્યતાઓને દૂર કરી શકાય.

**અર્થઘટન :**

ઉપરોકત મુજબનાં, શાળાનાં આચાર્યશ્રીઓનાં મુકત સૂચનો અભિપ્રાય પરથી ફલિત થાય છે કે, વહેમ – અંધશ્રધ્ધા દૂર કરવા માટે વિવિધ પ્રવૃતિઓ શાળા કક્ષાએ યોજી શકાય છે. પરંતુ તેની લાંબા ગાળા સમયની અસર રહે તે માટે અન્ય કાર્યકરો તૈયાર થાય. અને ગામનાં લોકોનો ફાળો વિશેષ રહે તે જરૂરી છે. ધાર્મિક લાગણી દુભાવ્યા વગર વૈજ્ઞાનિક અભિગમ દ્વારા સમજાવવું જરૂરી લાગે છે. બહેનોને વધારે શિક્ષિત કરવાની જરૂરત છે. ધર્મપ્રચારકોનાં વાર્તાલાપ વિશેષ ગોઠવવાથી અસર સારી રહે છે.

## ૬.૦ વહેમ–અંધશ્રધ્ધા નાબૂદીના સંદર્ભમાં પ્રાપ્ત પરિણામો

સારણી ૪.૯ થી ૪.૧૩ દ્વારા દર્શાવાયેલા વિવિધ પૃથકકરણો અને અર્થઘટનો પરથી કેટલાંક તારણો આ પ્રમાણે છે.

- સુરેન્દ્રનગર જિલ્લામાં મોટાભાગની શાળા / કોલેજોમાં વહેમ–અંધશ્રધ્ધા નાબૂદીનું કામ મોટા પ્રમાણમાં થાય છે.
- વહેમ–અંધશ્રધ્ધા નાબૂદીનાં સંદર્ભે એકથી વધુ પ્રકારની વિવિધ પ્રવૃત્તિઓ યોજાય છે, જેમાં વાર્તાલાપ, વિજ્ઞાનનાં પ્રયોગો અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના માધ્યમથી વિશેષ કામ થાય છે.
- શાળા / કોલેજો આ પ્રવૃત્તિઓ જે કરે છે તે મોટાભાગની પોતાની શાળાનાં વિદ્યાર્થીઓ માટે જ કરે છે. ગ્રામસમાજ, કે વાલીઓને આવી પ્રવૃત્તિમાં સામેલ બહુ જ ઓછી શાળાઓ કરે છે.
- કાર્યક્રમો યોજાય છે ત્યાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોની જ સામેલગીરી વિશેષ રહે છે.
- શાળાના માધ્યમ થકી જે લોકો માટે કરવામાં આવે છે. તેની અસરકારકતા વધુ જોવા મળે છે.
- સૂચનો અને મુકત અભિપ્રાય દ્વારા એવુ જાણવા મળે છે કે આ કાર્યક્રમોનો સમાજના વધુ લોકોને લાભ મળે તે જરૂરી છે. અને કાર્યક્રમ પૂર્ણ થયા બાદ તેનું અનુસરણ સતત કરવું જરૂરી છે. અસરકારકતા માટે લાંબાગાળાની પ્રક્રિયા થવી જોઈએ.

## ૭.૦ આર્થિક વિકાસ સ્વનિર્ભર યોજનાઓનાં સંદર્ભમાં પ્રાપ્ત માહિતીનું પૃથકકરણ અને અર્થઘટન

પ્રશ્નાવલિનો વિભાગ–૩ આર્થિક વિકાસ સ્વનિર્ભર યોજનાઓને લગતો હતો. આ વિભાગમાં કુલ ૯ પ્રશ્નો હતા. ૭૨ આચાર્યશ્રીઓએ માહિતી આપી હતી. સારણી ૪.૧૪ થી ૪.૨૦ માં આ માહિતીની પૃથકકરણાત્મક રજૂઆત કરી છે. પ્રત્યેક સારણી બાદ અર્થઘટન દર્શાવાયુ છે. વર્ણનાત્મક પ્રશ્નોનું ઉત્તરમાંથી અર્થઘટન કરવામાં આવ્યું હતું.

**પ્રશ્ન : ૧ આર્થિક વિકાસ સંબંધી સ્વનિર્ભર બનાવે તેવી પ્રવૃત્તિઓ આપની શાળા / કોલેજ હાથ ધરે છે ? ?**

આ પ્રશ્ન દ્વારા પ્રાપ્ત માહિતીની પૃથકકરણાત્મક રજૂઆત સારણી ૪.૧૪ માં કરવામાં આવી છે.

**સારણી : ૪.૧૪**

પ્રશ્ન : ૧ દ્વારા પ્રાપ્ત માહિતી

| હા | ના |
|---|---|
| ૨૪ | ૪૮ |

સારણી ૪.૧૪ સૂચવે છે કે, શાળાઓ આર્થિક વિકાસ સ્વનિર્ભર યોજનાઓ સંબંધી પ્રવૃત્તિઓ ઓછા પ્રમાણમાં કરે છે. ૭૨ શાળામાંથી ૨૪ જ શાળાઓ આ પ્રવૃત્તિ કરાવે છે.

**પ્રશ્ન : ૨ આપને ત્યાં બહેનો માટે શિવણ ભરત ગૂંથણનાં વર્ગો ચાલે છે ?**

આ પ્રશ્ન દ્વારા પ્રાપ્ત માહિતીની પૃથકકરણાત્મક રજૂઆત સારણી ૪.૧૫ માં કરવામાં આવી છે.

**સારણી : ૪.૧૫**

પ્રશ્ન ૨ દ્વારા પ્રાપ્ત માહિતી

| હા | ના |
|---|---|
| ૧૩ | ૧૦ |

સારણી ૪.૧૫ સૂચવે છે કે કન્યા કેળવણી આપતી સંસ્થાઓ છે તેમાંથી ૧૩ શાળાઓ ચલાવે છે. ૧૦ શાળાઓ પાસે આવી કોઈ વ્યવસ્થા નથી.

**પ્રશ્ન : ૩ આપની શાળા / કોલેજો ગૃહઉદ્યોગો ચલાવે છે ?**

આ પ્રશ્ન દ્વારા પ્રાપ્ત માહિતીની પૃથકકરણાત્મક રજૂઆત સારણી ૪.૧૬ માં કરવામાં આવી છે.

**સારણી : ૪.૧૬**

પ્રશ્ન : ૩ દ્વારા પ્રાપ્ત માહિતી

| હા | ના |
|---|---|
| ૧૪ | ૭ |

સારણી ૪.૧૬ સૂચવે છે કે, ગૃહઉદ્યોગો સંબંધી પ્રવૃત્તિઓ સારા પ્રમાણમાં થાય છે. ૨૪ માંથી ૧૪ શાળા / કોલેજો ગૃહઉદ્યોગો ચલાવે છે.

**પ્રશ્ન : ૪ આ ગૃહઉદ્યોગોનો લાભ કોણ લે છે ?**

આ પ્રશ્ન દ્વારા પ્રાપ્ત માહિતીની પૃથકકરણાત્મક રજૂઆત સારણી ૪.૧૭ માં કરવામાં આવી છે.

**સારણી : ૪.૧૭**

પ્રશ્ન : ૪ દ્વારા પ્રાપ્ત માહિતી

| વિદ્યાર્થીઓ | કર્મચારીઓ / શિક્ષકો | ગ્રામજનો |
|---|---|---|
| ૧૨ | ૨ | – |

સારણી ૪.૧૭ સૂચવે છે કે, જે શાળાઓ ગૃહઉદ્યોગો ચલાવે છે, તે પૈકી મોટાભાગની શાળાઓમાં વિદ્યાર્થીઓ જ લાભ લે છે. એટલે કે ૧૪ માંથી ૧૨ શાળાઓમાં વિદ્યાર્થીઓ લાભ લે છે. સમાજનાં લોકો માટે કે ગ્રામજનો માટે શૈક્ષણિક સંસ્થા આર્થિક વિકાસ માટેની સ્વનિર્ભર યોજનાઓ પૈકી કાંઈ ખાસ કામ કરતી નથી.

**પ્રશ્ન : ૫ આ ગૃહઉદ્યોગનાં માર્ગદર્શન માટે નીચેનામાંથી કયા કયા કાર્યક્રમો હાથ ધરાય છે ?**

આ પ્રશ્ન દ્વારા પ્રાપ્ત માહિતીની પૃથકકરણાત્મક રજૂઆત સારણી ૪.૧૮ માં કરવામાં આવી છે.

**સારણી : ૪.૧૮**

પ્રશ્ન : ૫ દ્વારા પ્રાપ્ત માહિતી

| નિષ્ણાંતોના વાર્તાલાપ | પ્રદર્શન | પ્રોજેક્ટ | સરકારી અધિકારી | કુશળ કારીગરો | અન્ય |
|---|---|---|---|---|---|
| ૧૪ | ૧૨ | ૭ | ૪ | ૭ | ગૃહ ઉદ્યોગ ચાલતી સંસ્થાની મુલાકાત, તજજ્ઞોની મુલાકાત |

સારણી ૪.૧૮ સૂચવે છે કે, ગૃહઉદ્યોગોમાં માર્ગદર્શન માટે વિવિધ પ્રકારનાં કાર્યક્રમ પ્રવૃત્તિઓ યોજાય છે તે પૈકી નિષ્ણાંતોનાં વાર્તાલાપ અને પ્રદર્શનનો ઉપયોગ વિશેષ કરે છે. શાળાઓ આ કાર્યક્રમ માટે એક કરતાં વધુ પ્રવૃત્તિઓ યોજે છે.

**પ્રશ્ન : ૬ આપની શાળા / કોલેજ ગૃહઉદ્યોગ સંબંધી માર્ગદર્શન માટે કાયમી કેન્દ્ર ચલાવે છે ?**

આ પ્રશ્ન દ્વારા પ્રાપ્ત માહિતીની પૃથકકરણાત્મક રજૂઆત સારણી ૪.૧૯ માં કરવામાં આવી છે.

**સારણી : ૪.૧૯**

પ્રશ્ન : ૬ દ્વારા પ્રાપ્ત માહિતી

| હા | ના |
|---|---|
| ૫ | ૧૧ |

સારણી ૪.૧૯ સૂચવે છે કે, ગૃહઉદ્યોગો સંબંધી માર્ગદર્શન માટે કાયમી કેન્દ્ર બહુ જ ઓછા પ્રમાણમાં સંસ્થાઓ ચલાવે છે

**પ્રશ્ન : ૭ ગૃહ ઉદ્યોગ સંબંધી નીચેના પૈકી કઈ કઈ પ્રવૃત્તિઓ ચલાવો છો ?......**

આ પ્રશ્ન દ્વારા પ્રાપ્ત માહિતીની પૃથકકરણાત્મક રજૂઆત સારણી ૪.૨૦ માં કરવામાં આવી છે.

**સારણી : ૪.૨૦**

પ્રશ્ન : ૭ દ્વારા પ્રાપ્ત માહિતી

| ગૃહઉદ્યોગ નિર્મિત વસ્તુઓનું વિતરણ | મૂડી રોકાણ અને બચત યોજના | ડેરી ઉદ્યોગ | પશુપાલન અંગે માર્ગદર્શન | અન્ય |
|---|---|---|---|---|
| ૪ | ૪ | ૨ | ૪ | |

સારણી ૪.૨૦ સૂચવે છે કે, જે શાળાઓ ગૃહ ઉદ્યોગો સંબંધી પ્રવૃત્તિઓ ચલાવે છે તે પૈકી વિવિધ પ્રવૃત્તિઓ ચલાવતી જોવા મળે છે. વસ્તુઓનું વિતરણ–૪, મૂડી રોકાણ બચત યોજના ૪, પશુપાલન અંગેનું માર્ગદર્શન–૪ ડેરી ઉદ્યોગ–૨ એમ, વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ ચલાવે છે.

**પ્રશ્ન : ૮ આપની દૃષ્ટિએ કઈ પ્રવૃત્તિ સમાજને વધુ ઉપયોગી નીવડી છે ?**

**વર્ણનાત્મક માહિતી દ્વારા પ્રાપ્ત વિગત :**

- પશુપાલન – ડેરી ઉદ્યોગ – ખેતી વિષયક વૈજ્ઞાનિક અભિગમવાળી પ્રવૃત્તિ વધુ ઉપયોગી. એવુ મોટાભાગનાં આચાર્યશ્રીઓએ નોંધ લખી છે.
- શ્રમલક્ષી શિક્ષણ જરૂરી.
- ગૃહ ઉપયોગી વસ્તુઓનું નિર્માણ અને વિતરણ માટે વધુ સૂચન કરેલ છે.
- સ્વરોજગાર માટેનાં માર્ગદર્શનની પ્રવૃત્તિઓ વધુ ઉપયોગી.
- મૂડી રોકાણ અને બચત યોજનાનું માર્ગદર્શન વધુ ઉપયોગી.

**અર્થઘટન :**

પશુપાલન, ડેરી ઉદ્યોગ, ગૃહઉપયોગી વસ્તુઓનું નિર્માણ કરતાં, ઉદ્યોગો શાળા દ્વારા અભ્યાસક્રમનાં ભાગરૂપે જ થઈ શકે તેમ હોઈ, વધારે જરૂરી લાગે છે. અને સમાજને ઉપયોગી નીવડી શકે તેમ છે.

**પ્રશ્ન : ૯ વધુમાં વધુ ઉપયોગી બને તે માટેનાં સૂચનો જણાવશો ?**

વર્ણનાત્મક વિગતો દ્વારા પ્રાપ્ત માહિતી :

- વ્યવસાયી શિક્ષણ સુલભ રીતે મળે તે માટે સરકારશ્રી દ્વારા ખાસ નીતિ ઘડી કાઢવી જોઈએ.
- સ્વાવલંબી બનાવે તેવુ શાળાકીય વાતાવરણ જરૂરી છે.
- માત્ર શિક્ષણ જ નહિં પણ સ્વાશ્રયી બની શકે તેવા વિવિધ પ્રયોગો જરૂરી છે.
- વાલી સંમેલન બોલાવી પ્રદર્શન દ્વારા, સ્વનિર્ભર–સ્વરોજગાર માટેની તકોનું માર્ગદર્શન આપવુ જોઈએ.
- સરકાર દ્વારા ઓછા વ્યાજે લોન, જરૂરી સાધનો, સબસીડી, ખરીદી વગેરેનું યોગ્ય માર્ગદર્શન શાળાઓ દ્વારા ગ્રામજનોને અપાવવું જોઈએ.
- ગ્રામ્યકક્ષાએ શાળાઓએ વિવિધ ઉદ્યોગો માટેનાં તાલીમવર્ગો યોજવા જોઈએ.

## ૮.૦ આર્થિક વિકાસ સ્વનિર્ભર યોજનાઓનાં સંદર્ભમાં પ્રાપ્ત પરિણામો.

સારણી ૪.૧૪ થી ૪.૨૦ દ્વારા દર્શાવાયેલ વિવિધ પૃથકકરણો અને અર્થઘટનો પરથી કેટલાંક તારણો આ પ્રમાણે છે.

- બહુ ઓછા પ્રમાણમાં શાળાઓ આ પ્રવૃત્તિ કરાવે છે.
- કન્યા કેળવણી આપતી શાળાઓ ભરત–ગૂંથણ, શિવણ જેવી અભ્યાસક્રમનાં ભાગરૂપે પ્રવૃત્તિઓ કરાવે છે.
- આ પ્રવૃત્તિઓનો લાભ ગ્રામજનોને મળતો નથી, વિદ્યાર્થીઓ માટે જ થાય છે.
- ગૃહઉપયોગી વસ્તુઓનું નિર્માણ માટેની ગ્રામજનોને તાલીમ અને તેનું વિતરણ શાળા દ્વારા થાય તે જરૂરી છે.
- ગ્રામજનો માટે વૈજ્ઞાનિક અભિગમ સાથેની ખેતી, પશુપાલન, ડેરીવિદ્યા વગેરે શીખવવી જરૂરી.

## ૯.૦ બાળ વિકાસના સંદર્ભમાં પ્રાપ્ત માહિતીનું પૃથકકરણ અને અર્થઘટન

પ્રશ્નાવલિનાં વિભાગ–૪ બાળવિકાસને લગતો હતો. આ વિભાગમાં કુલ ૬ પ્રશ્નો હતા. શાળા / કોલેજોનાં કુલ ૭૨ આચાર્યશ્રીઓએ આ પ્રશ્નોનાં સંદર્ભમાં માહિતી આપી હતી. સારણી ૪.૨૧ થી ૪.૨૬ માં આ માહિતીની પૃથકકરણાત્મક રજૂઆત કરી છે. પ્રત્યેક સારણી બાદ અર્થઘટન દર્શાવ્યુ છે.

**પ્રશ્ન : ૧ આપની શાળા / કોલેજ બાળવિકાસની પ્રવૃત્તિ કરે છે ? જો હા, તો નીચેના પ્રશ્નોનાં સંદર્ભમાં જરૂરી માહિતી આપશો.**

આ પ્રશ્ન દ્વારા પ્રાપ્ત માહિતીની પૃથકકરણાત્મક રજૂઆત સારણી ૪.૨૧ માં કરવામાં આવી છે.

**સારણી : ૪.૨૧**

પ્રશ્ન : ૧ દ્વારા પ્રાપ્ત માહિતી

| હા | ના |
|---|---|
| ૩૫ | ૩૭ |

સારણી ૪.૨૧ સૂચવે છે કે, ૭૨ શૈક્ષણિક સંસ્થાઓમાંથી ૩૫ શાળાઓ બાળવિકાસ સંબંધી પ્રવૃત્તિ કરે છે, જયારે ૩૭ જેટલી શાળાઓ કરતી નથી.

**પ્રશ્ન : ૨ આપને ત્યાં નીચેની પૈકી બાળવિકાસની કઈ કઈ પ્રવૃત્તિઓ ચાલે છે ?**

આ પ્રશ્ન દ્વારા પ્રાપ્ત માહિતીની પૃથકકરણાત્મક રજૂઆત સારણી ૪.૨૨ માં કરવામાં આવી છે.

**સારણી : ૪.૨૨**

પ્રશ્ન : ૨ દ્વારા પ્રાપ્ત માહિતી

| બાલક્રિડાંગણ | બાલ પુસ્તકાલય | બાલ માર્ગદર્શન કેન્દ્ર | અન્ય |
|---|---|---|---|
| ૧૯ | ૩૨ | ૭ | બાલસભા, મેદાની રમતો,<br>બાલ મંદિર, સંસ્કાર કેન્દ્રો,<br>વિવિધ હરિફાઈ |

સારણી ૪.૨૨ સૂચવે છે કે, જયાં બાલવિકાસ સંબંધી પ્રવૃત્તિઓ થાય ત્યાં એકથી વધુ પ્રકારની પ્રવૃત્તિઓ યોજાય છે. જેમાં બાલપુસ્તકાલયની સુવિધા વિશેષ શાળાઓમાં જોવા મળે છે. અન્ય પ્રવૃત્તિઓમાં બાલસભા, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, બાલમંદિર વગેરે ચલાવે છે.

**પ્રશ્ન : ૩ આ પ્રવૃત્તિઓ કોની કોની મદદથી ચલાવો છો ?**

આ પ્રશ્ન દ્વારા પ્રાપ્ત માહિતીની પૃથકકરણાત્મક રજૂઆત સારણી ૪.૨૩ માં કરવામાં આવી છે.

**સારણી : ૪.૨૩**

પ્રશ્ન : ૩ દ્વારા પ્રાપ્ત માહિતી

| શાળા / કોલેજ ભંડોળ | સરકારી ગ્રાન્ટ | દાતા | સમાજનો સહયોગ | ફી ઉઘરાવીને | અન્ય |
|---|---|---|---|---|---|
| ૧૭ | ૧૪ | ૬ | ૧૫ | ૧ | – નાસ્તાગૃહના નફામાંથી<br>– સ્વા. ગુરુકૂળના સહયોગથી |

સારણી ૪.૨૩ સૂચવે છે કે, બાળવિકાસની પ્રવૃત્તિઓ માટે શાળા/કોલેજ પોતે પોતાનાં ભંડોળ માંથી ખર્ચ કરીને ચલાવે છે, સાથે સાથે સરકારી ગ્રાન્ટ પણ કેટલીક પ્રવૃત્તિ માટે મળતી હોય છે. તેનો લાભ લે છે. સમાજનો સહયોગ ૧૫ જેટલી શાળાઓ મેળવે છે. તે નોંધપાત્ર બાબત છે.

**પ્રશ્ન : ૪ બાળવિકાસ માટે શાળા / કોલેજ નીચેનામાંથી અન્ય કઈ કઈ પ્રવૃત્તિઓ કરે છે. ?**

આ પ્રશ્ન દ્વારા પ્રાપ્ત માહિતીની પૃથકકરણાત્મક રજૂઆત સારણી ૪.૨૪ માં કરવામાં આવી છે.

**સારણી : ૪.૨૪**

પ્રશ્ન : ૪ દ્વારા પ્રાપ્ત માહિતી

| માતૃ કલ્યાણ કેન્દ્ર | બાળ ઉછેર કેન્દ્ર | વાર્તાલાપ | રસીકરણ | આહાર વિતરણ | અન્ય |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૨૪ | ૧૪ | ૩ | બાલ મહોત્સવ<br>વાલીદિન |

સારણી ૪.૨૪ સૂચવે છે કે, શાળાઓ વિશેષ પ્રમાણમાં તજજ્ઞશ્રી કે નિષ્ણાંતોનાં વાર્તાલાપ યોજે છે. જેનો લાભ વાલીઓ લે છે. અને રસીકરણ જેવી કામગીરી પણ સમાજ માટે ૧૪ શાળાઓ કરે છે.

**પ્રશ્ન : ૫ સંકલિત બાલવિકાસ યોજના (આઈસીડીએસ) આપને ત્યાં ચાલે છે ?**

આ પ્રશ્ન દ્વારા પ્રાપ્ત માહિતીની પૃથકકરણાત્મક રજૂઆત સારણી ૪.૨૫ માં કરવામાં આવી છે.

**સારણી : ૪.૨૫**

પ્રશ્ન : ૫ દ્વારા પ્રાપ્ત માહિતી

| હા | ના |
|---|---|
| ૩ | ૬૯ |

સારણી ૪.૨૫ સૂચવે છે કે, સરકારશ્રીની બાલવિકાસ સંબંધી યોજના આઈસીડીએસનો લાભ શાળાઓ ખૂબ જ ઓછા પ્રમાણમાં એટલે કે નહિવત્ કહી શકાય તેવી ૩ જેટલી સંખ્યામાં જ લે છે.

**પ્રશ્ન : ૬ બાળ વિકાસને ઘ્યાનમાં રાખી વિશિષ્ટદિનની ઉજવણી કરવામાં આવે છે. ?**

આ પ્રશ્ન દ્વારા પ્રાપ્ત માહિતીની પૃથકકરણાત્મક રજૂઆત સારણી ૪.૨૬ માં કરવામાં આવી છે.

**સારણી : ૪.૨૬**

પ્રશ્ન : ૬ દ્વારા પ્રાપ્ત માહિતી

| હા | ના |
|---|---|
| ૩૨ | ૪૦ |

સારણી ૪.૨૬ સૂચવે છે કે, બાલવિકાસને ઘ્યાનમાં રાખી વિશિષ્ટદિનની ઉજવણી ૩૨ જેટલી શાળાઓ કરે છે. અન્ય શાળાઓ ઉજવણી કરતી નથી.

**૧૦.૦ બાલવિકાસનાં સંદર્ભમાં પ્રાપ્ત પરિણામો :**

સારણી ૪.૨૧ થી ૪.૨૬ દ્વારા દર્શાવેલ વિવિધ પૃથકકરણો અને અર્થઘટનો પરથી કેટલાંક તારણો આ પ્રમાણે છે.

- શાળા કોલેજોનાં બાલવિકાસનાં સંદર્ભમાં પ્રવૃત્તિઓ થાય છે. જે પૈકી બાલપુસ્તકાલય અંગેની પ્રવૃત્તિઓ વધુ પ્રમાણમાં થાય છે.
- બાલવિકાસની પ્રવૃત્તિ જયાં ચાલે છે, તેમાં એકથી વધુ પ્રકારની સહાય, ગ્રાન્ટ કે ભંડોળ દ્વારા ચલાવે છે. જેમાં, શાળાનું ભંડોળ, સમાજનો સહયોગ, અને સરકારી ગ્રાન્ટનો વધુ ઉપયોગ કરે છે.
- બાળકોને લગતી આરોગ્ય વિષયક પ્રવૃત્તિઓ વધારે થાય છે.
- વિશિષ્ટ દિનની ઉજવણી વધુ પ્રમાણમાં શાળા સ્તરે કરવામાં આવે છે.

**૧૧.૦ વ્યસન મુકિતના સંદર્ભમાં પ્રાપ્ત માહિતીનું પૃથકકરણ અને અર્થઘટન**

પ્રશ્નાવલિનો વિભાગ–૫ વ્યસનમુકિતને લગતો હતો. આ વિભાગમાં કુલ ૧૦ પ્રશ્નો હતા. શાળા / કોલેજોમાં કુલ ૭૨ આચાર્યશ્રીઓએ આ પ્રશ્નોનાં સંદર્ભમાં માહિતી આપી હતી. સારણી ૪.૨૭ થી ૪.૩૩ માં આ માહિતીની પૃથકકરણાત્મક રજૂઆત કરી છે. પ્રત્યેક સારણી બાદ અર્થઘટન અલગપણે કરવામાં આવ્યું છે.

**પ્રશ્ન : ૧ આપની શાળા / કોલેજમાં વ્યસનમુકિત અંગેની પ્રવૃત્તિ થાય છે ?**

આ પ્રશ્ન દ્વારા પ્રાપ્ત માહિતીની પૃથકકરણાત્મક રજૂઆત સારણી ૪.૨૭ માં કરવામાં આવી છે.

**સારણી : ૪.૨૭**

પ્રશ્ન : ૧ દ્વારા પ્રાપ્ત માહિતી

| હા | ના |
|---|---|
| ૬૪ | ૮ |

સારણી ૪.૨૭ સૂચવે છે કે, શાળાઓમાં વ્યસનમુકિત અંગેનાં કાર્યક્રમો પ્રવૃત્તિ ખૂબ જ પ્રમાણમાં થાય છે. ૭૨ શાળા / કોલેજમાંથી ૬૪ શાળા / કોલેજમાં થાય છે.

**પ્રશ્ન : ૨ આ પ્રવૃત્તિ માટે નીચેના પૈકી કયાં કાર્યક્રમો યોજાય છે ?**

આ પ્રશ્ન દ્વારા પ્રાપ્ત માહિતીની પૃથકકરણાત્મક રજૂઆત સારણી ૪.૨૮ માં કરવામાં આવી છે.

**સારણી : ૪.૨૮**

પ્રશ્ન : ૨ દ્વારા પ્રાપ્ત માહિતી

| વ્યકિતગત સંપર્ક | વાર્તાલાપ | શેરી નાટકો | ભીત પત્રો | સૂત્ર લેખન | ફિલ્મ શો | પ્રદર્શન | પ્રોજેકટ | જાહેર પોસ્ટર્સ | વેકેશનમાં અભિયાન | વિવિધ સ્પર્ધા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩૪ | ૫૮ | ૨૪ | ૪૪ | ૪૬ | ૧૪ | ૩૦ | ૦૪ | ૨૬ | ૧૨ | ૩૦ |

સારણી ૪.૨૮ સૂચવે છે કે, વ્યસનમુકિત હેઠળ ઘણી બધી પ્રવૃત્તિઓ યોજવામાં આવે છે. તેમાં શૈક્ષણિક સંસ્થાઓ વિવિધ માધ્યમો દ્વારા આ પ્રવૃત્તિઓ સારી રીતે કરે છે. જેમાં સંતો – મહંતો, આધ્યાત્મિક પુરૂષો, ડોકટરશ્રીઓનાં વાર્તાલાપો વિશેષ પ્રમાણમાં શાળાઓ યોજે છે. ગ્રામ્યકક્ષાએ ભીતપત્રો અને સૂત્રલેખન શાળાઓ દ્વારા લખાય છે. જેની અસર ગ્રામજનો પર સારી પડે છે. વ્યકિતગત સંપર્ક પણ શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા વિશેષ થાય છે. ગામની શાળાનાં આચાર્ય કે શિક્ષકો ગામ માટે જવાબદાર વ્યકિત હોય છે. તેમનું માન પણ લોકોમાં હોય છે. આથી, વ્યસનમુકિત જેવાં કામ માટે આ વિવિધ પ્રવૃત્તિઓ શૈક્ષણિક સંસ્થાઓ યોજે છે.

**પ્રશ્ન : ૩ વ્યસનમુકિત અંગેનાં વાર્તાલાપો માટે તમે નીચેનામાંથી કોની કોની મદદ લો છો ?**

આ પ્રશ્ન દ્વારા પ્રાપ્ત માહિતીની પૃથકકરણાત્મક રજૂઆત સારણી ૪.૨૯ માં કરવામાં આવી છે.

**સારણી : ૪.૨૯**

પ્રશ્ન : ૩ દ્વારા પ્રાપ્ત માહિતી

| સંતો | સમાજ સુધારકો | શિક્ષણ શાસ્ત્રીઓ | વિદ્વાનો | ડોકટર્સ | વ્યસનમુકિતનું કાર્ય કરતી સંસ્થા | સરકારી કાર્યક્રમો | અન્ય |
|---|---|---|---|---|---|---|---|
| ૩૭ | ૨૬ | ૨૫ | ૨૧ | ૩૫ | ૨૪ | ૩૨ | |

સારણી ૪.૨૯ સૂચવે છે કે, વ્યસનમુકિતનાં કાર્યક્રમોમાં વાર્તાલાપો જે ૫૮ શૈક્ષણિક સંસ્થાઓ ઉપયોગ કરે છે, તેમાં પણ વિવિધ વ્યકિતઓ એક કરતાં વધુ વાર્તાલાપમાં અલગ – અલગ રીતે મદદ લે છે. જે મુજબ ગામનાં લોકોને સંતો–મહંતોનાં ઉપદેશની અસર વધુ થતી હોઈ, શ્રઘ્ધાપૂર્વક સાંભળે અને અમલ કરવા પ્રેરાય છે. તેમ જાણવા મળ્યુ છે. ઉપરાંત વિદ્યાર્થીઓને ભાવિજીવનમાં આ વ્યસન અંગેનાં સ્પષ્ટ વૈજ્ઞાનિકપણે કારણો સમજાય તે જરૂરી હોઈ, ડોકટર્સ લોકોની મદદ પણ વધુ લેવાય છે. વળી, સરકારશ્રી તરફથી પણ વિશેષ કાર્યક્રમો શાળાને આપતા હોય તેમ જણાય છે.

**પ્રશ્ન : ૪ વ્યસનમુકિત અંગેનું પ્રદર્શન નીચેનામાંથી કોની કોની સહાયથી યોજાય છે ?**

આ પ્રશ્ન દ્વારા પ્રાપ્ત માહિતીની પૃથકકરણાત્મક રજૂઆત સારણી ૪.૩૦ માં કરવામાં આવી છે.

**સારણી : ૪.૩૦**

પ્રશ્ન : ૪ દ્વારા પ્રાપ્ત માહિતી

| શાળા/કોલેજ જાતે તૈયાર કરેલુ | વિશિષ્ટ સંસ્થાની સહાયથી | સરકારીખાતા દ્વારા |
|---|---|---|
| ૨૮ | ૨૪ | ૨૭ |

સારણી ૪.૩૦ સૂચવે છે કે, વ્યસનમુકિતનું પ્રદર્શન ૩૦ શૈક્ષણિક સંસ્થાઓ યોજે છે. પરંતુ વિવિધ પ્રકારે તેનો લાભ અલગ અલગ જગ્યાએથી એકથી વધુ રીતે લે છે. એટલે કે વિશિષ્ટ સંસ્થાઓ, સરકારી ખાતાઓમાં તેમજ શાળા / કોલેજ દ્વારા આવા પ્રદર્શનો તૈયાર કરેલા હોય છે, જે સમાજ માટે ઈચ્છનીય છે.

**પ્રશ્ન : ૫ આ પ્રકારનું પ્રદર્શન કયારે યોજો છો ?**

વર્ણનાત્મક પ્રાપ્ત માહિતી :

- વર્ષમાં એકાદવાર, બે વાર બંને સત્ર દરમ્યાન.
- નશાબંધી પખવાડિયાની ઉજવણી પ્રસંગે.
- શાળાની અનુકૂળતાએ.
- માહિતી ખાતાની અનુકૂળતાએ.
- એનએસએસનાં કેમ્પ દરમ્યાન.
- એઈડ્ઝ દિને – વિશિષ્ટ દિને.
- રાષ્ટ્રિય તહેવાર હોય ત્યારે.

**અર્થઘટન :**

પ્રદર્શન માટે શાળા કોઈ નિશ્ચિત સમય આયોજનમાં કરતા નથી. અનુકૂળતાએ ગોઠવે છે.

**પ્રશ્ન : ૬ આ પ્રદર્શનનો લાભ કોણ કોણ લે છે ?**

આ પ્રશ્ન દ્વારા પ્રાપ્ત માહિતીની પૃથકકરણાત્મક રજૂઆત સારણી ૪.૩૧ માં કરવામાં આવી છે.

**સારણી : ૪.૩૧**

પ્રશ્ન : ૬ દ્વારા પ્રાપ્ત માહિતી

| વિદ્યાર્થીઓ | શિક્ષકો / સ્ટાફ | વાલીઓ | ગ્રામજનો / સમાજનાં લોકો |
|---|---|---|---|
| ૫૧ | ૬ | ૧૧ | ૧૮ |

સારણી ૪.૩૧ સૂચવે છે કે, આ પ્રદર્શન શાળામાં જ યોજાતાં હોઈ વિદ્યાર્થીઓ જ વિશેષ લાભ લે છે. જેના માટે જરૂરી છે તે વાલીઓ કે ગ્રામજનો–સમાજનાં લોકો ખૂબ ઓછો લાભ લે છે. અથવા તો શાળા દ્વારા એવો પ્રયત્ન ઓછો થતો હશે તેમ જણાય છે.

**પ્રશ્ન : ૭ સરકાર દ્વારા સમાજ માટે તૈયાર થયેલ કાર્યક્રમ યોજવા માટે શાળા / કોલેજ સહાયરૂપ બને છે ? □ હા □ ના**

આ પ્રશ્ન દ્વારા પ્રાપ્ત માહિતીની પૃથકકરણાત્મક રજૂઆત સારણી ૪.૩૨ માં કરવામાં આવી છે.

**સારણી : ૪.૩૨**

પ્રશ્ન : ૭ દ્વારા પ્રાપ્ત માહિતી

| હા | ના |
|---|---|
| ૫૮ | ૬ |

સારણી ૪.૩૨ સૂચવે છે કે, અગાઉની સારણીમાં જણાવ્યા મુજબ, સરકારશ્રી દ્વારા વાર્તાલાપો, પ્રદર્શનો, ફિલ્મ શો, જાહેર પોસ્ટર્સ વગેરે હેઠળ પ્રવૃત્તિઓ થાય છે. તેમાં શાળા / કોલેજો જે વ્યસનમુકિતનું કાર્ય કરી રહી છે તેમાંથી ૫૮ જેટલી શાળા / કોલેજો સરકારશ્રીનાં કાર્યક્રમમાં સહાયરૂપ બને છે.

**પ્રશ્ન : ૮ વ્યસનમુકિતનો પ્રોજેકટ હાથ ધર્યો હોય તો તેનું શીર્ષક જણાવો.**

**પ્રશ્ન ૮ દ્વારા પ્રાપ્ત માહિતી.**

- વ્યસન મુકિત અભિયાન.
- વ્યસન મુકિત – જન્માષ્ટમી નિમિત્તે પ્રોજેકટ
- વ્યસન એક મહાટેન્શન
- બીડી એ નરકની સીડી
- વ્યસન એ વિષરૂપી કાળ છે.
- એઈડ્સ જાગૃતિ અભિયાન.
- પર્યાવરણ રક્ષણ
- વ્યસનમુકિત પ્રદર્શન
- વ્યસન ત્યજો જીવન બચાવો.
- વ્યસન મુકિત જીવનનો આનંદ.
- વ્યસનથી થતાં ગેરલાભ–નિબંધ લેખન–પ્રવચનો.
- ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરિક્ષા.

**પ્રશ્ન : ૯ આ પ્રોજેકટ કોના દ્વારા તૈયાર કરવામાં આવ્યો હતો ?**

**પ્રશ્ન ૯ દ્વારા પ્રાપ્ત માહિતી.**

- રાષ્ટ્રીય સેવા યોજના યુનિટ.
- નશાબંધી ખાતું
- શાંતિકુંજ હરિદ્વાર ગાયત્રીતીર્થ
- શાળાનાં નિષ્ણાંત શિક્ષકો.
- શાળાનાં વિદ્યાર્થીઓ.
- શાળાનાં વિજ્ઞાન શિક્ષકો.
- શાળાનાં તમામ કર્મચારીનો સહયોગ.

સૂચિત થાય છે કે, શાળાના વિદ્યાર્થીઓ અને કાર્યકર શિક્ષકો દ્વારા વિશેષપણે આ પ્રોજેકટ હાથ ધરાય છે.

**પ્રશ્ન : ૧૦ આ પ્રોજેકટનો લાભ કોણે કોણે લીધો હતો ?**

આ પ્રશ્ન દ્વારા પ્રાપ્ત માહિતીની પૃથકકરણાત્મક રજૂઆત સારણી ૪.૩૩ માં કરવામાં આવી છે.

**સારણી : ૪.૩૩**

પ્રશ્ન : ૧૦ દ્વારા પ્રાપ્ત માહિતી

| વિદ્યાર્થીઓ | વાલીઓ | ગ્રામજનો |
|---|---|---|
| ૪ | ૪ | ૪ |

સારણી ૪.૩૩ સૂચવે છે કે, વ્યસનમુકિતના કાર્યક્રમમાં જયાં પ્રોજેકટ હાથ ધરાયો હતો, તે ચારેય શાળાઓમાં વિદ્યાર્થીઓ, વાલીઓ અને ગ્રામજનોએ લાભ લીધો હતો.

## ૧૨.૦ વ્યસનમુકિતનાં સંદર્ભમાં પ્રાપ્ત પરિણામો

સારણી ૪.૨૭ થી ૪.૩૩ દ્વારા તેમજ અન્ય વર્ણનાત્મક ઉત્તરો દ્વારા વિવિધ પૃથકકરણો અને અર્થઘટનો પરથી કેટલાંક તારણો આ પ્રમાણે છે.

- વ્યસનમુકિતનાં કાર્યક્રમો ૬૪ શાળા / કોલેજોમાં યોજાય છે.
- આ કાર્યક્રમો પૈકી વાર્તાલાપો, સૂત્રલેખન, વ્યકિતગત સંપર્ક, વિવિધ સ્પર્ધાઓ વગેરે યોજીને પ્રવૃત્તિના ભાગરૂપે થાય છે.
- વાર્તાલાપોમાં સંતો–મહંતો, ડોકટર્સ વગેરેના વધુ ગોઠવાય છે.
- વ્યસનમુકિતનાં પ્રદર્શન ૨૮ જેટલી શાળા / કોલેજો જાતે તૈયાર કરે છે. તો વળી કેટલીક સરકારી સંસ્થાની સહાય લેવામાં આવે છે. ઉપરાંત કોઈ વિશિષ્ટ પ્રકારની ધાર્મિક સંસ્થાઓ દા.ત. અક્ષર પુરૂષોત્તમ સંસ્થાની સહાયથી પ્રદર્શન યોજવામાં આવે છે.
- આ પ્રદર્શનનો લાભ વિદ્યાર્થીઓ જ વિશેષ પ્રમાણમાં લે છે. ગ્રામજનોને લાભ મળે તે રીતે બહુજ ઓછી સંખ્યામાં શાળા / કોલેજો યોજે છે. અનુકૂળ સમય–દિવસ નકકી કરી. ગ્રામજનો માટે વિશિષ્ટ રીતે પ્રદર્શન યોજાવા જોઈએ તેવું સૂચન મળેલ છે.
- સરકારશ્રીનાં વ્યસનમુકિતનાં કાર્યક્રમમાં શાળા / કોલેજો ઉપયોગી થાય છે. પરંતુ તેનો લાભ વિદ્યાર્થીઓ જ લે છે. ગ્રામજનોને લાભ મળતો નથી. તે રીતેનું આયોજન થતું નથી.
- વિશિષ્ટ પ્રકારનો પ્રોજેકટ જયારે શાળા દ્વારા હાથ ધરાય છે ત્યારે સમાજનાં લોકોને લાભ મળે છે.

## ૧૩.૦ એન. એસ. એસ. ના સંદર્ભમાં પ્રાપ્ત માહિતીનું પૃથકકરણ અને અર્થઘટન

પ્રશ્નાવલિમાં વિભાગ–૬ એન.એસ.એસ.ને લગતો હતો. આ વિભાગમાં કુલ–૩ પ્રશ્નો હતા. સારણી ૪.૩૪ થી ૪.૩૫ માં આ માહિતીની પૃથકકરણાત્મક રજૂઆત કરી છે. પ્રત્યેક સારણી બાદ અર્થઘટન દર્શાવાયુ છે, વર્ણનાત્મક પ્રશ્નોનું ઉત્તરના આધારે અર્થઘટન કરવામાં આવ્યું છે.

**પ્રશ્ન : ૧ આપની શાળા / કોલેજમાં એન.એસ.એસ.ની પ્રવૃત્તિ હાથ ધરાય છે ?**

આ પ્રશ્ન દ્વારા પ્રાપ્ત માહિતીની પૃથકકરણાત્મક રજૂઆત સારણી ૪.૩૪ માં કરવામાં આવી છે.

**સારણી : ૪.૩૪**

પ્રશ્ન : ૧ દ્વારા પ્રાપ્ત માહિતી

| હા | ના |
|---|---|
| ૧૪ | ૫૮ |

સારણી ૪.૩૪ સૂચવે છે કે, શાળા / કોલજમાં એન.એસ.એસ.ની પ્રવૃત્તિ તદ્દન નહિવત પ્રમાણમાં થાય છે.

**પ્રશ્ન : ૨ આ કાર્યક્રમ હેઠળ નીચેના પૈકી કઈ કઈ પ્રવૃત્તિઓ યોજાય છે ?**

આ પ્રશ્ન દ્વારા પ્રાપ્ત માહિતીની પૃથકકરણાત્મક રજૂઆત સારણી ૪.૩૫ માં કરવામાં આવી છે.

**સારણી : ૪.૩૫**

પ્રશ્ન : ૨ દ્વારા પ્રાપ્ત માહિતી

| વાર્તાલાપો | શ્રમયજ્ઞ | સ્વચ્છતા અને આરોગ્ય | સૂત્રો ભીતપત્રો | પોસ્ટર્સ | અન્ય |
|---|---|---|---|---|---|
| ૧૧ | ૧૨ | ૧૪ | ૧૩ | ૭ | શિબિર<br>–બ્લડગ્રુપ ચેકીગ<br>–બ્લડ ડોનેશન |

સારણી ૪.૩૫ સૂચવે છે કે, જે શાળા / કોલેજો એન.એસ.એસ. ની પ્રવૃત્તિ યોજે છે. તેમાં એક કરતાં વધુ પ્રકારની વિવિધ પ્રવૃત્તિઓ યોજે છે. જેમાં, સ્વચ્છતા અને આરોગ્ય સંબંધી કાર્યક્રમો બધાં જ કરે છે. જાગૃતિ માટેનાં સૂત્રો, ભીતપત્રો, વગેરે ૧૩ શાળાઓ દ્વારા હાથ ધરાય છે. અને શ્રમયજ્ઞ, વાર્તાલાપો પણ વિશેષ પ્રમાણમાં યોજાય છે.

**પ્રશ્ન : ૩ આ પ્રવૃત્તિને અસરકારક બનાવવા માટે આપના સૂચનો આપશો**

વર્ણનાત્મક માહિતી

- શાળાઓ ગામને દત્તક લઈ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજી શકે. ગ્રામસભા દ્વારા જાગૃતિનું કાર્ય કરી શકે.
- સ્વંયસેવકો નિયમિતપણે પ્રવૃત્તિઓમાં રસ લેતા રહે તે જરૂરી છે.
- સરકારશ્રી દ્વારા અભ્યાસક્રમમાં વિષય તરીકે ફરજિયાત દાખલ કરીને તેનો ચુસ્ત અમલ કરાવવો જોઈએ.
- સમાજસુધારકો, સંતો, વિદ્વાનોનો સહકાર મેળવવો જોઈએ.
- એનએસએસ કે એનસીસી કે સ્કાઉટ ત્રણમાંથી એક પ્રવૃત્તિ શાળા કક્ષાએ ફરજિયાત બનાવી જોઈએ.
- સમાજનાં તમામ વર્ગોને અને નિમ્ન સ્તર સુધીનાં લોકો સુધી પહોંચવા વિવિધ સામાજિક સંસ્થા, ચેરીટેબલ ટ્રસ્ટ સહભાગી બની સંકલન કરે તે જરૂરી છે. લોકજાગૃતિનાં કાર્યક્રમો યોજવા જોઈએ.
- ગ્રામ સફાઈ, ગંદકી નાબૂદી વિવિધ કાર્યક્રમો માટે યુવામંડળો, મહિલા મંડળો વગેરેનો સહકાર લેવો જોઈએ.

**અર્થઘટન :**

એન.એસ.એસ. ની કામગીરી લોકોપયોગી હોઈ, શાળા કક્ષાએ ફરજિયાત કરાવવી જરૂરી છે તેમ ઉપરોકત સૂચનો દ્વારા ફલિત થાય છે. લોકભાગીદારીથી સમાજ જાગૃતિનાં વિવિધ કાર્યો સારી રીતે થઈ શકે તેમ છે. જે શાળા / કોલેજો વધુ સારી રીતે આયોજનબધ્ધ કરી શકે તેમ છે.

## ૧૪.૦ એન.એસ.એસ. પ્રવૃત્તિનાં સંદર્ભમાં પ્રાપ્ત પરિણામો

સારણી ૪.૩૪ થી ૪.૩૫ દ્વારા તેમજ અન્ય વર્ણનાત્મક જવાબોને આધારે પૃથકકરણ અને અર્થઘટનો પરથી કેટલાંક તારણો આ પ્રમાણે છે.

- શાળા કોલેજમાં એન.એસ.એસ.ની પ્રવૃત્તિ તદ્દન નહિવત પ્રમાણમાં થાય છે.

- જે શાળા કોલેજમાં એન.એસ.એસ.ની પ્રવૃતિઓ થાય છે તેમાં એક કરતાં વધુ પ્રકારની વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે વાર્તાલાપો, શ્રમયજ્ઞો, સ્વસ્છતા અને આરોગ્ય, ભીતપત્રો, પોસ્ટર્સ તેમજ શિબિરો યોજાય છે.

- પ્રાપ્ય સૂચનોને આધારે કહી શકાય કે યોગ્ય સંકલન દ્વારા લોક જાગૃતિનાં કાર્યક્રમો હજુ વધારે સારી રીતે શાળા / કોલેજો કરી શકે તેમ છે.

- શાળા / કોલેજ કક્ષાએ આવી પ્રવૃત્તિ ફરજિયાત કરવી જનસમુદાય માટે જરૂરી છે.

## ૧૫.૦ કુદરતી આપત્તિનાં સંદર્ભમાં પ્રાપ્ત માહિતીનું પૃથકકરણ અને અર્થઘટન

પ્રશ્નાવલિમાં વિભાગ–૭ કુદરતી આપત્તિને લગતો હતો. આ વિભાગમાં કુલ ૫ પ્રશ્નો હતા. કુલ ૭૨ શાળા / કોલેજનાં આચાર્યશ્રીઓએ આ પ્રશ્નનાં સંદર્ભમાં માહિતી આપી. સારણી ૪.૩૬ થી ૪.૩૯ માં આ માહિતીની પૃથકકરણાત્મક રજૂઆત કરી છે. પ્રત્યેક સારણી બાદ અર્થઘટન દર્શાવાયુ છે. વર્ણનાત્મક પ્રશ્નનાં ઉત્તરમાંથી અર્થઘટન કરવામાં આવ્યું છે.

**પ્રશ્ન : ૧ પૂર, વાવાઝોડું, ધરતીકંપ, અતિવૃષ્ટિ, દુષ્કાળ જેવી કુદરતી આપત્તિમાં શાળા / કોલેજ સમાજને ઉપયોગી બને છે ?**

આ પ્રશ્ન દ્વારા પ્રાપ્ત માહિતીની પૃથકકરણાત્મક રજૂઆત સારણી ૪.૩૬ માં કરવામાં આવી છે.

**સારણી : ૪.૩૬**

પ્રશ્ન : ૧ દ્વારા પ્રાપ્ત માહિતી

| હા | ના |
|---|---|
| ૬૭ | ૫ |

સારણી ૪.૩૬ સૂચવે છે કે, કુદરતી આપત્તિ વેળાએ શાળા/કોલેજો સમાજને અત્યંત ઉપયોગી બને છે. ૭૨ માંથી ૬૭ શાળા / કોલેજો આવા કપરા સમયે વિવિધરૂપે ઉપયોગી બને છે.

**પ્રશ્ન : ૨ ઉપરોકત પરિસ્થિતિમાં નીચેનામાંથી કંઈ રીતે સહાયરૂપ બનો છો ?**

આ પ્રશ્ન દ્વારા પ્રાપ્ત માહિતીની પૃથકકરણાત્મક રજૂઆત સારણી ૪.૩૭ માં કરવામાં આવી છે.

**સારણી : ૪.૩૭**

પ્રશ્ન : ૨ દ્વારા પ્રાપ્ત માહિતી

| આશ્રય આપીને | વસ્તુઓ પૂરી પાડીને | રસોડુ ચલાવીને | આર્થિક રીતે મદદરૂપ બનીને | દાતા પાસેથી સહાય મેળવો | વિતરક તરીકે | શ્રમકાર્ય કરીને |
|---|---|---|---|---|---|---|
| ૩૩ | ૨૧ | ૧૨ | ૩૧ | ૨૧ | ૨૬ | ૩૮ |

સારણી ૪.૩૭ સૂચવે છે કે, કુદરતી આપત્તિવેળાએ શાળા / કોલેજો અત્યંત ઉપયોગી થાય છે. જેમાં શ્રમકાર્ય કરીને ૩૮ શૈક્ષણિક સંસ્થાઓ, આશ્રય આપીને ૩૩ સંસ્થાઓ, અને આર્થિક રીતે એટલે કે ફાળો ઉઘરાવીને અન્યની દુખદ પરિસ્થિતિમાં વિશેષ રીતે સહાયરૂપ બને છે. જરૂરી ચીજવસ્તુઓ વિદ્યાર્થીઓ દ્વારા ઉઘરાવીને કે અન્ય દાતાઓ પાસેથી આવેલી વસ્તુઓનું યોગ્યપણે, વિતરણ કરીને, ઉપયોગી થાય છે.

**પ્રશ્ન : ૩ કુદરતી આપત્તિ સંબંધી જાગૃતિ લાવવા માટેનાં કાર્યક્રમો કરો છો ?**

આ પ્રશ્ન દ્વારા પ્રાપ્ત માહિતીની પૃથકકરણાત્મક રજૂઆત સારણી ૪.૩૮ માં કરવામાં આવી છે.

**સારણી : ૪.૩૮**

પ્રશ્ન : ૩ દ્વારા પ્રાપ્ત માહિતી

| હા | ના |
|---|---|
| ૩૭ | ૨૩ |

સારણી ૪:૩૮ સૂચવે છે કે, સૂચવે છે કે, શાળા / કોલેજો શૈક્ષણિક કાર્યક્રમોની સાથે ૩૭ શૈક્ષણિક સંસ્થાઓ કુદરતી આપત્તિ સંબંધી જાગૃતિ લાવવાનાં કાર્યક્રમો યોજે છે.

**પ્રશ્ન : ૪ જો કાર્યક્રમો યોજયા હોય તો કયાં કયાં કાર્યક્રમો કર્યા છે ?**
**પ્રશ્ન ૪ દ્વારા પ્રાપ્ત માહિતી.**

વર્ણનાત્મક માહિતી :

- વાર્તાલાપો, શેરી નાટકો દ્વારા જેવા કાર્યક્રમ કરે છે.
- ધરતીકંપ પછી આવતા આફટર શોક વિશેની સમજણ લોકોને આપે છે.
- ધરતીકંપ બાદના ડર, કાઢવા વિવિધ કાર્યક્રમો યોજે છે.
- પ્રાર્થનાસભામાં છાપામાં આવતી માહિતી વંચાવીને, વિજ્ઞાન શિક્ષક સમજણ આપે છે.
- નિબંધ–વકૃત્વ સ્પર્ધાનું આયોજન કરે છે.
- કુદરતી આપત્તિવેળાએ રેલી કાઢી ફંડફાળો એકત્રિત કરે છે.
- વસ્તુ સહાય, ફંડ વગેરે વ્યવસ્થિતપણે યોગ્ય જગ્યાએ પહોંચાડવામાં મદદરૂપ બને છે.
- કુદરતી આપત્તિમાંથી ઉગરવા સમજણ, વાર્તાલાપો, પ્રદર્શનો યોજવામાં આવે છે.
- શ્રમકાર્યનું આયોજન અગાઉથી કરવામાં આવે છે.

**અર્થઘટન :**

સૂચિત થાય છે કે, શાળા / કોલેજો આ બાબતે ઘણુ વધુ કાર્ય કરી શકે તેમ છે.

**પ્રશ્ન : ૫ નીચેના આકસ્મિક સંજોગોમાંથી ઉભી થતી પરિસ્થિતિમાં શું શું કાર્ય કરો છો ?**

આ પ્રશ્ન દ્વારા પ્રાપ્ત માહિતીની પૃથકકરણાત્મક રજૂઆત સારણી ૪.૩૯ માં કરવામાં આવી છે.

**સારણી : ૪.૩૯**

પ્રશ્ન : ૫ દ્વારા પ્રાપ્ત માહિતી

વર્ણનાત્મક માહિતી પ્રાપ્ત થયેલ છે.

| આતંકવાદ | કોમીઝઘડા | અકસ્માત | સામાજિક ઝઘડા સલાહકેન્દ્ર કાનૂની શિક્ષણ શિબિર | વિવાદો |
|---|---|---|---|---|
| –રેલીનું આયોજન સૂત્રોચાર<br>–પ્રવચનો<br>–આતંકવાદ વિરોધી અભિયાન<br>–સાવચેતીના પગલા અંગેની પ્રાર્થના સભામાં વાર્તાલાપ<br>–દેશભક્તિ જગાડનાર ગીતો, રાષ્ટ્રીયતાનો ભાવ ખીલવે તેવા કાર્યક્રમો | – ભાઈચારો વધે તે માટે શેરી, ગ્રામ સભામાં પ્રયત્નો<br>– કોમી એખલાસનાં પ્રયત્નો<br>– સુમેળભર્યા વાતાવરણમાં વિદ્યાર્થીઓને નાત–જાત ભેદ વગર ઉપયોગી થાય તેવા<br>– સંવાદો, વાર્તાલાપો<br>– સમૂહજીવન દ્વારા<br>– ગ્રામ પંચાયત ની મદદથી વિવિધ કાર્યક્રમો યોજીને | – પ્રાથમિક સારવારની સમજણ<br>– તાત્કાલિક સારવાર અંગેનાં પગલાઓની સમજણ.<br>– દવાખાનાઓ ની મુલાકાત સમજણ, પરિચય<br>– રક્તદાન<br>– ટ્રાફિક નિયમન અંગેની શિબિરો યોજીને.<br>– બચાવ ટુકડી ઉભી કરીને<br>– સારવારની કામગીરી | – કુટુંબ સલાહ કેન્દ્ર દ્વારા સમજણ આપીને.<br>– જિલ્લા ન્યાય સમિતિ દ્વારા કાનૂની શિક્ષણ.<br>–શિબિરો યોજીને, વિદ્યાર્થીઓને જાણકારી મળી રહે તે દ્વારા ગામના લોકોને પણ સમજણ અપાવે. | – વિવાદોથી થતાં ગેરફાયદા નુકસાન વગેરેની સમજણ વાર્તાલાપ દ્વારા યોજીને.<br>– સમાચાર પત્રોનું વાંચન કરાવી, આવા પ્રસંગોમાં શું કરી શકાય તેની સમજણ આપીને. "વિવાદથી વિષાદ" એવા વિષયોના નિબંધ વકૃત્વ સ્પર્ધાઓ |

**અર્થઘટન :**

ઉપરોકત માહિતી સૂચવે છે કે, શાળા / કોલેજ કક્ષાએ ઘણી બધી વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ થાય છે, કે જેનું આયોજન સારી રીતે કરીને, વિદ્યાર્થીઓને વાલીઓને અને તે થકી સમાજનાં વ્યાપકવર્ગમાં વિકટ પરિસ્થિતિમાં શું કરી શકાય તેની સમજણ મળે છે.

## ૧૬.૦ કુદરતી આપત્તિનાં સંદર્ભમાં પ્રાપ્ત પરિણામો

સારણી ૪.૩૬ થી ૪.૩૯ દ્વારા દર્શાવાયેલા વિવિધ પૃથકકરણો અને અર્થઘટનો પરથી તેમજ વર્ણનાત્મક ઉત્તરો પરથી કેટલાંક તારણો આ પ્રમાણે છે.

- ૦ શાળા / કોલેજો કુદરતી આપત્તિ વેળાએ ખૂબ જ ઉપયોગીકાર્ય કરે છે.
- ૦ શાળા / કોલેજો કુદરતી આપત્તિ વેળાએ પોતાની પ્રાપ્ય ભૌતિક સગવડોને કારણે આશ્રય આપીને વિદ્યાર્થી શિક્ષકો દ્વારા શ્રમ કાર્ય તરીકે, આર્થિક રીતે ફંડ એકઠું કરી પહોંચડવામાં, વિતરક કરીને, દાતા પાસેથી સહાય મેળવીને, રસોડુ ચલાવીને વગેરે રીતે મોટા પ્રમાણમાં બધીજ શાળા / કોલેજો ઉપયોગી થાય છે.
- ૦ કુદરતી આપત્તિવેળાએ જાગૃતિ લાવવા સંબંધી વિવિધ કાર્યક્રમો ૭૨ માંથી ૩૭ શાળા / કોલેજો યોજે છે. આ કાર્યક્રમો અંગે શિક્ષણનાં ભાગરૂપે વૈજ્ઞાનિક સમજ આપી, પ્રાર્થનાસભામાં સહેલાઈથી સમજાવી શકે છે.

## ૧૭.૦ યુવાનો માટે વ્યકિતવિકાસના સંદર્ભમાં પ્રાપ્ત માહિતીનું પૃથકકરણ અને અર્થઘટન

પ્રશ્નાવલિમાં વિભાગ–૮ યુવાનો માટે વ્યકિતત્વ વિકાસને લગતો હતો. આ વિભાગમાં કુલ ૩ પ્રશ્નો હતા. સારણી ૪.૪૦ થી ૪.૪૨ માં આ માહિતીની પૃથકકરણાત્મક રજૂઆત કરી છે. પ્રત્યેક સારણી બાદ અર્થઘટન દર્શાવાયુ છે.

**પ્રશ્ન : ૧ આપની શાળા / કોલેજમાં યુવાનો / યુવતીઓ માટેનાં વ્યકિતત્વ વિકાસ સંબંધી કાર્યક્રમો યોજાય છે ?**

આ પ્રશ્ન દ્વારા પ્રાપ્ત માહિતીની પૃથકકરણાત્મક રજૂઆત સારણી ૪.૪૦ માં કરવામાં આવી છે.

**સારણી : ૪.૪૦**

પ્રશ્ન : ૧ દ્વારા પ્રાપ્ત માહિતી

| હા | ના |
|---|---|
| ૬૨ | ૧૦ |

સારણી ૪.૪૦ સૂચવે છે કે, ૭૨ શાળા / કોલેજોમાંથી મોટાભાગની એટલે કે ૬૨ જેટલી શાળા / કોલેજો વ્યકિતત્વ વિકાસ સંબંધી કાર્યક્રમો યોજે છે.

**પ્રશ્ન : ૨ શારીરિકપણે વ્યકિતત્વ વિકાસ માટે નીચેનામાંથી કઈ કઈ પ્રવૃત્તિઓ યોજો છો ?**

આ પ્રશ્ન દ્વારા પ્રાપ્ત માહિતીની પૃથકકરણાત્મક રજૂઆત સારણી ૪.૪૧ માં કરવામાં આવી છે.

**સારણી : ૪.૪૧**

પ્રશ્ન : ૨ દ્વારા પ્રાપ્ત માહિતી

| યોગ તાલીમ | કરાંટે તાલીમ | રમતો અંગ કસરતો | પ્રવચનો/વાર્તાલાપ | અન્ય |
|---|---|---|---|---|
| ૪૪ | ૮ | ૬૧ | ૫૪ | –આર્ટ ઓફ લીવીંગની શીબીર<br>–યુવક મહોત્સવ<br>–ફિઝીકલ ડે ઉજવણી<br>–કેરીયર કોર્નર<br>–સ્પર્ધાઓ |

સારણી ૪.૪૧ સૂચવે છે કે, શાળા / કોલેજોમાં શારીરિકપણે વ્યકિતત્વ વિકાસ થાય તે માટે ૬૧ શાળા / કોલેજો રમતગમત – અંગ કસરતો વગેરે કરાવે છે, ૫૪ શૈક્ષણિક સંસ્થાઓ પ્રવચનો / વાર્તાલાપ યોજે છે. અને ૪૪ જેટલી સંસ્થાઓ યોગતાલીમ આપે છે. કરાંટે તાલીમનો બહુ વ્યાપ નથી. આમ, શાળાઓમાં શારીરિક સ્વાસ્થ્ય અને વિકાસ થાય તે માટે એક કરતા વધુ પ્રવૃત્તિઓ યોજે છે.

**પ્રશ્ન : ૩ માનસિક તેમજ આધ્યાત્મિક વિકાસ સંબંધી કઈ કઈ પ્રવૃત્તિઓ યોજો છો ?**

આ પ્રશ્ન દ્વારા પ્રાપ્ત માહિતીની પૃથકકરણાત્મક રજૂઆત સારણી ૪.૪૨ માં કરવામાં આવી છે.

**સારણી : ૪.૪૨**

પ્રશ્ન : ૩ દ્વારા પ્રાપ્ત માહિતી

| પ્રેરક પ્રસંગો | જીવન ચરિત્રો | વાંચન | પુસ્તક પસંદગી અંગેના વાર્તાલાપો |
|---|---|---|---|
| ૫૯ | ૫૪ | ૪૭ | ૨૬ |

સારણી ૪.૪૨ સૂચવે છે કે, માનસિક તેમજ આધ્યાત્મિક વિકાસ માટે વિવિધ પ્રવૃત્તિઓ પૈકી શૈક્ષણિક સંસ્થાઓ પ્રાર્થનાસભા દરમ્યાન ૫૯ જેટલી સંખ્યામાં પ્રેરક પ્રસંગો વાંચે છે કે શિક્ષકો કહે છે ૫૪ જેટલી સંખ્યામાં જીવનચરિત્રો દ્વારા માનસિક તેમજ આધ્યાત્મિક વિકાસ થાય તેવા કાર્યક્રમો યોજે છે. ૪૭ શિક્ષણ સંસ્થાઓ સદ્‌વાંચન કરાવે છે. વાર્તાલાપો પણ યોજે છે.

## ૧૮.૦ યુવાનો માટે વ્યકિત વિકાસનાં સંદર્ભમાં પ્રાપ્ત પરિણામો

સારણી ૪.૪૦ થી ૪.૪૨ દ્વારા દર્શાવેલ વિવિધ પૃથકકરણો અને અર્થઘટનો પરથી નીચે મુજબનાં કેટલાંક તારણો મળેલ છે.

- ૭૨ શાળા / કોલેજોમાંથી ૬૨ શાળા / કોલેજમાં એટલે કે મોટાભાગની શાળા / કોલેજોમાંથી વ્યકિત વિકાસ સંબંધી કાર્યક્રમો યોજે છે.
- વ્યકિત વિકાસમાં ભાગરૂપે શારીરિકપણે વ્યકિતત્વવિકાસ માટે શાળા / કોલેજોમાં સંતો, અંગ કસરતો, યોગ તાલીમ ખૂબ જ યોજાય છે.
- માનસિક તેમજ આધ્યાત્મિક વિકાસ સંબંધી પ્રેરક પ્રસંગો પ્રાર્થના દરમ્યાન કહેવામાં આવે છે. જીવનચરિત્રોનું વાંચન, પુસ્તક પસંદગી અંગેનાં વાર્તાલાપ વગેરે શાળા / કોલેજોમાં શિક્ષણકાર્યની સાથે સાથે થાય છે.

## ૧૯.૦ સ્વાસ્થ્ય સભાનતાનાં સંદર્ભમાં પ્રાપ્ત માહિતીનું પૃથકકરણ અને અર્થઘટન

પ્રશ્નાવલિમાં વિભાગ–૯ સ્વાસ્થ્ય સભાનતાને લગતો હતો. આ વિભાગમાં કુલ ૩ પ્રશ્નો હતાં.
સારણી ૪.૪૩ થી ૪.૪૫ માં આ માહિતીની પૃથકકરણાત્મક રજૂઆત કરી છે. પ્રત્યેક સારણી બાદ અર્થઘટન દર્શાવાયુ છે.

**પ્રશ્ન : ૧ આપની શાળા / કોલેજમાં બાળકો / વિદ્યાર્થીઓની આરોગ્ય અંગેની તપાસ હાથ ધરાય છે ? □હા □ના**

આ પ્રશ્ન દ્વારા પ્રાપ્ત માહિતીની પૃથકકરણાત્મક રજૂઆત સારણી ૪.૪૩ માં કરવામાં આવી છે.

**સારણી : ૪.૪૩**

પ્રશ્ન : ૧ દ્વારા પ્રાપ્ત માહિતી

| હા | ના |
|---|---|
| ૬૮ | ૪ |

સારણી ૪.૪૩ સૂચવે છે કે, શાળા / કોલેજોમાં વિદ્યાર્થીઓની આરોગ્ય અંગેની તપાસ મોટાભાગે એટલે કે ૭૨ માંથી ૬૮ માં થાય છે.

**પ્રશ્ન : ૨ સ્વાસ્થ્ય / આરોગ્ય અંગેની નીચેનામાંથી કઈ કઈ પ્રવૃત્તિઓ થાય છે ?**

આ પ્રશ્ન દ્વારા પ્રાપ્ત માહિતીની પૃથકકરણાત્મક રજૂઆત સારણી ૪.૪૪ માં કરવામાં આવી છે.

**સારણી : ૪.૪૪**

પ્રશ્ન : ૨ દ્વારા પ્રાપ્ત માહિતી

| નેત્રયજ્ઞ | દંતયજ્ઞ | નિદાન કેમ્પ | રસીકરણ | જીવલેણ રોગ સામે જાગૃતિ કાર્યક્રમ | પ્રદર્શન | ફિલ્મ | વાર્તાલાપ |
|---|---|---|---|---|---|---|---|
| ૧૨ | ૭ | ૩૨ | ૨૫ | ૨૬ | ૩૮ | ૨૪ | ૪૫ |

સારણી ૪.૪૪ સૂચવે છે કે, સ્વાસ્થ / આરોગ્ય સંબંધી વિવિધ પ્રવૃત્તિઓ પૈકી ૩૨ શાળા / કોલેજો નિદાન કેમ્પ યોજે છે, પ્રદર્શન ૩૮ શાળાઓ યોજે છે. ૪૫ શાળા / કોલેજો વાર્તાલાપ યોજે છે. જાગૃતિ કાર્યક્રમો અને ફિલ્મ શો પણ અનુક્રમે ૨૬, અને ૨૪ શાળાઓમાં થાય છે. નેત્રયજ્ઞ કે દંતયજ્ઞ જેવી પ્રવૃત્તિઓ ઓછી થતી જોવા મળે છે.

ઉપરાંત થેલેસેમિયા ટેસ્ટનું આયોજન પણ થાય છે. રોટરી લાયન્સ કલબ દ્વારા દાકતરી તપાસ અને કેટલીક સુટેવોનું ઘડતર થાય તે માટે આરોગ્યદિનની ઉજવણી, વિશ્વ એઈડ્ઝ દિનની ઉજવણી, પ્રદર્શન વગેરે યોજાય છે.

**પ્રશ્ન : ૩ શાળામાં વિદ્યાર્થીઓની સ્વચ્છતાની તપાસ કરાય છે ?**

આ પ્રશ્ન દ્વારા પ્રાપ્ત માહિતીની પૃથકકરણાત્મક રજૂઆત સારણી ૪.૪૫ માં કરવામાં આવી છે.

**સારણી : ૪.૪૫**

પ્રશ્ન ૩ દ્વારા પ્રાપ્ત માહિતી

| હા | ના |
|---|---|
| ૬૮ | ૪ |

સારણી ૪.૪૫ સૂચવે છે કે, મોટાભાગની શૈક્ષણિક સંસ્થાઓ એટલે કે ૭૨ માંથી ૬૮ શાળાઓમાં વિદ્યાર્થીઓની શારીરિક સ્વચ્છતાની તપાસ કરાય છે.

## ૨૦.૦ સ્વાસ્થ્ય સભાનતાનાં સંદર્ભમાં પ્રાપ્ત પરિણામો

સારણી ૪.૪૩ થી ૪.૪૫ દ્વારા દર્શાવાયેલ વિવિધ પૃથકકરણો અને અર્થઘટન પરથી કેટલાંક તારણો આ પ્રમાણે છે.

- શાળા કોલેજોમાં મોટાભાગે સ્વાસ્થ / આરોગ્ય અંગેની તપાસ વિદ્યાર્થીઓ માટે હાથ ધરાય છે.
- શાળા કોલેજ દ્વારા સ્વાસ્થ્ય / આરોગ્ય સંબંધીત પ્રવૃત્તિઓ વિવિધ પ્રકારે યોજાય છે.
- આ પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓ માટે વિશેષ હોય છે. ગામનાં લોકો, વાલીઓ માટેની પ્રવૃત્તિઓ યોજાય છે કે કેમ તે સ્પષ્ટ પણે કહી શકાય તેમ નથી.
- આ પ્રવૃત્તિમાં નિદાન કેમ્પ, પ્રદર્શન, વાર્તાલાપ, રસીકરણ, જાગૃત્તિ કાર્યક્રમ વગેરે યોજાય છે.

## ૨૧.૦ લોકશિક્ષણનાં સંદર્ભમાં પ્રાપ્ત માહિતીનું પૃથકકરણ અને અર્થઘટન

પ્રશ્નાવલિમાં વિભાગ–૧૦ લોકશિક્ષણને લગતો હતો. આ વિભાગમાં કુલ ૮ પ્રશ્નો હતા.
૭૨ શાળા / કોલેજનાં આચાર્યામાંથી ૩૩ આચાર્યશ્રીઓ પ્રશ્નોના સંદર્ભમાં માહિતી આપી હતી.

સારણી ૪.૪૬ થી ૪.૫૨ માં આ માહિતીની પૃથકકરણાત્મક રજૂઆત કરી છે. પ્રત્યેક સારણીબાદ અર્થઘટન યોજાય છે.

**પ્રશ્ન : ૧ આપની શાળા / કોલેજમાં લોકશિક્ષણ માટેનાં કાર્યક્રમો યોજાય છે ?**

આ પ્રશ્ન દ્વારા પ્રાપ્ત માહિતીની પૃથકકરણાત્મક રજૂઆત સારણી ૪.૪૬ માં કરવામાં આવી છે.

**સારણી : ૪.૪૬**

પ્રશ્ન : ૧ દ્વારા પ્રાપ્ત માહિતી

| હા | ના |
|---|---|
| ૩૩ | ૩૭ |

સારણી ૪.૪૬ સૂચવે છે કે, લોકશિક્ષણનાં કાર્યક્રમો ૩૩ શાળા / કોલેજો યોજે છે. જયારે ૩૭ શૈક્ષણિક સંસ્થાઓ યોજતી નથી.

**પ્રશ્ન : ૨ લોકશિક્ષણ માટેનાં ભીતપત્રો તૈયાર કરાય છે ?**

આ પ્રશ્ન દ્વારા પ્રાપ્ત માહિતીની પૃથકકરણાત્મક રજૂઆત સારણી ૪.૪૭ માં કરવામાં આવી છે.

**સારણી : ૪.૪૭**

પ્રશ્ન : ૨ દ્વારા પ્રાપ્ત માહિતી

| હા | ના |
|---|---|
| ૩૨ | ૧૮ |

સારણી ૪.૪૭ સૂચવે છે કે, લોકશિક્ષણ માટે ૩૨ શૈક્ષણિક સંસ્થાઓ ભીતપત્રો તૈયાર કરે છે.

**પ્રશ્ન : ૩ ભીંતપત્રો તૈયાર કરવામાં કોનો સહકાર મેળવાય છે ?**

આ પ્રશ્ન દ્વારા પ્રાપ્ત માહિતીની પૃથકકરણાત્મક રજૂઆત સારણી ૪.૪૮ માં કરવામાં આવી છે.

**સારણી : ૪.૪૮**

પ્રશ્ન : ૩ દ્વારા પ્રાપ્ત માહિતી

| વિદ્યાર્થીઓ | શિક્ષકો | સંસ્થાનો | શિક્ષિત યુવાનોનો |
|---|---|---|---|
| ૩૨ | ૩૦ | ૧૬ | ૦૯ |

સારણી ૪.૪૮ સૂચવે છે કે, લોકશિક્ષણ સંબંધી કાર્યક્રમો જે ૩૨ શાળા / કોલેજોમાં યોજાય છે. તે બધામાં એટલે કે ૩૨ માં વિદ્યાર્થીઓ, ૧૬ સંસ્થાઓનો અને ૯ શિક્ષિત યુવાનોનો સહકાર મેળવવામાં આવે છે. એટલે કે આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ જ વધુ ઉપયોગી – મદદરૂપ થાય છે.

**પ્રશ્ન : ૪ લોકશિક્ષણ માટેનાં સૂત્રો રચાયા છે ?**

આ પ્રશ્ન દ્વારા પ્રાપ્ત માહિતીની પૃથકકરણાત્મક રજૂઆત સારણી ૪.૪૯ માં કરવામાં આવી છે.

**સારણી : ૪.૪૯**

પ્રશ્ન : ૪ દ્વારા પ્રાપ્ત માહિતી

| હા | ના |
|---|---|
| ૨૯ | ૧૮ |

સારણી ૪.૪૯ સૂચવે છે કે, લોકશિક્ષણ માટેનાં સૂત્રો ૨૧ શૈક્ષણિક સંસ્થાઓએ રચેલા છે. ૧૮ એ રચેલા નથી.

**પ્રશ્ન : ૫ આ સૂત્રોનો સંગ્રહ આપની પાસે છે ?**

આ પ્રશ્ન દ્વારા પ્રાપ્ત માહિતીની પૃથકકરણાત્મક રજૂઆત સારણી ૪.૫૦ માં કરવામાં આવી છે.

**સારણી : ૪.૫૦**

પ્રશ્ન : ૫ દ્વારા પ્રાપ્ત માહિતી

| હા | ના |
|---|---|
| ૧૮ | ૧૧ |

સારણી ૪.૫૦ સૂચવે છે કે, ૧૮ સંસ્થા પાસે સૂત્રોનો સંગ્રહ છે. ૨૯ માંથી ૧૧ શાળાઓ પાસે નથી.

**પ્રશ્ન : ૬ આપની શાળા / કોલેજ ગ્રામદત્તક યોજનામાં જોડાયેલ છે ?**

આ પ્રશ્ન દ્વારા પ્રાપ્ત માહિતીની પૃથકકરણાત્મક રજૂઆત સારણી ૪.૫૧ માં કરવામાં આવી છે.

**સારણી : ૪.૫૧**

પ્રશ્ન : ૬ દ્વારા પ્રાપ્ત માહિતી

| હા | ના |
|---|---|
| ૩ | ૪૪ |

સારણી ૪.૫૧ સૂચવે છે કે, માત્ર ૩ જ શૈક્ષણિક સંસ્થાઓએ ગ્રામદત્તક યોજના સ્વીકારેલ છે. ૪૪ જોડાયેલી નથી. અન્ય એ ઉત્તર આપેલ નથી.

**પ્રશ્ન : ૭ શાળા / કોલેજો દત્તક લીધેલ ગામમાં કાર્યક્રમો યોજો છો ?**

આ પ્રશ્ન દ્વારા પ્રાપ્ત માહિતીની પૃથકકરણાત્મક રજૂઆત સારણી ૪.૫૨ માં કરવામાં આવી છે.

**સારણી : ૪.૫૨**

પ્રશ્ન : ૭ દ્વારા પ્રાપ્ત માહિતી

| હા | ના |
|---|---|
| ૩ | ૪૪ |

સારણી ૪.૫૨ દ્વારા સૂચિત થાય છે કે શાળા / કોલેજોઓ ગ્રામદત્તક યોજના લીધેલ છે. તે ત્રણેય સંસ્થાઓ ગામમાં કાર્યક્રમો યોજે છે.

**પ્રશ્ન : ૮ આવા કાર્યક્રમો વર્ષમાં કેટલીવાર યોજો છો ?**

પ્રશ્ન ૮ દ્વારા પ્રાપ્ત માહિતી
– કેટલીક સંસ્થામાં બેત્રણવાર યોજાય છે.
–કેટલીક સંસ્થામાં અનુકૂળતાએ બે વર્ષે એકવાર યોજે છે.
– કેટલીક સંસ્થામાં પ્રોજેકટ સ્વરૂપે દર વર્ષે બે વાર યોજે છે.

## ૨૨.૦ લોકશિક્ષણનાં સંદર્ભમાં પ્રાપ્ત પરિણામો

સારણી ૪.૪૬ થી ૪.૫૨ દ્વારા દર્શાવાયેલ વિવિધ પૃથકકરણો અને અર્થઘટન પરથી તેમજ વર્ણનાત્મક ઉત્તરો પરથી તારણો આ પ્રમાણે મળે છે.

- લોકશિક્ષણનાં કામો જે શાળા / કોલેજો કરે છે, તેમાં પ્રવૃત્તિ તરીકે ભીતપત્રો અગત્યની પ્રવૃત્તિ છે.
- આ ભીતપત્રો દ્વારા જાગૃતિનાં કામોમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોનો ફાળો વિશેષ રહેલો છે.
- આ ભીતસૂત્રો ૨૧ શાળા / કોલેજ સ્વંય રચે છે.
- લોકશિક્ષણની પ્રવૃત્તિ હેઠળ ગ્રામદત્તક યોજના બહુ જ થોડી ૩ જેટલી જ સંખ્યામાં શાળા / કોલેજ જોડાયેલી છે.
- ગ્રામદત્તક યોજના હેઠળ આવી શાળા / કોલેજ સંકળાયેલી હોય તે ગ્રામલક્ષી કાર્યક્રમો વરસમાં એકાદવાર, બેવાર કે ત્રણ વાર યોજે છે. દર બે વર્ષે પ્રોજેકટ પણ લે છે.

## ૨૩.૦ સેવાકીય પ્રવૃત્તિનાં સંદર્ભમાં પ્રાપ્ત માહિતીનું પૃથકકરણ અને અર્થઘટન

પ્રશ્નાવલિનો વિભાગ–૧૧ સેવાકીય પ્રવૃત્તિને લગતો હતો. આ વિભાગમાં કુલ ૫ પ્રશ્નો હતા.સારણી ૪.૫૩ થી ૪.૫૬ માં આ માહિતીની પૃથકકરણાત્મક રજૂઆત કરી છે. પ્રત્યેક સારણીબાદ તેનું અર્થઘટન દર્શાવેલ છે. વર્ણનાત્મક પ્રશ્નનાં ઉત્તરને આધારે તેનું અર્થઘટન કરેલ છે.

**પ્રશ્ન : ૧ આપની શાળા / કોલેજ નીચેના પૈકી કયા કયા સેવાકીય કાર્યક્રમો યોજે છે ?**

આ પ્રશ્ન દ્વારા પ્રાપ્ત માહિતીની પૃથકકરણાત્મક રજૂઆત સારણી ૪.૫૩ માં કરવામાં આવી છે.

**સારણી : ૪.૫૩**

પ્રશ્ન : ૧ દ્વારા પ્રાપ્ત માહિતી

| અંધ દિન | વિકલાંગો માટેનાં વિશિષ્ટ દિન | જરૂરિયાત મંદને સાધન સહાય | શિક્ષણ માટેનાં પુસ્તકો / ફી.સહાય | છાત્રાલયમાં માફીમાં રહેવાની સગવડ | અન્ય પ્રવૃત્તિ |
|---|---|---|---|---|---|
| ૫૫ | ૧૫ | ૨૩ | ૪૮ | ૧૬ | –વસતી દિન<br>–અનાજ વિતરણ<br>–હોસ્પીટલમાં દવા–ફળ વિતરણ<br>–ફાળો એકત્રિત કરીને<br>– સ્ત્રી સુધારણા |

સારણી ૪.૫૩ સૂચવે છે કે, શૈક્ષણિક સંસ્થાઓ અંધદિનની ઉજવણી સેવાકીય પ્રવૃત્તિનાં ભાગરૂપે કરે છે. શિક્ષણ ઉપયોગી કાર્યમાં પુસ્તકો, ફી સહાય વગેરે ૪૮ શૈક્ષણિક સંસ્થાઓમાં થાય છે. જયારે જરૂરિયાતમંદને સાધન સહાય ૨૩ શૈ.સંસ્થાઓ આપીને સહાયરૂપ બને છે. વિદ્યાર્થીલક્ષી સેવાકીય પ્રવૃત્તિ વિશેષ થતી જોવા મળે છે.

**પ્રશ્ન : ૨ આ પ્રવૃત્તિમાં કોણ કોણ ભાગ લે છે ?**

આ પ્રશ્ન દ્વારા પ્રાપ્ત માહિતીની પૃથકકરણાત્મક રજૂઆત સારણી ૪.૫૪ માં કરવામાં આવી છે.

**સારણી : ૪.૫૪**

પ્રશ્ન : ૨ દ્વારા પ્રાપ્ત માહિતી

| વિદ્યાર્થીઓ | શિક્ષકો | સંસ્થાનાં કર્મચારીઓ |
|---|---|---|
| ૬૫ | ૬૧ | ૪૫ |

સારણી ૪.૫૪ સૂચવે છે કે, સેવાકીય કાર્યક્રમો જે શાળાઓ યોજે છે તેમાં સૌથી વધુ ભાગ વિદ્યાર્થીઓ એટલે કે ૬૫ શાળાઓમાં લે છે. શિક્ષકોની પણ સામેલગીરી વિશેષ પ્રકારે એટલે કે ૬૧ શાળામાંથી થાય છે. જયારે ૪૫ શાળાનાં કર્મચારીઓ સેવાકીય કામોમાં જોડાય છે.

**પ્રશ્ન : ૩ વિશિષ્ટ દિવસોની ઉજવણીમાં બહારથી કોને બોલાવાય છે ?**

આ પ્રશ્ન દ્વારા પ્રાપ્ત માહિતીની પૃથકકરણાત્મક રજૂઆત સારણી ૪.૫૫ માં કરવામાં આવી છે.

**સારણી : ૪.૫૫**

પ્રશ્ન ૩ દ્વારા પ્રાપ્ત માહિતી

| દાતાને | વકતાને | શિક્ષણકારને | સેવાભાવી વ્યકિતને |
|---|---|---|---|
| ૧૮ | ૪૫ | ૩૭ | ૪૧ |

સારણી ૪.૫૫ સૂચવે છે કે, વિશિષ્ટ દિવસોની ઉજવણીમાં, શાળામાં જે તે વિષય સંબંધીત નિષ્ણાંત વકતાઓને ૪૫ શાળાઓ બોલાવે છે. ૪૧ શાળાઓ સેવાભાવી વ્યકિતને, ૩૭ શિક્ષણકારોને, ૧૮ શાળાઓ દાતાઓને બોલાવે છે. એટલે કે, એકથી વધુ પ્રકારની વ્યકિતઓ વિશિષ્ટદિનની ઉજવણી માટે શાળાઓ બોલાવે છે.

**પ્રશ્ન : ૪ જરૂરિયાતમંદને કયા કયા સાધનો અપાય છે ? જણાવો**

પ્રશ્ન ૪ દ્વારા પ્રાપ્ત માહિતી

વર્ણનાત્મક માહિતી :

- વિદ્યાર્થીઓને ફી, ગણવેશ, પુસ્તકો, નોટબુક, ચંપલ.
- જરૂરિયાત મંદને દવાઓ, અનાજ, કપડા, ગરમ કપડા.
- વિકલાંગોને સાયકલ–તેમનાં સાધનો.
- શૈક્ષણિક પ્રવાસમાં ગરીબ વિદ્યાર્થીઓને આર્થિક સહાય.
- જરૂરિયાતમંદને ગામના સુખી સંપન્ન વ્યકિત પાસેથી મદદ પહોંચાડાય છે.
- શિક્ષકો, આચાર્યો, ફાળો એકઠો કરી સહાયરૂપ બને છે.

**પ્રશ્ન : ૫ જરૂરિયાતમંદને આર્થિક સહાય કઈ રીતે અપાય છે. ?**

આ પ્રશ્ન દ્વારા પ્રાપ્ત માહિતીની પૃથકકરણાત્મક રજૂઆત સારણી ૪.૫૬ માં કરવામાં આવી છે.

**સારણી : ૪.૫૬**

પ્રશ્ન : ૫ દ્વારા પ્રાપ્ત માહિતી

| રોકડ રકમ | ચીજવસ્તુ | અનાજ–કપડા | અન્ય |
|---|---|---|---|
| ૨૫ | ૩૨ | ૨૦ | કુદરતી આફત સમયે અનાજ, કપડા, સેવાકીય સંસ્થાઓમાં રકમ મોકલીને, સ્ટાફ દ્વારા વ્યકિતગત ધોરણે પુસ્તકો, કપડા વગેરે આપીને. |

સારણી ૪.૫૬ સૂચવે છે કે જરૂરિયાત મંદને ચીજવસ્તુઓ આપીને વિશેષ પ્રમાણમાં આર્થિક સહાય કરે છે.

## ૨૪.૦ સેવાકીય પ્રવૃત્તિનાં સંદર્ભમાં પ્રાપ્ત પરિણામો

સારણી ૪.૫૩ થી ૪.૫૬ માં દર્શાવેલ વિવિધ પૃથકકરણો અને અર્થઘટન પરથી તેમજ વર્ણનાત્મક ઉત્તર પરથી તારણો આ પ્રમાણેના છે.

- સેવાકીય પ્રવૃત્તિ હેઠળ શાળા / કોલેજો અંધદિન કે વિકલાંગો માટેનાં વિશિષ્ટ દિનની ઉજવણી કરે છે.
- જેમાં, જરૂરિયાતમંદોને સાધન સહાય આપે છે.
- મોટાભાગની શાળા / કોલેજો સેવાકીય પ્રવૃત્તિ પોતાનાં વિદ્યાર્થીઓ માટે જ કરે છે. જેમાં આર્થિક રીતે પછાત વિદ્યાર્થીઓને ફી સહાય, પુસ્તકોની સહાય, છાત્રાલયમાં રહેવા–જમવાની સગવડ વગેરે પૂરી પાડે છે.
- વિશિષ્ટ દિવસોની ઉજવણીમાં સારા વકતાઓને, સેવાભાવી વ્યકિતઓને, શિક્ષણકારોને, દાતાઓને બોલાવીને, વિશિષ્ટ દિનની મહત્તા માટે વ્યાખ્યાન યોજે છે.
- જરૂરિયાત મંદોને મોટાભાગે શાળા / કોલેજોમાં વિદ્યાર્થીઓ દ્વારા ચીજવસ્તુ એકત્રિત કરીને, અનાજ–કપડા વગેરે આપત્તિ સમયે એકઠી કરીને વિતરણનું કામ કરે છે.
- ૨૫ શાળા / કોલેજો રોકડ રકમ દ્વારા આર્થિક સહાય કરે છે.

## ૨૫.૦ પ્રકાશનનાં સંદર્ભમાં પ્રાપ્ત માહિતીનું પૃથકકરણ અને અર્થઘટન

પ્રશ્નાવલિમાં વિભાગ–૧૨ પ્રકાશન પ્રવૃત્તિને લગતો હતો.
આ વિભાગમાં કુલ ૫ પ્રશ્નો હતા. શાળા / કોલેજોના કુલ ૭૨ આચાર્યોએ આ પ્રશ્નોનાં સંદર્ભમાં માહિતી આપી હતી.

સારણી ૪.૫૭ થી ૪.૬૯ માં આ માહિતીની પૃથકકરણાત્મક રજૂઆત કરી છે.
પ્રત્યેક સારણીબાદ અર્થઘટન યોજાય છે.

**પ્રશ્ન : ૧ આપની શાળા / કોલેજ પોતાનુ સામાયિક પ્રગટ કરે છે**

આ પ્રશ્ન દ્વારા પ્રાપ્ત માહિતીની પૃથકકરણાત્મક રજૂઆત સારણી ૪.૫૭ માં કરવામાં આવી છે.

**સારણી : ૪.૫૭**

પ્રશ્ન : ૧ દ્વારા પ્રાપ્ત માહિતી

| હા | ના |
|---|---|
| ૧૧ | ૬૧ |

સારણી ૪.૫૭ સૂચવે છે કે, બહુ જ ઓછી સંખ્યામાં એટલે કે માત્ર ૧૧ શાળા / કોલેજો પોતાનું સામાયિક પ્રગટ કરે છે. ૬૧ કરતી નથી.

**પ્રશ્ન : ૨ જો હા તો કયા કયા જણાવો**

પ્રશ્ન : ૨ દ્વારા પ્રાપ્ત માહિતી
વર્ણનાત્મક માહિતી :

- "મૈત્રી વિદ્યાપીઠ" કેળવણીનું ડાયજેસ્ટ
- "પલાશ" માસિક
- વાર્ષિક પ્રગતિ દર્શક અંક
- "વિદ્યાલય"
- શિક્ષણ ચેતના
- હસ્તલિખિત અંક – લોકશાળા સંઘ
- શાળાકીય પ્રવૃત્તિઓને આવરી લેતું ત્રિમાસિક
- અનિયતકાલીન સામાયિક રૂપે

**પ્રશ્ન : ૩ પુસ્તકો પ્રકાશિત કરે છે ? હા કે ના ? કેવા પ્રકારનાં ?**

આ પ્રશ્ન દ્વારા પ્રાપ્ત માહિતીની પૃથકકરણાત્મક રજૂઆત સારણી ૪.૫૮ માં કરવામાં આવી છે.

**સારણી : ૪.૫૮**

પ્રશ્ન : ૩ દ્વારા પ્રાપ્ત માહિતી

| હા | ના | શૈક્ષણિક | સામાજિક | માહિતજ્ઞ / ધાર્મિક |
|---|---|---|---|---|
| ૭ | ૪૫ | ૪ | – | ૩ |

સારણી ૪.૫૮ સૂચવે છે કે, ૭૨ શાળામાંથી માત્ર ૭ શાળા / કોલેજો પુસ્તકો પ્રકાશિત કરે છે. ૪૫ કરતા નથી. અન્ય એ ઉત્તર આપેલ નથી. આ ૭ શાળાઓ જે પુસ્તકો પ્રકાશિત કરે છે. તેમાં ૪ શૈક્ષણિક પ્રકારનાં અને ૩ માહિતી પ્રકારનાં છે.

**પ્રશ્ન : ૪ હસ્તલિખિત અંક દર વર્ષે બનાવે છે ?**

આ પ્રશ્ન દ્વારા પ્રાપ્ત માહિતીની પૃથકકરણાત્મક રજૂઆત સારણી ૪.૫૯ માં કરવામાં આવી છે.

**સારણી : ૪.૫૯**

પ્રશ્ન : ૪ દ્વારા પ્રાપ્ત માહિતી

| હા | ના |
|---|---|
| ૩૧ | ૨૫ |

સારણી ૪.૫૯ સૂચવે છે કે, ૭૨ શાળા / કોલેજોમાંથી ૩૧ શાળા / કોલેજો હસ્તલિખિત અંક બનાવે છે. ૨૫ બનાવતાં નથી. અન્યએ ઉત્તર આપેલ નથી.

**પ્રશ્ન : ૫ પ્રકાશનથી શા ફાયદા થાય છે ? જણાવો.**

પ્રશ્ન : ૫ દ્વારા પ્રાપ્ત માહિતી

વર્ણનાત્મક માહિતી :

- o શિક્ષણનાં આધુનિક વિચારો, સંકલ્પનાઓ, પ્રયોગો વગેરેનો ખ્યાલ આવે છે.
- o સુષુપ્ત શકિત બહાર આવે છે.
- o આત્મવિશ્વાસ, લેખિત અભિવ્યકિતનો વિકાસ, સર્જનશકિત ખીલે છે.
- o પ્રેરક બળ – વ્યકિતત્વના વિકાસમાં ખૂબ જ ઉપયોગી.
- o વિચારોની ખીલવણી. બહોળા વર્ગમાં પ્રસિધ્ધિ થાય છે.
- o સમાજોપયોગી કાર્યોમાં સહાયરૂપ થાય છે.
- o વાંચનનો શોખ જાગે, જ્ઞાન વિસ્તરણ અને તે દ્વારા સમજણ વિકસે.

## ૨૬.૦ પ્રકાશનનાં સંદર્ભમાં પ્રાપ્ત પરિણામો

સારણી ૪.૫૭ થી ૪.૫૯ માં દર્શાવેલ વિવિધ પૃથકકરણો અને અર્થઘટન પરથી તારણો આ પ્રમાણેના છે.

- o ૭૨ શાળા / કોલેજોમાંથી માત્ર ૧૧ શાળા / કોલેજો જ પોતાનું સામાયિક પ્રગટ કરે છે.
- o ૭૨ શાળા / કોલેજોમાં એક પણ શાળા / કોલેજ સામાજિક પ્રકારનાં પુસ્તકોનું પ્રકાશન કરતી નથી. જે પુસ્તકોનું પ્રકાશન કરે છે. તેમાં શૈક્ષણિક પ્રકારનાં અને માહિતજ્ઞ કે ધાર્મિક પ્રકારનાં બહુ જ ઓછા પ્રમાણમાં પ્રકાશિત કરે છે.
- o હસ્તલેખિત અંક ૩૧ શાળા / કોલેજો તૈયાર કરે છે.
- o પ્રકાશનથી થતાં ફાયદા બાબતે જાણવા મળેલ છે કે, તેનાથી વિદ્યાર્થીઓને વધુ ફાયદો છે. વિવિધ કૌશલ્યો પ્રગટ થાય છે.
- o સમાજોપયોગી કાર્યોમાં સહાયરૂપ થાય છે.

## ૨૭.૦ 'આપનો અભિપ્રાય' હેઠળ પ્રાપ્ત માહિતીનું પૃથકકરણ અને અર્થઘટન

ઉપરોકત ૧૨ વિભાગ મુજબની પ્રવૃત્તિઓની વિગતો મેળવ્યા બાદ, પ્રશ્નાવલિનાં અંતમાં 'આપનો અભિપ્રાય' એ શીર્ષક હેઠળ, આચાર્યશ્રીઓ પાસેથી વિગતો મેળવેલી. જેમાં તેમના વિસ્તારની અંદર (ભૌગોલિક–સામાજિક–આર્થિક પરિસ્થિતિ સંદર્ભે) શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા હજુ બીજી કઈ કઈ સામાજિક પ્રવૃત્તિઓ હાથ ધરી શકાય તેમ છે ? તે અંગેનાં સૂચનો નીચે મુજબ મુખ્ય મુદ્દો અને તેની પ્રવૃત્તિની વિગત દ્વારા મેળવવામાં આવી હતી.

**સારણી : ૪.૬૦**

'આપનો અભિપ્રાય' હેઠળ પ્રાપ્ત માહિતી

| મુખ્ય મુદ્દો | પ્રવૃત્તિની વિગત |
|---|---|
| **આર્થિક સ્વનિર્ભર યોજના** | ○ બચત બેંક ચલાવવી.<br>○ બચત માટેની ટેવ પડાવવી.<br>○ સ્વરોજગાર લગતી પ્રવૃત્તિ.<br>○ ગામનાં યુવાનો માટે મુખ્ય જગ્યાએ જાહેરાતો ચોંટાડવી. તેનો પ્રચાર કરવો.<br>○ સ્વરોજગારલક્ષી સાપ્તાહિક દ્વારા ગામના યુવાનોને માહિતી આપી શકાય.<br>○ બહેનો માટે ગૃહઉદ્યોગ દ્વારા, ઉત્પાદન કરી વેંચાણ કેન્દ્ર તરીકે શાળાનો ઉપયોગ કરવો. |
| **યુવાનોમાં વ્યકિતત્વ વિકાસ** | ○ યુવાનોનાં માર્ગદર્શન કેન્દ્રો ચલાવવા.<br>○ યુવાનોના રસ, રૂચિ, વિકાસને અનુરૂપ પ્રવૃત્તિઓ યોજવી.<br>○ દેશપ્રેમ જાગૃત કરવાં કાર્યક્રમો યોજવા. |
| **અંધશ્રધ્ધા–વહેમ દૂર કરવા** | ○ વિદ્યાર્થીઓ દ્વારા પોતાના કુટુંબમાં મરણોત્તર ભોજન પ્રથા બંધ કરાવવી.<br>○ લાજપ્રથા, લગ્નેત્તર ખર્ચમાં ઘટાડો કરવો.<br>○ સમૂહલગ્ન યોજવામાં મદદરૂપ થવું. |
| **વ્યસન મુકિત** | ○ વાર્તાલાપ, ખાસ દિવસોની ઉજવણી. |
| **પ્રૌઢશિક્ષણ** | ○ વર્ગો ચલાવવા. |
| **સ્વચ્છતા અને આરોગ્ય** | ○ 'મારુ ગામ આપણું ગામ'<br>'આપણે અને સરકાર'<br>'મારો ઘ્યેય' વગેરે શીર્ષક હેઠળ<br>સરકારશ્રીની મદદથી આરોગ્યલક્ષી કાર્યક્રમમાં શાળાએ મદદરૂપ થવું.<br>○ આરોગ્ય અંગેની કેસેટો બતાવવી.<br>○ દવાખાનાની મુલાકાત સમજણ આપવી.<br>○ ધાર્મિક–જાહેર સ્થળોની ઉત્સવો બાદ સફાઈ કરવી. કચરાનો સામૂહિક નિકાલ કરાવવો. શિબિરનું આયોજન કરવું. |
| **એન.એસ.એસ.** | ○ એન.એસ.એસ. માટે સરકાર દ્વારા આર્થિક ભંડોળ ફાળવવુ. કેન્દ્ર તરીકે શાળામાં ચલાવવું. |

## ૨૮.૦ પ્રાયોગિક સંશોધનોનાં સંદર્ભમાં પ્રાપ્ત માહિતીનું પૃથકકરણ અને અર્થઘટન

પ્રસ્તુત અભ્યાસનાં પાંચમાં હેતુ માટે પ્રાયોગિક સંશોધન પધ્ધતિનો ઉપયોગ કર્યો હતો.
આ પ્રાયોગિક સંશોધન કાર્ય નીચેના ચાર સામાજિક કાર્યક્રમ માટે કરવામાં આવ્યા હતા.

૧.૦ સ્વાસ્થ્ય સભાનતા પરનો વિદ્યાર્થીઓ માટેનો કાર્યક્રમ.
૨.૦ સામાજિક કૌશલ્ય ક્ષમતા–વિકાસ પરનો વિદ્યાર્થી માટેનો કાર્યક્રમ.
૩.૦ વહેમ–અંધશ્રધ્ધા નાબૂદી પરનો ગ્રામજનો માટેનો કાર્યક્રમ.
૪.૦ વ્યસનમુકિત પરનો ગ્રામજનો માટેનો કાર્યક્રમો.

પ્રાયોગિક સંશોધન યોજના તરીકે એક જૂથ, પૂર્વ કસોટી–ઉત્તર કસોટી યોજનાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

આ ચારે કાર્યક્રમોના પ્રયોગોનું અમલીકરણ અને તે દ્વારા પ્રાપ્ત માહિતીનું પૃથકકરણ અને અર્થઘટન હવે પછી ક્રમશઃ રજૂ કરવામાં આવ્યું છે.

### ૨૮.૧ સ્વાસ્થ્ય સભાનતા પરનો વિદ્યાર્થીઓ માટેનાં કાર્યક્રમની અસરકારકતા

આ પ્રાયોગિક કાર્ય માટે પ્રયોજકે વઢવાણ તાલુકાનાં ગુંદિયાળા ગામની શ્રીમતી એસ.આર.ગાર્ડી વિદ્યાલય પસંદ કરેલ હતી. જેમાં ધોરણ ૮ થી ધોરણ ૧૦ નાં વર્ગો છે. તેમાંથી ધોરણ ૯ માં અભ્યાસ કરતાં ૫૦ વિદ્યાર્થીઓનો પ્રાયોગિક કાર્ય માટે ઉપયોગ કર્યો હતો.

સ્વાસ્થ્ય સભાનતા તપાસવા માટે વિદ્યાર્થીઓ માટેનો પ્રયોગ હેઠળ વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ આયોજિત કરી અમલ કરવામાં આવ્યી હતી. આ પ્રવૃત્તિઓમાં વિવિધતા હતી. જે નીચે મુજબની હતી.

(૧) **વ્યાખ્યાન :** સ્વાસ્થ્ય અને આરોગ્ય જાળવણી, વ્યાખ્યાતા : –ડૉ. બળવંત વ્યાસ

(૨) **પ્રશ્નોતરી–ચર્ચામંચ :** સામાન્ય રોગો અને ઘરગથ્થુ ઉપચારો. – ડૉ. બળવંત વ્યાસ

(૩) **ચાર્ટ અને નિદર્શન :** સમજૂતી, ફાયદાઓની ચર્ચા. –ડૉ. બળવંત વ્યાસ

(૪) **વ્યાખ્યાન :** યોગ અને પ્રાણાયામ. –શ્રી બાબુભાઈ ધામી

(૫) **નિદર્શન :** અન્ય આસનો ચક્રાસન, શીર્ષાસન, ધનુરાસન, ફાયદાઓની ચર્ચા. – ડૉ. બળવંત વ્યાસ

(૬) **વ્યાખ્યાન :** સ્વચ્છતા, તનની, મનની અને ઘરની. –શ્રી ઈલાબહેન મહેતા.

(૭) **ચર્ચા પ્રશ્નોતરી :** આહાર વિહારની સારી ટેવો. – ખરાબ ટેવો–ચર્ચા પ્રશ્નોતરી. –ડૉ. જયશ્રીબેન શાહ

ઉપરોકત પ્રવૃત્તિઓનું અમલીકરણ કરતાં પૂર્વે પ્રયોજકે તેની અસરકારકતા તપાસવા માટે ઉપકરણ રચેલ હતુ. તે ઉપકરણ સ્વરચિત હતું. જેનું નામ 'સ્વાસ્થ્ય સભાનતા કસોટી' હતુ. આ કસોટીમાં સ્વાસ્થ્ય અંગેની જાણકારી મેળવી શકાય તેવા પ્રકારનાં ૨૫ વૈકલ્પિક પ્રશ્નો હતાં. દરેક પ્રશ્નની નીચે ચાર વિકલ્પ અ,બ,ક,ડ આપવામાં આવેલ. યોગ્ય વિકલ્પ પસંદ કરી સાચા જવાબ પર (✓) નિશાની કરવાનું સૂચન વિદ્યાર્થીઓને કરવામાં આવ્યું હતું. આ કસોટી પ્રવૃત્તિઓનાં અમલીકરણ પૂર્વે ધોરણ–૯ નાં ૫૦ વિદ્યાર્થીઓનાં વર્ગમાં જઈ, કસોટીનો પરિચય આપી, કસોટી ભરવા આપેલ હતી. જે માટે ૪૫ મિનિટનો સમય ફાળવવામાં આવેલ હતો. આ પૂર્વ કસોટી દ્વારા વિદ્યાર્થીઓ સામાન્યપણે સ્વાસ્થ્ય સભાનતા અંગે શું શું જાણે છે. તે મેળવવામાં આવેલ હતું.

પૂર્વકસોટી લીધા બાદ, આ જ ૫૦ વિદ્યાર્થીઓ માટે ઉપરોકત કાર્યક્રમ હેઠળની વિવિધ પ્રવૃત્તિઓ, પ્રયોગ માટે હાથ ધરવામાં આવી હતી. તેનો અમલ કરતાં ૬ દિવસ થયા હતાં. કાર્યક્રમનાં આયોજનમાં વિષય નિષ્ણાંતોને તારીખ, સમય વગેરે ફાળવી રૂપરેખા તૈયાર કરવામાં આવી હતી. તે અનુસાર વિવિધ પ્રવૃત્તિઓનું રસમય અમલીકરણ શાળાનાં પર્યાવરણમાં કરવામાં આવ્યું હતું.

પ્રયોગનાં અમલીકરણ બાદ, પ્રયોગનાં અંતિમ દિવસે અગાઉ લીધેલ પૂર્વ કસોટી એ જ વિદ્યાર્થી–જૂથને ઉત્તર કસોટી માટે ભરવા માટે આપી હતી. આમ, પ્રયોગ બાદ ઉત્તરો મેળવવામાં આવેલ હતા.

કસોટીમાં ૨૫ પશ્નો હતા. જે પ્રત્યેક પ્રશ્નના ૧ ગુણ દીઠ ૧ ગુણ એમ ૨૫ પ્રાપ્તાંકમાંથી પૂર્વ કસોટીના અને ૨૫ પ્રાપ્તાંક પ્રયોગબાદનાં ઉત્તરો મેળવવામાં આવેલ. પૂર્વ અને ઉત્તર કસોટીનાં પ્રાપ્તાંકો મેળવવામાં આવેલ હતા.

સારણી ૪.૬૧ માં પ્રયોગપાત્રોનાં સ્વાસ્થ્ય સભાનતા કસોટીનાં પૂર્વ કસોટી અને ઉત્તર કસોટી પરનાં પ્રાપ્તાંકો દર્શાવ્યા છે. જયારે સારણી ૪.૬૨ માં પ્રયોગપાત્રોની સંખ્યા (N) પ્રાપ્તાંકોની સરાસરી અને પ્રમાણિત વિચલન તથા ટી–મૂલ્ય દર્શાવ્યા છે.

**સારણી : ૪.૬૧**

સ્વાસ્થ્ય સભાનતા કસોટી પરનાં પ્રાપ્તાંકો

| વિદ્યાર્થીનો ક્રમાંક નં. | પૂર્વ કસોટી પરના પ્રાપ્તાંકો | ઉત્તર કસોટી પરના પ્રાપ્તાંકો |
|---|---|---|
| ૧ | ૧૦ | ૧૭ |
| ૨ | ૦૯ | ૧૮ |
| ૩ | ૧૩ | ૧૬ |
| ૪ | ૧૯ | ૧૭ |
| ૫ | ૦૭ | ૧૬ |
| ૬ | ૦૯ | ૧૯ |
| ૭ | ૦૫ | ૧૬ |
| ૮ | ૦૭ | ૧૫ |
| ૯ | ૧૦ | ૧૭ |
| ૧૦ | ૦૮ | ૧૪ |
| ૧૧ | ૧૧ | ૧૪ |
| ૧૨ | ૧૦ | ૧૪ |
| ૧૩ | ૦૮ | ૧૩ |
| ૧૪ | ૦૮ | ૦૯ |
| ૧૫ | ૧૩ | ૧૧ |
| ૧૬ | ૦૬ | ૧૧ |
| ૧૭ | ૦૬ | ૧૨ |
| ૧૮ | ૦૫ | ૧૨ |
| ૧૯ | ૦૯ | ૧૪ |
| ૨૦ | ૧૦ | ૧૨ |
| ૨૧ | ૦૭ | ૧૨ |
| ૨૨ | ૦૬ | ૧૫ |
| ૨૩ | ૧૧ | ૧૫ |
| ૨૪ | ૧૫ | ૧૩ |
| ૨૫ | ૧૨ | ૧૬ |
| ૨૬ | ૦૯ | ૧૦ |
| ૨૭ | ૧૨ | ૦૮ |
| ૨૮ | ૦૮ | ૧૫ |
| ૨૯ | ૧૨ | ૧૨ |
| ૩૦ | ૦૮ | ૧૨ |

| વિદ્યાર્થીનું ક્રમાંક નં. | પૂર્વ કસોટી પરના પ્રાપ્તાંકો | ઉત્તર કસોટી પરના પ્રાપ્તાંકો |
|---|---|---|
| ૩૧ | ૧૨ | ૧૪ |
| ૩૨ | ૧૨ | ૧૩ |
| ૩૩ | ૦૮ | ૧૩ |
| ૩૪ | ૦૮ | ૧૭ |
| ૩૫ | ૧૦ | ૧૫ |
| ૩૬ | ૧૧ | ૧૮ |
| ૩૭ | ૦૯ | ૧૮ |
| ૩૮ | ૦૮ | ૧૮ |
| ૩૯ | ૦૬ | ૧૫ |
| ૪૦ | ૧૦ | ૧૬ |
| ૪૧ | ૧૦ | ૧૬ |
| ૪૨ | ૧૦ | ૧૫ |
| ૪૩ | ૦૫ | ૧૪ |
| ૪૪ | ૦૮ | ૧૬ |
| ૪૫ | ૦૯ | ૧૬ |
| ૪૬ | ૦૪ | ૧૪ |
| ૪૭ | ૦૬ | ૧૨ |
| ૪૮ | ૦૫ | ૧૪ |
| ૪૯ | ૦૯ | ૧૮ |
| ૫૦ | ૦૭ | ૧૨ |

**સારણી :** ૪.૬૨

સ્વાસ્થ્ય સભાનતા કસોટી પરનાં પ્રાપ્તાંકોની સરાસરી, પ્રમાણ વિચલન અને ટી મૂલ્ય

| સ્વાસ્થ્ય સભાનતા | સંખ્યા | સરાસરી | પ્રમાણ વિચલન | ટી મૂલ્ય | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|
| પૂર્વ કસોટી | ૫૦ | ૯.૧૮ | ૩.૪૪૭ | ૧૦.૬૯ | ૦.૦૧ |
| ઉત્તર કસોટી | ૫૦ | ૧૪.૭૬ | ૧.૪૦૯૧ | | કક્ષાએ સાર્થક |

સારણી : ૪.૬૨ પરથી કહી શકાય કે પ્રયોગ પૂર્વે સ્વાસ્થ્ય સભાનતા કસોટી પરનાં પ્રાપ્તાંકોની સરાસરી અને પ્રમાણ વિચલનનાં મૂલ્યો અનુક્રમે ૯.૧૮ અને ૩.૪૪ હતા. જે પ્રયોગ પછી અનુક્રમે ૧૪.૭૬ અને ૧.૪૦ હતા. ગણતરી કરતાં ટી મૂલ્ય ૧૦.૬૯ મળે છે. જે ૨.૫૮ કરતાં વધુ હોવાથી ૦.૦૧ કક્ષાએ સાર્થક છે.

સાર્થક ટી મૂલ્ય સૂચવે છે કે, પૂર્વ કસોટી અને ઉત્તર કસોટીનાં પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત છે. પૂર્વ કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી કરતાં ઉત્તર કસોટીનાં પ્રાપ્તાંકોની સરાસરી ઊંચી છે. જે પરથી કહી શકાય કે સ્વાસ્થ્ય સભાનતા પરનાં કાર્યક્રમનો ઉપયોગ કરવાથી વિદ્યાર્થીઓની સ્વાસ્થ્ય અંગેની સભાનતા વિકસે છે. આમ, સ્વાસ્થ્ય સભાનતા પરનો વિદ્યાર્થીઓ માટેનો કાર્યક્રમ અસરકારક રહ્યો હતો.

### ૨૮.૨ સામાજિક કૌશલ્યો પરનો વિદ્યાર્થીઓ માટેનાં કાર્યક્રમની અસરકારકતા

આ પ્રાયોગિક કાર્ય માટે પ્રયોજકે વઢવાણ તાલુકાનાં ગુંદિયાળા ગામની શ્રીમતી એસ.આર.ગાર્ડી વિદ્યાલય પસંદ કરેલ હતી. માધ્યમિક શાળા હોઈ ધો. ૮ થી ૧૦ ના વર્ગો ચાલે છે. તેમાંથી ધોરણ ૯ માં અભ્યાસ કરતાં ૫૦ વિદ્યાર્થીઓનો પ્રાયોગિક કાર્ય માટે ઉપયોગ કર્યો હતો.

વિદ્યાર્થીઓ માટેનાં સામાજિક કૌશલ્યો તપાસવા માટેનાં પ્રયોગ હેઠળ વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ આયોજિત કરી અમલ કરવામાં આવી હતી. જે નીચે મુજબની હતી.

(૧) વિવિધ સામાજિક કૌશલ્યો માટેનું વ્યાખ્યાન – શ્રી અરવિંદભાઈ પરમાર

(૨) બેકીંગ વ્યવહાર, પત્ર વ્યહાર, અરજી વગેરેનું નિદર્શન અને સમજણ અંગેનું વ્યાખ્યાન – શ્રી અરવિંદભાઈ પરમાર

(૩) ચર્ચા–પ્રશ્નોતરી–નિશ્ચિત કરેલ સામાજિક કૌશલ્યો સિવાયના રહી જતાં રોજબરોજનાં કૌશલ્યો અંગેની વિદ્યાર્થીઓ સાથે ચર્ચા – ડૉ. બળવંત વ્યાસ

ઉપરોકત પ્રવૃત્તિઓનું વિદ્યાર્થીઓ સમક્ષ અમલીકરણ કરતાં પૂર્વે પ્રયોજકે સામાજિક કૌશલ્યો અંગેની સભાનતા કેવા પ્રકારની વિકસેલી છે. તે જાણવા માટે ઉપકરણ રચેલ હતુ. તે ઉપકરણમાં જે કસોટી રચવામાં આવી હતી. તેમાં વિવિધ સામાજિક કૌશલ્યો સમાવિષ્ટ કરતાં રોજબરોજનાં પ્રસંગો, ઘટનાઓનું રસપ્રદ વર્ણન કરવામાં આવ્યું હતુ. આવી પરિસ્થિતિમાં તમે શું કરો ? અથવા તો તમે કેમ વર્તો ? શું પગલા લો ? વગેરે પ્રકારનાં મંતવ્યો જાણવાનો હેતુ હતો. દરેક પ્રસંગ–ઘટનાનાં વર્ણન બાદ, તેનાં વિકલ્પો મૂકવામાં આવ્યા હતા જેમાં વિદ્યાર્થીઓને શું યોગ્ય લાગે છે, તે મુજબનાં વિચાર કરી, યોગ્ય વિકલ્પ શોધી ( **Ö** ) કરવાની હતી. જે દ્વારા વિદ્યાર્થીઓમાં રહેલાં સામાજિક કૌશલ્યો કેવા પ્રકારના વિકસેલા છે. તેનો ખ્યાલ આવી શકે. આ કસોટીને 'મારી પસંદગી' એવું નામ આપવામાં આવેલ હતું. જેમાં ૨૨ પ્રસંગો–ઘટનાઓનું વર્ણન કરી, વૈકલ્પિક પ્રશ્નોરૂપે મૂકવામાં આવેલ હતા. આ કસોટી વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ યોજતા પૂર્વે કસોટીરૂપે ધો.૯ નાં ૫૦ વિદ્યાર્થીઓ માટે લેવામાં આવી હતી. જે માટે ૪૫ મિનિટનો સમય ફાળવવામાં આવ્યો હતો. આ પૂર્વકસોટી દ્વારા વિદ્યાર્થીઓમાં સામાન્યપણે સામાજિક કૌશલ્યો કેવા પ્રકારનાં છે તે જાણવા મળેલ હતું.

પૂર્વ કસોટી લીધા બાદ, આ જ ૫૦ વિદ્યાર્થીઓ માટે ઉપરોકત કાર્યક્રમ હેઠળની વિવિધ પ્રવૃત્તિઓ પ્રયોગ માટે હાથ ધરવામાં આવી હતી. તેનો અમલ કરતાં ૪ દિવસ થયા હતા. આ દિવસોમાં વિવિધ સમયે કાર્યક્રમનાં આયોજન મુજબ વિષય નિષ્ણાંતો – તજજ્ઞોને બોલાવી, કાર્યક્રમ યોજેલ હતો.

પ્રયોગનાં અમલીકરણ બાદ, પ્રયોગનાં અંતિમ દિવસે અગાઉ લીધેલ પૂર્વ કસોટી એ જ વિદ્યાર્થી–જૂથને ઉત્તર કસોટી માટે ભરવા માટે આપેલ હતી. આમ, પ્રયોગ બાદ ઉત્તરો મેળવવામાં આવેલ હતા.

આ ૨૨ પ્રશ્નોમાં દરેકનાં ૧ દિઠ ૨૨ પ્રાપ્તાંકો હતા. જે દ્વારા પૂર્વ અને ઉત્તર કસોટીનાં પ્રાપ્તાંકો મેળવવામાં આવેલ હતા.

સારણી ૪.૬૩ માં પ્રયોગપાત્રોના સામાજિક કૌશલ્યની કસોટીનાં પૂર્વ કસોટી ઉત્તર કસોટી પરનાં પ્રાપ્તાંકો દર્શાવ્યા છે.

**સારણી :** ૪.૬૩

સામાજિક કૌશલ્યો માટેની 'મારી પસંદગી' કસોટી પરનાં પ્રાપ્તાંકો

| વિદ્યાર્થીનો ક્રમાંક નં. | પૂર્વ કસોટી પરના પ્રાપ્તાંકો | ઉત્તર કસોટી પરના પ્રાપ્તાંકો |
|---|---|---|
| ૧ | ૧૩ | ૧૬ |
| ૨ | ૧૪ | ૨૦ |
| ૩ | ૧૨ | ૧૯ |
| ૪ | ૧૪ | ૨૦ |
| ૫ | ૮ | ૧૮ |
| ૬ | ૧૦ | ૧૯ |
| ૭ | ૧૨ | ૧૮ |
| ૮ | ૧૪ | ૧૯ |
| ૯ | ૧૨ | ૧૯ |
| ૧૦ | ૯ | ૧૯ |

| વિદ્યાર્થીનો ક્રમાંક નં. | પૂર્વ કસોટી પરના પ્રાપ્તાંકો | ઉત્તર કસોટી પરના પ્રાપ્તાંકો |
|---|---|---|
| ૧૧ | ૧૫ | ૧૮ |
| ૧૨ | ૧૫ | ૧૯ |
| ૧૩ | ૧૧ | ૨૦ |
| ૧૪ | ૧૪ | ૧૯ |
| ૧૫ | ૧૫ | ૧૯ |
| ૧૬ | ૧૫ | ૧૬ |
| ૧૭ | ૧૨ | ૧૯ |
| ૧૮ | ૧૨ | ૧૮ |
| ૧૯ | ૧૪ | ૧૯ |
| ૨૦ | ૧૩ | ૧૯ |
| ૨૧ | ૧૪ | ૧૯ |
| ૨૨ | ૧૫ | ૨૦ |
| ૨૩ | ૧૫ | ૧૯ |
| ૨૪ | ૧૫ | ૧૯ |
| ૨૫ | ૧૫ | ૧૯ |
| ૨૬ | ૧૨ | ૧૯ |
| ૨૭ | ૧૧ | ૧૯ |
| ૨૮ | ૧૧ | ૧૯ |
| ૨૯ | ૧૪ | ૧૯ |
| ૩૦ | ૯ | ૧૯ |
| ૩૧ | ૧૨ | ૧૮ |
| ૩૨ | ૧૩ | ૧૯ |
| ૩૩ | ૧૩ | ૧૯ |
| ૩૪ | ૧૩ | ૨૦ |
| ૩૬ | ૧૫ | ૧૯ |
| ૩૭ | ૧૫ | ૧૯ |
| ૩૮ | ૬ | ૧૯ |
| ૩૯ | ૧૦ | ૧૯ |
| ૪૦ | ૭ | ૧૫ |
| ૪૧ | ૧૨ | ૧૯ |
| ૪૨ | ૧૦ | ૧૯ |
| ૪૩ | ૧૪ | ૧૯ |
| ૪૪ | ૧૪ | ૧૯ |
| ૪૫ | ૧૨ | ૧૯ |
| ૪૬ | ૧૩ | ૧૯ |
| ૪૭ | ૮ | ૧૯ |
| ૪૮ | ૬ | ૧૯ |
| ૪૯ | ૧૨ | ૧૯ |
| ૫૦ | ૧૬ | ૧૯ |

સારણી ૪.૬૩ માં પ્રયોગપાત્રોનાં સામાજિક કૌશલ્યો માટેનાં પ્રયોગપાત્રોની સંખ્યા (N) પ્રાપ્તાંકોની સરાસરી, અને પ્રમાણ વિચલન તથા ટી મૂલ્ય દર્શાવ્યા છે.

**સારણી :** ૪.૬૪

સામાજિક કૌશલ્યો માટેની 'મારી પસંદગી' કસોટી પરનાં પ્રાપ્તાંકોની

સરાસરી, પ્રમાણ વિચલન અને ટી મૂલ્ય.

| મારી પસંદગી | સંખ્યા | સરાસરી | પ્રમાણ વિચલન | ટી મૂલ્ય | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|
| પૂર્વ કસોટી | ૫૦ | ૧૨.૩૦ | ૧.૮૨૪ | ૨૫.૭૭ | ૦.૦૧ |
| ઉત્તમ કસોટી | ૫૦ | ૧૯.૦૦ | ૦.૨૯૧૬ | | કક્ષાએ સાર્થક છે |

સારણી ૪.૬૪ પરથી કહી શકાય કે પ્રયોગ પૂર્વે પ્રયોગ પાત્રોને 'મારી પસંદગી' કસોટી આપવામાં આવેલ જેની સરાસરી, પ્રમાણ વિચલન અનુક્રમે ૧૨.૩૦ અને ૧.૮૨૪ હતા. પ્રયોગને અંતે આ માપોના મૂલ્યો ૧૯.૦ અને ૦.૨૯૧૬ જોવા મળ્યા હતા. ગણતરી કરતાં ટી મૂલ્ય ૨૫.૭૭ મળેલ છે. જે ૨.૫૮ કરતાં વધુ હોવાથી ૦.૦૧ કક્ષાએ સાર્થક છે.

પ્રયોગબાદની પાત્રોની સામાજિક કૌશલ્યો વિકાસ કસોટીનાં પ્રાપ્તાંકોની ઊંચી સરાસરી સૂચવે છે કે સામાજિક કૌશલ્યો પરનો વિદ્યાર્થીઓ માટેનો કાર્યક્રમ અસરકારક રહ્યો હતો. આ કાર્યક્રમનો અમલ કરવાથી વિદ્યાર્થીઓનાં સામાજિક કૌશલ્યો વિકસે છે.

**૨૮.૩ વહેમ–અંધશ્રધ્ધા નાબૂદી પરનો ગ્રામજનો માટેનાં કાર્યક્રમની અસરકારકતા.**

પ્રયોજકે ગ્રામજનો માટેનાં આ પ્રાયોગિક કાર્ય માટે વઢવાણ તાલુકાનું ગુંદિયાળા ગામ પસંદ કરેલ હતુ. ગામ તાલુકા સ્થળેથી અંદરનાં ભાગમાં હોઈ અલ્પવિકસિત છે. ખેતીકામ તેમજ અન્ય મજૂરીકામનાં કારીગરોની વસ્તી વધારે છે. ગામનાં મધ્ય વિસ્તારમાં આવેલી શ્રીમતી એસ.આર.ગાર્ડી વિદ્યાલય–માધ્યમિક શાળા અને બાજુમાં આવેલી પ્રાથમિક શાળાનાં માધ્યમ દ્વારા ગામ વિશે સામાન્ય માહિતી પ્રાપ્ત કરવામાં આવી હતી. આ શાળાનાં શિક્ષકો, આચાર્યશ્રી અને કર્મચારીગણ દ્વારા આગેવાન ગ્રામજનોનો સંપર્ક કરતાં કેટલીક વિગતો મેળવી શકાઈ હતી. જેના આધારે પ્રયોજકને લાગ્યું હતું કે, આ ગ્રામજનો માટે અભ્યાસ કરી પ્રાયોગિક કાર્ય કરવુ જોઈએ. તેમજ ગામનાં લોકોને શાળાનાં શિક્ષકો–આચાર્યશ્રી વગેરે ઉપર સન્માનની લાગણી જણાઈ હતી. ગ્રામજનો પોતાની વિવિધ સમસ્યાઓમાં શાળાનાં શિક્ષકો–આચાર્યશ્રીનું માર્ગદર્શન લે છે. અને તે જ રીતે શાળા પરિવાર તેઓને દરેક રીતે ઉપયોગી છે તેમ તેઓ સાથેની ચર્ચા દરમ્યાન જણાયેલ હતું.

આમ, પ્રાયોગિક કાર્ય માટે વઢવાણ તાલુકાનાં ગુંદિયાળા ગામનાં ગ્રામજનો અને શાળાનાં વિદ્યાર્થીઓનાં વાલીઓનો સમાવેશ કર્યો હતો.

વહેમ–અંધશ્રધ્ધા વિશેનાં ખ્યાલો તપાસવા માટે અને તે નાબૂદ થાય તે માટેનાં પ્રયોગ હેઠળ વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ આયોજિત કરી અમલ કરવામાં આવી હતી. આ પ્રવૃત્તિ અભણ–નિરક્ષર તેમજ કેટલાંક ઓછાં પ્રમાણમાં શિક્ષિત વાલીઓ માટે કરવાની હોઈ, શાળાનાં આચાર્યશ્રી, શિક્ષકગણ, કર્મચારીગણ અને વિદ્યાર્થીઓનો સહકાર લેવામાં આવ્યો હતો. ઉપરાંત વિવિધ પ્રવૃત્તિઓ યોજવા માટે જે તે વિષયનાં નિષ્ણાંત–તજજ્ઞોને નિમંત્રિત કરવામાં આવ્યા હતાં. આ પ્રવૃત્તિ માધ્યમિક શાળાનાં વિશાળ પટાંગણમાં, તો કેટલીક પ્રવૃત્તિ શાળાની લોબીમાં અને વર્ગખંડમાં યોજવામાં આવી હતી. અનુકૂળ મુજબનો સમય ફાળવેલ હતો. પ્રયોગ હેઠળ યોજાયેલ પ્રવૃત્તિઓનો સામાન્ય પરિચય આ મુજબનો હતો.

**પ્રવૃત્તિ : ૧ ચમત્કાર પર્દાફાશ :**

વહેમ–અંધશ્રધ્ધા નાબૂદી માટેનાં વૈજ્ઞાનિક પ્રયોગોનું નિદર્શન

પ્રયોજક –શ્રી હિમાંશુભાઈ ગાંધી.

**પ્રવૃત્તિ : ૨ વકતવ્ય :**

વહેમ–અંધશ્રધ્ધા, સંબંધિત બની ગયેલ કેટલીક ઘટના–પ્રસંગો–

અનુભવોનું વર્ણન–

વ્યાખ્યાતા–ડૉ. શ્રી બળવંત વ્યાસ

**પ્રવૃત્તિ : ૩ પ્રદર્શન :**

વહેમ – અંધશ્રધ્ધા સંબંધિત પ્રકાશિત થયેલ લેખ, પ્રસંગ,

ફોટોગ્રાફર્સ વગેરેનું બુલેટીન બોર્ડ ઉપર કટીગ કરીને નિદર્શન.

ઉપરોકત પ્રવૃત્તિઓનું અમલીકરણ કરતાં પૂર્વે પ્રયોજકે તેની અસરકારકતા તપાસવા માટે ઉપકરણ રચેલ હતું. અભણ ગ્રામજનો માટેનો કાર્યક્રમ હોઈ કોઈ લેખિત સ્વરૂપ આપવુ શકય ન હતુ. આથી ઉપકરણ તરીકે 'મુલાકાત–અનુસૂચિ' અભ્યાસકે પ્રવૃત્તિઓનાં સંદર્ભે તૈયાર કરેલ હતી. જેમાં દરેક પ્રવૃત્તિ હેઠળ પૂર્વ યોજિત પ્રશ્નો કાઢીને તૈયાર કરેલ હતા. આ પ્રશ્નોની સૂચિ તૈયાર કરવામાં આવી હતી. પ્રયોગ દરમ્યાન આ પ્રશ્નો સમૂહમાં બેઠેલા ગ્રામજનોને પૂછવામાં આવ્યા હતા. આ પૂછવા માટેનાં પ્રશ્નોની સંખ્યા ૩૦ નિશ્ચિત હતી. પરંતુ કેટલાંક પ્રશ્નો ગ્રામજનોને પૂછતી વેળાએ, સ્પષ્ટ ન થાય તો સરળ રીતે સ્વરચિત પ્રશ્નો તાત્કાલિકરૂપે તૈયાર કરી પૂછવામાં આવેલ હતા. આ પ્રશ્નોનાં તે સમયે મળેલાં ઉત્તરોની નોંધ ત્યારે કરવામાં આવી હતી. પરંતુ ગ્રામજનો હોઈ, શરૂઆતમાં રહેલી નિશ્ચિત સંખ્યા ૪૭ હતી. જે કાર્યક્રમ દરમ્યાન તે પૂર્ણ થાય ત્યાં સુધી નિશ્ચિત ન રહેવા પામી હોય તેમ બનેલ. દરેકની પાસેથી દરેક પ્રશ્નનાં જવાબો મેળવવા મુશ્કેલ હતા. કારણ કે કેટલાંક પ્રશ્નો અમુક ગ્રામજનો લાંબી વાત કરીને કહે, તો કેટલાંક પ્રશ્નોમાં, અમુક ગ્રામજનો મૌન જ રાખે. ઉત્તર આપે, તો વળી સાથે બેઠેલા ગ્રામજનમાંથી એક જે ઉત્તર આપે તે જ ઉત્તર બાજુવાળા આપે. આમ, મુકત જવાબો મેળવી શકાયા હતા. જે પ્રશ્નો પ્રયોગ દરમ્યાન પુછવામાં આવેલ હતા. તે પ્રયોગ બાદનાં પ્રશ્નો સમાન ન રાખી શકાયા. કારણ કે પ્રયોગનાં નિદર્શન બાદ, જે પ્રયોજકે સાચી વૈજ્ઞાનિક સમજ આપી છે. તેનાથી તેમની માન્યતામાં, તેમના વિચારોમાં શું ફેર પડયો તે જાણવા અલગ પ્રકારનાં પ્રશ્નો પૂછવા જરૂરી હતાં.

આમ, પ્રયોગ બાદનાં પ્રશ્નો ઉપકરણ તરીકે અલગ રચેલા હતા. જે ગ્રામજનોની વહેમ–અંધશ્રધ્ધા નાબૂદી માટેના કાર્યક્રમની અસરકારકતા તપાસવા માટેના રહ્યા હતા. જે ૨૯ પ્રશ્નો હતા.

પ્રયોગનાં અમલીકરણ બાદ દરેક પ્રવૃત્તિ પૂર્ણ થયે, વહેમ–અંધશ્રધ્ધા સંબંધી સાચી, સ્પષ્ટ અને વૈજ્ઞાનિક સમજ આપવામાં આવી હતી. તે માટે જે પ્રશ્નો રચેલ હતા. તેનાં આ ગ્રામજનો પાસેથી મુકત જવાબો મેળવેલ હતા. જેની નોંધ કરવામાં આવી હતી. અને ગ્રામજનો–વાલીઓએ આપેલ ઉત્તરોનું ઓડિયો રેકોર્ડીંગ કરવામાં આવ્યું હતુ. જે પરથી કાર્યક્રમની અસરકારકતા ગુણાત્મક રીતે જાણી શકાઈ છે. કોઈ ચોકકસ આંકડાકીય પૃથકકરણ કાઢી શકાયુ નથી. પરંતુ વર્ણનાત્મક માહિતીને આધારે <u>જે અર્થઘટન કરવામાં આવ્યું તે નીચે મુજબનું છે જેના આધારે તારણો મળેલ છે.</u>

- આ પ્રયોગ અંગે તમે શું જાણતા હતા ? તેવા પ્રશ્નના ઉત્તરમાં મોટાભાગનાં ગ્રામજનોએ કહેલ કે, અમને તો બધુ સાચુ લાગતુ હતુ.
- પોતાની રોજી–રોટી રળવા આવા ખેલ–પ્રયોગ કરવા આવે તો તેને કાઢી ન મૂકાય. દયા રાખીને તેને ભિક્ષા–દાન વગેરે આપવુ જોઈએ.
- દેવ–માતાજીનાં કામમાં શંકા ન કરાય. માતાજી રૂઠે.
- બધુ જાણતા હોવા છતાં, ઊંડે ઊંડે મનમાં ખેદ રહે. અને આથી, બધા કરે તેમ કરીએ.માન્યતા દઢ થઈ જાય છે.
- આ બધી હાથની કરામત છે. એટલે વારંવારં આ પ્રયોગો ગામમાં થાય તો બધાની માન્યતાઓ દૂર થઈ શકે એક–બે વાર પ્રયોગ કરવાથી કાંઈ ન થાય.
- ગામની બહેનોને ખાસ સમજાવવાની જરૂર છે. ધર્મના નામે વ્રત–ઉત્સવ નિમિત્તે ભોળવાઈને ઘરમાંથી બધી વસ્તુઓ પૂણ્ય–દાનમાં આપવા લાગે છે. તેવુ પુરૂષોનાં ઉત્તરોમાંથી તારણ મળેલ છે.
- ટીવી–પિકચર વગેરેમાં ધાર્મિક સીરીયલો ચમત્કાર પ્રસંગો બતાવી ગેરમાર્ગે દોરે છે. તે સરકાર દ્વારા પ્રતિબંધ કરાવી જોઈએ.
- શાળાઓમાં વારંવારં આવા કાર્યક્રમો થવા જોઈએ. પોતાનું બાળક જ ઘરમાં તેના માતા–પિતાને અંધશ્રધ્ધા – વહેમની નાબૂદી કરાવી શકે તેમ છે.
- ચમત્કાર બતાવવા આવનારને પડકારવા કે કેમ ? તેમાં ગ્રામજનો ડરે છે. આકસ્મિક ઘરમાં કાંઈક બની જાય, તો એવુ લાગે છે કે પૈલા સાધુ મહારાજની વાત ન માની માટે આમ થયુ. હજુ, આ બાબતે પોતે સમજતા, જાણતાં હોવા છતાં, પડકારી શકતા નથી.
- આ માટે શાળાનાં સ્ટાફગણ દ્વારા, ચમત્કારોને પડકારવા માટેની ચાલતી સંસ્થા દ્વારા અગાઉથી અમુક ખાસ ધાર્મિક વ્રતો–તહેવારો એ આવતી વ્યકિતઓને પકડી લેવી જોઈએ. તેમ વાલીઓનાં ઉત્તરો પરથી તારણ મળેલ છે.
- ઉંમરલાયક જે બહેનો છે, તેમને તો જાતે પ્રયોગ કરવા ઉભા કરવા બોલાવ્યા, તો પણ ન આવેલ અને માતાજી રૂઠે તેવી બીક લાગેલ. જે પ્રયોગ બતાવ્યા બાદ, તેમના ચહેરા ઉપર વિસ્મય દેખાતુ હતુ. અને બહાદૂરી પૂર્વક કહેવા પણ લાગેલ કે, હવે, તો અમે જ ગામમાંથી આવા લોકોને ભગાડી મૂકીશું. આમ, પ્રયોગ નિદર્શનની સીધી અસર દેખાઈ હતી.

- બહેનો જલ્દી ભરમાઈ જાય છે. જેમાં તેના બાળકની માંદગી, આર્થિક મુશ્કેલી, બપોરના નવરાશનાં સમયે જોવાતી ટીવી સીરીયલો કે જેમાં ચમત્કારો વિશેષ હોય છે. વગેરે જવાબદાર પરિબળો છે. આ માટે આરોગ્ય વિષયક ઓછા ખર્ચે સારવાર મળી રહે તેવી ગામમાં સુવિધા હોવી જરૂરી છે. સહેલાઈથી ઉપલબ્ધ સારવાર મળી રહે તો આવા વહેમ–અંધશ્રધ્ધાનાં ટૂંકા રસ્તા બહેનો શોધતી અટકી જાય, તેમ પુરૂષોનાં ખાસ કરીને યુવાવર્ગનાં મંતવ્યો પરથી જણાયુ છે.

ઉપરોકત 'ચમત્કાર પર્દાફાશ' સંબંધી પ્રયોગોનાં નિદર્શન દરમ્યાન અને બાદનાં રચેલ પ્રશ્નોને આધારે ગ્રામજનોએ વિવિધ ઉત્તરો આપેલ હતા. ત્યારબાદ, ગ્રામજનો કે જેઓ પોતાના મુકત અભિપ્રાય અને સૂચનો કરવા માંગતા હતા. તેઓને ઘ્યાનમાં રાખીને પ્રયોગની અસરકારકતા ચકાસવા પ્રશ્નો તાત્કાલિકરૂપે રચેલ હતા. જે મુકત અભિપ્રાય જાણવા મળ્યા હતા. જે તારણ રૂપે મળેલ હતા.

- સામૂહિકપણે થતી વહેમ/અંધશ્રધ્ધાવાળી પ્રવૃત્તિ માટે ગામની શાળાનાં પરિવારે સમજાવી–અટકાવવી જોઈએ.
- શુકન–અપશુકનમાં માનનારા લોકો માટે ગામના યુવાન–યુવતીઓએ ખાસ પ્રયુકિતઓ–ખાસ દિવસ માટે જ કરીને બતાવી જોઈએ.
  દા.ત. બુધવારે માથુ ન ધોવાય. ધોવાથી શું થયું ? કાંઈ અજુગતુ નથી થયુ તેની પ્રતિતી કરાવવી.
- આ પ્રયોગો સિવાય અન્ય ઘણા ચમત્કારો કરવા આવે છે.
  – જેમાં ચારણ કન્યા–બહેનો માતાજીનો ફોટો લઈને, ભરમાવે.
  – ભૂવા–ડાકલાવાળા આવી, સામૂહિક બિમારી આવશે તેવો ભય બતાવે.
  –હાથ ચાલાકીનાં પ્રયોગો કરવા આવે છે.
  –ગામના ચોકમાં અજાણ્યા આવીને લીબુ, અડદના દાણા નાંખી જાય વગેરે
- આ બધુ પડકારવા ગામનાં શિક્ષિત, પ્રતિષ્ઠિત કે આગેવાન વ્યકિત તરીકે આ બાબતોની જાગૃતિ માટે પ્રયત્ન કરવો જોઈએ.
- આ માટે ગામની કચેરીઓ, શાળાઓ, ધાર્મિક સંસ્થાનો, સંતો–મહંતો કેળવણીકારો વગેરેનો સહકાર લેવો જોઈએ.
- આ માટે વિવિધ પ્રવૃત્તિઓ વારંવારં નિયમિતપણે થવી જોઈએ.

### ૨૮.૪ વ્યસન મુકિત પરનો ગ્રામજનો માટેનાં કાર્યક્રમની અસરકારકતા

ગ્રામજનો માટેનાં વ્યસનમુકિત પરના પ્રાયોગિક કાર્ય માટે વઢવાણ તાલુકાનું ગુંદિયાળા ગામ પસંદ કરેલ હતુ. ગામમાં આવેલી માઘ્યમિક શાળાનાં માઘ્યમ દ્વારા ગામનાં લોકોનો સંપર્ક કરી, પ્રાયોગિક કાર્યની વિવિધ પ્રવૃત્તિઓમાં તમામ પ્રકારના જનસમાજ હાજર રહે તેવો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. તેમજ વ્યસનમુકિત અંગેનો કાર્યક્રમ વિદ્યાર્થીઓ માટે પણ જરૂરી હોઈ, શાળાનાં પટાંગણમાં જ ગોઠવવામાં આવેલ.

વ્યસન અંગેનાં ખ્યાલો, વ્યસનથી થતું નુકસાન, કે વ્યસનની બદી વગેરે અંગે સામાન્યપણે તેઓ શું જાણે છે, અને તે વ્યસન અંગેની સમજણ જાણે તે માટેનાં પ્રયોગ હેઠળ વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ આયોજિત કરી અમલ કરવામાં આવી હતી. આ પ્રવૃત્તિમાં સૌ શિક્ષકો, કર્મચારીગણ, આચાર્યશ્રી તથા આ વિષયનાં ખાસ તજજ્ઞ, નિષ્ણાંતશ્રીનો સહકાર લેવામાં આવ્યો હતો.

આ પ્રવૃત્તિઓનો સામાન્ય પરિચય આ મુજબનો છે.

**પ્રવૃત્તિ : ૧ નિષ્ણાંત તબીબનું વ્યાખ્યાન**
વિષય : વ્યસન જેને વળગે ભાવિ તેનું સળગે.
–ડૉ. નિખિલેશ દેસાઈ

**પ્રવૃત્તિ : ૨ પ્રદર્શન – વ્યસનોથી થતી દુર્દશાનું સચિત્ર પ્રદર્શન**
શ્રી અક્ષર પુરૂષોત્તમ મંદિર–સુરેન્દ્રનગર

**પ્રવૃત્તિ : ૩ ભવાઈવેશ (રંગલો) – વ્યસનમુકિત તેમજ સ્વાસ્થ્ય શિક્ષણ સંબંધી**
ઉપદેશાત્મક મનોરંજક કાર્યક્રમ
–ડૉ. બળવંત વ્યાસ – શેખાભાઈ

ઉપરોકત પ્રવૃત્તિઓનું અમલીકરણ કરતા પૂર્વે પ્રયોજકે, ગ્રામજનોની વ્યસનમુકિત અંગેની અસરકારકતા તપાસવા માટે ઉપકરણ રચેલ હતું. અભણ ગ્રામજનો માટેનો કાર્યક્રમ હોઈ કોઈ લેખિત રચના શકય ન હતી. આથી ઉપકરણ તરીકે મુલાકાત–અનુસૂચિ પ્રવૃત્તિનાં સંદર્ભે તૈયાર કરેલ હતી. જેમાં દરેક પ્રવૃત્તિ હેઠળ રચેલ પ્રશ્નો તૈયાર કરીને, સમૂહમાં બેઠેલાં ગ્રામજનોને પૂછવામાં આવ્યા હતા. દરેકને પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. અભણ–નિરક્ષર સમાજ હોઈ તેમજ કેટલાંક શરમાતાં હોઈ, દરકેનાં ઉત્તરો સ્પષ્ટપણે મળી શકેલ નહિં. પરંતુ, સામાન્યપણે જે કાંઈ ઉત્તરો મળ્યા, તેની નોંધ કરેલ હતી. ઉત્તરદાતાનાં પ્રત્યુતર વેળાનું ઓડિયો રેકોર્ડીંગ કરવામાં આવ્યું હતુ. તેમજ ફોટોગ્રાફસ લેવામાં આવ્યા હતા.

આમ પ્રયોગ દરમ્યાન અને પૂર્વે પૂછેલાં સ્વરચિત પ્રશ્નોનાં ઉત્તરો મેળવવામાં આવ્યા હતા. જેનાથી ગ્રામજનોમાં સામાન્યપણે વ્યસન અંગેની શું સમજણ છે કે જાણકારી છે, તે જાણવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. કેવા પ્રકારના વ્યસનો છે, વ્યસનો જાહેરમાં કરે છે કે કેમ, બહેનોમાં વ્યસન છે કે કેમ ? તે અટકાવવા શું કરવું જોઈએ ? આના માટે કોણ કોણ કામ કરે છે ? તેનો ખ્યાલ છે ? વગેરે જાણવાં પ્રયત્ન કરેલ, આમ, ગ્રામજનોનો મુકત ખ્યાલ મેળવવામાં આવ્યો હતો.

વિવિધ પ્રવૃત્તિઓનાં અમલીકરણ બાદ, વ્યસન બાબતમાં તેઓને શું જાણવા મળ્યું, તે માટે તેઓ હવે શું કરી શકે ? કોનો સહકાર લઈ શકે ? વગેરે વિગતો જાણવા માટેનાં સંદર્ભે પ્રશ્નોની રચના કરવામાં આવી હતી. દરેકનાં મુકત અભિપ્રાયો જાણવા પ્રયત્ન કર્યો હતો. પરંતુ આ પ્રયોગ માટે પણ કોઈ ચોકકસ આંકડાકીય માહિતી પ્રાપ્ત કરી શકાઈ નથી. દરેકનાં મુકત ઉત્તરોને આધારે ગુણાત્મકપણે વર્ગીકરણ કરી પ્રશ્નોનાં મળેલ ઉત્તરોનાં સારનું <u>અર્થઘટન કરવામાં આવ્યુ છે. જે નીચે મુજબનું છે.</u>

- વ્યસન અંગેનાં પ્રદર્શનથી ખૂબ જાણકારી મળી. સચિત્ર હોઈ, તેની વિકરાળતા અને શરીરની દુર્દશા થાય છે. તેવા વિવિધ પ્રકારનાં રોગોનાં માનવશરીરનાં ફોટાઓ જોઈ ખૂબ અસર થઈ.
- પ્રદર્શન જોઈને, બધાને લાગ્યુ કે, આ ગામનાં જુવાનિયાઓને તો આ ખાસ બતાવવું જોઈએ. જોઈને જેને તમાકુ–ગુટખાં જેવાં વ્યસનો છે તે છોડવાનું મન થાય તેવુ છે.
- વ્યસનોથી થતાં રોગની ગંભીરતા સમજાઈ છે. પણ છોડવા માટે મન મકકમ નથી રહેતું તેવું કેટલાંકે પ્રદર્શન જોતા જોતાં સ્વીકાર્યુ. આવા ભયાનક રોગ થાય. તેના કરતાં દૂર રહેવુ સારુ. એવી સમજણ થાય છે.
- બીજાને આ માટે સમજાવી શકીએ તેમ નથી. કોઈ શાળાનાં માસ્તર કે આગેવાન કે ડોકટર આવીને વારંવાર સમજાવે તો જ અસર પડે તેમ માનવુ છે.
- ગામમાંથી બધા જ જોવા આવે તેમ લાગ્યુ. વારંવાર વિવિધ રીતે આ બાબત સમજાવવા કાર્યક્રમો કરવા જોઈએ. આ બધી લાંબા ગાળાની અસર હોય છે. તેવુ મોટાભાગનાં માને છે.
- શાળામાં જ આ અંગેના કાર્યક્રમ વધારે થાય. માસ્તરનું ગામમાં માન છે. તે લોકો અને છોકરાઓ આવુ કહે, અને પ્રદર્શન સમજાવીને બતાવે તે જરૂરી છે. વારંવાર યોજવા જોઈએ.
- અન્યને સમજાવશું, પરંતુ ગામમાં આવી વ્યસનવાળી વસ્તુનું વેચાણ જ ન થાય તે માટે વેપારી–ગલ્લાઓને સમજાવશું.
- વ્યસનની ટેવ ને પડે તે માટે સતત કાર્યરત રહેવુ જરૂરી છે. નવરાશના સમયે શાળા/કોલેજો દ્વારા પ્રવૃત્તિઓ મનોરંજક કાર્યક્રમ તહેવારો દરમ્યાન થાય તે જરૂરી છે.
- બહેનોમાં પાનકિંગનું વ્યસન ખૂબ જ છે. પૈલાં ભૂતડો (સ્લેટ માટી) – કચૂકા (આંબીલા) વગેરે બહેનો ખાતા હતા. હવે તો ગામની વહુઓ પાનકિંગનાં પડીકા કામ કરતાં કરતાં ખાય છે. તેમ જાણવા મળ્યું. તે દૂર કરવા માટે બહેનોને થતી શારીરિક તકલીફ વગેરેની સમજણ આપવી જોઈએ તેમ લાગે છે.
- આવી બધી પ્રવૃત્તિઓનો સામુહિક લાભ ફરજિયાત લેવડાવવો જોઈએ. અને અવારનવાર યોજાવી જોઈએ.
- અન્ય વ્યસનો કરતાં પાન–ગુટખાં કે જે વિવિધ પ્રકારનાં અને ઓછા ખર્ચે સહેલાઈથી બધે પ્રાપ્ત હોવાથી તેનો ઉપયોગ વધારે થાય છે.
- ભવાઈવેશનાં કાર્યક્રમ શાળા દ્વારા સતત યોજાતા રહેવા જોઈએ.
- તબીબનાં વ્યાખ્યાનથી ગંભીરતા સમજાય છે. પણ જોઈએ તેટલી અસરકારકતા રહેતી નથી.
- વ્યસનથી થતી આર્થિક પાયમાલીનો અંદાજ સૌને આવેલ છે.

# પ્રકરણ : ૫

# સારાંશ, તારણો, ફલિતાર્થો અને ભાવિ સંશોધનો

૧.૦ પ્રાસ્તાવિક

૨.૦ અભ્યાસ સાર

૩.૦ ઉત્કલ્પનાઓનાં સંદર્ભમાં અર્થઘટનો

૪.૦ અભ્યાસનાં તારણો

૫.૦ અભ્યાસની અન્ય નીપજો

૬.૦ સંશોધન ફલિતાર્થો

૭.૦ ભાવિ સંશોધનો અંગેની ભલામણો

# પ્રકરણ : ૫

# સારાંશ, તારણો, ફલિતાર્થો અને ભાવિ સંશોધનો

## ૧.૦ પ્રાસ્તાવિક

પ્રસ્તુત પ્રકરણમાં સમગ્ર અભ્યાસકાર્યનો સારાંશ, ઉત્કલ્પનાનાં સંદર્ભમાં અર્થઘટનો, માહિતીનું પૃથકકરણ કરીને મેળવેલ પરિણામો પરથી તારવેલ તારણો, અભ્યાસની નીપજો, શૈક્ષણિક ફલિતાર્થ અને ભાવિ સંશોધનની ભલામણોની રજૂઆત કરવામાં આવી છે.

## ૨.૦ અભ્યાસનો સાર :

પ્રયોજકે પ્રસ્તુત સંશોધનનાં શીર્ષકને આ પ્રમાણે શબ્દબધ્ધ કરેલ. "સુરેન્દ્રનગર જિલ્લાની શૈક્ષણિક સંસ્થાઓનું સામાજિક પ્રદાન" પ્રસ્તુત અભ્યાસનો હેતુ સુરેન્દ્રનગર જિલ્લાની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓની સાથે સાથે કેવા પ્રકારના સામાજિક કાર્યો હાથ ધરે છે. તેની તપાસ કરવા માટે હાથ ધરવામાં આવ્યું હતુ. તેમજ સમાજને ઉપયોગી થઈ શકે તેવી પ્રવૃત્તિઓને ધ્યાનમાં રાખી સામાજિક કાર્યક્રમની સંરચના કરી, આ કાર્યક્રમનો શૈક્ષણિક સંસ્થા દ્વારા અમલ કરાવી તેની અસરકારકતા તપાસવાનો હતો.

આ હેતુ સિદ્ધ કરવા માટે અભ્યાસમાં વઢવાણ તાલુકાનાં ગુંદિયાળા ગામની શ્રીમતી એસ.આર.ડી.ગાર્ડી વિદ્યાલય–માધ્યમિક શાળામાં ધોરણ ૯ માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને પસંદ કરવામાં આવ્યા હતાં. તેમજ અન્ય પ્રાયોગિક કાર્યક્રમ માટે ગુંદિયાળા ગામનાં શિક્ષિત–આશિક્ષિત ગ્રામજનોને પસંદ કરવામાં આવ્યા હતા.

પ્રસ્તુત અભ્યાસનાં હેતુઓને ધ્યાનમાં રાખીને સર્વેક્ષણ પધ્ધતિ તેમજ પ્રાયોગિક સંશોધન પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. પ્રસ્તુત સંશોધન સંખ્યાત્મક કરતા વધુ પ્રમાણમાં ગુણાત્મક પ્રકારનું હતુ. વર્ણનાત્મક માહિતી સંશોધન દરમ્યાન પ્રાપ્ત કરવામાં આવી હતી.

આ માહિતી પ્રાપ્ત કરવા ઉપકરણ રચેલ હતા. જેમાં અભ્યાસકે શૈક્ષણિક સંસ્થાઓ શિક્ષણની સાથે સાથે અન્ય કઈ સામાજિક પ્રવૃત્તિઓ પ્રયોજે છે. તે જાણવાનાં હેતુને લક્ષમાં રાખી વિવિધ પ્રકારનાં પ્રશ્નો ધરાવતી પ્રશ્નાવલિ રચેલી હતી.

પ્રાયોગિક કાર્ય માટે નિશ્ચિત કરેલ ચાર કાર્યક્રમો માટે વિવિધ પ્રવૃત્તિઓ યોજેલ હતી. આ પ્રાયોગિક કાર્ય હાથ ધર્યા પૂર્વે ચાર કાર્યક્રમો માટે અલગ અલગ ઉપકરણ રચેલા હતા. જેમાં પ્રથમ બે કાર્યક્રમો સ્વાસ્થ્ય સભાનતા અને સામાજિક કૌશલ્યો ક્ષમતા–વિકાસ માટે વિદ્યાર્થીઓની સ્વાસ્થ્ય સભાનતા કસોટી અને સામાજિક કૌશલ્યો ક્ષમતા–વિકાસ કસોટી માટે 'મારી પસંદગી' નામની કસોટીની રચના કરી હતી. જે વિદ્યાર્થીઓને પ્રયોગ પૂર્વે ભરવા આપેલ. અને પ્રયોગનાં અમલીકરણ બાદ એ જ કસોટી ભરવા આપેલ. જેનાથી પ્રાયોગિક કાર્યક્રમની અસરકારકતા ચકાસવામાં આવી હતી.

પ્રાયોગિક કાર્યનાં અંતિમ બે પ્રયોગો વહેમ–અંધશ્રધ્ધા નાબૂદી અને વ્યસનમુકિત ગુંદિયાળા ગામનાં ગ્રામજનો માટે યોજવામાં આવ્યા હતા. જેમાં આ ગ્રામજનો શિક્ષિત–અશિક્ષિત હોઈ, પ્રાયોગિક કાર્ય પૂર્વે તેમનામાં રહેલી આ અંગેની માન્યતા, ખ્યાલો વગેરે જાણવા મુકત પ્રતિચાર મેળવવામાં આવેલ હતા. જે મુલાકાત–અનુસૂચિ દ્વારા પૂછવા માટેનાં પ્રશ્નો રચેલા હતા. જેના મૌખિક જવાબો મેળવી, નોંધ તૈયાર કરવામાં આવી હતી. કાર્યક્રમ હેઠળની વિવિધ પ્રવૃત્તિઓ પ્રયોજી હતી. આ પ્રવૃત્તિઓ હેઠળ ફરી કાર્યક્રમનાં સંદર્ભમાં મુકત પ્રકારનાં પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. અને ઉત્તરો મેળવવામાં આવ્યા હતા. જેનાથી તેઓમાં પ્રાયોગિક કાર્યક્રમની શી અસર થઈ તે જાણવા મળેલ હતુ. આમ, પ્રાયોગિક કાર્યમાં ગ્રામજનો માટે મુલાકાત–અનુસૂચિ ઉપકરણ દ્વારા વર્ણનાત્મક માહિતી પ્રાપ્ત કરવામાં આવી હતી.

પ્રસ્તુત અભ્યાસમાં પ્રયોજકે અભ્યાસનાં પ્રથમ હેતુ અનુસાર સુરેન્દ્રનગર જિલ્લાની શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા હાથ ધરાતા સામાજિક કાર્યોનો સર્વેક્ષણાત્મક અભ્યાસ પ્રશ્નાવલિ રચીને કર્યો હતો. જે સુરેન્દ્રનગર જિલ્લાની ૭૨ શાળા / કોલેજોમાંથી માહિતી પ્રાપ્ત થયેલ હતી. પ્રશ્નાવલિમાં જે સામાજિક પ્રવૃત્તિઓનાં સંદર્ભે બાર વિભાગો પાડવામાં આવેલ હતા. તે દરેક વિભાગ હેઠળની માહિતી મેળવેલ હતી. પ્રાપ્ત માહિતી અનુસાર પૃથકકરણોની રજૂઆત વિવિધ સારણીઓ દ્વારા કરવામાં આવી હતી.

પ્રાપ્ત માહિતીનું યોગ્ય રીતે વિવિધ જૂથોમાં વર્ગીકરણ કર્યા બાદ તેના પર અંકશાસ્ત્રીય પ્રયુકિતઓનો અમલ કરી પૃથકકરણ કરવામાં આવેલ હતું. સારણી દ્વારા પ્રાપ્ત માહિતીનું પૃથકકરણોના આધારે અર્થઘટન કરવામાં આવ્યુ હતું.

પ્રસ્તુત અભ્યાસમાં પ્રયોજકે અભ્યાસનાં પાંચમા હેતુ માટે પ્રાયોગિક સંશોધન પધ્ધતિનો ઉપયોગ કર્યો હતો. આ પ્રાયોગિક સંશોધન કાર્ય નીચેનાં ચાર કાર્યક્રમો કરવામાં આવ્યું હતું.

૧.૦ સ્વાસ્થ્ય સભાનતા પરનો વિદ્યાર્થીઓ માટેનો કાર્યક્રમ
૨.૦ સામાજિક કૌશલ્યો ક્ષમતા–વિકાસ પરનો વિદ્યાર્થી માટેનો કાર્યક્રમ
૩.૦ વહેમ–અંધશ્રધ્ધા નાબૂદી પરનો ગ્રામજનો માટેનો કાર્યક્રમ
૪.૦ વ્યસનમુકિત પરનો ગ્રામજનો માટેનો કાર્યક્રમ

પ્રાયોગિક સંશોધન યોજના તરીકે એક જૂથ, પૂર્વ કસોટી–ઉત્તર કસોટી યોજનાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

આ ચારેય પ્રયોગોનું અમલીકરણ અને તે દ્વારા પ્રાપ્ત માહિતીનું પૃથકકરણ અને અર્થઘટન કરવામાં આવ્યું હતું, જેના દ્વારા પ્રયોગની અસકારકતા ચકાસી શકાઈ હતી.

## ૩.૦ ઉત્કલ્પનાઓનાં સંદર્ભમાં અર્થઘટનો

પ્રસ્તુત સંશોધનમાં અભ્યાસની શરૂઆતમાં રચવામાં આવેલ પાંચ ઉત્કલ્પનાઓની પ્રયોગનાં સંદર્ભમાં ચકાસણી કરવામાં આવી હતી.

પ્રસ્તુત અભ્યાસની ઉત્કલ્પના આ પ્રમાણે હતી.

## ૩.૧ સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલી શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા અલ્પમાત્રામાં સામાજિક પ્રવૃત્તિઓ હાથ ધરાતી હશે

આ ઉત્કલ્પના ચકાસવા માટે પ્રયોજકે પ્રશ્નાવલિ દ્વારા જે માહિતી પ્રાપ્ત કરી તે મુજબ પ્રશ્નાવલિનાં બાર વિભાગોમાં પૂછેલ પ્રશ્નોનાં સંદર્ભમાં મેળવેલ સંખ્યાત્મક માહિતી તેમજ વર્ણનાત્મક માહિતી નીચે મુજબની હતી.

### ૩.૧.૧ પ્રૌઢશિક્ષણનાં સંદર્ભમાં પ્રાપ્ત માહિતીનું પૃથકકરણ અને અર્થઘટન.

– શાળા / કોલેજો પ્રૌઢશિક્ષણનું ખૂબ જ અલ્પ પ્રમાણમાં કામ કરે છે.
  ૭૨ શાળા / કોલેજોમાંથી માત્ર ત્રણ શાળા / કોલેજ આ પ્રવૃત્તિ કરે છે.
– આ કામગીરી વિદ્યાર્થીઓ દ્વારા કરાવી શકાય તેમ છે.

### ૩.૧.૨ વહેમ–અંધશ્રધ્ધા નાબૂદીનાં સંદર્ભમાં પ્રાપ્ત માહિતીનું પૃથકકરણ અર્થઘટન

– ૭૨ શાળા / કોલેજોમાંથી ૬૬ શાળા / કોલેજો આ માટેની પ્રવૃત્તિ કરાવે છે.
– પ્રવૃત્તિઓમાં વિવિધતા જોવા મળે છે. ૫૨ શાળા / કોલેજો વાર્તાલાપ યોજે છે. ૪૨ શાળા / કોલેજો વિજ્ઞાનનાં પ્રયોગો યોજે છે. ૪૩ સાંસ્કૃતિ કાર્યક્રમો, ૩૫ વાલી સંમેલન, ૨૨ પ્રદર્શન યોજે છે.
– એક કરતા વધુ પ્રકારની પ્રવૃત્તિઓ પ્રયોજે છે.
– આ પ્રવૃત્તિઓમાં ૪૭ શાળા / કોલેજો વિદ્યાર્થીઓ માટે જ સીમિત રાખે છે.
  માત્ર ૧૯ શાળા / કોલેજો સમાજનાં લોકોને સામેલ કરે છે. એટલે કે આ પ્રવૃત્તિનો લાભ વિદ્યાર્થીઓને વિશેષ મળે છે. ગામનાં લોકોને પ્રવૃત્તિઓ યોજી તેમને સામેલ કરતા નથી.
– આ પ્રવૃત્તિ કરાવવામાં ૭૨ શાળા / કોલેજોમાંથી ૫૫ શાળા / કોલેજોમાં વિદ્યાર્થીઓની સામેલગીરી હોય છે. ૪૮ શાળા કોલેજોમાં શિક્ષકો અને ૧૬ શાળા / કોલેજમાં કર્મચારીઓ જોડાય છે.
– આ કાર્યક્રમ જે શાળા / કોલેજો યોજે છે. તેમાં ૫૫ શાળા / કોલેજો જણાવે છે કે તેની અસર કારકતા સમાજમાં જોવા મળી છે. જયારે ૧૧ શાળા / કોલેજોના પાડે છે.
– 'વિજ્ઞાન જાથા' દ્વારા પ્રયોગો બતાવી નવા કાર્યકરોની ટીમ સ્થાનિક ગામમાં ઉભી કરવી જોઈએ. જેનાથી સતત કાર્યક્રમો થતા રહે તે જરૂરી છે. તેવુ સૂચન મળેલ છે.
– અસરકારકતા માટે લાંબાગાળાની પ્રક્રિયા થવી જોઈએ.

### ૩.૧.૩ આર્થિક–વિકાસ સ્વનિર્ભર યોજનાનાં સંદર્ભમાં પ્રાપ્ત માહિતીનું પૃથકકરણ અને અર્થઘટન

- આ પ્રવૃત્તિ ૭૨ શાળા / કોલેજમાંથી ૨૪ શાળા/કોલેજમાં યોજાય છે. ૪૮ માં યોજાતી નથી. એટલે કે બહુ ઓછા પ્રમાણમાં આર્થિક વિકાસ સ્વનિર્ભર યોજના સંબંધી પ્રવૃતિઓ શાળામાં થાય છે.
- શીવણ–ભરત ગૂંથણ, ગૃહ ઉદ્યોગો વગેરે પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થીઓ જ લાભ લે છે. ગ્રામજનો માટે શૈક્ષણિક સંસ્થા આર્થિક વિકાસ માટેની સ્વનિર્ભર યોજનાઓ પૈકી કાંઈ ખાસ કામ કરતી નથી.
- આ પ્રવૃત્તિનાં વિદ્યાર્થીઓ માટેનાં માર્ગદર્શન માટે વાર્તાલાપ, ૧૪ જેટલી શાળા/કોલેજોમાં થાય છે. પ્રદર્શન ૧૨ શાળા / કોલેજોમાં તેમજ પ્રોજકટ ૭ શાળા/કોલેજોમાં થાય છે. એટલે કે એક કરતા વધુ પ્રવૃત્તિઓ યોજે છે.
- ગૃહઉદ્યોગ સંબંધી કોઈ કાયમી માર્ગદર્શનકેન્દ્ર ચાલતા હોય તેવી માત્ર ૫ શાળા/કોલેજ છે.
- સમાજને વધુ ઉપયોગી હોય તેવી પશુપાલન ડેરી ઉદ્યોગ, ખેતી વિષયક વૈજ્ઞાનિક અભિગમ વાળી પ્રવૃત્તિઓ વધુ છે. જે વિદ્યાર્થી દ્વારા શીખવાડવી જરૂરી લાગે છે.

### ૩.૧.૪ બાળવિકાસનાં સંદર્ભમાં પ્રાપ્ત માહિતીનું પૃથકકરણ અને અર્થઘટન

- ૭૨ શૈક્ષણિક સંસ્થાઓમાંથી માત્ર ૩૫ શાળાઓ બાળવિકાસ સંબંધી પ્રવૃત્તિ કરે છે.
- આ પ્રવૃત્તિઓ પૈકી ૩૨ શાળાઓ પુસ્તકાલય દ્વારા, ૧૯ શાળાઓ બાલક્રિડાંગણ અને ૭ શાળાઓ, બાલમાર્ગદર્શન કેન્દ્રો દ્વારા યોજે છે.
- આ પ્રવૃત્તિઓ શાળા / કોલેજના ભંડોળમાંથી કરતી હોઈ તેવી ૧૭ શાળા / કોલેજો છે. જયારે ૧૪ અને ૧૫ શાળા / કોલેજો અનુક્રમે સરકારી ગ્રાન્ટ અને સમાજનો સહયોગ મેળવી કરે છે.
- બાળવિકાસ માટે ૨૪ જેટલી શાળા / કોલેજો વાર્તાલાપો યોજે છે.
- સરકારી કાર્યક્રમ સંકલિત બાલવિકાસ યોજનાનો લાભ માત્ર ૩ જ શાળા / કોલેજ લે છે.
- બાળકોને લગતી આરોગ્યવિષયક પ્રવૃત્તિઓ વધારે થાય છે.
- વિશિષ્ટદિનની ઉજવણી વધુ પ્રમાણમાં શાળા સ્તરે કરવામાં આપે છે.

### ૩.૧.૫ વ્યસનમુકિતનાં સંદર્ભમાં પ્રાપ્ત માહિતીનું પૃથકકરણ અને અર્થઘટન

- ૬૪ શાળા/કોલેજમાં વ્યસનમુકિત અંગેનાં કાર્યક્રમો–પ્રવૃત્તિ થાય છે.
- વ્યસનમુકિત હેઠળ પ્રવૃતિઓમાં વિવિધતા જોવા મળે છે. તેમાં વાર્તાલાપ ૫૮ શાળા/કોલેજો, ભીતપત્રો અને સૂત્રલેખન તૈયાર કરી લખતા હોય તેવી ૪૪ અને ૪૬ શાળા/કોલેજો અનુક્રમે છે. પ્રદર્શન, વ્યકિતગત સંપર્ક, વિવિધ સ્પર્ધા વગેરે અનુક્રમે ૩૦,૩૬,૩૦ શાળા/કોલેજો યોજે છે, આમ, વ્યસનમુકિત માટે વિવિધ પ્રકારનાં કાર્યક્રમો શાળા/કોલેજ યોજે છે.
- આ કાર્યક્રમમાં ૫૮ શાળા / કોલેજ વાર્તાલાપો યોજે છે. તેમાં સંતો–મહંતો ૩૭ સંસ્થામાં, સમાજ સુધારકો ૨૬, ડોકટર્સ ૩૫, શિક્ષણશાસ્ત્રીઓ ૨૫ અને સરકારી કાર્યક્રમો ૩૨ શાળા / કોલેજોમાં તેમના દ્વારા યોજાય છે.
- વ્યસનમુકિતનું પ્રદર્શન ૨૮ શાળા / કોલેજો પોતે જાતે તૈયાર કરી બતાવે છે. ૨૭ શાળા / કોલેજો સરકારી કચેરી દ્વારા મેળવીને યોજે છે. ૨૪ શાળા / કોલેજો, કેટલીક વિશિષ્ટ સંસ્થાની સહાયથી યોજે છે.
- આ પ્રકારનું પ્રદર્શન, વર્ષમાં એક, બે કે ત્રણવાર, સત્ર દરમ્યાન યોજે છે. જેમાં, શાળાની અનુકૂળતા, માહિતી ખાતાની અનુકૂળતા, જોવામાં આવે છે. એન.એસ.એસ.નાં કેમ્પ દરમ્યાન યોજાય છે. તો કોઈ ખાસ વિશિષ્ટદિને કે રાષ્ટ્રીય તહેવાર હોય ત્યારે પ્રદર્શન ગોઠવીને બતાવવામાં આવે છે.
- આ પ્રદર્શનનો લાભ વધુ વિદ્યાર્થીઓ એટલે કે ૫૧ શાળા / કોલેજોમાં લે છે. જયારે ગ્રામજનો ને ૧૮ જેટલી શાળા / કોલેજો બતાવે છે. ૧૧ જેટલી શાળા / કોલેજો વાલીઓને બતાવે છે.

– આ પ્રદર્શનો લાભ ગ્રામજનો ખૂબ ઓછા પ્રમાણમાં લે છે. શાળા તરફથી એવુ આયોજન થતુ નથી.
– સરકાર દ્વારા ગામમાં યોજાતા કાર્યક્રમમાં શાળા / કોલેજો મોટી સંખ્યામાં ૫૮ જેટલી સંખ્યામાં સહાયરૂપ થાય છે.
– વ્યસનમુકિતનાં પ્રોજેકટ યોજાય છે. તેમાં એન.એસ.એસ., નશાબંધી ખાતુ, શાળાનાં નિષ્ણાંત શિક્ષકો, કર્મચારીઓ વગેરે દ્વારા તૈયાર કરવામાં આવે છે.

### ૩.૧.૬ એન.એસ.એસનાં સંદર્ભમાં પ્રાપ્ત માહિતીનું પૃથકકરણ અને અર્થઘટન

– એન.એસ.એસ.ની પ્રવૃત્તિ માત્ર ૧૪ શાળા / કોલેજો હાથ ધરે છે.
– આ પ્રવૃત્તિ હેઠળ સ્વચ્છતા અને આરોગ્ય અંગે ૧૪ શાળા / કોલેજો, ૧૨ શાળા / કોલેજો શ્રમયજ્ઞ, ૧૧ શાળા / કોલેજો વાર્તાલાપો, ૧૩ જેટલી શાળા/કોલેજો સૂત્રો, ભીતપત્રો અને ૭ પોસ્ટર્સ દ્વારા વિવિધ પ્રવૃત્તિ યોજે છે. આ પ્રવૃત્તિ માટેનાં સૂચનો મેળવેલ હતા. જેમાં,
– એન.એસ.એસ. સ્કાઉટ, એનસીસી જેવી એકાદ પ્રવૃતિ શાળા કક્ષાએ ફરજિયાત બનાવવી જોઈએ.
– લોકજાગૃતિના કામ માટે સમાજનાં તમામ વર્ગો, સામાજિક સંસ્થા, ચેરેટેબલ ટ્રસ્ટ વગેરે સહભાગી બની સંકલન કરે તે જરૂરી છે. તેવો અભિપ્રાય સૂચવે છે.
– સરકારશ્રી દ્વારા અભ્યાસક્રમમાં વિષય તરીકે ફરજિયાત દાખલ કરીને તેનો ચુસ્ત અમલ થવો જોઈએ. તેવી વર્ણનાત્મક રજૂઆત કરેલ છે.
– સંતો, સમાજ સુધારકો, વિદ્વાનોનો સહકાર મેળવવો જોઈએ. તે માહિતી આપેલ છે.
– ગ્રામસફાઈ, ગંદકી નાબૂદી, વિવિધ કાર્યક્રમો માટે યુવામંડળો, મહિલા મંડળો વગેરેનો સહકાર લેવો જોઈએ.

### ૩.૧.૭ કુદરતી આપત્તિનાં સંદર્ભમાં પ્રાપ્ત માહિતીનું અને અર્થઘટન

– ૬૭ શાળા / કોલેજો કુદરતી આપત્તિ પૂર, વાવાઝોડુ, ધરતીકંપ અતિવૃષ્ટિ, દુષ્કાળ જેવી પરિસ્થિતિમાં સમાજને ઉપયોગી બને છે.
– આવી પરિસ્થિતિમાં વિવિધરૂપે ઉપયોગી થાય છે. જેમાં, શ્રમકાર્ય કરીને ૩૮ શાળા / કોલેજો, આશ્રય આપીને ૩૩, આર્થિક રીતે મદદરૂપ બનીને ૩૧, વિતરણ તરીકે ૨૬ શાળા / કોલેજો ૨૧ વસ્તુઓ પૂરી પાડીને, રસોડુ ચલાવીને ૧૨ શાળા / કોલેજો ઉપયોગી થાય છે.
– કુદરતી આપત્તિની જાગૃતિ માટેના કાર્યક્રમો ૩૭ શાળા / કોલેજો યોજે છે. જેમાં, વાર્તાલાપો, શેરી નાટકો, નિબંધ–વકતૃત્વ સ્પર્ધાનું આયોજન, પ્રદર્શનો, અગાઉથી શ્રમકાર્યનાં આયોજનની સમજણ વગેરે કાર્યો શિક્ષકો–ખાસ કરીને વિજ્ઞાન શિક્ષકની સહાયથી યોજવામાં આવે છે.

### ૩.૧.૮ યુવાનો માટે વ્યકિત વિકાસનાં સંદર્ભમાં પ્રાપ્ત માહિતીનું પૃથકકરણ અને અર્થઘટન

– ૭૨ શાળા/કોલેજોમાંથી ૬૨ શાળા / કોલેજો વ્યકિતત્વ વિકાસ સંબંધી કાર્યક્રમો યોજે છે.
– આ કાર્યક્રમો પૈકી ૬૧ શાળા / કોલેજોમાં શારીરિક પણે વ્યકિતત્વ વિકાસ થાય તે માટે રમત ગમત, અંગ કશરતો વગેરે કરાવે છે. ૪૪ શૈક્ષણિક સંસ્થાઓ યોગ તાલીમ આપે છે. કરાંટે તાલીમનો બહુ વ્યાપ નથી. શારીરિક સ્વાસ્થ્ય બાબતે પ્રવચનો/વાર્તાલાપ વગેરે ૫૪ શાળા / કોલેજોમાં યોજાય છે.
– આધ્યાત્મિક–માનસિક વિકાસ સંબંધી વિવિધ પ્રવૃત્તિઓ થાય છે. ૫૯ શાળા/કોલેજોમાં પ્રેરક પ્રસંગો, જીવન ચરિત્રો ૫૪ શાળા / કોલેજો, ૪૭ શાળા / કોલેજ વાંચન પ્રવૃત્તિ અને ૨૬ શાળા / કોલેજોમાં પુસ્તક પસંદગી અંગેના વાર્તાલાપો યોજે છે.
– શિક્ષણકાર્યની સાથે સાથે, શારીરિક, માનસિક, આધ્યાત્મિક વિકાસ માટે શાળા / કોલેજ સતત વિવિધ પ્રવૃત્તિઓ કરે છે.

### ૩.૧.૯ સ્વાસ્થ્ય જાળવણીનાં સંદર્ભમાં પ્રાપ્ત માહિતીનું પૃથકકરણ અને અર્થઘટન

– સ્વાસ્થ્ય સંબંધી બાળકો / વિદ્યાર્થીઓની આરોગ્ય અંગેની તપાસ ૬૮ શાળા / કોલેજોમાં થાય છે.

– સ્વાસ્થ્ય / આરોગ્ય સંબંધી વિવિધ પ્રવૃતિઓ જેવી કે વાર્તાલાપ ૪૫ શૈક્ષણિક સંસ્થાઓ, પ્રદર્શન ૩૮ શાળા / કોલેજો, નિદાન કેમ્પ ૩૨ શાળા / કોલેજો, રસીકરણ અને જાગૃતિ કાર્યક્રમ અનુક્રમે ૨૫ અને ૨૬ શૈક્ષણિક સંસ્થાઓ કરે છે. નેત્રયજ્ઞ, દંતયજ્ઞ જેવાં કાર્યો ૧૨ અને ૭ શાળાઓ અનુક્રમે કરે છે. આમ, વિવિધ પ્રવૃતિઓ શાળા / કોલેજ કક્ષાએ થાય છે.
– આ પ્રવૃત્તિઓ વિદ્યાર્થીલક્ષી વિશેષ થાય છે. ગામના લોકો, વાલીઓ માટેની પ્રવૃત્તિઓ યોજાય છે કે કેમ તે સ્પષ્ટ પણે જાણી શકાય તેમ નથી.

### ૩.૧.૧૦ લોકશિક્ષણનાં સંદર્ભમાં પ્રાપ્ત માહિતીનું પૃથકકરણ અને અર્થઘટન

– લોકશિક્ષણનાં કાર્યક્રમો ૩૩ શાળા/કોલેજો યોજે છે.
– લોકશિક્ષણ માટેનાં ભીતપત્રો ૩૨ શાળા/કોલેજ તૈયાર કરે છે.
– આ ભીતપત્રો તૈયાર કરવામાં વિદ્યાર્થીઓ અને શિક્ષકો મદદરૂપ થાય છે.
– લોકશિક્ષણનાં સૂત્રો ૨૯ શાળા / કોલેજો રચે છે.
– ગ્રામદત્તક યોજનામાં માત્ર ૩ શાળા / કોલેજ જોડાયેલ છે. જે દત્તક લીધેલ ગામમાં સેવાકીય કામો શાળા દ્વારા યોજાય છે.

### ૩.૧.૧૧ સેવાકીય પ્રવૃત્તિનાં સંદર્ભમાં પ્રાપ્ત માહિતીનું પૃથકકરણ અને અર્થઘટન

– શાળા / કોલેજ કક્ષાએ સેવાકીય કાર્યો વિવિધ સ્વરૂપે થતા જોવા મળે છે.
જેમાં અંધદિનની ઉજવણી ૫૫ શાળા / કોલેજો કરે છે, જરૂરિયાત મંદોને સાધન સહાય ૨૩ શાળા / કોલેજો કરે છે. ૪૮ શાળા / કોલેજોમાં વિદ્યાર્થીઓને શિક્ષણ માટેનાં પુસ્તકો / ફી સહાય આપવામાં આવે છે. આર્થિક રીતે પછાત વિદ્યાર્થીઓને છાત્રાલયમાં માફીમાં રહેવાની સગવડતા ૧૬ જેટલી શાળા / કોલેજો આપે છે. આમ, વિદ્યાર્થીલક્ષી સેવાકીય પ્રવૃત્તિ વિશેષ થતી જોવા મળે છે.
– વિશિષ્ટ દિવસોની ઉજવણીમાં બહારથી વકતા, સેવાભાવી વ્યકિતઓને શિક્ષણકારોને, દાતાને બોલાવવામાં આવે છે.
– જરૂરિયાતમંદોને ફી સહાય, ગણવેશ સહાય, પુસ્તક સહાય, વિકલાંગોને સાધન સહાય આપવામાં આવે છે. જે માટે ગામનાં સુખી સંપન્ન લોકોનો સહકાર શૈક્ષણિક સંસ્થાઓ લે છે. શિક્ષકો, કર્મચારીઓ પણ ઉપયોગી થાય છે.
– જરૂરિયાત મંદોને ચીજવસ્તુ, અનાજ–કપડાં કે રોકડ રકમ આપીને મદદરૂપ થાય છે.

### ૩.૧.૧૨ પ્રકાશનનાં સંદર્ભમાં પ્રાપ્ત માહિતીનું પૃથકકરણ અને અર્થઘટન

– શાળા / કોલેજો પોતાનું સામાયિક પ્રગટ કરતા હોય તેવી ખૂબ ઓછી સંખ્યા ૧૧ જ શાળા / કોલેજો પ્રગટ કરે છે.
– આ સામાયિક મોટાભાગની પોતાની સંસ્થાકીય પ્રવૃતિનાં ભાગરૂપે જ હોય છે.
– પુસ્તકો પણ માત્ર ૭ જેટલી શૈક્ષણિક સંસ્થાઓ પ્રકાશિત કરે છે. જેમાં શિક્ષણ પ્રકારનાં ૪ શાળા / કોલેજો બહાર પાડે છે.
– હસ્તલિખિત અંક ૩૧ શાળા / કોલેજો તૈયાર કરાવે છે.
– હસ્તલિખિત અંકથી વિદ્યાર્થીની સુષુપ્ત શકિત બહાર આવે છે. પ્રેરકબળ, વ્યકિતત્વનાં વિકાસમાં ખૂબ ઉપયોગી બને છે. સમાજોપયોગી કાર્યોમાં સહાયરૂપ થાય છે. વિચારોની ખીલવણી બહોળા વર્ગમાં પ્રસિધ્ધ થાય છે. વગેરે અભિપ્રાયો આપેલ છે.

આમ, ઉપરોકત પ્રાપ્ત માહિતીનાં આધારે પૃથકકરણ દ્વારા અભ્યાસની શરૂઆતમાં રચવામાં આવેલ પ્રથમ ઉત્કલ્પનાની ચકાસણી કરવામાં આવી હતી. જે સ્વીકૃત થાય છે. એટલે કે વિવિધ પ્રાપ્ત પરિણામોથી સ્પષ્ટ થાય છે કે, શૈક્ષણિક સંસ્થાઓ ખૂબ ઓછા પ્રમાણમાં સામાજિક પ્રવૃત્તિ હાથ ધરે છે.

## ૩.૦ સ્વાસ્થ્ય સભાનતા માટેનાં વિદ્યાર્થીઓ માટેનાં કાર્યક્રમનો અમલ કરવાથી વિદ્યાર્થીઓની સ્વાસ્થ્ય સભાનતા વિકસશે.

અભ્યાસની આ બીજી ઉત્કલ્પના ચકાસવા માટે સ્વાસ્થ્ય સભાનતા કસોટી પૂર્વ કસોટી–ઉત્તર કસોટી રૂપે એક જૂથ યોજના મુજબ તૈયાર કરી લેવામાં આવી હતી. ધો. ૯ નાં ૫૦ વિદ્યાર્થીઓનાં સ્વાસ્થ્ય સભાનતા કસોટીનાં પૂર્વ કસોટી અને ઉત્તર કસોટીના પ્રાપ્તાંકો મેળવેલ હતા.

પ્રયોગપૂર્વે સ્વાસ્થ્ય સભાનતા કસોટી પરનાં પ્રાપ્તાંકોની સરાસરી અને પ્રમાણ વિચલનનાં મૂલ્યો અનુક્રમે ૯.૧૮ અને ૩.૪૪ હતા. જે પ્રયોગ પછી અનુક્રમે ૧૪.૭૪ અને ૧.૪૦ હતા. ગણતરી કરતાં ટી–મૂલ્ય ૧૦.૬૯ મળે છે. જે ૨.૫૮ કરતાં વધુ હોવાથી ૦.૦૧ કક્ષાએ સાર્થક છે.

સાર્થક ટી– મૂલ્ય સૂચવે છે કે, પૂર્વ કસોટી અને ઉત્તર કસોટીનાં પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત છે. પૂર્વ કસોટીનાં પ્રાપ્તાંકોની સરાસરી કરતાં ઉત્તર કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી ઊંચી છે, જે પરથી કહી શકાય કે સ્વાસ્થ્ય સભાનતા પરનાં કાર્યક્રમનો ઉપયોગ કરવાથી વિદ્યાર્થીઓની સ્વાસ્થ્ય અંગેની સભાનતા વિકસે છે.

## ૩.૩ સામાજિક કૌશલ્યો ક્ષમતા–વિકાસ માટેનાં વિદ્યાર્થીઓ માટેનાં કાર્યક્રમનો અમલ કરવાથી વિદ્યાર્થીઓની સામાજિક કૌશલ્યોની ક્ષમતામાં વધારો થશે

અભ્યાસની ત્રીજી ઉત્કલ્પના ચકાસવા માટે સામાજિક કૌશલ્યો ક્ષમતા–વિકાસ માટેની માપન કસોટી તૈયાર કરેલ હતી. જે અંક ૧ જૂથ યોજના હેઠળની પૂર્વ કસોટી–ઉત્તર કસોટી હતી. ધો. ૯ નાં ૫૦ વિદ્યાર્થીઓનાં સામાજિક કૌશલ્યો ક્ષમતા–વિકાસ માટેની પૂર્વ કસોટી અને ઉત્તર કસોટીનાં પ્રાપ્તાંકો મેળવેલ હતા.

પ્રયોગપૂર્વે પ્રયોગપાત્રોને 'મારી પસંદગી' કસોટી આપવામાં આવેલ જેની સરાસરી, પ્રમાણ વિચલન, અનુક્રમે ૧૨.૩૦ અને ૧.૮૨૪ હતા. પ્રયોગને અંતે આ માપોનાં મૂલ્યો ૧૯.૦ અને ૦.૨૯૧૬ જોવા મળ્યા હતા. ગણતરી કરતાં t મૂલ્ય ૨૫.૭૭ મળેલ છે. જે ૨.૫૮ કરતાં વધુ હોવાથી ૦.૦૧ કક્ષાએ સાર્થક છે.

પ્રયોગબાદની પાત્રોની સામાજિક કૌશલ્યો વિકાસ કસોટીનાં પ્રાપ્તાંકોની ઊંચી સરાસરી સૂચવે છે કે સામાજિક કૌશલ્યો પરનો વિદ્યાર્થીઓ માટેનો કાર્યક્રમ અસરકારક રહ્યો હતો. આ કાર્યક્રમનો અમલ કરવાથી વિદ્યાર્થીઓનાં સામાજિક કૌશલ્યો વિકસે છે.

## ૩.૪ વહેમ–અંધશ્રધ્ધા નાબૂદી પરનો ગ્રામજનો માટેનાં કાર્યક્રમનો અમલ કરવાથી ગ્રામજનોની અંધશ્રધ્ધામાં ઘટાડો થશે.

ઉપરોકત કાર્યક્રમ હેઠળ વિવિધ પ્રવૃત્તિઓ અભ્યાસકે યોજેલ હતી. જે પૈકી "ચમત્કાર પર્દાફાશ" સંબંધી પ્રયોગોનાં નિદર્શન દરમ્યાન અને બાદનાં રચેલા પ્રશ્નોને આધારે ગ્રામજનોએ વિવિધ ઉત્તરો આપેલ હતા. જેનું ગુણાત્મક રીતે મૂલ્યાંકન કરવામાં આવ્યુ હતું. પ્રયોગ પૂર્વે તેમજ પ્રયોગ દરમ્યાન પૂછેલ પ્રશ્નોના જે ઉત્તરો મેળવેલ તે પ્રયોગની સમજણ આપ્યા બાદનાં પ્રશ્નોના જે ઉત્તરમાં મેળવેલ તે, પ્રયોગની સમજણ આપ્યા બાદનાં પ્રશ્નોના ઉત્તરમાં તેમની સમજમાં ફેરફાર થયેલ જોવા મળ્યો. જે પરથી કહી શકાય કે, આવા પ્રયોગની અસરકારકતા સચોટપણે થાય છે. પરંતુ આ પ્રક્રિયા લાંબા ગાળાની હોઈ કેટલાંક જરૂરી સૂચનો–અભિપ્રાયો પ્રાપ્ત થયા હતા. પ્રયોગની અસરકારકતા ચકાસવા સંબંધી પ્રશ્નોનાં ઉત્તરરૂપે "આવી લેભાગુ વ્યકિતઓને પડકારવી જોઈએ, ગામમાં આવી વ્યકિતઓને આવવા નહિ દઈએ. સામૂહિક વિરોધ કરીને કાઢી મૂકીશું. બહેનોને ખાસ સમજાવી. સુખ મેળવવાનાં ટૂંકા રસ્તા ન શોધે તે માટે સાચી સમજણ આપીશું." વગેરે જેવા ઉચ્ચારણોમાં ગ્રામજનોનો આવા લેભાગુ વ્યકિત માટેનો આક્રોશ વ્યકત થતો હતો. જે પ્રયોગની અસરકારતાનો નિર્દેશ કરતી હતી. વળી, કેટલાંક અગત્યનાં સચોટ સૂચનો પણ મળ્યા હતાં. જેમાં આ પ્રવૃત્તિઓ વારંવાર નિયમિતપણે થવી જોઈએ અને તેમાં ગામનાં સહુનો સહકાર લેવો જોઈએ. સામૂહિકપણે થતી વહેમ–અંધશ્રધ્ધાવાળી પ્રવૃત્તિ માટે ગામની શાળાનાં પરિવારે સમજાવી–અટકાવવી જોઈએ. આ સૂચનો અને ઉતરોને આધારે જાણી શકાય છે કે, વહેમ–અંધશ્રધ્ધા સંબંધી ગ્રામજનો માટેનાં કાર્યક્રમનો અમલ કરવાથી ગ્રામજનોની અંધશ્રધ્ધામાં ઘટાડો થાય છે.

## ૩.૫ વ્યસનમુકિતમાટેનાં ગ્રામજનો માટેનાં કાર્યક્રમનો અમલ કરવાથી વ્યસનથી ઉદ્ભવતી ખરાબ અસરો પરત્વે જાગૃત બનશે.

અભ્યાસની આ પાંચમી–અંતિમ ઉત્કલ્પના કે જે ગ્રામજનો સંબંધી હતી. તેમાં પ્રયોગનાં અમલીકરણ બાદ મળેલ પરિણામો ગુણાત્મક પ્રકારના હતા, વ્યસનમુકિત સંબંધી વિવિધ પ્રવૃત્તિઓ યોજતાં પૂર્વે વ્યસન અંગે ગ્રામજનો શું સમજે છે, તેની અસર બાબતે શું વિચારે છે ? વગેરે સંબંધી કેટલાંક રચેલા પ્રશ્નો પૂછવામાં આવેલ. અને પ્રયોગનાં અમલીકરણ બાદ વ્યસન અંગેની સમજણ અને ઉદ્ભવતી ખરાબ અસરો પરત્વે શું વિચારે છે ? વગેરે સંબંધી વિગતો જાણવા માટેનાં પ્રશ્નો પૂછવામાં આવેલ હતા. જેના આધારે જે વર્ણનાત્મક માહિતી મળી તેનું ગુણાત્મકપણે પૃથકકરણ કરતાં જણાયું છે કે વ્યસન અંગેના પ્રદર્શનથી ખૂબ જાણકારી મળી. તેની ગંભીરતા, વિકરાળતા, દુર્દશા વગેરેનું સચિત્ર પ્રદર્શન જોતાં, અરેરાટી થઈ અને જોઈને લાગ્યુ કે, આ ગામનાં વ્યસની લોકોને તો ખાસ બતાવવું જોઈએ. વ્યસનો છોડી દેવાનું મન થયું. વ્યસનોથી થતા રોગોની ગંભીરતા સમજાઈ છે. એવો અભિપ્રાય પણ જાણવા મળ્યો કે વ્યસનની એટલી બધી અસર હોય છે કે, છોડવા માંગતા હોઈએ તો પણ મન મકકમ રહેતું નથી. આ માટે

આ માટે શાળાનાં શિક્ષકો કે આગેવાનો વ્યસનમુકિતનાં વારંવાર કાર્યક્રમો યોજે તે જરૂરી છે. ડોકટર્સ લોકો ગામમાં વારંવાર કાર્યક્રમો યોજે તે જરૂરી છે. ડોકટર્સ લોકો ગામમાં વારંવાર આવી જાગૃત્તિ કાર્યક્રમ યોજે, તો શાળાનાં વિદ્યાર્થીઓ પણ અગમચેતી વાપરી ભવિષ્યમાં વ્યસનથી દૂર રહેતાં શીખે, વગેરે જેવા સૂચનો પણ પ્રશ્નો દરમ્યાન મળેલ હતા.

આમ, વ્યસનમુકિતનાં કાર્યક્રમોની વેધક રજૂઆત હોય તો ચોકકસ તેની અસર પડે છે. જાણવા મળ્યું અને તેનાથી ઉદ્‌ભવતી ખરાબ અસરો પરત્વે જાગૃત બનશે તેવા મુકત ઉત્તરોથી પ્રતિપાદિત થયેલ છે.

## ૪.૦ અભ્યાસનાં તારણો

પ્રસ્તુત સંશોધનમાં પ્રયોગનાં સંદર્ભમાં ઉત્કલ્પનાની ચકાસણી કરવામાં આવી હતી. તેના પરથી આ પ્રમાણે તારણો પ્રાપ્ત થયા હતા.

૧. સુરેન્દ્રનગર જિલ્લાની શૈક્ષણિક સંસ્થાઓ વિવિધ પ્રકારની સામાજિક પ્રવૃત્તિઓ ખૂબ ઓછા પ્રમાણમાં હાથ ધરે છે. જે હાથ ધરે છે. તે કોઈ એક કે બે જ પ્રવૃત્તિઓ વિશેષરૂપે કરે છે. ઉદાહરણ સ્વરૂપે વહેમ–અંધશ્રધ્ધા, વ્યસનમુકિત, જેવી પ્રવૃત્તિ કરે છે. પરંતુ પ્રૌઢશિક્ષણ, એન.એસ.એસ. બાળવિકાસ, લોકશિક્ષણ, પ્રકાશન, સ્વાસ્થ્ય સભાનતા જેવી પ્રવૃત્તિઓ બહુ જ અલ્પ માત્રામાં કરે છે.

૨. સ્વાસ્થ્ય સભાનતા માટેનાં વિદ્યાર્થીઓ માટેનાં કાર્યક્રમનો અમલ કરવાથી વિદ્યાર્થીઓમાં સ્વાસ્થ્ય સભાનતા વિકસે છે.

૩. સામાજિક કૌશલ્યો ક્ષમતા–વિકાસ માટેનાં વિદ્યાર્થીઓ માટેનાં કાર્યક્રમનો અમલ કરવાથી વિદ્યાર્થીઓની સામાજિક કૌશલ્યની ક્ષમતામાં વધારો થાય છે.

૪. વહેમ–અંધશ્રધ્ધા નાબૂદી પરનો ગ્રામજનો માટેનાં કાર્યક્રમનો અમલ કરવાથી ગ્રામજનોની અંધશ્રધ્ધામાં ઘટાડો થાય છે.

૫. વ્યસન મુકિત માટેનાં ગ્રામજનો માટેનાં કાર્યક્રમનો અમલ કરવાથી વ્યસનથી ઉદ્‌ભવતી ખરાબ અસરો પરત્વે જાગૃતિ આવે છે.

## ૫.૦ અભ્યાસની અન્ય નીપજો

પ્રસ્તુત અભ્યાસને અંતે પ્રાપ્ત થયેલ નીપજોમાં શૈક્ષણિક સંસ્થાઓને સામાજિક કાર્યો કરવા માટેનાં કાર્યક્રમો સંશોધકે તૈયાર કરેલા છે તે મળેલ છે. સંશોધન અભ્યાસની આ કાર્યક્રમોની રચના કરવી તે મહત્વની નીપજ છે. આ કાર્યક્રમ બીજા સંશોધકો તેમજ કાર્યક્રમનો ઉપયોગ કરવા ઈચ્છુક લોકોને મદદરૂપ બનશે.

### <u>રચાયેલાં કાર્યક્રમોની વિગત</u>

અભ્યાસકે પ્રાયોગિક સંશોધનમાં ઉપયોગમાં લીધેલ પ્રયોગ યોજના પૂર્વ કસોટી–ઉત્તર કસોટી એક જૂથ યોજના હતી.

પ્રયોગ માટે ચાર સામાજિક કાર્યક્રમો રચેલા હતા. જે નીચે પ્રમાણે છે.

૧. સ્વાસ્થ્ય સભાનતા પરનો વિદ્યાર્થીઓ માટેનો કાર્યક્રમ

૨. સામાજિક કૌશલ્યો વિકાસ પરનો વિદ્યાર્થીઓ માટેનો કાર્યક્રમ

૩. વહેમ–અંધશ્રધ્ધા નાબૂદી પરનો ગ્રામજનો માટેનો કાર્યક્રમ

૪. વ્યસનમુકિત પરનો ગ્રામજનો માટેનો કાર્યક્રમ

## ૬.૦ સંશોધન ફલિતાર્થો

પ્રયોજકે સંશોધનમાં અભ્યાસના તારણ પરથી ફલિત થતી બાબતો અહી દર્શાવેલ છે.

શૈક્ષણિક સંસ્થાઓ સમાજનાં ઉત્કૃષ્ટ માટે ઘણી બધી કામગીરી કરી શકે તેમ છે. સામાજિક કાર્યો માટે શિક્ષણ સંસ્થાઓ પાસે ભૌતિક સગવડતાઓ પર્યાપ્ત છે. માનવ–સંશાધાન છે. શૈક્ષણિક સંસ્થાઓ પાસે સામાજિક કાર્યક્રમ યોજવા માટે એક ખાસ દષ્ટિ–વિશિષ્ટ આયોજન કરવાની ક્ષમતા છે.

આમ, શૈક્ષણિક સંસ્થાઓએ પરિણામલક્ષી, ઉપયોગી અને જે તે વિસ્તાર માટે જરૂરી હોય તેવા પ્રકારની સામાજિક કામગીરી કરવી જરૂરી છે.

## ૭.૦ ભાવિ સંશોધનો અંગેની ભલામણો

પ્રસ્તુત સંશોધનનાં અંતે પ્રયોજકને આ ક્ષેત્રમાં જોવા મળેલ સંશોધન અવકાશો અને પરિણામોને લક્ષમાં રાખીને ભાવિ સંશોધનો માટે નીચે પ્રમાણેની ભલામણો કરે છે.

(૧) શિક્ષકો સામાજિક વિકાસનાં સંદર્ભમાં કેવા કેવા કાર્યો કરી શકે તે અંગેનાં સંશોધનો હાથ ધરવા જોઈએ.

(૨) સામાજિક ક્ષેત્રે મહત્વનું પ્રદાન કરનાર વ્યકિતઓનાં વ્યકિત અભ્યાસ હાથ ધરવા જોઈએ.

(૩) સામાજિક ક્ષેત્ર ઊંચું પ્રદાન કરનાર સામાજિક સંસ્થાઓમાં વ્યકિત અભ્યાસો હાથ ધરવા જોઈએ.

(૪) સામાજિક સંસ્થાઓ અને શૈક્ષણિક સંસ્થાઓ બંને સાથે મળીને સમાજનાં વિકાસ માટે શું કરી શકે તે અંગેના અભ્યાસો અને પ્રયોગો હાથ ધરવા જોઈએ.

# સંદર્ભ સૂચિ

Bhattacharya, Vivek Ranjan. New Phase of Rural India. New Delhi : Metro Politon Book Co. Pvt. Ltd. 1982.

Buch, M.B. A Survey of Research in Education. Baroda : CASE, 1974

__________ Second Survey of Research in Education. Baroda : SERD, 1979

__________ Third Survey of Research in Education. New Delhi : NCERT, 1987

__________ Fourth Survey of Research in Education. New Delhi : NCERT

__________ Fifth Survey of Research in Education. New Delhi : NCERT, 1997 Volume - I

__________ Fifth Survey of Research in Education. New Delhi : NCERT, 2000 Volume - II

Sharma Rajendra K. Rural sociology. New Delhi : Atlantic Publishers & Distributors, 1997

Shingh & Amiya Bhaumik Education Participatory Training & Rural Development. Allahabad. : Caugh Publication, 1993

Panchal Dharmishtha H. Social Crisis-Role of school to resolve it An article - Social crisis and Educational Research, Baroda : CASE 2003

ઉચાટ, ડી.એ. અને અન્ય સંશોધન અહેવાલનું લેખન શી રીતે કરશો ? શિક્ષણશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ (૧૯૯૮)

ઉચાટ, ડી. એ. માહિતી પર સંશોધન વ્યવહારો, શાંત,૩–ટાગોર નગર, અમીન માર્ગ પાસે, રાજકોટ (૨૦૦૪)

દેસાઈ, હરીભાઈ જી. અને દેસાઈ, કે. જી. સંશોધન પદ્ધતિઓ અને પ્રવિધિઓ, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ (૧૯૮૫)

નેશનલ કાઉન્સિલ ઓફ રૂરલ ઈન્ટિટ્યુટ્સ નવી દિલ્હી પુરસ્કૃત નઈ તાલીમ સંઘ, ગુજરાત વિદ્યાપીઠ (અમદાવાદ)–સંસ્થાઓની પરિચય માળા મણકો ૧ થી ૨૫

પંડયા જયંતિભાઈ અને પટેલ દિનેશભાઈ પર્દાફાશ અને ચમત્કારને ખુલ્લો પડકાર, ભારત જન વિજ્ઞાન જાથા પ્રાદેશિક કચેરી, રાજકોટ (૨૦૦૨)

પટેલ હરિભાઈ એસ. એકવીસમી સદીની શાળાની સામાજિક ભૂમિકાનાં સામાજિકીકરણની એક ઝલક –લેખ, સામાયિક : માધ્યમિક શિક્ષણ અને પરિક્ષણ (નવેમ્બર–૨૦૦૩)

# પરિશિષ્ટ–૧

**શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા હાથ ધરાતી સામાજિક પ્રવૃત્તિઓના**
**સંદર્ભમાં માહિતી મેળવવા માટેની પ્રશ્નાવલિ**

**અભ્યાસક:**
જયશ્રીબહેન દેસાઈ
એમ.એસ.ડબલ્યુ.
( મંત્રી: મૈત્રી વિદ્યાપીઠ, સુરેન્દ્રનગર )

**માર્ગદર્શક:**
ડૉ. ડી.એ.ઉચાટ
પ્રાધ્યાપક અને અધ્યક્ષ

શિક્ષણશાસ્ત્ર ભવન સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ

માનનીય આચાર્યશ્રી,

નમસ્કાર.

ચાલુ વર્ષે મેં પીએચ.ડી.નો અભ્યાસ શરૂ કરેલ છે. જેનો વિષય છે, ' સુરેન્દ્રનગર જિલ્લાની શૈક્ષણિક સંસ્થાઓનું 'સામાજિક પ્રદાન'. આ અભ્યાસ પાછળનો હેતુ એ છે કે, આપણા જિલ્લામાં આવેલી શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા હાથ ધરાતી સામાજિક પ્રવૃત્તિઓની તપાસ કરવી અને હજુ વધુ પ્રમાણમાં સામાજિક પ્રવૃત્તિઓ કઈ કઈ યોજી શકાય તે અંગેની વિગતો મેળવવી. આ માહિતી મેળવવા માટે આપ સૌનો સહકાર જરૂરી છે.

આ અભ્યાસ માટે અગત્યની માહિતી મેળવવા માટે મેં એક પ્રશ્નાવલિ તૈયાર કરેલ છે. જે આ સાથે સામેલ છે સુરેન્દ્રનગર જિલ્લામાં આપના જેવી શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા વધુ પ્રમાણમાં સામાજિક પ્રવૃત્તિઓ હાથ ધરાશે તો તેના થકી આપની સંસ્થાને તો લાભ થશે જ. પરંતુ સાથે સાથે સુરેન્દ્રનગર જિલ્લાને પણ આપની સંસ્થા દ્વારા સામાજિક-કાર્યનો વિશિષ્ટ લાભ મળશે.

આપ દ્વારા અપાયેલી માહિતીનો માત્ર સંશોધન માટે જ ઉપયોગ થશે. અન્ય કોઈ રીતે તેનો ઉપયોગ નહીં થાય વળી, તેની ગુપ્તતા પણ જળવાશે. કયાંય સંસ્થાનો નામોલ્લેખ કરીને માહિતી નિર્દેશિત કરવામાં નહીં આવે. આપ, પ્રશ્નને યોગ્યપણે હેતુનાં સંદર્ભમાં સમજીને ઉત્તર આપશો. મોટાભાગના પ્રશ્નો હા કે નામાં કે વિકલ્પવાળા છે. જેથી તમોને ઉત્તર આપવામાં સરળતા રહેશે. ઉત્તર આપવા માટે પસંદ કરેલ વિકલ્પની બાજુમાં દર્શાવેલ ☐ માં ✓ નિશાની કરશો. વર્ણનાત્મક પ્રશ્નોના ઉત્તરો પણ મુદ્દાસર - ટૂંકમાં આપશો. આપના તરફથી અપાનાર સાચા અને પૂરા જવાબો ઉપર આ સંશોધનનો આધાર છે.

આપ, શાળાકીય પ્રવૃત્તિઓ તથા વહીવટી કામોમાં ખૂબ જ વ્યસ્ત હશો. તેમ છતાં, આ સમાજ ઉપયોગી સંશોધનકાર્યમાં સમય કાઢી મને ઉપયોગી થશો તેવી પૂર્ણ શ્રદ્ધા છે.

આભાર સહ.

આપની બહેન,
જયશ્રીબહેન દેસાઈ

**સામાન્ય માહિતી:**

નામ:-..... .... .... .... .... .... .... .... .... ... ....

શાળા / કૉલેજ:-... .... .... .... .... ... ..... ..... ...

ગામ:- .... .... .... ...

## વિભાગ : ૧ પ્રૌઢ શિક્ષણ

૧. આપની શાળા / કોલેજમાં પ્રૌઢશિક્ષણનું કાર્ય થાય છે? ☐ હા ☐ ના
જો હા, તો નીચેના પ્રશ્નોના સંદર્ભમાં જરૂરી માહિતી આપશો.

૨. પ્રૌઢશિક્ષણનો સમય કયો રાખો છો? ________________________________

૩. પ્રૌઢશિક્ષણનું કાર્ય કોણ કરે છે?
☐ શાળાના શિક્ષકો ☐ શાળા / કોલેજના કર્મચારીઓ ☐ વિદ્યાર્થીઓ ☐ અન્ય

૪. પ્રૌઢશિક્ષણનો લાભ દર વર્ષે સરેરાશ કેટલા લોકો લે છે?
પુરુષોની સંખ્યા ............ સ્ત્રીઓની સંખ્યા ...........

૫. પ્રૌઢશિક્ષણ અંતર્ગત કઈ કઈ પ્રવૃત્તિઓ કરાવો છો?

________________________________
________________________________
________________________________
________________________________

૬. પ્રૌઢશિક્ષણનો ખર્ચ કોણ ભોગવે છે?
________________________________

૭. આપની શાળા / કોલેજ પ્રૌઢશિક્ષણનો પ્રોજેક્ટ હાથ ધરે છે? ☐ હા ☐ ના

૮. જો હા, તો આ પ્રોજેક્ટ ક્યારે હાથ ધરાય છે?
☐ દર વર્ષે ☐ ક્યારેક

૯. આ પ્રોજેક્ટ આપ કોને સોંપો છો?
________________________________

૧૦. આપની દૃષ્ટિએ આ પ્રવૃત્તિ ફળદાયી નીવડે છે ખરી? ☐ હા ☐ ના

૧૧. આ પ્રવૃત્તિ સફળ બનાવવા માટેના આપના સૂચનો જણાવો.
________________________________
________________________________
________________________________
________________________________

## વિભાગ : ૨ વહેમ / અંધશ્રદ્ધા નાબૂદી

૧. આપની શાળા / કોલેજ વહેમ / અંધશ્રદ્ધા દૂર કરવા માટે પ્રવૃત્તિઓ કરે છે? ☐ હા ☐ ના
જો હા, તો નીચેના પ્રશ્નોના સંદર્ભમાં જરૂરી માહિતી આપશો.

૨. વહેમ / અંધશ્રદ્ધા દૂર કરવા માટે નીચેના પૈકી કઈ કઈ પ્રવૃત્તિઓ યોજો છો?
☐ વાર્તાલાપ ☐ શેરી નાટકો ☐ સાંસ્કૃતિક કાર્યક્રમ ☐ વાલી સંમેલન
☐ ફિલ્મ શો ☐ પ્રદર્શન ☐ વિજ્ઞાનના પ્રયોગો

અન્ય ______________________________

૩. આ પ્રવૃત્તિ તમો તમારી શાળા / કોલેજ પૂરતી સીમિત રાખો છો? ☐ હા ☐ ના

૪. આ પ્રવૃત્તિ / કાર્યક્રમની રજૂઆતમાં કોની સામેલગીરી વધુ હોય છે?
☐ વિદ્યાર્થીઓ ☐ શિક્ષકો ☐ શાળા / કોલેજના કર્મચારીઓ

૫. આ પ્રવૃત્તિ / કાર્યક્રમની અસરકારકતા સમાજમાં જોવા મળી છે? ☐ હા ☐ ના

૬. આ કાર્યક્રમને વધુ અસરકારક બનાવવા માટે આપના સૂચનો આપશો.
______________________________
______________________________
______________________________
______________________________

## વિભાગ : ૩ આર્થિક વિકાસ - સ્વનિર્ભર યોજનાઓ

૧. આર્થિક વિકાસ સંબંધી સ્વનિર્ભર બનાવે તેવી પ્રવૃત્તિ આપની શાળા / કોલેજ હાથ ધરે છે?
☐ હા ☐ ના
જો હા, તો નીચેના પ્રશ્નોના સંદર્ભમાં જરૂરી માહિતી આપશો.

૨. આપને ત્યાં બહેનો માટે શિવણ - ભરત - ગૂંથણના વર્ગો ચાલે છે? ☐ હા ☐ ના

૩. આપની શાળા / કોલેજ ગૃહઉદ્યોગો ચલાવે છે? ☐ હા ☐ ના

૪. આ ગૃહઉદ્યોગોનો લાભ કોણ લે છે? ____________________

____________________

૫. આ ગૃહઉદ્યોગોના માર્ગદર્શન માટે નીચેનામાંથી કયા કાર્યક્રમો હાથ ધરો છો?
☐ નિષ્ણાતોના વાર્તાલાપ ☐ પ્રદર્શન ☐ વર્કશોપ પ્રોજેક્ટ
☐ સરકારી અધિકારી દ્વારા ☐ કુશળ કારીગરો દ્વારા નિદર્શન
અન્ય રીતે (જણાવો) ____________________

____________________

૬. આપની શાળા / કોલેજ ગૃહઉદ્યોગ સંબંધી માર્ગદર્શન માટે કાયમી કેન્દ્ર ચલાવે છે?
☐ હા ☐ ના

૭. ગૃહઉદ્યોગ સંબંધી નીચેના પૈકી કઈ કઈ પ્રવૃત્તિઓ ચલાવો છો?
☐ ગૃહઉદ્યોગ નિર્મિત વસ્તુઓનું વિતરણ કેન્દ્ર
☐ મૂડી રોકાણ અને બચત યોજના અંગેનું માર્ગદર્શન કેન્દ્ર
☐ ડેરી ઉદ્યોગ સંબંધી
☐ પશુ પાલન અંગે માર્ગદર્શન
અન્ય (જણાવો) ____________________

____________________

____________________

૮. આપની દૃષ્ટિએ કઈ પ્રવૃત્તિ સમાજને સૌથી વધુ ઉપયોગી નીવડી છે?

____________________

____________________

૯. આપની પ્રવૃત્તિ સમાજને હજુ વધુ ઉપયોગી બને તે માટે આપના સૂચનો જણાવશો.

____________________

____________________

____________________

____________________

____________________

## વિભાગ : ૪ બાળવિકાસ

૧. આપની શાળા / કોલેજ બાળવિકાસની પ્રવૃત્તિ કરે છે? ☐ હા ☐ ના
જો હા, તો નીચેના પ્રશ્નોના સંદર્ભમાં જરૂરી માહિતી આપશો.

૨. આપને ત્યાં નીચે પૈકી બાળવિકાસની કઈ કઈ પ્રવૃત્તિઓ ચાલે છે?
☐ બાલક્રિડાંગણ ☐ બાલપુસ્તકાલય ☐ બાલમાર્ગદર્શન કેન્દ્ર
☐ અન્ય (જણાવો) ____________________

____________________

૩. આ પ્રવૃત્તિઓ કોની કોની મદદથી ચલાવો છો?
☐ શાળા / કોલેજ ભંડોળ ☐ સરકારી ગ્રાન્ટ ☐ દાતા
☐ સમાજનો સહયોગ ☐ ફી ઉઘરાવીને
☐ અન્ય (જણાવો) ____________________

____________________

૪. બાળવિકાસ માટે શાળા / કોલેજ નીચેનામાંથી અન્ય કઈ કઈ પ્રવૃત્તિઓ કરે છે?
☐ માતૃકલ્યાણ કેન્દ્ર ☐ બાળઉછેર કેન્દ્ર ☐ વાર્તાલાપ
☐ રસીકરણ ☐ આહાર વિતરણ
☐ અન્ય (જણાવો) ____________________

____________________

૫. સંકલિત બાલવિકાસ યોજના (આઈ સી ડી એસ) આપને ત્યાં ચાલે છે? ☐ હા ☐ ના

૬. બાળવિકાસને ધ્યાનમાં રાખી વિશિષ્ટ દિનની ઉજવણી કરવામાં આવે છે? ☐ હા ☐ ના

## વિભાગ : ૫ વ્યસનમુક્તિ

૧. આપની શાળા / કોલેજમાં વ્યસન મુક્તિ અંગેની પ્રવૃત્તિ થાય છે? ☐ હા ☐ ના
જો હા, તો નીચેના પ્રશ્નોના સંદર્ભમાં જરૂરી માહિતી આપશો.

૨. આ પ્રવૃત્તિ માટે નીચેના પૈકી કયા કાર્યક્રમો યોજાય છે?
☐ વાર્તાલાપ ☐ શેરી નાટકો ☐ ભીતપત્રો ☐ સૂત્રલેખન
☐ ફિલ્મ શો ☐ પ્રદર્શન ☐ પ્રોજેક્ટ ☐ જાહેર પોસ્ટર્સ
☐ વેકેશનમાં (વિદ્યાર્થીઓ દ્વારા) સામાજિક જાગૃતિ અભિયાન ☐ વિવિધ સ્પર્ધાઓ
☐ વ્યક્તિગત સંપર્ક

૩. વ્યસન મુક્તિ અંગેના વાર્તાલાપો માટે તમે નીચેનામાંથી કોની મદદ લો છો?
☐ સંતો ☐ સમાજ સુધારકો ☐ શિક્ષણશાસ્ત્રીઓ ☐ વિદ્વાનો
☐ ડોક્ટર્સ ☐ વ્યસનમુક્તિનું કાર્ય કરતી સંસ્થાઓ ☐ સરકારી કાર્યક્રમો
☐ અન્ય (જણાવો) ____________________
____________________

૪. વ્યસનમુક્તિ અંગેનું પ્રદર્શન નીચેનામાંથી કોની કોની સહાયથી યોજાય છે?
☐ શાળા / કોલેજે જાતે તૈયાર કરેલું ☐ આ જ પ્રવૃત્તિ કરતી વિશિષ્ટ સંસ્થાની સહાયથી
☐ સરકારી ખાતા દ્વારા

૫. આ પ્રકારનું પ્રદર્શન ક્યારે યોજો છો? ____________________

૬. આ પ્રદર્શનનો લાભ કોણ કોણ લે છે? ____________________
____________________

૭. સરકાર દ્વારા સમાજ માટે તૈયાર થયેલ કાર્યક્રમ યોજવા માટે શાળા / કોલેજ સહાયરૂપ બને છે?
☐ હા ☐ ના

૮. વ્યસનમુક્તિનો પ્રોજેક્ટ હાથ ધર્યો હોય તો તેનું શીર્ષક જણાવો.
____________________
____________________

૯. આ પ્રોજેક્ટ કોના દ્વારા તૈયાર કરવામાં આવ્યો હતો?
____________________
____________________

૧૦. આ પ્રોજેક્ટનો લાભ કોણે કોણે લીધો હતો? ____________________
____________________
____________________
____________________

## વિભાગ : ૯ એન. એસ. એસ.

૧. આપની શાળા / કોલેજમાં એન.એસ.એસ.ની પ્રવૃત્તિ હાથ ધરાય છે? ☐ હા ☐ ના
જો હા, તો નીચેના પ્રશ્નોના સંદર્ભમાં જરૂરી માહિતી આપશો.

૨. આ કાર્યક્રમ હેઠળ નીચેના પૈકી કઈ કઈ પ્રવૃત્તિઓ યોજાય છે?

☐ વાર્તાલાપો ☐ શ્રમયજ્ઞ ☐ સ્વચ્છતા અને આરોગ્યલક્ષી

☐ સૂત્રો- ભીતપત્રો ☐ પોસ્ટર્સ દ્વારા જાગૃતિ

☐ અન્ય ( જણાવો ) ____________________

____________________

____________________

૩.આ પ્રવૃત્તિને વધુ અસરકારક બનાવવા માટે આપના સૂચનો આપશો.

____________________

____________________

____________________

____________________

____________________

## વિભાગ : ૭ કુદરતી આપત્તિ

૧. પૂર, વાવાઝોડું, ધરતીકંપ, અતિવૃષ્ટિ, દુષ્કાળ જેવી કુદરતી આપત્તિમાં શાળા / કોલેજ સમાજને ઉપયોગી બને છે? ☐ હા ☐ ના

જો હા, તો નીચેના પ્રશ્નોના સંદર્ભમાં જરૂરી માહિતી આપશો.

૨. ઉપરોક્ત પરિસ્થિતિમાં નીચેનામાંથી કઈ રીતે સહાયરૂપ બનો છો?

☐ આશ્રય આપીને ☐ વસ્તુ આપીને ☐ રસોડું ચલાવીને

☐ આર્થિકરીતે મદદરૂપ બનીને ☐ દાતા પાસેથી સહાય મેળવીને ☐ વિતરક તરીકે

☐ શાળા / કોલેજ પોતે શ્રમકાર્ય કરીને

☐ અન્ય ______________________________

૩. કુદરતી આપત્તિ સંબંધી જાગૃતિ લાવવા માટેના કાર્યક્રમો કરો છો? ☐ હા ☐ ના

૪. જો કાર્યક્રમો યોજયા હોય તો કયા કયા કાર્યક્રમો કર્યા છે?

______________________________

______________________________

______________________________

૫. નીચેના આકસ્મિક સંજોગોમાંથી ઊભી થતી પરિસ્થિતિમાં શું શું કાર્ય કરો છો?

☐ આતંકવાદ : ______________________________

______________________________

☐ કોમી ઝઘડા : ______________________________

______________________________

☐ અકસ્માત : ______________________________

☐ સામાજિક ઝઘડા : ☐ સલાહ કેન્દ્ર ☐ કાનૂની શિક્ષણ શિબિર ☐ અન્ય ________

______________________________

______________________________

☐ વિવાદો : ______________________________

______________________________

______________________________

______________________________

______________________________

## વિભાગ : ૮ યુવાનો માટે વ્યક્તિવિકાસ

૧. આપની શાળા / કોલેજમાં યુવાનો /યુવતી માટેના વ્યક્તિત્ત્વ વિકાસ સંબંધી કાર્યક્રમો યોજાય છે?

☐ હા ☐ ના

જો હા, તો નીચેના પ્રશ્નોના સંદર્ભમાં જરૂરી માહિતી આપશો.

૨. શારીરિકપણે વ્યક્તિત્ત્વ વિકાસ માટે નીચેનામાંથી કઈ કઈ પ્રવૃત્તિઓ યોજો છો?

☐ યોગ તાલીમ ☐ કરાટે તાલીમ ☐ રમતો - અંગ કસરતો

☐ પ્રવચનો - વાર્તાલાપ

☐ અન્ય ( જણાવો ) ____________________

૩. માનસિક તેમ જ આધ્યાત્મિક વિકાસ સંબંધી કઈ કઈ પ્રવૃત્તિઓ યોજો છો?

☐ પ્રેરક પ્રસંગો ☐ જીવન ચરિત્રો ☐ વાંચન

☐ પુસ્તક પસંદગી અંગેના વાર્તાલાપો

---

## વિભાગ : ૯ સ્વાસ્થ્ય સભાનતા

૧. આપની શાળા / કોલેજમાં બાળકો / વિદ્યાર્થીઓની આરોગ્ય અંગેની તપાસ હાથ ધરાય છે?

☐ હા ☐ ના

૨. સ્વાસ્થ્ય / આરોગ્ય અંગેની નીચેનામાંથી કઈ કઈ પ્રવૃત્તિઓ થાય છે?

☐ નેત્રયજ્ઞ ☐ દંતયજ્ઞ ☐ નિદાન કેમ્પ

☐ રસીકરણ ☐ જીવલેણ રોગો સામેની જાગૃતિના કાર્યક્રમો

☐ આરોગ્ય ખાતા દ્વારા યોજાતા કાર્યક્રમો : ☐ પ્રદર્શન ☐ ફિલ્મ ☐ વાર્તાલાપ

☐ અન્ય : (જણાવો ) ____________________

૩. શાળામાં વિદ્યાર્થીઓની સ્વચ્છતાની તપાસ કરાય છે? ☐ હા ☐ ના

## વિભાગ : ૧૦ લોકશિક્ષણ

૧. આપની શાળા / કોલેજમાં લોકશિક્ષણ માટેના કાર્યક્રમો યોજાય છે ? ☐ હા ☐ ના
જો હા, તો નીચેના પ્રશ્નોના સંદર્ભમાં જરૂરી માહિતી આપશો.

૨. લોકશિક્ષણ માટેનાં ભીતપત્રો તૈયાર કરાય છે ? ☐ હા ☐ ના

૩. ભીતપત્રો તૈયાર કરવામાં કોનો સહકાર મેળવાય છે ?
☐ વિદ્યાર્થીઓનો ☐ શિક્ષકોનો ☐ સંસ્થાનો ☐ શિક્ષિત યુવાનોનો

૪. લોકશિક્ષણ માટેનાં સૂત્રો રચાયાં છે ? ☐ હા ☐ ના

૫. આ સૂત્રોનો સંગ્રહ આપની પાસે છે ? ☐ હા ☐ ના

૬. આપની શાળા / કોલેજ ગ્રામદત્તક યોજનામાં જોડાયેલ છે ? ☐ હા ☐ ના

૭. શાળા / કોલેજે દત્તક લીધેલ ગામમાં કાર્યક્રમો યોજો છો ? ☐ હા ☐ ના

૮. આવા કાર્યક્રમો વર્ષમાં કેટલી વાર યોજો છો ? ____________________

____________________________________________

## વિભાગ : ૧૧ સેવાકીય પ્રવૃત્તિ

૧. આપની શાળા / કોલેજ નીચેના પૈકી કયા કયા સેવાકીય કાર્યક્રમો યોજે છે ?

☐ અંધદિન ☐ વિકલાંગો માટેના વિશિષ્ટ દિન

☐ જરૂરિયાતમંદને સાધન સહાય ☐ શિક્ષણ માટેનાં પુસ્તકો / ફી સહાય

☐ છાત્રાલયમાં માફીમાં રહેવાની સગવડ આપીને

☐ અન્ય પ્રવૃત્તિઓ (જણાવો) ____________________

____________________

૨. આ પ્રવૃત્તિમાં કોણ કોણ ભાગ લે છે ?

☐ વિદ્યાર્થીઓ ☐ શિક્ષકો ☐ સંસ્થાના કર્મચારીઓ

૩. વિશિષ્ટ દિવસોની ઉજવણીમાં બહારથી કોને બોલાવાય છે ?

☐ દાતાને ☐ વકતાને ☐ શિક્ષણકારને ☐ સેવાભાવી વ્યકિતને

૪. જરૂરિયાતમંદને કયાં કયાં સાધનો અપાય છે ? જણાવો.

____________________

____________________

____________________

૫. જરૂરિયાતમંદને આર્થિક સહાય કઈ રીતે અપાય છે ?

☐ રોકડ રકમ દ્વારા ☐ ચીજ વસ્તુઓ આપીને ☐ અનાજ- કપડાં વગેરે આપીને

☐ અન્ય : (જણાવો) ____________________

____________________

____________________

## વિભાગ : ૧૨ પ્રકાશન

૧. આપની શાળા / કોલેજ પોતાનું સામયિક પ્રગટ કરે છે? ☐ હા ☐ ના

૨. જો હા, તો ક્યાં ક્યાં? જણાવો. ____________________

____________________

૩. પુસ્તકો પ્રકાશિત કરે છે? ☐ હા ☐ ના

કેવાં પ્રકારનાં?......... ☐ શૈક્ષણિક ☐ સામાજિક ☐ માહિતીજ્ઞ

૪. હસ્તલિખિત અંક દર વર્ષે બનાવે છે? ☐ હા ☐ ના

૫. પ્રકાશનથી શા ફાયદા થાય છે? જણાવો. ____________________

____________________

____________________

## આપનો અભિપ્રાય

ઉપરોક્ત વિભાગ મુજબની પ્રવૃત્તિઓમાં આપને ત્યાં થતી વિગતો ભર્યા બાદ, આપની પાસેથી નીચેની વિગતો પણ જાણવી છે, તો તે અંગે આપના અભિપ્રાયો લખી મોકલશો તેવી વિનંતી છે.

તમારા વિસ્તારની અંદર (ભૌગોલિક - સામાજિક -આર્થિક પરિસ્થિતિ સંદર્ભે) શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા હજુ બીજી કઈ કઈ સામાજિક પ્રવૃત્તિઓ હાથ ધરી શકાય તેમ છે? તે જણાવશો તો ખૂબ ખૂબ આભારી થઈશ.

તમારા શૈક્ષણિક કાર્યબોજને કારણે સંભવ છે કે, તમો અત્યારે કેટલીક પ્રવૃત્તિઓ હાથ ન ધરી શકતાં હો, પરંતુ આપના અનુભવોના આધારે હાથ ધરી શકાય તેવી કઈ કઈ પ્રવૃત્તિઓ થઈ શકે તે અંગેનાં સૂચનો નીચે મુખ્ય મુદ્દો અને તેની પ્રવૃત્તિની વિગત આપવા વિનંતી છે.

| મુખ્ય મુદ્દો | પ્રવૃત્તિઓ | સૂચનો |
| --- | --- | --- |

# પરિશિષ્ટ – ૨

## સ્વાસ્થ્ય સભાનતા કસોટી

• માર્ગદર્શક •
**ડૉ. ડી. એ. ઉચાટ**
પ્રાધ્યાપક અને અધ્યક્ષ

• પ્રયોજક •
**જયશ્રી દેસાઈ**
બી.એસસી.,એમ.એસ. ડબલ્યુ.

**શિક્ષણશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.**

**શ્રી વિદ્યાર્થી મિત્રો,**

હું સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં શિક્ષણશાસ્ત્ર ભવનમાં પીએચ.ડીનો અભ્યાસ કરું છું. અભ્યાસના એક ભાગરૂપે સ્વાસ્થ્ય સભાનતા કસોટી તૈયાર કરેલ છે. આપ, આ કસોટીનાં પ્રશ્નોના ઉત્તરો કાળજીપૂર્વક અને વિચારીને આપશો તેવી વિનંતી છે.

આ પ્રસ્તુત કસોટીનો ઉદ્દેશ વિદ્યાર્થીઓની સ્વાસ્થ સભાનતા જાણવાનો છે. કસોટીના પ્રશ્નોના ઉત્તરો આપતી વખતે તમને નવું જાણવાની તક મળશે. તમે આપેલા ઉત્તરોનો ઉપયોગ માત્ર સંશોધનનાં કાર્ય અર્થે જ થશે.

<u>ઉતર આપતી વખતે આટલું ધ્યાન રાખશો.</u>

(૧) આ કસોટીનાં કુલ <u>25</u> પ્રશ્નો છે.

(૨) દરેક પ્રશ્નની નીચે ચાર વિકલ્પ અ, બ, ક, ડ આપેલ છે.

(૩) આ ચાર વિકલ્પમાંથી સાચો જવાબ પસંદ કરી તેના પર ખરાની (✓) નિશાની કરશો.

(૪) ન સમજાય ત્યાં શિક્ષકને અવશ્ય પૂછશો.

શુભેચ્છા સહ.....

**–જયશ્રી દેસાઈ**

# <u>સ્વાસ્થ્ય સભાનતા કસોટી</u>

(૧) ખોરાક તૈયાર કરતી વખતે પાણીનો ઉપયોગ ગાળીને, ઉકાળીને કરવામાં આવે છે કારણ કે...

(અ) ખોરાક સ્વાદિષ્ટ બને છે. (ક) ખોરાક જલ્દી બને છે.

(બ) પાણીમાં રહેલાં જીવાણુ નાશ પામે છે. (ડ) ખોરાકનું પોષકમૂલ્ય વધે છે.

(૨) આહારમાં પોષકતત્વો જળવાઈ રહે તે માટે...

(અ) અનાજને પોલિશ કરવામાં આવે છે.

(બ) અનાજ/કઠોળને પાણીમાં પલાળવામાં આવે છે.

(ક) રાંધતી વખતે ખાવાનો સોડા નાંખવામાં આવે છે.

(ડ) ઉપરોકતમાંથી એક પણ નહિં.

(૩) શાકભાજી બનાવતી વખતે...

(અ) શાકભાજીની છાલને વધુમાં વધુ પ્રમાણમાં દૂર કરવી.

(બ) શાકભાજીને વધુ સમય માટે ગરમ કરવી.

(ક) શાકભાજીમાં ખાવાનો સોડા ઉમેરવો.

(ડ) શાકભાજીને ખૂબ ધીમા તાપમાને રાંધવું.

(૪) કાપેલા ફળો કે શાકભાજીને ખુલ્લા રાખવાથી...

(અ) સ્વાદ બગડી જાય છે.

(બ) સૂક્ષ્મ જીવાણુઓ દ્વારા દૂષિત થાય છે.

(ક) વિટામીન 'સી'નું ઓકિસડેશ થવાથી પોષકતત્વો દૂર થાય છે.

(ડ) ઉપરોકત બધાં જ.

(૫) બજારુ–રાંધેલો ખુલ્લો ખોરાક ખાવો ન જોઈએ. કારણ કે...

(અ) તે ઠંડો થઈ ગયેલો હોય છે. (ક) તેના પર સૂક્ષ્મ જીવાણુઓ બેસતા રોગ થાય છે.

(બ) તેનો સ્વાદ સારો હોતો નથી. (ડ) ઉપરોકત એક પણ નહિં.

(૬) ખોરાકમાં એકાદ કઠોળ અવશ્ય લેવુ જોઈએ.

(અ) કઠોળનો સ્વાદ સારો હોય છે. (ક) કઠોળ ઝડપથી રાંધી શકાય છે.

(બ) કઠોળથી વાનગીમાં વિવિધતા લાગે છે. (ડ) કઠોળમાંથી પ્રોટીન મળે છે.

(૭) જમવા બેસતા પૂર્વે હાથ બરોબર સાફ કરીને બેસવું જોઈએ. કારણ કે...

(અ) જમવાનો આનંદ આવે છે. (ક) આવુ શાળામાં શીખવવામાં આવે છે.

(બ) હાથમાં ચોટેંલા રોગના જંતુઓ દૂર થાય છે. (ડ) ઉપરોકતમાંથી એક પણ નહિં.
રોગ થતા અટકાવે છે.

(૮) નીચેનામાંથી ચેપી રોગ કયો છે ?
(અ) એલર્જી (બ) હિમોફીલિયા (ક) ડાયાબીટીસ (ડ) ફાઈલેરિયા

(૯) મેલેરિયાનો ફેલાવો કયા વાહકથી થાય છે ?
(અ) એનોફિલિસ માદા મચ્છર (ક) સ્પર્શ
(બ) પ્લાઝમોડિયમ જંતુ (ડ) હવા, પાણી.

(૧૦) મેલેરિયા થાય ત્યારે...
(અ) ઠંડી લાગી તાવ આવે છે. (ક) શરીર પર લાલ ચાંઠા પડે છે.
(બ) ઉધરસ આવે છે. (ડ) બ્લડપ્રેશર ઘટી જાય છે.

(૧૧) કોલેરાનું મુખ્ય લક્ષણ કયુ છે ?
(અ) દર્દીને તાવ ખૂબ જ આવે છે. (ક) બ્લડ પ્રેશર ઘટી જાય છે.
(બ) દર્દીને ઝાડા–ઉલ્ટી ખૂબ થાય છે. (ડ) ઉપરોકતમાંથી એકપણ નહિં.

(૧૨) ઝાડા–ઉલ્ટી ખૂબ થાય ત્યારે...
(અ) પાણી ખૂબ જ પીવુ જોઈએ. (ક) સોડા પીવી જોઈએ.
(બ) પાણી પીવાનુ બંધ કરવુ જોઈએ. (ડ) ખાધા, પીધા વગર માત્ર આરામ કરવો જોઈએ.

(૧૩) પોલીયોની રસી કેટલીવાર આપવામાં આવે છે ?
(અ) એક (બ) બે (ક) ત્રણ (ડ) ચાર

(૧૪) બાળકના જન્મ બાદ તરત જ કંઈ રસી સૌથી પહેલા મુકવી જોઈએ ?
(અ) પોલિયો (બ) BCG (ક) DPT (ડ) MMR

(૧૫) કંઈ પણ વાગે અને લોહી નીકળે તો કંઈ રસી આપવામાં આવે છે ?
(અ) BCG (બ) MMR (ક) DDT (ડ) ટીટેનસ

(૧૬) ખસ, ખરજવુ જેવાં ચામડીના ચેપી રોગમાં,...
(અ) દર્દીએ બધાની સાથે સમૂહમાં રહેવું જોઈએ.
(બ) દર્દીની બધી વ્યવસ્થા અલાયદી રાખવી જોઈએ.
(ક) દર્દીને ઠંડાપાણીએ સ્નાન કરવું જોઈએ.
(ડ) દર્દીને માત્ર દવા આપી સમૂહમાંરાખવો જોઈએ.

(૧૭) કોઈપણ આસન કરતા પહેલા શરૂઆતમાં કયું આસન કરવામાં આપે છે
(અ) પદ્માસન (બ) શિર્ષાસન (ક) વજ્રાસન (ડ) શવાસન.

(૧૮) કયુ આસન ખાલી પેટે હોય ત્યારે જ કરવામાં આવે છે ?
(અ) પદ્માસન (બ) શિર્ષાસન (ક) સલભાસન (ડ) ગરૂડાસન.

(૧૯) તમાકુનાં સેવનથી...
(અ) ચેતાતંતુઓ ઉત્તેજીત થાય છે.
(બ) રુધિરનું દબાણ વધે છે.
(ક) અપચો થાય છે.
(ડ) ઉપરોકત બધા જ.

(૨૦) કયા વ્યસનને કારણે કેન્સર થવાની સંભાવના વધુ રહે છે ?
(અ) તમાકુ (બ) દારૂ (ક) અફિણ (ડ) બધા જ.

(૨૧) ધુમ્રપાનને કારણે...
(અ) હૃદયરોગની શકયતા વધે છે.
(બ) વિવિધ પ્રકારના કેન્સર થાય છે.
(ક) દમનાં રોગો થાય છે.
(ડ) ઉપરોકત બધા જ.

(૨૨) માદક દ્રવ્યોનાં સેવનથી...
(અ) હૃદયરોગનો હુમલો આવે છે.
(બ) લોહીનું દબાણ વધી જાય છે.
(ક) શારીરિક વૃધ્ધિ અટકે છે.
(ડ) વ્યકિતની રોગ પ્રતિકારક શકિત ઘટે છે.

(૨૩) આગથી દાઝી જવાય ત્યારે...તાત્કાલિક ઉપચાર માટે...
(અ) ચોંટી ગયેલા કપડાને તરત જ દૂર કરવા.
(બ) દાઝી ગયેલા અંગ પર મલમ કે લેપ લગાવો.
(ક) પાણીમાં પલાળેલું ભીનું કપડું દાઝેલા ભાગ પર મૂકવું.
(ડ) ફોડલા પડેલા હોય તેને સોયથી તરત જ ફોડી નાંખવા.

(૨૪) પ્રાથમિક સારવારથી...
(અ) અંતિમ કક્ષાની સારવાર મળે છે.
(બ) વધુ ગંભીર સ્થિતિ ઉદ્ભવતી નથી.
(ક) સંપૂર્ણ સ્વસ્થતા પ્રાપ્ત થાય છે.
(ડ) ઉપરોકત બધા જ.

(૨૫) નસકોરી ફૂટે ત્યારે...
(અ) નાકને રૂના પૂમડાંથી બંધ કરવા.
(બ) નાકના બંને ફોયણાંને અંગૂઠા અને આંગળીની મદદથી દબાવી રાખવી.
(ક) નાકને પાણીથી સતત સાફ કરવુ.
(ડ) નાકમાં જામી ગયેલાં લોહીના ભીંગડાને ઉખેડી દૂર કરવા.

# પરિશિષ્ટ – ૩

# સામાજિક કૌશલ્યો ક્ષમતા–વિકાસ માપન કસોટી

## મારી પસંદગી...


• માર્ગદર્શક •
**ડૉ. ડી. એ. ઉચાટ**
પ્રાધ્યાપક અને અધ્યક્ષ

• પ્રયોજક •
**જયશ્રી દેસાઈ**
બી.એસસી.,એમ.એસ. ડબલ્યુ.

**શિક્ષણશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.**


**શ્રી વિદ્યાર્થી મિત્રો,**

હું સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં શિક્ષણશાસ્ત્ર ભવનમાં પીએચ.ડીનો અભ્યાસ કરું છું. અભ્યાસના એક ભાગરૂપે સામાજિક કૌશલ્યો / ક્ષમતા વિકાસના માપન માટેની કસોટી તૈયાર કરેલ છે. આ કસોટી માટે ઘટનાઓનું વર્ણન કરેલ છે. દરેક ઘટનાને અનુલક્ષીને નીચે ત્રણ વિકલ્પો આપ્યા છે.

તમે જે વિકલ્પને ઉત્તમ માનતા હોય તેની સામેનાં □ માં ✓ ની નિશાની કરશો.

આ પ્રસ્તુત કસોટીનો ઉદેશ વિદ્યાર્થીઓના સામાજિક કૌશલ્યો/ક્ષમતા વિકાસ માપન માટેનો છે. આ પ્રશ્નોના ઉત્તરો આપતી વખતે તમને નવું જાણવાની તક મળશે. તમે આપેલા ઉત્તરોનો ઉપયોગ માત્ર સંશોધનનાં કાર્ય અર્થે જ થશે.

<u>ઉત્તર આપતી વખતે આટલું ધ્યાન રાખશો.</u>

(૧) આ કસોટીનાં કુલ <u>22</u> પ્રશ્નો છે.

(૨) દરેક પ્રશ્નોની નીચે ત્રણ વિકલ્પ □ સ્વરૂપે છે.

(૩) આ ત્રણ વિકલ્પમાંથી તમારી દષ્ટિએ ઉત્તમ હોય તેવો <u>માત્ર એક વિકલ્પ</u> પસંદ કરી તેના પર ☑ નિશાની કરો.

(૪) ન સમજાય ત્યાં શિક્ષકને અવશ્ય પૂછશો.

શુભેચ્છા સહ.....

**–જયશ્રી દેસાઈ**

# મારી પસંદગી...

(૧) અચાનક ફોનની ઘંટડી રણકી ઉઠી. લલિતાબેન રસોડામાંથી દોડીને રિસીવર ઉપાડે છે. મોટા અવાજે વાત કરે છે. લગભગ સાતેક મિનિટ સુધી વાત ચાલી. ગેસ પર મૂકેલ દૂધ ઉભરાઈ ગયું. જોરથી રિસીવર પછાડતા બોલ્યા, "આવા રોંગ નંબરવાળા સવારના પહોરમાં લોહી પીવે છે." આમ કહી રસોડામાં પાછા દોડી ગયા. આ વખતે ત્યાં હાજર નવમા ધોરણમાં ભણતો તેમનો પુત્ર મૌલિક શું વિચારશે ?

- ☐ મારા મમ્મીને ફોનમાં વાત કરતા જ નથી આવડતી. આવા ઘાટા પાડીને વાત કેમ કરાય?
- ☐ રોંગ નંબરમાં આટલી લાંબી વાત કરવાની કયાં જરૂર હતી ?
- ☐ વાતચીત કઈ રીતે કરાય એ મમ્મીને શીખડાવવું પડશે.

(૨) વર્ગમાં ગુજરાતીનો તાસ ચાલતો હતો. અર્થ વિસ્તાર સમજાવતા શિક્ષક બોલ્યા, "ગુલાબને પણ કાંટા હોય છે."–શિક્ષક આગળ બોલે તે પહેલા સુરેશ ઊભો થઈ બોલ્યો, "પણ સાહેબ, કાંટાઓની વચ્ચે પણ કેવા સરસ ગુલાબ ખીલી શકે છે" – આ વખતે બાજુમાં બેઠેલો મેહુલ શું વિચારશે ?

- ☐ સુરેશે વચ્ચે ઊભા થઈ બોલવાની કયાં જરૂર હતી ?
- ☐ સુરેશ આશાવાદી છે. તેની વાત સાચી છે.
- ☐ સુરેશને શિક્ષકની વાત ગળે નથી ઉતરતી.

(૩) શાળામાં વકતૃત્વ સ્પર્ધાનું આયોજન થયુ. સ્પર્ધા શરૂ થઈ પહેલો વારો રમેશનો હતો. તે ઊભો થયો. સંબોધન પૂરું થયું ને રમેશ મૌન થઈ ગયો. તે ગભરાટ અનુભવતો હતો, થોડીવારે ઉપર તરફને થોડી વારે ભોંય પર તાકતો હતો તેને પરસેવો વળવા લાગ્યો અંતે સમય પૂરો થતા તે બેસી ગયો આ વખતે સામે બેઠેલો ગૌરવ શું વિચારશે ?

- ☐ રમેશે ભાગ લેવાની જરૂર નહોતી.
- ☐ કાલ મારી પાસે સરસ બોલ્યો તો, આજ શું થયું હશે ?
- ☐ ભલે રમેશ આજ નિષ્ફળ ગયો પણ ભવિષ્યમાં સારો વકતા બની શકશે.

(૪) આચાર્યએ અલકેશને કહ્યું, 'પરમ દિવસના કાર્યક્રમનું સંચાલન તારે કરવાનું છે"–અલકેશે કહ્યું, સાહેબ, મારા કરતા રોહિત સારું સંચાલન કરી શકે છે એને આ કામ સોંપીએ તો ?–સાથે ઉભેલો ઉપેન્દ્ર શું વિચારશે ?

- ☐ સાહેબે કહ્યું એટલે અલકેશે સ્વીકારી લેવું જોઈએ.
- ☐ અલકેશે પોતાનો અભિપ્રાય આપીને સાહેબને પણ વિચારતા કરી દીધા.
- ☐ અલકેશે સાહેબનું ન માન્યું હવે કયારેય સાહેબ એને કામ નહીં સોંપે.

(૫) મુકેશ તેના પરિવાર સાથે રાજકોટમાં રહે છે. તેના વૃદ્ધ માતા બિમાર હોવાથી તાત્કાલિક તેના મોટાભાઈને પત્ર લખી જાણ કરે છે. અમદાવાદ રહેતા તેના ભાઈ આવશે એટલે માતાને દવાખાને દાખલ કરાવીશું એવું મુકેશે વિચારેલું પરંતુ પાંચ–છ દિવસ પછી તેનો જ પત્ર પરત મળ્યો કારણ કે પત્રમાં તે ગામનું નામ લખવાનું જ ભૂલી ગયો હતો. પત્ર પાછો ફર્યો તે જોઈ આઠમા ધોરણમાં ભણતો તેમનો પુત્ર મયંક શું વિચારશે ?

- ☐ પત્રમાં સરનામુ કરતી વખતે ગામનું નામ લખવાનું પપ્પા ભૂલી ગયા લાગે છે.
- ☐ પપ્પા બહુ ઉતાવળિયા છે.
- ☐ પપ્પાએ પત્ર લખ્યા પછી ફરીથી વાંચી લેવાની જરૂર હતી.

(૬) રાજેન્દ્રએ જાહેરાતના અનુસંધાને શિક્ષક થવા માટે અરજી કરી છે. તેને સારા ટકા હોવાથી રૂબરૂ મુલાકાત માટે તો બોલાવશે એવી શ્રદ્ધા હતી પણ ઈન્ટરવ્યુકોલ ન આવ્યો. તપાસ કરતા જાણવા મળ્યું કે તેની અરજી નકકી કરેલી તારીખ કરતા એક દિવસ મોડી પહોંચી હોવાથી અરજી રદ્ થઈ છે. આ વાત જાણ્યા પછી તેનો મિત્ર નયન શું વિચારશે ?

- ☐ રાજેન્દ્રએ સમય મર્યાદાનું ધ્યાન રાખ્યું હોત તો સારું હતું.
- ☐ જાહેરાત તો કાયમ આવે છે હવે બીજે અરજી કરવી તારીખ જતી રહી તો એમાં શું ?
- ☐ રાજેન્દ્રએ ભૂલ કરી છે હવે ભાન આવશે.

(૭) વિશાલે બેંકમાંથી લોન મેળવવા અરજી કરી હતી. લોન પાસ થઈ કે કેમ એની તપાસ કરવા બેંકે ગયો–પટ્ટાવાળાને પૂછતા જવાબ મળ્યો, "આ વખતે કોઈની લોન પાસ નથી થઈ" વિશાલ પાછો આવ્યો. પછીથી ખબર પડી કે તેની પાસ થયેલી લોન સમયસર લેવા ન જતા રદ્ થઈ છે. આ વાત જાણીને તેનો ભાઈ હાર્દિક શું વિચારશે ?

- ☐ વિશાલે હવે બેંક લોનની આશા જ ન રાખવી જોઈએ.
- ☐ વિશાલે લોન ઓફિસરને મળવાની જરૂર હતી.
- ☐ બેંક પાસેથી પૈસા લેવાને બદલે ઉછીના પૈસા લઈ લેવા જોઈએ.

(૮) નાગરદાસને રૂપિયા પાંચ હજારનો ઉઘરાણીનો ચેક મળી ગયો. છતાં તેમને બેંકમાંથી નાણાં ન મળ્યા કારણ કે ચેક આપનાર ધનજીભાઈ ચેકમાં સહી કરવાનું જ ભૂલી ગયા હતા. આ વાત જાણ્યા પછી દસમાં ધોરણમાં ભણતો તેમનો પુત્ર નરેન્દ્ર શું વિચારશે ?

- ☐ ધનજીભાઈ વેપારી છે છતાં ચેક કેમ લખવો એય જાણતા નથી ?
- ☐ વેપાર–ધંધામાં આવું તો ચાલ્યા કરે.
- ☐ ચેક કરતા રોકડાનો વહેવાર સારો.

(૯) મધુબહેનના રસોડામાંથી ગેસની વાસ આવતી હતી. ધીમે–ધીમે વાસ વધવા લાગી તેમની નવમા ધોરણમાં ભણતી દીકરી રચના દોડીને રસોડામાં ગઈ તો ગેસની નળી લીક થતી હતી. તેણે ઝડપથી રેગ્યુલેટર બંધ કરી દીધું. આ વખતે તેના મમ્મી શું વિચારશે ?

- ☐ સારું થયું રચનાએ ગેસ કોણે ચાલુ કર્યો હતો એની ચર્ચામાં સમય ન બગાડયો.
- ☐ હું દસ દિવસથી કહું છું તોય નવી નળી નથી લાવતા.
- ☐ મારે તો કેટલાક ઠેકાણે ધ્યાન રાખવું, એકલા બધે કેમ પહોંચાય ?

(૧૦) કાન્તાબેન શાકમાર્કેટથી પાછા ફરતા માત્ર પચાસ રૂપિયામાં મચ્છરદાની લેતા આવ્યા. ઘેર આવીને જોયું તો ખૂબ કાણા ને સાવ સડેલી જાળી હતી. આ જોઈ તેનો પુત્ર શું વિચારશે ?

- ☐ મમ્મીએ ફેરિયા પાસેથી મચ્છરદાની લીધી તેના બદલે સારા વેપારીની દુકાનેથી ખરીદી કરવાની જરૂર હતી.
- ☐ પચ્ચાસ રૂપિયામાં શું ? બીજી લઈ લેવાની.
- ☐ મચ્છદાની વગર ચાલે તેમ હતું તોય ખરીદી લાવ્યા હવે કોને કહેશે ?

(૧૧) છેલ્લા ત્રણ વરસથી માલતીબહેનનો મુરબ્બો બગડી જાય છે. આ વર્ષે તેમણે ઉષાબહેનને પાડોશમાંથી બોલાવી તેમની પાસે મુરબ્બો બનાવડાવ્યો આ જોઈ તેમની પુત્રી પ્રતિભા શું વિચારશે ?

- ☐ વસ્તુ જેવી થાવી હોય તેવી થાય જાતે જ બનાવાય.
- ☐ જે ન આવડતું હોય એ બીજાને પૂછી લેવું સારું.
- ☐ ઉષાબેન પાસેથી શીખી લીધું છે હવે હું પણ બીજાને શીખવીશ.

(૧૨) શાંતાબહેન બોલ્યા, ''સુરેશ, દરરોજ છ વાગતા ઘેર આવી જાય છે. આજ સાડા સાત થયા હજુ પહોંચ્યા નથી નકકી સ્કુટર કયાંક ભટકાડયું હશે ? આજ હાથ–પગ ભાંગીને આવશે'' આ સાંભળીને નવમા ધોરણમાં ભણતી તેમની પૌત્રી અવની શું વિચારશે ?

- ☐ પપ્પા, બજારમાં ખરીદી કરવા રોકાયા હશે તેથી મોડું થયું હશે.
- ☐ દાદીમાના મોઢામાં કોઈ દિવસ સારા વેણ હોતા જ નથી ને !
- ☐ સારું છે મમ્મીએ સાંભળ્યું નથી નહીંતર પાછી તે વધુ ચિંતા કરત.

(૧૩) મીનાબહેન સરિતાબહેન સાથે વાત આગળ ચલાવતા બોલ્યા, 'મારા સાસુ ત્રણ દિવસથી દવાખાનામાં છે. કાલ રાત્રે તબીયત વધુ બગડી આગળ વાત કરે તે પહેલા રાજેશભાઈ બોલી ઉઠયા,''વાતો પછી કરજો મારી પેન જડતી નથી, મોજા ધોઈને કયાં મૂકયા છે, ટીફીન તૈયાર થયું કે નહીં.''મીનાબહેન, હું પછી આવીને વાત કરીશ'' એમ કહી ચાલતા થયા આ સમયે ત્યાં હાજર કિંજલ શું વિચારશે ?

- ☐ પપ્પાએ ચાલુ વાતચીતમાં વચ્ચે ન બોલવું જોઈએ.
- ☐ સરિતામાસીએ તેમના ઘરની વાતો કરવા અત્યારે ન આવવું જોઈએ.
- ☐ પપ્પાને મોડું થયું હોય ત્યારે બૂમો પાડવાની ટેવ પડી છે.

(૧૪) આચાર્ય પાસે જઈ મીનાક્ષીએ કહ્યું, સર ''વાલી સંમેલનમાં નાટકને બદલે ગરબા રાખીએ તો ? આચાર્ય બોલ્યા, ''તમને કહ્યું એમ કરો. નાટક જ થશે. ગરબાની વાત તો કરશો જ નહીં. જાવ અહીંથી''. આ વખતે મીનાક્ષી શું વિચાશે ?

- ☐ મારે કાર્યક્રમમાં ભાગ જ નથી લેવો, જેને ભાગ લેવો હોય તે ભલે લે.
- ☐ સાહેબ કહે છે તો કાંઈક વિચારીને જ કહેતા હશે.
- ☐ હું વાલી સંમેલનના દિવસે રજા મૂકી દઈશ.

(૧૫) રાજકોટથી મનુમામા આવ્યા હતા. તેમણે બસસ્ટેન્ડે જવું હતું. માલતીબહેને બાજુના ઘરમાં રહેતા મહેશને બૂમ પાડી કહ્યું, "મહેશ, મનુમામાને બસ સ્ટેન્ડ સુધી સ્કુટર લઈ મૂકી આવને", મહેશે કહ્યું, "માસી, હું હમણાં મૂકી આવું, બસ સ્ટેન્ડ કયાં દૂર છે? પાંચ મિનિટમાં પાછા ! પણ મારા મમ્મી  સ્કુટર ચલાવવાની ના પાડે છે. આ સમયે મહેશને સ્કુટર આવડતું નથી એ વાત જાણતી તેની બહેન ખુશ્બુ શું વિચારશે ?

- ☐ મહેશ કોઈના પણ કામમાં આવે એવો નથી.
- ☐ ભાઈએ પોતાની અજ્ઞાનતા છુપાવવા કેવો બચાવ શોધી લીધો ?
- ☐ મને સ્કુટર ચલાવતા નથી આવડતું–એમ કીધુ હોત તો ?

(૧૬) જગદીશભાઈ બેંકમાં સર્વિસ કરે છે તેમના પિતાને એટેક આવ્યો. આથી પાડોશમાં રહેતા કૌશિકભાઈ તેમને બોલાવવા બેંકે ગયા. ત્યાં જઈ કહ્યું, "જગદીશભાઈના પિતાને એટેક આવ્યો છે, તાત્કાલિક ઘરે મોકલો" મેનેજરે પટાવાળાની મદદથી જગદીશભાઈને બોલાવ્યા. બે જગદીશભાઈહાજર થયા. "આ જગદીશભાઈ નહીં મારા પાડોશી" મેનેજરે કહ્યું, "એમની અટક શી છે ? કૌશિક ભાઈએ કહ્યું, "પંડયા" મેનેજરે કહ્યું. આ બેંકમાં કોઈ જગદીશ પંડયા નથી. બીજે તપાસ કરો." આ સાંભળી સાથે ગયેલો નીતિન શું વિચારશે ?

- ☐ કૌશિકભાઈએ બધી વિગતો તો જાણીને પછી નીકળવાની જરૂર હતી.
- ☐ કૌશિકભાઈને સ્કુટર મળે એટલે ગમે ત્યાં દોડે.
- ☐ સારું થયું મેનેજર ગુસ્સે ન થયા.

(૧૭) ગોપાલે શિક્ષકની જગ્યા માટે અરજી કરી હતી. સારી ટકાવારી હોવાથી ઈન્ટરવ્યુ કોલ મળવાની આશા હતી પણ કોલ લેટર ન મળ્યો. આથી તે રૂબરૂ તપાસ કરવા ગયો. ત્યાં જવાબ મળ્યો, "તમારી અરજી મળી ગઈ છે. પણ અરજી સાથે શાળા છોડવાનું પ્રમાણપત્ર જોડયું ન હતું તેથી અધૂરી વિગત જણાતા અરજી રદ્ કરવામાં આવી છે." આ સાંભળી તેની સાથે ગયેલો તેનો મિત્ર કિશન શું વિચારશે ?

- ☐ અરજી સાથે જરૂરી કાગળો કાળજી પૂર્વક જોડવા જ જોઈએ.
- ☐ દરરોજ જાહેરાત આવે છે, બીજે અરજી કરવાની એમાં શું ?
- ☐ ગોપાલ છે જ ઉતાવળિયો, હવે ભલે ભોગવે.

(૧૮) દિલીપભાઈએ મકાન ખરીદ્યુ તેના પૈસા તાત્કાલિક આપવાના હતા. તે બેંકે ગયા. બેંકનું કામકાજ ચાલુ હતું પણ ચેક આપ્યો ત્યાં જવાબ મળ્યો. "અત્યારે પોણા બે વાગ્યા છે. આજે નાણાં ન મળે એક વાગ્યે નાણાંકીય લેવડ–દેવડ બંધ થઈ જાય. આજે તો શનિવાર છે." આ સમયે બાજુમાં ઉભેલો મનોજ શું વિચારશે ?

- ☐ નાણાં વગર દિલીપભાઈ આજ હેરાન થઈ જવાના.
- ☐ બેંકમાં પૈસા જ ન મૂકાય. જરૂર હોય ત્યારે ન મળે તો શું કામનું ?
- ☐ દિલીપભાઈએ નાણાંકીય લેવડ–દેવડ માટેનો સમય અગાઉથી જાણી લેવો જોઈતો હતો.

(૧૯) મમ્મી પપ્પા બંને નોકરી ઉપર ગયા છે. ભાઈ કોલેજે ગયો છે નેહા ઘરે એકલી છે. ફોન આવ્યો ''હેલ્લો, હું પંકજ બોલુ છું, રાજુનું સ્કુટર રિક્ષા સાથે અથડાયું છે, થોડું વાગ્યું છે, હું તેને લઈ દવાખાને જાઉ છું. ચિંતા ન કરશો. પછી ફોન કરું છું' આ વાત સાંભળી નેહા શું કરશે ?

- ☐ રડવા માંડશે.
- ☐ પપ્પાને ઓફિસે ફોન કરશે.
- ☐ પડોશીને જાણ કરશે.

(૨૦) બિપીનભાઈએ શિયાળામાં ફ્રિજ ખરીધ્યું. ફ્રીજ લઈ ઘરે આવ્યા ત્યાં તેમના સીત્તેર વર્ષના બા બોલી ઉઠયા, ''અત્યારે કયાં આની જરૂર હતી ? ઉનાળાનાં લીધુ હોત તો ? બિપીનભાઈ કહે, ''અત્યારે ઓફ સીઝનમાં ફ્રિજ લઈએને તો ત્રણ હજારનો ફાયદો થાય'' આ વાત સાંભળી આઠમા ધોરણમાં ભણતી રશ્મિ શું વિચારશે ?

- ☐ બે–ત્રણ મહિના ફ્રિજ વાપર્યા વગર જ પડયું રહેવાનું, ન લીધુ હોત તો ?
- ☐ પપ્પાની વાત સાચી છે, આવી વસ્તુ ઓફ સીઝનમાં જ લેવાય.
- ☐ ઘરમાં ફ્રિજ આવ્યું તો દાદીમા રાજી ન થયા.

(૨૧) નીલાબેનને પ્રાયમસ પર રસોઈ કરતાં જોઈ પાડોશી લીલાબેન બોલ્યા, ''તમારે ત્યાં ગેસ તો છે તો પ્રાયમસ શું કામ વાપરો છો ?'' નીલાબેન કહે, ''ગેસ ચાલુ કરતા તો મારી દીકરીને મેં જોઈતી પણ મને તો પ્રાયમસ જ ફાવે. ગેસ ચાલુ કરતા તો મને'ય આવડે છે પણ તોય આ સારું'' આ વાત સાંભળી દસમા ધોરણમાં ભણતી ભારતી શું વિચારશે ?

- ☐ મમ્મીને કોઈ નવી વસ્તુ શીખવાની ઈચ્છા જ નથી થતી.
- ☐ હવે જમાનો બદલાયો છે એ મમ્મીને કોણ સમજાવે ?
- ☐ મમ્મી મને કહે તો હું હમણાં એને શીખડાવી દઉ.

(૨૨) હોસ્ટેલમાં રહી બારમા ધોરણમાં ભણતી સેજલને તેની મોટીબેન તેજલ મળવા આવી. તેણે કહ્યું, ''તારા પ્રવાસ ફીના ત્રણસો રૂપિયા મેં ઈન્લેન્ડ કવરમાં વચ્ચે મુકયા હતા તે મળી ગયા ને ? સેજલે કહ્યું, ''પત્ર મળ્યો છે પણ પૈસા નીકળ્યા નથી'' આ સાંભળી બાજુમાં ઊભેલી નિર્મળા શું વિચારશે ?

- ☐ પત્ર મળે તો પૈસા પણ મળેજ ને ? સેજલ ખોટું બોલતી હશે.
- ☐ આવી રીતે કાંઈ પૈસા મોકલાતા હશે ? આવી ભૂલ ન કરાય.
- ☐ કદાચ પૈસા કોઈકે કાઢી લીધા હશે.

# પરિશિષ્ટ – ૪

## ગ્રામજનોના વહેમ–અંધશ્રધ્ધા જાણવા માટેની મુલાકાત અનુસૂચિ

**પ્રયોગ ૧– શ્રીફળમાંથી ચુંદડી કાઢવી.**

**પ્રયોગ દરમ્યાન પૂછવા માટેના પ્રશ્નો.**

૧.૧ તમે માનો છો કે આ શ્રીફળમાંથી ચુંદડી નીકળી તે કોઈ માતાજીનો ચમત્કાર હશે ?
૧.૨ એક ચુંદડી કાઢી લીધા પછી, હજુ બીજી ચુંદડી પણ નીકળશે ?
૧.૩ શ્રીફળ ઉપર તંત્ર–મંત્ર બોલી કોઈ શકિતને બોલાવી શકાય તેમ માનો છો ?
૧.૪ જો ચુંદડી ન નીકળે, તો માતાજી રૂઠયા છે તમે કહે તો તેમ માનશો ?
૧.૫ તે માટે કોઈ વિધિ કરવાનું કહે તો તમે તે કરવા તૈયાર થશો ?
૧.૬ ચુંદડીવાળું શ્રીફળ ઘરમાં રાખવાથી રિધ્ધિ–સિધ્ધિ કે શાંતિ મળશે તેમ કોઈ કહે તો તેમાં તમે માનશો ?
૧.૭ આ શ્રીફળને તમે ઘરમાં સાચવવાનું કહે તો લઈને સાચવશો ?
૧.૮ શ્રીફળ તમારું પોતાનું ખરીદીને આવેલ મહારાજને આપો તો ચુંદડી નીકળશે ?
૧.૯ તેમને ખુલ્લા પાડવાનું સાહસ કરશો ?
૧.૧૦ મનમાં ઊંડે ઊંડે પ્રભુનો / માતાજીનો પ્રકોપ થશે, કે દોષ લાગશે તેમ માનો છો ? ડર લાગે છે ?

**પ્રયોગ બાદ પૂછવા માટેના પ્રશ્નો**

૧.૧ આ અંગે તમે શું શું જાણતા હતા ?
૧.૨ આ પ્રયોગ બીજાને બતાવવો જોઈએ કે નહિં ?
૧.૩ તમે બીજાને આ માટે યોગ્ય માર્ગદર્શન આપશો ?
૧.૪ આ પ્રયોગ જોવાથી તમને શું ફાયદો થયો ?
૧.૫ તમારા મનમાં આ બાબતે કોઈ શંકા કે મૂંઝવણ છે ?
૧.૬ આ પ્રયોગ પરથી લાગે છે કે આવા તો બીજા ઘણા વહેમો હશે તે સાચા હશે ?
૧.૭ તમને આ બાબતમાં ઊંડા ઉતરવાનું મન થાય છે ?

**પ્રયોગ–ર લીંબુ ચલાવવું.**

**પ્રયોગ દરમ્યાન પૂછવા માટેના પ્રશ્નો**

૨.૧ લીંબુને સ્પર્શ કર્યા વિના ટેબલ પર ચાલે છે તે મહારાજ મંત્ર તંત્ર બોલ્યા એટલે ચાલ્યુ કે કોઈ હાથચાલાકી છે તેમ તમે માનો છો ?
૨.૨ લીંબુ ચાલે છે એટલે ઘરની રિધ્ધિ સિધ્ધિમાં પ્રકોપ થયો છે તેમ માનો છો ?
૨.૩ કોઈ પડોશી કે કુટુંબનાં કલેશમાં સગા વહાલાં ઘરની બરબાદી કરવા લીંબુ દડાવે છે તમે લાગે છે ?

**પ્રયોગ બાદ પૂછવા માટેના પ્રશ્નો**

૨.૧ લીંબુ જ નહિં બીજા કોઈ પદાર્થ ઘરમાં આકસ્મિક આવી પડે તો તમે હવે માનશો કે આ કોઈએ મૂઠ મારી છે ?
૨.૨ લીંબુ અપશુકન કરે કે શુકન ?
૨.૩ લીંબુ હાથ ચાલકીથી ચાલ્યુ તો તમે તે બતાવી શકશો ?
૨.૪ બીજાને આ કહી શકશો ?

**પ્રયોગ–૩ હાથમાં ભડકો કરવો.**

**પ્રયોગ દરમ્યાન પૂછવા માટેના પ્રશ્નો**

૩.૧ તમે માનો છો કે, દિવડા સીધા હાથ ઉપર મુકવાથી દઝાતુ નથી ?
૩.૨ તે પાછળનું શું કારણ છે ?
૩.૩ શરીરમાં માતાજીનુ રખોપુ છે તેમ માનો છો ?
૩.૪ આ વ્યકિતમાં દૈવી શકિત છે તેમ માનો છો ?
૩.૫ તમને શંકા પડે છે કે આ દિવો શેનો છે ?
૩.૬ એમ લાગે છે કે માતાજીનાં કામમાં શંકા ન કરાય ?
૩.૭ તમે એમ માનો છો કે આ પ્રયોગ કરીને બતાવનાર ગામની દિકરીઓમાં સહનશકિત વધારે છે ?

**પ્રયોગ બાદ પૂછવા માટેના પ્રશ્નો**

૩.૧ તમને લાગે છે કે આ તો હું પણ કરી શકુ ?
૩.૨ કપુરનો દિવો છે તેમ ખબર પડતા, તે વિશે જાણવાનું મન થયું ?
૩.૩ બીજાને આ બાબતે કહી શકશો ?
૩.૪ મનમાં ઊંડે ઊંડે હજુ માતાજીનાં પ્રકોપ માટેની બીક લાગે છે ?
૩.૫ તમારી જ દિકરીએ આ પ્રયોગ કરીને બતાવ્યો, તો તેનાં ભાવિ જીવન માટે કોઈ શંકા થાય છે ?
૩.૬ કોઈ દૈવી ચમત્કાર છે તેમ હવે લાગે છે ?
૩.૭ લાગે છે કે હવે આપણે ગામમાં આવા ધૂતારાને નહિ આવવા દેવા જોઈએ ?

**પ્રયોગ–૪ ખાલી ગ્લાસમાંથી પ્રસાદ કાઢવો**

**પ્રયોગ દરમ્યાન પૂછવા માટેના પ્રશ્નો**

૪.૧ તમે માનો છો કે આ ખાલી ગ્લાસમાંથી પ્રસાદ નીકળ્યો તે સાચુ છે ?
૪.૨ આ પ્રસાદમાં જે ડોડી, સિકકો કે પેન્સિલનો ટુકડો નીકળ્યો તે ઘરમાં કબાટમાં રાખવાથી ધન–સંપતિ વધશે તેમ માનો છો ?
૪.૩ અભ્યાસમાં મહેનત કર્યા વગર આ નીકળેલી વસ્તુ પાસે રાખવાથી પાસ થવાશે તેમ માનો છો ?
૪.૪ ઘરમાં બિમારી હોય, તો ઓશીકે રાખવાથી બિમારી ગાયબ થઈ જાય તેમ તમે માનો છો ?
૪.૫ ઘરનો કજિયો કંકાસ આ પ્રસાદી ભગવાનની પૂજામાં રાખવાથી દૂર થશે તેમ માનો છો ?

**પ્રયોગ બાદ પૂછવા માટેના પ્રશ્નો**

૪.૧ તમે આ પ્રયોગ જાતે કરીને બતાવશો ?
૪.૨ તમને ખબર પડી કે ગ્લાસની અંદર બીજો નાનો ગ્લાસ બેસાડેલ છે. તેની નીચે તમે ધારો તે અન્ય વસ્તુ પણ મૂકીને બતાવી શકશો ?
૪.૩ તમને આ પ્રયોગથી શું જાણવા મળ્યું ?
૪.૪ બીજાને જે અહિં અત્યારે નથી આવ્યા તેને તમે બતાડી શકશો ?
૪.૫ તમને આશ્ચર્ય થતાં એમ લાગે છે કે આવું તો બીજું ઘણુ હશે ? જેનાં દ્વારા તમે ભોળવાઈ જાવ છો ?

**પ્રયોગ–૫ મોઢામાં ભડકો કરવો (અગ્નિ પેટાવવો), માતાજીનો ધૂપ કરવો, જીભની આરપાર ત્રિશૂળ કાઢવું.**

**પ્રયોગ દરમ્યાન પૂછવા માટેનાં પ્રશ્નો**

૫.૧ આ **પ્રયોગ તો ગજબનો છે ? આવેલ મહારાજ**ને સાક્ષાત્કાર થયેલો લાગે છે ? તેમ માનો છો ?
૫.૨ ઉભા થઈને પગે લાગવાનું મન થાય છે ?
૫.૩ ગામમાં બીજાને બોલાવીને આ દૈવીશકિતનો ચમત્કાર છે તેવું કહીને બોલાવા જવાનું મન થાય છે ?
૫.૪ તમને લાગે છે કે આ અષાઢ–શ્રાવણમાં તો ધર્મ–ભકિત વધારે હોય એટલે મહારાજ ખાસ દર્શન દેવા આવ્યા છે ?
૫.૫ તમને કોઈને આમાં આ કઈ રીતે બની શકે તેવી જિજ્ઞાસા થાય છે ?

પ્રયોગ બાદ પૂછવા માટેના પ્રશ્નો

૫.૧ ઓ...હો..આતો અમે પણ કરી શકીએ ?
૫.૨ આમા આવી રીતેનું સાધન (**ત્રિશૂળ–ખાંચાવાળુ) આવે છે તેની** તો ખબર જ નહિં ?
૫.૩ મોઢામાં ભડકો કરવાથી દઝાતુ નથી તે આ છોકરાઓને વિજ્ઞાનની રીતે ખબર છે તો અમને કેમ કહેતા નહિં હોય ? કે આ ખોટુ છે.
૫.૪ ઉભા થઈને આ પ્રયોગ ફરી જાતે કરવાનું મન થાય છે ? કે હજુ બીક લાગે છે ?
૫.૫ તમારા ગામમાં હજુ વધારે વાર આવા પ્રયોગ કરવા જોઈએ તેમ તમે માનો છો ?
૫.૬ તમે આ પ્રયોગોની સાચી માહિતી બીજાને આપશો ?

**મુકત અભિપ્રાયો જાણવા માટેનાં પ્રશ્નો**

પ્રશ્ન–૧ આ પ્રયોગો તમે જોયા તે સિવાય અહિં અન્ય કયાં પ્રયોગો–ચમત્કાર કરવા લોકો આવે છે ?
પ્રશ્ન–૨ આ પ્રયોગો સિવાય કોઈ વહેમ / અંધશ્રધ્ધાવાળી પ્રવૃત્તિઓ સામૂહિક રીતે બહેનો અહી કરે છે ?
પ્રશ્ન–૩ આ માટે તમારી શાળા / સંસ્થા કે અન્ય ઓફિસોનો સહકાર મેળવી શકાય તેમ માનો છો ? કેવી રીતે કરશો ?
પ્રશ્ન–૪ શુકન અપશુકનમાં માનનારા લોકો માટે શું કરવું જરૂરી લાગે છે ?
પ્રશ્ન–૫ ગામના શિક્ષિત, પ્રતિષ્ઠિત કે આગેવાન વ્યકિત તરીકે તમે વારંવાર આ બાબતોની જાગૃતિ માટે પ્રયત્ન કરશો ? કોનો સહકાર લેશો ?

# પરિશિષ્ટ – ૫

## ગ્રામજનોમાં વ્યસન અંગેની જાગૃતિ જાણવા માટેની મુલકાત અનુસૂચિ

**પ્રયોગ પૂર્વે વ્યસન અંગેની સમજણ જાણવા માટેના પ્રશ્નો**

૧ અહિં આવ્યા છો તે બધાને વ્યસનો છે ?
૨ આ વ્યસનો કેવા કેવા પ્રકારનાં છે ?
૩ આ વ્યસનો કોણ વધારે કરે છે ?
૪ આ વ્યસનો જાહેરમાં થાય છે ?
૫ આ વ્યસનથી થયેલા રોગોનાં કિસ્સા તમારી જાણમાં છે ?
૬ આવાં વ્યસનથી થયેલ રોગી માટે તમે શું શું કર્યું ?
૭ સારવારથી ફેર પડયો ?
૮ પ્રતિબંધિત વ્યસનો ગામમાં કયાં કયાં મળે છે ?
૯ તેનો વિના સંકોચે ઉપયોગ થાય છે ?
૧૦ તેવી વ્યકિતનાં ઘરની આર્થિક સ્થિતિ કેવી છે ?
૧૧ તેવી વ્યકિતને સમાજમાં સારી રીતે લોકો બોલાવે છે ?
૧૨ કેવા પ્રકારનાં વ્યસનોથી કેવા રોગ થઈ શકે ? તેનો ખ્યાલ છે ?
૧૩ આવા વ્યસનોની આદત કેવી રીતે પડી છે ? તેની પાછળ કયુ કારણ છે ?
૧૪ બહેનોમાં વ્યસન છે ? કેવા પ્રકારનાં ?
૧૫ વ્યસનો અટકાવવા શું કરવું જોઈએ ?
૧૬ આના માટે કોણ કોણ કામ કરે છે ? તેનો ખ્યાલ છે ?

**પ્રયોગ બાદ વ્યસન અંગેની જાગૃતિ જાણવા માટેના પ્રશ્નો**

૧ પ્રદર્શનમાં તમે શું શું જોયું ?
૨ પ્રદર્શનમાં માનવ શરીરની વિકરાળતા જોઈને શું લાગ્યું ?
૩ પ્રદર્શનમાં દેખાડેલ વ્યસનથી થતાં રોગોની ભયાનકતાથી શું લાગ્યું ? મનમાં કેવા વિચારો આવ્યા ?
૪ રોગની ગંભીરતાની અસર થઈ ?
૫ વ્યસન છોડવાનું મન થયું ?
૬ રોગની આડ અસરો શું થાય તે જાણવા મળ્યું ?
૭ તમને કે તમારા મિત્ર કે પડોશીને વ્યસનો ન રાખવા જોઈએ તેમ જોયા પછી લાગ્યું ?
૮ તે માટે તમે શું કરશો ?
૯ અન્યને આ પ્રદર્શન બતાવવુ જોઈએ તેમ લાગ્યું ?
૧૦ શાળા / સંસ્થાએ ગામમાં આવા કાર્યક્રમ વારંવાર કરવા જોઈએ તેમ માનો છો ?
૧૧ ગામનાં જુવાનિયાઓ ને કે વડિલોને આવાં વ્યસનો છે તો તે દૂર કરવા તમે શું કરશો ?
૧૨ ગામમાં વારવાર નિષ્ણાંત તબિબનાં વ્યાખ્યાનો યોજવા જોઈએ તેમ લાગે છે ?
૧૩ વ્યાખ્યાનની અસર ગ્રામજનો પર પડે છે તેમ લાગે છે ?
૧૪ વ્યાખ્યાનની લાંબા સમય સુધી અસર રહે તે માટે બીજું શું કરવું જોઈએ ? લોકોનો સહકાર કેવી રીતે લેશો ?

# પરિશિષ્ટ : ૬

## વિદ્યાર્થીઓ માટેના કાર્યક્રમોમાં પ્રયોગ પાત્ર તરીકે લીધેલ વિદ્યાર્થીઓના નામની યાદી (૨૦૦૪–૦૫)

૧. ભુસડિયા ગીરીશ કાળુભાઈ
૨. ભુસડિયા ગીતાબેન નાગજીભાઈ
૩. ભુસડિયા પરસોત્તમભાઈ રૂડાભાઈ
૪. ભુસડિયા રમેશભાઈ વરસીગભાઈ
૫. ભુસડિયા રાકેશ જાદવભાઈ
૬. ભુસડિયા કાળુભાઈ ગોવિંદભાઈ
૭. ચૌહાણ કિરણબેન ભૂપતભાઈ
૮. ડુમાણીયા પારુલબેન પરસોત્તમભાઈ
૯. ધરજીયા નયનાબેન ધરમશીભાઈ
૧૦. ધરજીયા મહેશભાઈ વરસંગભાઈ
૧૧. ધરજીયા રાજેશભાઈ ઠાકરશીભાઈ
૧૨. ગોહિલ વિજય લાલજીભાઈ
૧૩. ઘુઘલીયા અરવિંદભાઈ ગોવિંદભાઈ
૧૪. ઘુઘલીયા વિક્રમભાઈ ચંદુભાઈ
૧૫. કોડીયા માલુભાઈ ઘનશ્યામભાઈ
૧૬. ખેર તેજલબેન દિલીપભાઈ
૧૭. મેમકિયા બીજલભાઈ બાબુભાઈ
૧૮. મેમકિયા અરવિંદભાઈ લાભુભાઈ
૧૯. મેમકિયા હરીશભાઈ નારાયણભાઈ
૨૦. મેમકિયા જયદેવભાઈ ભીમજીભાઈ
૨૧. મેમકિયા પરસોતમભાઈ પ્રભુભાઈ
૨૨. મેમકિયા વિષ્ણુભાઈ કાનજીભાઈ
૨૩. નૈતરા રામુબેન અરજણભાઈ
૨૪. પઢારીયા હેતલબેન ચંદુભાઈ
૨૫. પઢારીયા મહેન્દ્રભાઈ લાભુભાઈ
૨૬. પઢારીયા પ્રિતીબેન રામજીભાઈ
૨૭. પઢારીયા સંગીતાબેન ચંદુભાઈ
૨૮. પઢારીયા વાસુદેવભાઈ મનુભાઈ
૨૯. પઢારીયા કલ્પેશભાઈ લાભુભાઈ
૩૦. રાઠોડ રણજીતભાઈ બાબુભાઈ
૩૧. રોજાસરા ભરતભાઈ પરસોત્તમભાઈ
૩૨. રોજાસરા રાજેન્દ્રભાઈ ઘનશ્યામભાઈ
૩૩. સાબળીયા જીતેન્દ્રભાઈ નાનજીભાઈ
૩૪. ટમાલીયા વિપુલભાઈ ભીખાભાઈ
૩૫. વણોલ જયપાલભાઈ ચંદુભાઈ
૩૬. ડુમાણીયા લાભુબેન ઈશ્વરભાઈ
૩૭. બળોલીયા મેહુલ ચંદરામભાઈ
૩૮. મીઠાપરા કૃષ્ણાબેન જેરામભાઈ
૩૯. પઢારીયા ભરતભાઈ લાભુભાઈ
૪૦. પઢારીયા અરવિંદભાઈ લાભુભાઈ
૪૧. પઢારીયા પ્રકાશભાઈ લાભુભાઈ
૪૨. સોલંકી બાબુભાઈ જેરામભાઈ
૪૩. ઝેઝરીયા હિતેશભાઈ નથુભાઈ
૪૪. મીઠાપરા ગંગારામભાઈ જેરામભાઈ
૪૫. બળોલીયા કિશોરભાઈ ગોવિંદભાઈ
૪૬. ભુસડીયા ગોરધનભાઈ લાલજીભાઈ
૪૭. ભુસડીયા પરસોત્તમભાઈ ઘુડાભાઈ
૪૮. ગાબુ લાલજીભાઈ દેવજીભાઈ
૪૯. ગોહિલ સ્મિતાબેન રામજીભાઈ
૫૦. જોગરાજીયા પ્રવિણભાઈ રામસંગભાઈ

# પરિશિષ્ટ – ૮

## વ્યસન મુકિતનાં પ્રયોગ માટે યોજવામાં આવેલ ભવાઈ વેશની સ્ક્રીપ્ટ

| | | |
|---|---|---|
| સ્થળ | : | ગુંદિયાળા ગામની માઘ્યમિક શાળાનું મેદાન. |
| વાજિંત્રો | : | તબલા, ઝાંઝ, હારમોનિયમ, ભૂંગળ–૨ |
| પાત્રો | : | મુખ્યપાત્ર–નાયક<br>સહાયકપાત્ર–રંગલો અને અન્ય |
| બોલી | : | લોકબોલી : ગ્રામ્ય જીવન વ્યવહારમાં રોજબરોજ બોલાતી તળપદી ભાષા. |
| બેઠક વ્યવસ્થા | : | ભારતીય બેઠક : બધી બાજુએ સ્વૈચ્છિક બેઠક. |
| વિશેષ ઉપસ્થિતિ | : | મુખી, સરપંચ, તલાટી, મોટા માસ્તર, જ્ઞાતિના આગેવાનો. |
| રંગમંચ | : | સપાટ મેદાન. |

### [ નાટક પ્રવેશે ]

નાયક : બોલો કારકા માતકી...જે
મેલડી માતકી.........જે
શકત માતકી..........જે
સામુંડા માતકી........જે
આગામના હંધાય દેવ–દેવીની...જે

એઈ સોકરાવ–દેકારોનો કરસો–સાંતી રાખો તો તમને ખેલ જોવાની મજા આવે ને અમને ભજવવાની મજા આવે (સાથી કલાકારોને ઉદ્દેશીને) એલા અગરબત્તીયુ કરો એટલે ગણે માંડુ – (સાથી કલાકારો માંથી એકજણ ૧૫–૨૦ અગરબત્તી કરી ચારે તરફ ફેરવે છે)

નાયક : (હાથ જોડી આંખો બંધ કરી, મોટા અવાજે)
એ...પરથમ પેલા સમરીયે શ્રી ગવરીપુત્ર ગુણેશ,
પંચદેવ મળી રક્ષા કરો, શ્રી ભરમા વિષ્નુ મહેશ...
એ...ગૌરી તારા પુત્રને, અને મધરા સમરે મોર,
દિવસે સમરે હાટ વાણીયા, ઈને રાતે સમરે સોર...

એ...મુખી બાપા અને સરપંસ બાપાની દીયાથી–એ આ રૂડા ગામની દીયાથી આઈ ખેલ કરવા આઈવાસી–તો બાપા જી જે મળે ઈ દેજો અને સવ રાજી રેજો મારા બાપલીયા–
(ગાન) ભલા મોરી રામા...ભલા મોરી રામા...ભલા મોરી રામા..(૨)
એ–આ ગુંદીયારા જેવા ગા...મ..
સાથી કલાકાર : ગામ–ગામ.
નાયક : અને ઈમા ભીખાભા જેવા રૂડા નામ
સાથી કલાકાર : ના...મ...ના...મ
ઈ ગાયુના ફારામાં રૂપિયા એકાવન આપે..
સાથી કલાકાર : આ...પે...આ...પે...
નાયક : તો તો ઈમને મૂંગી–માંદી–બેરી–બોબડી–ખડૂસ ગાયુ.

પરસન થાય…થાય…થાય…થાય…થાય…એ…ભા…ઈ…ભલામોરી રામા…ભલામોરી રામા…ભલા મોરી રામા…(૨) (પ્રેક્ષકોમાંથી કાંઈક સંભળાય છે)

નાયક : (અવાજની દીશામાં લહેકો કરી) હે ! સુ કીધુ… એલા સોકરાઉ સાંતી રાખો હં ભરાતુ નથ..હે, પાંસકડા.
હાંભરવાસે ઈમને–લો તાણે પાંસકડા થાવા દઉં
–(સાથી કલાકાર તરફ જોઈને) વગાડો–સલતી વગાડો–
(ભૂંગળ વાગે–ઝાંઝ–તબલા–હારમોનિયમ વાગે)
(નાયક નાચે છે–ગાય છે)
–હરિ તારા પાંચે પાંચકડા ગાઈ, પરભુજીના ટાંટીયે
લઈબડા જાઈ…(૨)
એ…હું જયો'તો અમદાવાદ, ને ગામની વચે કેરું,
વાંકો વરીન લેવા જયોતા, ગામ થઈ જયુ ભેરું…હરી તારા…
એ…કોઠી ઉપર ઉંદેડીને કરકર મીઠું ખાય,
પૂસડી ઝાલીફંગોરુ તો, ગંગાજીમાંનાય…હરી તારા…
એ…બીડી બારે કાળજુ, ને સાતીએ પાડે કાણા,
કૈકં જુવાનીયા ડોહા થઈ જયા, કૈંકના નરીયા વેચાણા…હરી તારા…
એ…દીયે વાગે ડાકલાને રાતે વાગે પાવા,
દહવરહથી બીડીયુ પીધી, ને ઘરમાં નોરીયુ ખાવા…હરી તારા…
એ…કોઈ ખાય શેયડી, ને કોઈ ખાય રાડુ,
મુખી બાપા હા પાડે તો, આમ નામ હવાર પાડુ…હરી તારા…

એ..હાંભરો બાપા હાંભરો–સરપંચ બાપા આ કલાકારો માઈટે નવટાક સા, પાશેર મોરસ અને તણસેર દૂધ લખાવે સે–બોલો અંબે માતકી…જે એ…વા ભૈવા–આમ નામ જીને મોજ આપે ઈ બાપા બોલતા રેજો નાણુ મલસે પણ આવુ ટાણુ નૈ મલે ભાઈ – હજી આપડે પાંસકડા હાંભરસુ. પેલા અમારા રંગલાને પડમાં આબબા દો.
(રંગલો નાચતો – નાચતો પ્રવેશે છે–સાજીંદી તાલ દે છે)

નેપથ્ય : એ–આવ્યો–આવ્યો રે આવ્યો રંગલો આવ્યો એ – આવ્યો – રંગલો આવ્યો
ખૂણે ખૂણાની વાતુ લાઈવો–રંગલો આઈ વો…
(રંગલો નખરા કરે છે – એકશનથી બધાને હસાવે છે.)
નાનાને નાની સલામ, મોટાને મોટી સલામ,
બેઠાને બેઠી સલામ, ઊભાને ઊભી સલામ
તા…ક…તાક્ થૈયાક થૈયા તાક થૈ…(૨)

રંગલો : ભેળ પૂરીને રગડો દાબે – ઉપર દાબે સોડા દાબી–દાબી પેટ ભરે તો,
ઈ સમજણમાં મોડા ભાઈ ઈ સમજણમાં મોડા–તાક્થૈયાક થૈયા તાક્થૈ…

નાયક : હાચી વાત સે રંગલા, હાચી વાત…થાવા દો…

રંગલો : નાનો એવો, (૨) રૂમાલ જગમાં જે કોઈ સાથે રાખે, છીક–શરદી થાય ભલે પણ,
કોઈના જંતુ નાંખે, ભાઈ, કોઈના જંતુ નાંખે–તાકથૈયાકથૈયા તાક્થૈ…

નાયક : હાચી વાત રંગલા હાચી વાત સે હો…

રંગલો : પાણી ભરાય જો ઘરના બાયણે, માખી મચ્છર થાશે,
કાઢી નાંખો ઈ પાણીને, નૈતર રોગ ફેલાશે–
ભાઈ, નૈતર રોગ ફેલાશે–તાક્થૈયાકથૈયાતાક્થૈ...
તાક્...તાક્ થૈયાક્થૈયા તાક્થૈ...
ખસ ખરજવું ધાધર થાશે, જો ને ચોખ્ખઈ રાખો,
છેટા રાખો સૌ વ્યસનને, તો જીવનરસ ચાખો,
ભાઈ તો જીવન રસ ચાખો – તાક્થૈયાક્થૈયાતાક્થૈ... (૨)

નાયક : વા રંગલા વા – જમાવટ સે–

રંગલો : હોય ઉઘાડું કે જે વાસી એને કદી ના ખાવું,
ઝાડા–ઉલ્ટી ધનુર થાય તો, દાકતર ખાને જાવું,
ભાઈ, દાકતર ખાને જાવું...તાક્ થૈયાક્થૈયાતાક્થૈ...(૨)

નાયક : રંગલો હાથુ કેસે હો ધીયાન રાખજો

રંગલો : કોઈને થ્યા હોય ઝાડા ઉલ્ટી, ઈથીના મુંઝાઈજો,
સુવા દેજો ખુલી હવામાં, પાણી ભરપૂર પાઈજો,
ભાઈ, પાણી ભરપૂર પાઈજો, તાક્થૈયાકથૈયાતાક્થૈ...(૨)

નાયક : હાચી વાત રંગલા હાચી વાત...

રંગલો : હાથપગને ચોખ્ખા રાખો, ચોખ્ખું રાખો માથું,
રસી મુકાવો ટેમે ટેમે, ઈ જીવતરનું ભાથુ,
ભાઈ, ઈ જીવતરનું ભાથું–તાક્થૈયાકથૈયાતાક્થૈ...(૨)

નાયક : એ હમજી જાજો મારા બાપલીયા હો–

રંગલો : પેલી સારવાર, કઈ કરવીએ સૌ કોઈ જાણી લેજો,
હજી હોય કંઈ મુંઝારોતો, અંઈ આવીને કે જો,
ભાઈ, અંઈ આવીને કે જો...તાક્થૈયાકથૈયાતાક્થૈ...(૨)

નાયક : વા રંગલા વા...આજ તો તે આઈખુ ઉઘાડી નાખી હો,
મા'ણા તે કીધી એવી હંભાર રાખેને,
તો...તો...હંધીયે ઉપાધી ટરે અને લીલાલેર થાય હો...

હવે સા–પાણી બોલો બાપા, પસીહમસુડ લેસુને સુવાણ કરાવસુ–
એ બો લો બાપા બોલો..

(નાયક અને રંગલો પ્રેક્ષકોમાં ફરે છે.)